જીવવિચાર-નવતત્ત્વ-દંડક-લઘુસંગ્રહણી

# ચાર-પ્રકરણ.

[ મૂળ શબ્દાર્થ ગાથાર્થ-યન્ત્ર વિવેચન ટિપ્પણ સહિત ]

—: પ્રકાશક :—

પં. મફતલાલ ઝવેરચંદ ગાંધી

ખેતરપાળની પોળ-અમદાવાદ.

કિં. ૧-૮-૦

જીવવિચાર-નવતત્ત્વ-દંડક-લઘુસંગ્રહણી

# ચાર-પ્રકરણ

[ મૂળ શબ્દાર્થ ગાથાર્થ-યન્ત્ર-વિવેચન ટિપ્પણ સહિત ]


પં. મફતલાલ ઝવેરચંદ ગાંધી

ખેતરપાળની પોળ-અમદાવાદ.



આવૃત્તિ પહેલી

વીર સં. ૨૪૬૬ વિ. સં. ૧૯૯૬ સં. ૧૯૪૦

મૂલ્ય ૧-૦-૦

પ્રાપ્તિસ્થાનઃ

**માસ્તર રતિલાલ બી. શાહ**

ભઠ્ઠીની બારી ઉપાશ્રય સામે-અમદાવાદ.

ધી વિરંવીજય પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ કેશવલાલ સાંકળચંદે છાપ્યું.
ઠે. રતનપોળ, પાંજરાપોળ સાગરની ખડકી—અમદાવાદ

# પ્રસ્તાવના

પંચપ્રતિક્રમણના પઠન બાદ આજે જીવવિચાર, નવતત્ત્વ દંડક અને લઘુ સંગ્રહણીરૂપ ચાર પ્રકરણના પઠન પાઠનનો ખુબજ પ્રચાર છે. અને તે આવશ્યક પણ છે કારણ કે આવશ્યક સૂત્રોના જ્ઞાનનું ફળ કે ધર્મનું સર્વસ્વ જયણા છે. અને તે જયણા ખરા સ્વરૂપે ત્યારેજ આરાધી શકાય કે જીવોનું સ્વરૂપ અને જીવોના પ્રકારને સમજવામાં આવે. આ જીવોનું લક્ષણ અને વિધાનદ્વારા વર્ણન તે જીવવિચારમાં છે. જીવસ્વરૂપને જાણ્યા છતાં કરણીય અકરણીય પદાર્થ કયા ? અને જીવ પોતે સંપૂર્ણ અવસ્થાને કઈ રીતે પામી શકે તે જાણવું પણ એટલુંજ આવશ્યક છે તેથી જ્ઞેય આદેય અને હેયસ્વરૂપ નવતત્વોનું વર્ણન વિસ્તૃત રીતે નવતત્ત્વમાં છે. સંસારમાં રખડતા જીવોનાં ભયસ્થાનો કયાં છે અને કયે ઠેકાણે તેને દંડાવું પડે છે તે જાણી દંડ સ્થાનથી બચવા દંડક પ્રકરણનું જ્ઞાન પણ ખુબજ આવશ્યક છે. કારણ કે દંડકપ્રકરણમાં દંડકસ્થાનો બતાવ્યાં છે. ક્ષણવિનશ્વર સંપત્તિ કે જીવિતથી ઉન્મત્ત થયેલા માનવને એ ખ્યાલ આવે કે જગતમાં અમુક પદાર્થો જ માત્ર શાશ્વત છે. બાકી દેખાતી સર્વ સંપત્તિ કે જગતના સર્વ વ્યામોહ ક્ષણ વિનશ્વર છે તે સમજવા લઘુ સંગ્રહણીનું જ્ઞાન પણ ખુબ આવશ્યક છે. કારણકે તેમાં નિયત પદાર્થો જ પદાર્થ રૂપે કાયમ રહેનાર છે બાકી તે પણ ક્ષણે ક્ષણે પલટાય છે. આથી પ્રતિક્રમણના સૂત્રોના પઠન પાઠન બાદ ચાર પ્રકરણના પઠન પાઠનનો ક્રમ ખુબજ યોગ્ય છે.

સંક્ષિપ્તમાં સર્વ ઉપયોગી વિષય સમાય તે લક્ષ રાખીને ચાર પ્રકરણને ગાથાના એક વિભાગ સામે અર્થ રાખી છાપવામાં આવેલ છે. આ છાપવાની રિતિ ભાષા જ્ઞાનરહિત અનભિજ્ઞ અભ્યાસક માટે જરૂર ઉપયોગી છે. છતાં વિશેષ જિજ્ઞાસુ પણ યોગ્ય લાભ લઈ શકે તે માટે વિવેચન શબ્દાર્થ યન્ત્રો ટિપ્પણ પણ આપવાનું ખાસ લક્ષ રાખ્યું છે.

આ પુસ્તક પ્રકાશન વખતે મહેસાણા પાઠશાળા પ્રકાશિત ચાર પ્રકરણ, લાંબા સમય ઉપર છપાયેલ મગનલાલ હઠીસીંગ પ્રકાશિત પંચપ્રતિક્રમણ, ભીમસિંહ માણેક પ્રકાશિત ચાર પ્રકરણ, તથા માસ્તર અમૃતલાલ સુખલાલ પ્રકાશિત પ્રતિક્રમણ સૂત્ર પણ જોઈ છપાવેલ હોવાથી તેઓનો આભાર માનીએ છીએ.

પ્રેસદોષ દૃષ્ટિદોષ કે પ્રમાદથી થયેલ સ્ખલના બદલ ક્ષમા.

ખેતરપાળની પોળ,
**અમદાવાદ**
૧-૬-૪૦

**મફતલાલ ઝવેરચંદ ગાંધી.**

---

# અનુક્રમણિકા

| | |
|---|---|
| જીવવિચાર પ્રકરણ— | ૧-૪૦ |
| નવતત્ત્વ પ્રકરણ— | ૪૧-૧૦૨ |
| દંડકપ્રકરણ— | ૧૦૩-૧૩૩ |
| લઘુસંગ્રહણી પ્રકરણ— | ૧૩૪-૧૫૨ |

# જીવ વિચાર પ્રકરણ.

**ભુવણ**–(ત્રણ) ભુવનમાં
**પઈવં**–દીવા સમાન
**વીરં**–વીરપ્રભુને
**નમિઉણ**–નમસ્કાર કરીને
**ભણામિ**–કહું છું
**અબુહ**–અજ્ઞાની જીવોને
**બોહત્થં**–બોધના અર્થે
**જીવ**–જીવનું. **સરૂવં**–સ્વરૂપ
**કિંચિવિ**–કાંઈક પણ
**જહ**–જેમ. **ભણિયં**–કહ્યું છે.
**પૂવ્વ**–પૂર્વના
**સૂરીહિં**–આચાર્યો વડે

**ભુવણપઇવં વીરં**–ત્રણ ભુવનમાં (સ્વર્ગ, મૃત્યુ અને પાતાળમાં) દીવા સમાન શ્રી વીરપ્રભુને.

**નમિઉણ ભણામિ અબુહબોહત્થં**—નમસ્કાર કરીને અજ્ઞાની જીવોને બોધને અર્થે કહું છું. [ શું ? ]

**જીવ–સરૂવં કિંચિવિ**—જીવનું કાંઈ પણ સ્વરૂપ.

**જહ ભણિયં પૂવ્વસૂરીહિં ॥ ૧ ॥** જેમ પૂર્વના આચાર્યોએ કહ્યું છે તેમ.

**અર્થઃ**–ત્રણ ભુવનમાં દીવા સમાન શ્રી મહાવીર પ્રભુને વાંદીને અજ્ઞાની જીવોના બોધ માટે પૂર્વાચાર્યોએ કહ્યું છે તેમ જીવનું કાંઈ પણ સ્વરૂપ કહીશ.

---

**જીવા**–જીવો **મુત્તા**–મુક્ત
**સંસારિણો**–સંસારી
**ય**–અને **તસ**–ત્રસ
**થાવરા**–સ્થાવર
**પુઢવી**–પૃથ્વીકાય
**જલ**–અપ્કાય
**જલણ**–તેઉકાય
**વાઉ**–વાયુકાય
**વણસ્સઇ**–વનસ્પતિકાય
**નેયા**–જાણવા

**જીવા મુત્તા સંસારિણો ય**—જીવો મુક્ત ( કર્મ રહિત ) અને સંસારી ( કર્મ સહિત ) એમ બે ભેદે છે.

**[1]તસ થાવરા ય સંસારી**—×ત્રસ અને સ્થાવર એ બે સંસારીના ભેદ છે.

**પુઢવી જલ જલણ વાઉ**—પૃથ્વીકાય ( માટીના જીવ ), અપ્કાય ( પાણીના જીવ ), તેઉકાય ( અગ્નિના જીવ ), વાયુકાય ( વાયરાના જીવ ) અને

**વણસ્સઈ થાવરા નેયા ॥ ૨ ॥** વનસ્પતિકાય (ઝાડ પાલાદિકના જીવ ) એ પાંચ સ્થાવર જાણવા.

---

**ફલિહ**—સ્ફટિક. **મણિ**—મણિ
**રયણ**—રત્ન. **વિદ્દુમ**—પરવાલાં
**હિંગુલ**—હિંગલોક
**હરિયાલ**—હડતાલ
**મણસિલ**—મનશિલ
**રસિંદા**—પારો. **કણગ**—સોનું
**આઈ**—વિગેરે. **ધાઉ**—ધાતુ
**સેઢી**—ખડી. **વન્નિય**—લાલ માટી
**અરણેટ્ટય**—ધોળી માટી
**પલેવા**—પારેવો પાષણ
**અબ્ભય**—અબરખ
**તૂરી**—તૂરી માટી
**ઊસં**—ઉસ—ખારી માટી
**મટ્ટી**—માટી. **પાહાણ**—પત્થરની
**જાઇઓ**—જાતિઓ
**ણેગા**—અનેક. **સોવીર**—સુરમો
**અંજણ**—આંજવાનો
**લુણાઈ**—મીઠું વિગેરે
**પુઢવી**—પૃથ્વીકાયના
**ભેયા**—ભેદો. **ઇચ્ચાઇ**—એ વિગેરે

---

૧. અહિં મુક્તિના ભેદો પ્રથમ કહેવા જોઇએ, પરંતુ સંસારી જીવોના ઘણા પ્રકારો હોવાથી તેમજ જીવ સંસારમાંથી મુક્ત બને છે માટે પ્રથમ સંસારીનું વર્ણન કરેલ છે.

× **ત્રસ**—જેનામાં જીવ હોય અને જે ઇચ્છા મુજબ ગમન કરી શકે તે બેઇંદ્રયાદિ ચાર ત્રસ કહેવાય છે.

**સ્થાવર**—જેનામાં જીવ હોય છતાં ઇચ્છા મુજબ જઇ આવી ન શકે તે પૃથ્વીકાયાદિ સ્થાવર કહેવાય છે.

## ૧ પૃથ્વીકાયના ભેદો બતાવે છે.

**ફલિહ મણિ રયણ વિદ્દુમ**—૧ સ્ફટિકરત્ન. ૨ મણિ. ૩ રત્ન. ૪ પરવાળાં.

**હિંગુલ હરિયાલ મણસિલ રસિંદા**—૫ હિંગલોક, ૬ હડતાલ, ૭ મણશિલ, ૮ પારો.

**કણગાઇ ધાઉ સેઢી**—૯ સોનું આદિ સાત ધાતુ* (સોનું-રૂપું-તાંબુ-લોઢું-જસત-સીસું ને કલાઇ) ૧૦ ખડી,

**વન્નિય અરણેટ્ટય પલેવા ॥ ૩ ॥** ૧૧ લાલ માટી, ૧૨ ધોળી માટી અને ૧૩ પારેવો પાષાણ.

**અબ્ભય-તૂરી-ઊસં**—૧૪ અબરખ, ૧૫ તેજંતુરી, ૧૬ ઉસ.

**મટ્ટી-પાહાણજાઇઓ ણેગા**—૧૭ માટી ૧૮ પત્થરની અનેક જાતિઓ.

**સોવીરંજણ-લુણાઇ**—૧૯ આંખમાં આંજવાનો સુરમો, અને ૨૦ મીઠું વિગેરે.

**પુઢવીભેયાઈ ઇચ્ચાઇ ॥ ૪ ॥** ઇત્યાદિ× પૃથ્વીકાયના ભેદો છે.

---

* અહિં ગાથાઓના અર્થમાં ૧-૨-૩ આંકડા બતાવવામાં આવ્યા છે. તે પૃથ્વીકાય વિગેરે જીવો ગાથામાં કેટલા પ્રકારે બતાવેલા છે તે બતાવવા માટે છે. આથી બીજા વધારે પ્રકારો પણ પૃથ્વીકાય વિગેરે દરેકના આદિ શબ્દથી સમજવા.

× અહિં ઈત્યાદિ શબ્દથી રેતી, મરડીયા, પત્થર વિગેરે પૃથ્વીકાયના ભેદોમાં સમાય છે.

**ભોમ**–પૃથ્વીનું
**અંતરિક્ખં**–આકાશનું
**ઉદગં**–પાણી
**ઓસા**–ઠાર–ઝાકળ
**હિમ**–બરફ **કરગ**–કરા
**હરિતણુ**–લીલા ઘાસ ઉપરનું પાણી
**મહિયા**—ધૂમસ–વરસાદની ફરફર
**હુન્તિ**–હોય છે.
**ઘણોદહિ**–ઘનોદધિ
**આઇ**–વિગેરે **ભેયા**–ભેદો
**ણેગા**–અનેક
**આઉસ્સ**–અપ્કાયના

**૨ અપ્કાયના જીવોના પ્રકારો બતાવે છે.**

**ભોમં–તરિક્ખ–મુદગં**—૧ ભૂમિનું ( કુવા વિગેરેનું ) ૨ આકાશનું ( વરસાદનું ) પાણી.

**ઓસા હિમ કરગ હરિતણુ મહિઆ**—૩ ઠાર, ૪ બરફ, ૫ કરા, ૬ લીલા ઘાસ ઉપરનું પાણી તથા ૭ ધૂમસ્ ( વરસાદની ફરફર ).

**હુંતિ ઘણોદહિમાઇ**—૮ ઘનોદધિ આદિ (થીજ્યા ઘી જેવું પાણી) ( આદિ શબ્દથી દરીયાનું પાણી વિગેરે )

**ભેયા ણેગા ય આઉસ્સ ॥ ૫ ॥** અપ્કાયના અનેક ભેદો છે.

---

**ઇંગાલ**–અંગારા
**જાલ**–જવાલા. અગ્નિની શિખા
**મુમ્મુર**–બરસાડ–ભાઠો
**ઉક્કા**–ઉલ્કાપાત
**અસણિ**–વજથી થતો અગ્નિ
**કણગ**–કણિઆનો
**વિજ્જુ**–વિજળી
**આઇઆ**–વગેરે
**અગણિ**–અગ્નિકાય
**જિયાણં**–જીવોના
**ભેયા**–ભેદો
**નાયવ્વા**–જાણવા
**નિઉણ**–ડાહી ( નિપુણ )
**બુદ્ધિએ**–બુદ્ધિવડે

## ૩ અગ્નિકાય જીવોના પ્રકારો—

**ઇંગાલ જાલ મુમ્મુર**—૧ અંગારા, ૨ જ્વાલા, ( અગ્નિની જાળ ), ૩ ભરસાડ ( ઉની રાખોડી કે ભાઠો. )

**ઉક્કાસણિ કણગ વિજ્જુમાઇઆ**—૪ ઉલ્કાપાત ( ઉત્પાતના કારણરૂપ ), ૫ વજ્રનો અગ્નિ, ૬ આકાશમાંથી ખરતા તારા જેવા અગ્નિના કણ તે કણ અગ્નિ ૭ અને વિજળી વિગેરે (વિગેરે શબ્દથી સૂર્યકાન્ત, ચકમક, અરણી અને વાંસના ઘસારાથી ઉત્પન્ન થયેલ અગ્નિનો સમાવેશ થાય છે.)

**અગણિજિયાણં ભેયા**—અગ્નિકાય જીવોના ભેદો.

**નાયવ્વા નિઉણબુદ્ધિએ ॥ ૬ ॥** નિપુણ ( ડાહી ) બુદ્ધિએ કરીને જાણવા.

---

| | |
|---|---|
| **ઉબ્ભામગ**—ઉદ્‌ભ્રામક | **ઘણ**—ઘનવાત |
| **ઉક્કલિયા**—ઉત્કલિક | **તણુવાય**—તનવાત |
| **મંડલિ**—વંટોલીયો | **આઈઆ**—આદિ |
| **મહ**—મહાવાયુ | **ભેયા**—ભેદો |
| **શુદ્ધ**—શુદ્ધવાયુ | **ખલુ**—નિશ્ચયે |
| **ગુંજવાયા**—ગુંજારવ કરતો વાયુ | **વાઉકાયસ્સ**—વાયુકાયના |

## ૪ વાયુકાય જીવોના પ્રકારો

**ઉબ્ભામગ ઉક્કલિયા**—૧ ઉદ્‌ભ્રામક ( ઉંચો ભમાવે તે ) વાયુ, ૨ ઉત્કલિક ( રહી રહીને ધૂળમાં આંકળીઓ પાડે તે ) વાયુ.

**મંડલિ મહ શુદ્ધ ગુંજવાયા ય**—૩ મંડલિક ( વંટોળીઓ ) વાયુ, ૪ મહાવાયુ, ૫ શુદ્ધ વાયુ અને ૬ ગુંજારવ કરતો વાયુ.

**ઘણ તણુ વાયાઈઆ**—૭ઘનવાત અને ૮તનવાત વિગેરે (જેને આધારે નરક દેવલોકાદિ રહ્યા છે તે) [આદિ શબ્દથી પંખા વિગેરેના વાયુ પણ લેવા.]

**ભેયા ખલુ વાઉકાયસ્સ ॥૭॥** નિશ્ચે વાયુકાયના ભેદો છે.

---

**સાહારણ**—સાધારણ
**પત્તેયા**—પ્રત્યેક
**વણસ્સઈ**—વનસ્પતિકાય
**જીવા**—જીવો
**દુહા**—બે પ્રકારે
**સુએ**—સૂત્રને વિષે
**ભણિયા**—કહ્યા છે
**જેસિં**—જે
**અણંતાણં**—અનંત જીવોનું
**તણુ**—શરીર
**એગા**—એક
**સાહારણા**—સાધારણ
**તે ઉ**—તે તો

### ૫ વનસ્પતિકાય જીવોના પ્રકારો અને સ્વરૂપ—

**સાહારણ પત્તેઆ**—સાધારણ વનસ્પતિકાય (એક શરીરમાં અનંતા જીવવાળા) અને પ્રત્યેક વનસ્પતિકાય (એક શરીરમાં એક જીવવાળા)

**વણસ્સઈ જીવા દુહા સુએ ભણિયા**—એમ વનસ્પતિકાયના જીવો બે પ્રકારે સૂત્રને વિષે કહ્યા છે.

**જેસિં-મણંતાણં તણુ**—જે અનંત જીવોનું શરીર.

**એગા સાહારણા તે ઉ ॥૮॥** એક હોય. તે સાધારણ વનસ્પતિકાય (નિગોદ-અનંતકાય) કહેવાય.

---

**કંદા**—કંદમૂળ
**અંકુર**—અંકુરા-ફણગા
**કિસલય**—કુંપળો, ટીશીઓ
**પણગા**—પાંચ વર્ણની લીલફુલ
**સેવાલ**—સેવાલ
**ભૂમિફોડા**—બિલાડીના ટોપ
**અલ્લયતિય**—આદુ વિગેરે ત્રણ
**ગજ્જર**—ગાજર. **મોત્થ**—મોથ
**વત્થુલા**—એક જાતનું શાક
**થેગ**—થેગ. **પલ્લંકા**—પાલખું શાક
**કોમલ**—કુમળાં, કુણાં
**ફલં**—ફલ. **સવ્વં**—સર્વ
**ગૂઢ**—છાની. **સિરાઇ**—નસ વગેરે
**સિણાઇ**—શિણ વિગેરેનાં
**પત્તાઇં**—પાંદડાં

| | |
|---|---|
| **થોહરિ**–થોરની જાત | **ગલો**–ગલો |
| **કુંઆરિ**–કુંવારનું પાઠું | **પમુહા**–પ્રમુખ, વિગેરે |
| **ગુગ્ગુલી**–ગુગળનું વૃક્ષ | **છિન્નરૂહા**–છેદીનેવાવવાથી ઊગેતે |

**કંદા અંકુર કિસલય**—૧કંદ [સૂરણાદિ] ૨ફણગા,૩ કુંપલો (ટીશીઓ)

**પણગા સેવાલ ભૂમિફોડા ય**—૪. પાંચ વર્ણની લીલ ફુલ, ૫ સેવાલ અને ૬ બિલાડીના ટોપ.

**અલ્લયતિય ગજ્જર મોત્થ**—૭આદુ આદિ ત્રણ (લીલું આદુ, લીલી હળદળ, લીલો કચુરો) ૮ગાજર. ૯મોથ.

**વત્થુલા થેગ પલ્લંકા ॥૯॥** ૧૦વથ્થુલ (એક જાતનું શાક) ૧૧થેગ, ૧૨પાલખું, (એક જાતનું શાક).

**કોમલફલં ચ સવ્વં**—૧૩સર્વ જાતિનાં કુણાં ફલ, (જેમાં બીજ ન હોય તે).

**ગૂઢસિરાઈ સિણાઈપત્તાઈ**—૧૪ જેના કણસલો નસો વગેરે છાની હોય તે ૧૫શિણ (પીલુડીનું વૃક્ષ) વિગેરેનાં પાંદડાં.

**થોહરિ કુંઆરિ ગુગ્ગુલી**—૧૬થોરની જાત, ૧૭કુંવરનું પાઠું, ૧૮ ગુગલનું વૃક્ષ.

**ગલો ય પમુહાઈ છિન્નરૂહા ॥૧૦॥** ૧૯ ગલો પ્રમુખ અને ૨૦ જે છેદીને વાવવાથી ફરીને ઊગે તે.

---

| | |
|---|---|
| **ઇચ્ચાઇણો**–ઇત્યાદિ | **જાણણત્થં**–જાણવાને અર્થે |
| **અણેગે**–અનેક | **લક્ખણ**–લક્ષણ. **એઅં**–આ |
| **હવંતિ**–હોય છે **ભેયા**–ભેદો | **સુએ**–સૂત્રને વિષે |
| **અણંતકાયાણં**–અનંતકાયના | **ભણિઅં**–કહ્યું છે |
| **તેસિં**–તેઓને **પરિ**–વિશેષ | |

**ઇચ્ચાઇણો અણેગે**–ઇત્યાદિ* અનેક.

---

* બટાટા, શકરીયાં, મૂળા, કોમલ આમલી, વજ્રકંદ, વાંસ કારેલાં વિગેરે અનેક પ્રકારની વનસ્પતિઓ.

**હવંતિ ભેયા અણંતકાયાણં**—અનંતકાયના ભેદો છે.
**તેસિં પરિજાણણત્થં**—તેઓને વિશેષ જાણવાને અર્થે.
**લક્ખણમેઅં સુએ ભણિયં ॥૧૧॥** આ લક્ષણ સૂત્રને વિષે કહ્યું છે.

---

**ગૂઢ**-ગુપ્ત. **સિર**-નસ. **સંધિ**-સાંધા
**પવ્વં**-પર્વ, ગાંઠા
**સમ**-સરખા. બે ભાગ
**ભંગ**-ભાગવાથી થાય
**અહીરૂગં**-તાંતણા રહિત
**છિન્નરૂહં**-છેદીને વાવવાથી
ફરીથી ઉગે તે
**સાહારણં**-સાધારણ
**શરીરં**-શરીર
**તવ્વિવરીઅં**-તેથી વિપરીત
**પત્તેયં**-પ્રત્યેક વનસ્પતિકાય

**ગૂઢસિર-સંધિ-પવ્વં**—૧જેની નસો, ૨સાંધા અને ૩ગાંઠા ગુપ્ત હોય.
**સમભંગ-મહીરૂગં ચ છિન્નરૂહં**—૪ ભાગવાથી જેના સરખા બે ભાગ થાય. ૫ તાંતણા રહિત હોય અને ૬જેને છેદીને વાવીએ તો ફરીથી ઉગે.
**સાહારણં શરીરં**—તેને સાધારણ વનસ્પતિકાયનું શરીર કહીએ.
**તવ્વિવરિઅં ચ પત્તેયં ॥૧૨॥** અને તેથી વિપરીત (લક્ષણવાળી) તે પ્રત્યેક વનસ્પતિકાય કહેવાય.

---

**એગ**-એક. **સરીરે**-શરીરમાં
**એગો**-એક. **જીવો**-જીવ
**જેસિં**-જે (વૃક્ષ) ને
**તુ તે**-તે જ **પત્તેયા**-પ્રત્યેક
**ફલ**-ફલ. **ફુલ**-ફુલ
**છલ્લિ**-છાલ. **કટ્ઠા**-કાષ્ટ
**મૂલગ**-મૂળ. **પત્તાણિ**-પાંદડાં
**બીયાણિ**-બીજ

**એગ શરીરે એગો**—એક શરીરને વિષે એક.
**જીવો જેસિં તુ તે ય પત્તેયા**—જીવ જે (વૃક્ષ)ને હોય, તે જ પ્રત્યેક વનસ્પતિકાય કહેવાય.
**ફલ ફુલ છલ્લિ કટ્ઠા**—૧ફળ, ૨ફુલ, ૩છાલ, ૪લાકડાં.

**મૂલગપત્તાણિ બીયાણિ ॥૧૩॥**પમૂલ ૬પાંદડાં ને ૭ બીજ.
[ એ ૭ સ્થાનમાં જુદા જુદા પ્રત્યેક વનસ્પતિકાયના જીવો હોય છે.]

---

**પત્તેય**–પ્રત્યેક
**તરું**–વનસ્પતિકાયને
**મુત્તું**–મૂકીને
**પંચ વિ**–પાંચે પણ
**પુઢવાઇણો**–પૃથ્વીકાયાદિ
**સયલ**–સકળ
**લોએ**–(૧૪) રાજલોકમાં
**સુહૂમા**–સૂક્ષ્મ
**હવંતિ**–હોય છે
**નિયમા**–નિશ્ચયે
**અંતમુહૂત્ત**–અંતર્મુહૂર્ત
**આઉ**–આયુષ્યવાળા
**અદિસ્સા**–અદૃશ્ય

**પત્તેયતરું મુત્તું**—પ્રત્યેક વનસ્પતિકાયને મૂકીને.

**પંચ વિ પુઢવાઇણો સયલલોએ**—પાંચે પણ પૃથ્વીકાયાદિ સકલ (૧૪) રાજલોકને વિષે.

**સુહૂમા હવંતિ નિયમા**—નિશ્ચયે સૂક્ષ્મ હોય છે.

**અંતમુહૂત્તાઉ અદિસ્સા ॥૧૪॥** (તે સૂક્ષ્મ જીવો) અંતર્મુહૂર્તના આયુષ્યવાળા અને અદૃશ્ય (આંખથી ન દેખાય તેવા) હોય છે.

**નોંધ**–જે શરીરમાં જીવ હોય તે શરીર વધે. ઉનું થાય અને ગમન કરે. જેમકે:–**પૃથ્વીકાય** ખાણમાં વધે છે. કુવાનું **પાણી** શિયાળામાં ઉનું થાય છે. **અગ્નિ** ઉષ્ણ છે. **વાયુ** ગમન કરે છે અને **વનસ્પતિ** વધે છે. **સાધારણ વનસ્પતિના જેટલા ટુકડા કરીને વાવીએ તે દરેક વધે છે.**

---

**સંખ**–શંખ
**કવડ્ડય**–કોડા, કોડી
**ગંડુલ**–મોટા કરમીયા
**જલો**–જળો
**ચંદણગ**–અક્ષ, સ્થાપનાચાર્ય
**અલસ**–અલસીઆં
**લહગાઇ**–લાળીઆ જીવ
**મેહરિ**–લાકડાના કીડા
**કિમિ**–કરમીઆ
**પૂઅરગા**–પોરા
**બેઇંદિય**–બે ઇંદ્રિયવાળા જીવો
**માઇવાહાઇ**–ચૂડેલ વિગેરે

## બેઇંદ્રિય જીવોના પ્રકારો—

**સંખ કવડ્ડય ગંડુલ**—૧ સંખ, ૨ કોડા, ૩ ગંડોલા ( પેટમાં મોટા કરમીઆ થાય તે )
**જલોય ચંદણગ અલસ લહગાઇ**—૪ જલો. ૫ ચંદનક ( સ્થાપનાચાર્ય ) ૬ અલશીયા, ૭ લાળીઆ જીવ ( વાસી રાંધેલ અન્નમાં ઉપજે તે ).
**મેહરિ કિમિ પૂઅરગા**–૮ મેર, (લાકડાના કીડા) ૯ કરમોયા, ૧૦ પોરા.
**બેઇંદિય માઈવાહાઇ ॥૧૫॥** ૧૧ ચૂડેલ વિગેરે બેઈંદ્રિય. [ચામડી અને જીભવાળા જીવો છે ]

---

**ગોમી**–કાન ખજૂરા
**મંકુણ**–માંકણ
**જુઆ**–જૂ. લીખ
**પિપીલિ**–કીડીઓ
**ઉદ્દેહિઆ**–ઉધેઇ
**મક્કોડા**–મંકોડા
**ઇલ્લિય**–ધાન્યની ઇયળ
**ઘયમિલ્લીઓ**–ઘીમેલો
**સાવય**–સવા
**ગોકીડ**–ગીંગોડાની
**જાઇઓ**–જાતિઓ
**ગદ્દહય**–ગધૈયાં ઉત્તિંગા
**ચોરકીડા**–વિષ્ટાના કીડા
**ગોમયકીડા**–છાણના કીડા
**ધન્નકીડા**–ધાન્યના કીડા
**કુંથુ**–કુંથુઆ
**ગોવાલિય**–ગોપાલિક
**ઇલ્લિય**–ઇયળ ( ખાંડની )
**તેઇંદિય**–ત્રણ ઇંદ્રિયવાળા
**ઈંદગોવાઇ**–ઈંદ્રગોપ આદિ

## ત્રણ ઇંદ્રિયવાળા જીવોના પ્રકારો.

**ગોમી મંકણ જુઆ**–૧ કાનખજુરા, ૨ માંકણ, ૩ જુ, ( લીખ )

**પિપીલિ ઉદ્દેહિયા ય મક્કોડા**–૪ કીડી, ૫ ઉધેઇ અને ૬ મંકોડા.

**ઇલ્લિય ઘયમિલ્લીઓ**–૭ ધાન્યની ઇયળ ૮ ઘીમેલો

**સાવયં ગોકીડજાઇઓ ॥ ૧૬ ॥** ૯ સવા ( વાળના મૂળમાં ઉપજે તે ), ૧૦ ગીંગોડાની જાતિઓ.

**ગદ્દહય ચોરકીડા**–૧૧ ઉત્તિંગા, ( ગાયના વાડામાં થાય તે ) ૧૨ વિષ્ટાના કીડા.

**ગોમયકીડા ય ધન્નકીડા ય**–૧૩ છાણના કીડા અને ૧૪ ધનેરિયાં ( ધનેડાં )

**કુંથુ ગોવાલિય ઇલ્લિયા**–૧૫ કુંથુઆ, ૧૬ ગોપાલિક, ૧૭ ઇયળ, ( ખાંડની )

**તેઇંદિય ઇંદગોવાઇ ॥ ૧૭ ॥**–૧૮ ઇંદ્રગોપ આદિ ( આદિ શબ્દથી ચાંચડ વિગેરે લેવા ) તે તેઇંદ્રિય જીવો છે.

---

**ચઉરિંદિયા**–ચાર ઇંદ્રિયવાળા
**વિચ્છુ**–વિંછી
**ઢિંકુણ**–બગાઇ
**ભમરા**–ભમરા
**ભમરિયા**–ભમરી. **તિડ્ડા**–તીડ
**મચ્છિય**–માખી. **ડંસા**–ડાંસ
**મસગા**–મચ્છર
**કંસારી**–કંસારી
**કવિલ**–કરોળીયા
**ડોલાઇ**–ખડમાંકડી વિગેરે

## ચાર ઇંદ્રિયવાળા જીવોના પ્રકારો.

**ચઉરિંદિયા ય વિચ્છુ**–*ચઉરિંદ્રિય જીવો ૧ વીંછી અને

---

* બેઇંદ્રિયને પગ ન હોય. તેઇંદ્રિયને ૪–૬ કે વધુ પગ હોય. ચઉરિંદ્રિયને ૬ કે ૮ પગ હોય. પંચેદ્રિયને ૨, ૪, ૮ પગ હોય અથવા ન હોય.

**ઢિંકુણ ભમરા ય ભમરિયા તિડ્ડા**—૨ બગાઈ, ૩ ભમરા ૪ ભમરી અને ૫ તીડ.

**મચ્છિય ડંસા મસગા**—૬ માખી, ૭ ડાંસ, ૮ મચ્છર.

**કંસારી કવિલડોલાઇ ॥૧૮॥**—૯ કંસારી, ૧૦ કરોળીયા, ૧૧ ખડમાંકડી વિગેરે [ વિગેરે શબ્દથી પતંગીઆ વિગેરે લેવા ]

**પંચિંદિયા**–પાંચ ઇંદ્રિયવાળા
**ચઉહા**–ચાર પ્રકારે
**નારય**–નારકી. **તિરિયા**–તિર્યંચ
**મણુસ્સ**–મનુષ્ય. **દેવા**–દેવતા
**નેરઇયા**–નારકી જીવો
**સત્ત**–સાત **વિહા**–પ્રકારે
**નાયવ્વા**–જાણવા
**પુઢવી**–પૃથ્વીના
**ભેએણં**–ભેદ વડે.

## પંચેદ્રિંયના ચાર પ્રકાર

**પંચિંદિયા ય ચઉહા**—પંચેંદ્રિય જીવો ચાર પ્રકારે.છે.

**નારય તિરિયા મણુસ્સ દેવા ય**—૧ નારકી, ૨ તિર્યંચ, ૩ મનુષ્ય અને ૪ દેવતા.

**નેરઇયા સત્તવિહા**—નારકી જીવો સાત પ્રકારે છે.

**નાયવ્વા પુઢવીભેએણં ॥૧૯॥** તે (રત્નપ્રભાદિ) પૃથ્વીના ભેદ વડે જાણવા.

| નામ | ગોત્રનામ | ગુણ |
|---|---|---|
| ૧ ધમ્મા | રત્નપ્રભા | **રત્ન વધારે છે** |
| ૨ વંશા | શર્કરાપ્રભા | **કાંકરા વધારે છે** |
| ૩ સેલા | વાલુકાપ્રભા | **રેતી વધારે છે** |
| ૪ અંજણા | પંકપ્રભા | **કાદવ વધારે છે** |
| ૫ રિટ્ઠા | ધૂમપ્રભા | **ધૂમાડો વધારે છે** |
| ૬ મઘા | તમઃપ્રભા | **અંધકાર ઘણો છે** |
| ૭ માઘવતી | તમસ્તમઃપ્રભા | **અતિશય વધુ અંધકાર છે** |

**જલયર**–પાણીમાં ચાલનારા

**થલયર**–જમીન ઉપર ચાલનારા

**ખયરા**–આકાશમાં ઉડનારા

**તિવિહા**–ત્રણ પ્રકારે

**પંચિંદિયા**–પાંચ ઇંદ્રિયવાળા

**તિરિક્ખા**–તિર્યંચો

**સુસુમાર**–પાડાના આકારના મત્સ્યો

**મચ્છ**–માછલાં. **કચ્છવ**–કાચબો

**ગાહા**–ઝૂંડ, જળજંતુ

**મગરા**–મગરો

**જલચારી**–જળચર જીવો

**ચઉપય**–ચાર પગવાળા

**ઉરપરિસપ્પા**–પેટે ચાલનારા

**ભુયપરિસપ્પા**-ભૂજાએ ચાલનારા

**ગો**–ગાય. **સપ્પ**–સર્પ, સાપ

**નઉલ**–નોળીયા

**પમુહા**–પ્રમુખ, વિગેરે

**બોધવ્વા**–જાણવા

**સમસેણં**–સંક્ષેપથી

**ખયરા**–ખેચર. **રોમય**-રૂવાંટાની

**પક્ખી**–પાંખવાળા પક્ષી

**ચમ્મયપક્ખી**–ચામડાની પાંખવાળા પક્ષી

**પાયડા**–પ્રગટ **ચેવ**–નિશ્ચે

**નરલોગાઓ**–મનુષ્ય લોકની

**બાહિં**–બહાર

**સમુગ્ગપક્ખી**–સંકોચેલી પાંખવાળા પક્ષી

**વિયયપક્ખી**–વિસ્તારેલી પાંખવાળા પક્ષી

**સવ્વે**–સર્વ

**સમુચ્છિમા**–સમૂર્છિમ

**ગબ્ભયા**–ગર્ભજ

**દુહા**–બે પ્રકારે

**હુન્તિ**–હોય છે

**કમ્મ**–કર્મભૂમિના

**અકમ્મગભૂમિ**–અકર્મભૂમિના

**અંતરદીવા**–અંતર્દીપના

**મણુસ્સા**–મનુષ્યો

## તિર્યંચ પંચેંદ્રિય જીવોના પ્રકારો :—

**જલયર થલયર ખયરા**—૧ જલચર ( પાણીમાં રહેનાર ) ૨ સ્થલચર (જમીન ઉપર ચાલનાર), અને ૩ ખેચર (આકાશમાં ઉડનાર.)

**તિવિહા પંચિંદિયા તિરિક્ખા ય**—તિર્યંચ પંચેન્દ્રિય જીવો ત્રણ પ્રકારે છે.

**સુસુમાર મચ્છ કચ્છવ**—૧ સુસુમાર ( પાડાના જેવા મત્સ્ય ) ૨ માછલા, ૩ કાચબા.

**ગાહા મગરા ય જલચારી ॥ ૨૦ ॥** ૪ ઝુંડો અને ૫ મગરો એ **જલચર જીવો** છે.

**ચઉપય ઉરપરિસપ્પા**—૧ચતુષ્પદ, ( ચાર પગવાળા ) ૨ ઉરઃપરિસર્પ ( પેટે ચાલનારા. )

**ભુયપરિસપ્પા ય થલયરા તિવિહા**—અને ૩ ભૂજપરિસર્પ (ભૂજાથી ચાલનાર ) એમ **સ્થલચર જીવો** ૩ પ્રકારે છે.

**ગો સપ્પ નઉલ પમુહા**—ગાય, સાપ અને નોળીયા પ્રમુખ અનુક્રમે ચતુષ્પદ ઉરઃપરિસર્પ અને ભૂજપરિસર્પ છે.

**બોધવ્વા તે સમાસેણં ॥ ૨૧ ॥**–તે સંક્ષેપથી જાણવા.

**ખયરા રોમયપક્ખી**—ખેચર જીવો, રોમજ પક્ષી [ રૂવાંટાંની પાંખ-વાળા પોપટ, કાગડા વિગેરે. ]

**ચમ્મયપક્ખી ય પાયડા ચેવ**—અને ચર્મજ પક્ષી [ ચામડાંની પાંખવાળાં વડવાગુલી, ચામાચીડીયાં વિગેરે] નિશ્ચે પ્રસિદ્ધ છે.

**નરલોગાઓ બાહિં**—મનુષ્ય લોક* ( અઢીદ્વીપ )ની બહાર.

**સમુગ્ગપક્ખી વિયયપક્ખી ॥ ૨૨ ॥** (બેસે અને ઉડે ત્યારે ) સંકોચેલી પાંખવાળાં અને વિસ્તારેલી પાંખવાળાં પક્ષી છે.

---

*જંબૂદ્વીપ, ધાતકીખંડ અને પુષ્કરવરદ્વીપ અડધો એ અઢી દ્વીપ. ( જેની વચ્ચે અનુક્રમે લવણ સમુદ્રને કાલોદધિ છે. ) એ ૪૫ લાખ જોજનનું ક્ષેત્ર તે મનુષ્યલોક કહેવાય છે, કારણ કે તેનીજ અંદર મનુષ્યનાં જન્મ–મરણ થાય છે.

**સવ્વે જલ-થલ-ખયરા**—સર્વ જલચર, સ્થલચર અને ખેચર.

**સમુચ્છિમા ગબ્ભયા દુહા હુંતિ**—સમુર્ચ્છિમ ( માતા-પિતાના સંબંધ વિના ઉપજે તે ) અને ગર્ભજ ( માતા પિતાના સંયોગે ઉપજે તે ) એમ બે પ્રકારે છે.

**કમ્માકમ્મગ-ભૂમિ**—કર્મભૂમિના, અકર્મભૂમિના

**અંતરદ્દીવા મણુસ્સા ય ॥ ૨૩ ॥** અને અંતર્દ્વીપના ( એમ ત્રણ પ્રકારના મનુષ્યો છે )

## સંસારી જીવોના ૫૬૩ ભેદ :—

| | | |
|---|---|---|
| ૧. | **નારકીના...** | ... ... ૧૪ |
| ૨. | **તિર્યંચ ગતિના** ... | ... ૪૮ |
| ૩. | **મનુષ્ય ગતિના** ... | ...૩૦૩ |
| ૪. | **દેવગતિના** ... | ...૧૯૮ |
| | | ૫૬૩ |

૧, **નારકીના...** ...રત્નપ્રભાદિ — ૭ × ૨ = ૧૪
( પર્યાપ્તા અને અપર્યાપ્તા )

૨. **તિર્યંચ ગતિના ભેદ** ... ... ... = ૪૮

**એકેંદ્રિય**—પૃથ્વી, અપ્, તેઉ, વાયુ અને સાધા૦ વનસ્પતિ.
એ ૫ સૂક્ષ્મ અને ૫ બાદર મળી કુલ = ૧૦
તેમાં પ્રત્યેક વનસ્પતિકાય બાદર છે તે = ૧
૧૧

**વિકલેંદ્રિય**—૧ બેઇંદ્રિય, ૨ તેઇંદ્રિય ૩ ચઉરિંદ્રિય — ૩
( એકેંદ્રિય અને વિકલેંદ્રિય સમુર્ચ્છિમજ છે ).

**તિર્યંચ પંચેંદ્રિય**—૧ જળચર ૨ સ્થલચર ૩ ખેચર
૪ ઉરઃપરિસર્પ ૫ ભૂજપરિસર્પ એ
૫ ગર્ભજ ને ૫ સમૂર્ચ્છિમ મળી કુલ —૧૦
૨૪

એ ૨૪ પર્યાપ્તાને ૨૪ અપર્યાપ્તા મળી અથવા એકેંદ્રિયના ૨૨, વિકલેન્દ્રિયના ૬, અને તિર્યંચ પંચેંદ્રિયના ૨૦ મળી કુલ ૪૮ ભેદ.

**૩. મનુષ્ય ગતિના ભેદ** ... ... ... ૩૦૩

***કર્મભૂમિ**–૫ ભરત ૫ ઐરવત ૫ મહાવિદેહ= ૧૫

**અકર્મભૂમિ**–૫ હૈમવત ૫ ઐરણ્યવત ૫ હરિવર્ષ
૫ રમ્યક્ ૫ દેવકુરૂ ૫ ઉત્તરકુરૂ = ૩૦

**+અંતર્દ્વીપ**–૮ દાઢા ઉપર ૭ અંતર્દ્વીપ ૮ × ૭ = ૫૬

મનુષ્ય ગર્ભજ પર્યાપ્તા – ૧૦૧

મનુષ્ય ગર્ભજ અપર્યાપ્તા – ૧૦૧

×મનુષ્યસમૂર્ચ્છિમ અપર્યાપ્ત– ૧૦૧

કુલ = ૩૦૩

આ ભેદોમાંથી આપણે જંબૂદ્વીપના ભરતક્ષેત્રના ગર્ભજ પર્યાપ્તા મનુષ્ય છીએ.

---

*અસિ ( હથિયાર ) મસિ ( લેખ ) અને કૃષિ ( ખેતી ) રૂપી કર્મથી વ્યવહાર ચાલે તે **કર્મભૂમિ** અને તે સિવાય વ્યવહાર ચાલે તે **અકર્મભૂમિ.**

+ભરતક્ષેત્ર તરફ હિમવંત અને ઐરવત ક્ષેત્ર તરફ શિખરી પર્વત આવેલા છે. તે પૂર્વ પશ્ચિમ લાંબા છે ને તેઓને લવણ સમુદ્રમાં જતાં દરેક દિશાએ બે બે દાઢાઓ છે, ને તે એકેકી દાઢા ઉપર સાત સાત અંતરદ્વીપ છે તેથી કુલ ૫૬ અંતરદ્વીપ થાય છે. તેમાં યુગલિક તિર્યંચ પંચેંદ્રિય તથા મનુષ્યો રહે છે.

× **સમૂર્ચ્છિમ મનુષ્ય**—ગર્ભજ મનુષ્યના–મલ–મૂત્ર વિગેરે અશુચિ પદાર્થોમાંજ ઉત્પન્ન થાય છે અને તે અપર્યાપ્તાજ છે.

| | |
|---|---|
| **દસહા**–દશ પ્રકારે | **જોઇસિયા**–જ્યોતિષી |
| **ભવણાહિવઇ**–ભવનપતિ | **પંચ વિહા**–પાંચ પ્રકારે |
| **અટ્ઠવિહા**–આઠ પ્રકારે | **દુવિહા**–બે પ્રકારે |
| **વાણમંતરા**–વાણવ્યંતર | **વેમાણિયા**–વૈમાનિક |
| **હુન્તિ**–હોય છે | **દેવા**–દેવો |

## દેવોના પ્રકારો

**દસહા ભવણાહિવઇ**—૧૦ પ્રકારે ભવનપતિ દેવો છે.
**અટ્ઠવિહા વાણમંતરા હુંતિ**—૮ પ્રકારે વાણવ્યંતર દેવો છે.
**જોઇસિયા પંચવિહા**—પાંચ પ્રકારે જ્યોતિષી દેવો છે.
**દુવિહા વેમાણિયા દેવા ॥ ૨૪ ॥** બે પ્રકારે વૈમાનિક દેવો છે.

| | | | |
|---|---|---|---|
| **૪. દેવગતિના** ... ... ... ... | | | ૧૯૮ |
| ૧. **ભવનપતિના** ... ... | ૧૦ ભેદ | } ૨૫ | |
| પરમાધામીના ... | ૧૫ ભેદ | | |
| ૨. **વ્યંતર ( વાણવ્યંતર )ના** ... | ૧૬ ભેદ | } ૨૬ | |
| તિર્યગ્ જૃંભકના ... | ૧૦ ભેદ | | |
| ૩. **જ્યોતિષીના** ... ... | ૧૦ ભેદ | | |
| **૪ વૈમાનિક** ૩૮ ... ... | ૩૮ | | |
| | ૯૯ | | |

એ ૯૯ પર્યાપ્તા અને ૯૯ અપર્યાપ્તા મળી કુલ = ૧૯૮

૧. **ભવનપતિ**—૧ અસુરકુમાર ૨ નાગકુમાર ૩ સુવર્ણકુમાર
૨૫ ૪ વિદ્યુત્ કુમાર ૫ અગ્નિ કુમાર ૬ દ્વીપકુમાર
૭ ઉદધિકુમાર ૮ દિશિકુમાર ૯ પવનકુમાર.
૧૦ સ્તનિત (મેઘ) કુમાર. એમ કુલ= ૧૦ ભેદ

**પરમાધામી**—૧ અંબ, ૨ અંબરીષ, ૩ શ્યામ, ૪ શબલ,
૫ રૂદ્ર, ૬ ઉપરૂદ્ર, ૭ કાળ, ૮ મહાકાળ, ૯ અસિપત્ર,

૧૦ વન, ૧૧ કુંભી, ૧૨ વાલુકા, ૧૩ વૈતરણી, ૧૪ ખરસ્વર અને ૧૫ મહાઘોષ. એમ કુલ ૧૫ ભેદ છે.

૨. વ્યંતર ૨૬ [ વ્યંતર –૮, વાણવ્યંતર–૮ ] = ૧૬ ભેદ.

**વ્યંતર**—૧ પિશાચ ૨ ભૂત ૩ યક્ષ ૪ રાક્ષસ ૫ કિન્નર ૬ કિંપુરૂષ ૭ મહોરગ ૮ ગંધર્વ. કુલ ૮

**વાણવ્યંતર**—૧ અણપન્ની ૨ પણપન્ની ૩ ઈસીવાદી ૪ ભૂતવાદી ૫ કંદિત ૬ મહાકંદિત ૭ કોહંડ ૮ અને પતંગ. કુલ ૮

**તિર્યગ્-જૃંભક**–૧ અન્નજૃંભગા, ૨ પાનજૃંભગા, ૩ વસ્ત્રજૃંભગા, ૪ લેણુ(ઘર)જૃંભગા, ૫ પુષ્પજૃંભગા, ૬ ફળજૃંભગા, ૭ પુષ્પફળજૃંભગા, ૮ શયનજૃંભગા, ૯ વિદ્યાજૃંભગા, ૧૦ અવિયત્તજૃંભગા. કુલ ૧૦

૩. **જ્યોતિષી**—ચર–૫ અને સ્થિર–૫—કુલ ૧૦ ભેદ

૧૦ ૧ સૂર્ય ૨ ચંદ્ર ૩ ગ્રહ ૪ નક્ષત્ર ૫ તારા
એ પાંચ મનુષ્ય ક્ષેત્રમાં ચર અને પાંચ મનુષ્ય ક્ષેત્રની બહાર સ્થિર એમ કુલ ભેદ ૧૦

૪. **વૈમાનિક** – [ કલ્પોપપન્ન–સ્વામિ સેવકની મર્યાદાવાળા ૨૪, કલ્પાતીત–સ્વામિ સેવકની મર્યાદા વિનાના ૧૪ ]

**કલ્પોપપન્ન–૨૪** **કલ્પાતીત–૧૪**

**કલ્પોપપન્ન**– ૨૪

**૧૨ બારદેવ લોક**—૧ સૌધર્મ, ૨ ઈશાન, ૩ સનત્કુમાર, ૪ માહેંદ્ર. ૫ બ્રહ્મલોક, ૬ લાંતક, ૭ મહાશુક્ર, ૮ સહસ્રાર, ૯ આનત, ૧૦ પ્રાણત, ૧૧ આરણ, ૧૨ અચ્યુત.

[ બાર દેવલોક ]

**૯ લોકાન્તિક દેવલોક**—૧ સારસ્વત, ૨ આદિત્ય, ૩ વહ્નિ, ૪ અરૂણ, ૫ ગર્દતોય, ૬ તુષિત, ૭ અવ્યાબાધ, ૮ મરૂત, અને ૯ અરિષ્ટ કુલ—૯

**૩ કિલ્બિષિ**—૧ પહેલો કિલ્બિષિયા પહેલા બીજા દેવ લોક નીચે. ૨ બીજો કિલ્બિષિયા બીજા ત્રીજા દેવલોક નીચે ૩ ત્રીજો કિલ્બિષિયા છઠ્ઠા દેવલોક નીચે.

**કલ્પાતીત—૧૪**

**૯ ગ્રૈવેયક**—૧ સુદર્શન, ૨ સુપ્રતિબદ્ધ, ૩ મનોરમ, ૪ સર્વતોભદ્ર, ૫ સુવિશાલ, ૬ સુમનસ, ૭ સૌમનસ, ૮ પ્રીયંકર, ૯ નંદીકર.

**૫ અનુત્તર**—૧ વિજય, ૨ વિજયંત, ૩ જયંત, ૪ અપરાજિત ૫ સર્વાર્થસિદ્ધ.

સંસારી જીવોનું ઉત્પત્તિ સ્થાન:—

૧. **સર્વ એકેંદ્રિય**—ચૌદ રાજલોકમાં

૨. **વિકલેંદ્રિય તથા તિર્યંચ પંચેન્દ્રિય**—તિર્ચ્છાલોકમાં (પ્રાય:)

૩. **વ્યંતર જ્યોતિષી**—તિર્ચ્છાં લોકમાંજ

૪. **નારકી, ભવનપતિ**—અધોલોકમાં

૫. **સર્વ મનુષ્યો**—અઢી દ્વીપમાં

૬. **વૈમાનિક દેવોનું**—ઉર્ધ્વ લોકમાં

---

**સિદ્ધા**—સિદ્ધના **પન્નરસ**—પન્નર
**ભેયા**—ભેદો **તિત્થ**—જિન સિદ્ધ
**અતિત્થ**—અજિન સિદ્ધ
**આઈ**—વિગેરે [ કરીને
**સિદ્ધ ભેએણં**—સિદ્ધના ભેદે

**એએ**—એ
**સંખેવેણં**—સંક્ષેપથી
**જીવ**—જીવોના
**વિગપ્પા**—ભેદો
**સમક્ખાયા**—રૂડી રીતે કહ્યા

## સંસારી જીવોના ભેદોનું વર્ણન કર્યા પછી મુક્તિના જીવોના ભેદોનું વર્ણન કરે છે.

**સિદ્ધા પનરસ ભેયા**—સિદ્ધના પંદર ભેદો છે.
**તિત્થાઽતિત્થાઇ સિદ્ધભેએણં**—જિન સિદ્ધ અને અજિન સિદ્ધ આદિ સિદ્ધના ભેદવડે. +
**એએ સંખેવેણં**—એ સંક્ષેપથી.
**જીવવિગપ્પા સમક્ખાયા ॥ ૨૫ ॥** જીવના ભેદો રૂડે પ્રકારે કહ્યા.

**એએસિં**-એ. **જીવાણં**-જીવોનું
**સરીરં**-શરીરનું પ્રમાણ
**આઉ**-આયુષ્યનું. **ઠિઇ**-સ્થિતિ
**સકાયંમિ**--પોતાની કાયામાં
**પાણા**-પ્રાણ. **જોણિ**-યોનિનું
**પમાણં**-પ્રમાણ. **જેસિં**-જેઓનું
**જં**-જેટલું **અત્થિ**-છે.
**તે**-તેટલું **ભણિમો**-કહીશું

## જીવોને વિષે પાંચ દ્વાર—

**એએસિં જીવાણં**—એ જીવોનું.
**સરીર-માઉ ઠિઇ સકાયંમિ**—૧ શરીરનું પ્રમાણ, ૨ આયુષ્યનું પ્રમાણ. ૩ *સ્વકાય સ્થિતિનું પ્રમાણ.
**પાણા જોણિપમાણં**—૪ પ્રાણનું પ્રમાણ ૫ અને યોનિનું પ્રમાણ.

---

**+ સિદ્ધોની પૂર્વ અવસ્થાને લીધે થયેલ ૧૫ ભેદઃ—**

૧ જિનસિદ્ધ, ૨ અજિનસિદ્ધ, ૩ તીર્થસિદ્ધ, ૪ અતીર્થસિદ્ધ, ૫ ગૃહસ્થલિંગ સિદ્ધ, ૬ અન્યલિંગ સિદ્ધ, ૭ સ્વલિંગ સિદ્ધ, ૮ સ્ત્રીલિંગ સિદ્ધ, ૯ પુરૂષલિંગ સિદ્ધ, ૧૦ નપુંસકલિંગ સિદ્ધ, ૧૧ પ્રત્યેકબુદ્ધ સિદ્ધ, ૧૨ સ્વયંબુદ્ધ સિદ્ધ, ૧૩ બુદ્ધબોધિત સિદ્ધ, ૧૪ એકસિદ્ધ અને ૧૫ અનેક સિદ્ધ.

* પોતાની કાયામાં ફરી ફરી બીજી તીજી વાર ઉત્પન્ન થાય તેને સ્વકાય સ્થિતિ કહે છે.

**જેસિં જં અત્થિ તં ભણિમો ॥ ૨૬ ॥** જેઓનું જેટલું છે, તેટલું કહીશું.

**અંગુલ**–આંગળનો
**અસંખ**–અસંખ્યાતમો
**ભાગો**–ભાગ. **સરીરં**–શરીર
**એગિંદિયાણ**–એકેંદ્રિય જીવોનું
**સવ્વેસિં**–સર્વે. **જોયણ**–જોજન
**સહસ્સં**-હજાર. **અહિયં**-અધિક
**નવરં**–વિશેષ. **પત્તેય**–પ્રત્યેક
**રુક્ખાણં**–વનસ્પતિકાયનું

**૧ શરીર પ્રમાણ દ્વાર—**

**અંગુલ અસંખભાગો**—આંગળના અસંખ્યાતમા ભાગનું.
**શરીર-મેગિંદિયાણ સવ્વેસિં**—સર્વે એકેંદ્રિય જીવોનું શરીર હોય છે.
**જોયણ-સહસ્સ-મહિયં**—એક હજાર જોજનથી અધિક.
**નવરં પત્તેયરૂક્ખાણં ॥ ૨૭ ॥** પ્રત્યેક વનસ્પતિકાયનું શરીર હોય છે, એટલું વિશેષ છે.

**બારસ**–બાર. **જોયણ**–જોજન
**તિન્નેવ**–ત્રણ. **ગાઉઆ**–ગાઉ
**જોયણં**–યોજન
**અણુક્કમસો**–અનુક્રમે
**ચઉરિંદિય**–ચઉરિંદ્રિયના
**દેહં**–શરીરનું
**ઉચ્ચત્તં**–ઉંચપણું, લંબાઇ

**બારસ જોયણ તિન્નેવ**—બાર જોજન, ત્રણ ગાઉ.
**ગાઉઆ જોયણં ચ અણુક્કમસો**—અને એક યોજન અનુક્રમે.
**બેઇંદિય તેઇંદિય**—બેઇંદ્રિય, તેઇંદ્રિય અને
**ચઉરિંદિય દેહ-મુચ્ચત્તં ॥ ૨૮ ॥** ચઉરિંદ્રિય જીવોના શરીરની ઉંચાઈ છે.

**ધણુ**–ધનુષ્યના
**સય પંચ**–પાંચ સો
**પમાણા**–પ્રમાણવાળા
**નેરઇયા**–નારકીઓ
**સત્તમાઇ**–સાતમી
**પુઢવીએ**–પૃથ્વીમાં. **તત્તો**–તેથી
**અદ્ધદ્ધ**–અડધા અડધા
**ઉણા**–ઓછા
**નેયા**–જાણવા
**રયણપ્પહા**–રત્નપ્રભા
**જાવ**–જ્યાં સુધી

**ધણુસયપંચ-પમાણા**—૫૦૦ ધનુષ્યના પ્રમાણવાળા
**નેરઇયા સત્તમાઇ પુઢવીએ**—નારકીઓ સાતમી પૃથ્વીમાં હોય છે.
**તત્તો અદ્ધદ્ધૂણા**—તેથી અર્ધ અર્ધ ઓછા પ્રમાણવાળા (નારકીઓ)
**નેયા રયણપ્પહા જાવ ॥ ૨૯ ॥** ×રત્નપ્રભા સુધી જાણવા.
[ ૨૪ આંગળનો એક હાથ અને ૯૬ આંગળનો ૧ ધનુષ્ય ]

**જોયણ**—જોજન. **સહસ્સ**—હજાર
**માણા**—પ્રમાણવાળા
**મચ્છા**—મત્સ્ય, માછલાં
**ઉરગા**—ઉરઃપરિસર્પ
**ગબ્ભયા**—ગર્ભજ
**હુન્તિ**—હોય છે. **ધણુહ**—ધનુષ્ય
**પુહુત્તં**—બે થી નવ
**પક્ખીસુ**—પક્ષીઓનું
**ભુયચારી**—ભુજપરિસર્પનું
**ગાઉઅપુહુત્તં**—૨ થી ૯ ગાઉ
**ખયરા**—ખેચરનું
**ભુયગા**—ભુજપરિસર્પનું
**ધણુહ પુહુત્તં**—૨ થી ૯ ધનુષ્ય
**ઉરગા**—ઉરઃપરિસર્પનું
**જોયણપુહુત્તં**—૨ થી ૯ જોજન
**મિત્તા**—પ્રમાણવાળા
**સમુચ્છિમા**—સમૂચ્છિંમ
**ચઉપ્પયા**—ચતુષ્પદ ચોપગા
**ભણિયા**—કહ્યા છે

**જોયણસહસ્સમાણા**—હજાર જોજનના પ્રમાણવાળા
**મચ્છા ઉરગા ય ગબ્ભયા હુંતિ**—ગર્ભજ કે સમૂચ્છિંમ મત્સ્ય અને ગર્ભજ ઉરઃપરિસર્પ હોય છે.

**ધણુહપુહુત્તં પક્ખીસુ**—ગર્ભજ પક્ષીનું શરીર ૨ થી ૯ ધનુષ્ય હોય છે.

**ભુયચારી ગાઉઅપુહુત્તં ॥ ૩૦ ॥** ગર્ભજ ભુજપરિસર્પનું શરીર ૨ થી ૯ ગાઉ હોય છે.

---

× ૭ મી નારકીનું શરીર ૫૦૦ ધનુષ્ય, ૬ ઠ્ઠીનું ૨૫૦, ૫ મીનું ૧૨૫, ૪ થીનું ૬૨॥, ૩ જીનું ૩૧, ૨ જીનું ૧૫॥ ધનુષ્ય અને ૧૨ આંગળ, ૧ લીનું ૭॥ ધનુષ્ય અને ૬ આંગળ.

**[ સમૂચ્છિમ તિર્યંચોના શરીરનું પ્રમાણ કહે છે. ]**

**ખયરા ધણુહ પુહુત્તં, ભુયગા—ઉરગા ય જોયણ પુહુત્તં—** ખેચર અને ભુજપરિસર્પનું ૨ થી ૯ ધનુષ્ય અને ઉર:પરિસર્પનું શરીર ૨ થી ૯ જોજન હોય છે.

**ગાઉઅ પુહુત્તમિત્તા**—૨ થી ૯ ગાઉના પ્રમાણવાળા

**સમુચ્છિમા ચઉપ્પયા ભણિયા ॥ ૩૧ ॥** સમૂચ્છિમ ચતુષ્પદ કહ્યા છે.

**છચ્ચેવ**—નિશ્ચે છ
**ગાઉઆઈ**—ગાઉના પ્રમાણવાળા
**ચઉપ્પયા**—ચતુષ્પદ
**ગબ્ભયા**—ગર્ભજ
**મુણેયવ્વા**—માનવા, જાણવા
**કોસ તિગં**—ત્રણ ગાઉ
**મણુસ્સા**—મનુષ્યો
**ઉક્કોસ**—ઉત્કૃષ્ટથી
**સરીર**—શરીરના
**માણેણં**—પ્રમાણ વડે

**છચ્ચેવ ગાઉઆઈ**—નિશ્ચે ૬ ગાઉના શરીરવાળા.

**ચઉપ્પયા ગબ્ભયા મુણેયવ્વા**—ગર્ભજ ચતુષ્પદ માનવા.

**કોસતિગં ચ મણુસ્સા**—અને ગર્ભજ મનુષ્યોનું ત્રણ ગાઉ.

**ઉક્કોસ સરીરમાણેણં ॥ ૩૨ ॥** શરીરનું પ્રમાણ ઉત્કૃષ્ટથી છે.

**ઇસાણ**—ઇશાન દેવલોકના
**અંત**—અંત સુધી
**સુરાણં**—દેવતાઓની
**રયણીઓ**—હાથ. **સત્ત**—સાત
**હુન્તિ**—હોય છે. **ઉચ્ચત્તં**—ઉંચાઇ
**દુગ દુગ**—બે બે. **દુગ ચઉ**—બે ચાર
**ગેવિજ્જ**—ગ્રૈવેયક
**અણુત્તરે**—અનુત્તરને વિષે
**ઇક્કિક્ક**—એક એક
**પરિહાણી**—ઓછી કરવી

**ઇસાણંત સુરાણં**—ઇશાન દેવલોકના અંત સુધી દેવોની*

**રયણીઓ સત્ત હુંતિ ઉચ્ચત્તં**—ઉંચાઈ ૭ હાથ હોય છે.

---

*ભવનપતિ—પરમાધામી—વ્યંતર—વાણવ્યંતર—તિર્યગ્જૃંભક—૧લો કિલ્બીષિક અને સૌધર્મને ઇશાન દેવોની ઉંચાઇ ૭ હાથ.

**દુગ દુગ દુગ ચઉ ગેવિજ્જ**—બે, બે, બે અને ચાર ( દેવલોકે ) તથા ગ્રૈવેયકે અને

**ણુત્તરે ઇક્કિક્કપરિહાણી ॥ ૩૩ ॥**અનુત્તરને વિષે ઉંચાઈ ૧–૧ હાથ ઓછી કરવી.*

**બાવીસા**—બાવીશ
**પુઢવીએ**–પૃથ્વીકાયનું
**સત્ત ય**–સાત અને
**આઉસ્સ**–અપકાયનું **તિન્નિ**-ત્રણ
**વાઉસ્સ**-વાયુકાયનું. **વાસ**–વર્ષ

**સહસ્સા**—હજાર. **દસ**–દશ
**તરૂ**–પ્રત્યેક વનસ્પતિના
**ગણાણ**–સમુહનું
**તેઉ**–તેઉકાયનું. **તિ**–ત્રણ.
**રત્તાઉ**–રાત્રિ દિવસ આયુષ્ય

## ૨ આયુષ્ય પ્રમાણ દ્વાર—

**બાવીસા પુઢવીએ**—પૃથ્વીકાયનું ૨૨ હજાર વર્ષનું આયુષ્ય.

**સત્ત ય આઉસ્સ તિન્નિ વાઉસ્સ**—અપ્કાયનું ૭ હજાર વર્ષ અને વાયુકાયનું ૩ હજાર વર્ષ,

**વાસસહસ્સા દસ તરૂ**—પ્રત્યેક વનસ્પતિકાયના સમુહનું ૧૦ હજાર વર્ષ

**ગણાણ તેઉ તિ રત્તાઉ ॥૩૪॥** તેઉકાયનું ૩ અહોરાત્રી આયુષ્ય હોય છે.

**વાસાણિ**—વર્ષ. **બારસ**–બાર
**આઉ**–આયુષ્ય
**બેઈંદિયાણં**–બેઇંદ્રિયોનું
**તેઈંદિયાણં**–તેઈંદ્રિયોનું
**તુ**–તો નિશ્ચે

**અઉણાપન્ન**–ઓગણપચાસ
**દિણાઇં**–દિવસ
**ચઉરિંદીણં**–ચઉરિંદ્રિયોનું
**છમ્માસા**–છ માસ

**વાસાણિ બારસાઉ**—બાર વર્ષનું આયુષ્ય.

---

* ૩–૪ થા દેવલોકના દેવોની ૬ હાથ, ૫–૬ ઠાની ૫ હાથ, ૭–૮ માની ૪ હાથ, ૯–૧૦–૧૧–૧૨ માની ૩ હાથ, ૯ ગ્રૈવેયકની ૨ હાથ અને ૫ અનુત્તર દેવોની ઉંચાઇ ૧ હાથ હોય છે.

**બેઇંદિયાણં તેઇંદિઆણં તુ**—બેઇંદ્રિય જીવોનું હોય છે. તેઇંદ્રિય જીવોનું (આયુષ્ય) તો.

**અઉણાપન્નદિણાઇં**—૪૯ દિવસ હોય છે.

**ચઉરિંદીણં તુ છમ્માસા ॥ ૩૫ ॥** ચઉરિંદ્રિય જીવોનું નિશ્ચે (આયુષ્ય) ૬ માસ હોય છે.

સુર-દેવતા. **નેરઇયાણ**-નારકીની
**ઠિઈ**-સ્થિતિ, આયુષ્ય.
**ઉક્કોસા**-ઉત્કૃષ્ટથી
**સાગરાણિ**-સાગરોપમ
**તિત્તીસં**-તેત્રીસ.
**ચઉપ્પય**-ચોપગાં. **તિરિય**-તિર્યંચ
**મણુસ્સા**-મનુષ્યોનું. **તિન્નિ**-ત્રણ
**પલિઓવમા**-પલ્યોપમ

**સુર નેરઇયાણ ઠિઈ**—દેવતા અને નારકીનું આયુષ્ય.

**ઉક્કોસા સાગરાણિ તિત્તીસં**—ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમ હોય છે.

**ચઉપય તિરિય મણુસ્સા**—ચતુષ્પદ તિર્યંચ અને મનુષ્યોનું (આયુષ્ય)

**તિન્નિ ય પલિઓવમા હુંતિ ॥ ૩૬ ॥** ત્રણ પલ્યોપમ* હોય છે.

**જલયર**-જલચર
**ઉર**-ઉરઃપરિસર્પ
**ભુયગાણં**-ભુજપરિ-સર્પનું
**પરમાઉ**-ઉત્કૃષ્ટ આયુષ્ય
**હોઈ**-હોય છે **પૂવ્વ**-પૂર્વ
**કોડીઓ**-ક્રોડ ( વર્ષ )
**પક્ખીણં**-પક્ષીઓનું
**પુણ**-વળી. **ભણિઓ**-કહ્યું છે.
**અસંખ ભાગો**-અસંખ્યાતમો ભાગ
**પલિયસ્સ**-પલ્યોપમનો

**જલયર ઉર ભુયગાણં**—( ગર્ભજ કે સમૂર્ચ્છિમ જલચર), ( ગર્ભજ ) ઉરઃપરિસર્પ ભુજપરિસર્પનું.

**પરમાઉ હોઈ પુવ્વકોડીઓ**—ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્વ ક્રોડ× ( વર્ષનું ) હોય છે.

---

* અસંખ્યાત વર્ષે ૧ પલ્યોપમ અને ૧૦ કોડાકોડી પલ્યોપમે ૧ સાગરોપમ થાય છે.

× ૭૦ લાખ ૫૬ હજાર ક્રોડ વર્ષે ૧ પૂર્વ થાય છે.

**પક્ખીણં પુણ ભણિઓ**—વળી પક્ષીઓનું ( આયુષ્ય ) કહ્યું છે
**અસંખ ભાગો ય પલિયસ્સ ॥ ૩૭ ॥** પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ

| | |
|---|---|
| **સવ્વે**–સર્વે | **ઉક્કોસ**–ઉત્કૃષ્ટથી |
| **સુહુમા**–સૂક્ષ્મ જીવો | **જહન્નેણં**–જઘન્યથી |
| **સાહારણા**–સાધારણ | **અંતમુહુત્તં**–અંતર્મુહૂર્ત |
| **સમુચ્છિમા**–સમૂર્ચ્છિમ | **ચિય**–માત્ર, નિશ્ચે |
| **મણુસ્સા**–મનુષ્યો | **જિયન્તિ**–જીવે છે. |

**સવ્વે સુહુમા સાહારણા ય**—સર્વે સૂક્ષ્મ જીવો અને બાદર સાધારણ વનસ્પતિકાય.

**સમુચ્છિમા મણુસ્સા ય**—અને સમૂર્ચ્છિમ મનુષ્યો.

**ઉક્કોસ-જહન્નેણં**—ઉત્કૃષ્ટથી ( વધારેમાં વધારે ) અને જઘન્યથી ( ઓછામાં ઓછું )

**અંતમુહુત્તં ચિય જિયંતિ ॥૩૮॥** અંતર્મુહૂર્ત માત્ર જીવે છે ( ૨૫૬ આવલિકા પ્રમાણ )

| | |
|---|---|
| **ઓગાહણા**–અવગાહના | **જે પુણ**–જે વળી |
| **આઉ**–આયુષ્યનું. **માણં**–પ્રમાણ | **ઈત્થ**–અહીં |
| **એવં**–એ પ્રમાણે | **વિસેસા**–વિશેષ |
| **સંખેવઓ**–સંક્ષેપથી | **વિસેસસુત્તાઉ**–વિશેષસૂત્રથીજ |
| **સમક્ખાયં**–રૂડી રીતે કહ્યુ | **તે નેયા**–તે જાણવું |

**ઓગાહણાઉ માણં**—અવગાહના ( શરીરની ઉંચાઇ ) અને આયુષ્યનું પ્રમાણ

**એવં સંખેવઓ સમક્ખાયં**—એ પ્રમાણે સંક્ષેપથી રૂડી રીતે કહ્યું

**જે પુણ ઈત્થ વિસેસા**—જે વળી અહીં (આ બે દ્વારમાં] વિશેષ છે

**વિસેસ-સુત્તા ઉ તે નેયા ॥૩૯॥** તે વિશેષ સૂત્ર થકીજ જાણવું

**એગિંદિયા**–એકેંદ્રિય જીવો
**સવ્વે**-સર્વે. **અસંખ્ય**-અસંખ્યાત
**ઉસ્સપ્પિંણી**–ઉત્સર્પિણી
**સકાયંમિ**–પોતાની કાયામાં
**ઉવજ્જંતિ**–ઉપજે છે
**ચયંતિ ય**–અને મરે છે.
**અણંતકાયા**–અનંતકાય
**અણંતાઓ**–અનંતી ઉત્સર્પિણી સુધી
**સંખિજ્જ**–સંખ્યાતા
**સમા**–વર્ષ સુધી
**વિગલા**–વિકલેંદ્રિય
**સત્તટ્ઠ**–સાત આઠ
**ભવા**–ભવ સુધી
**પણિંદિ**-પંચેંદ્રિય. **તિરિ**-તિર્યંચ
**મણુઆ**–મનુષ્યો
**ઉવવજ્જંતિ**–ઉપજે છે
**સકાયે**–પોતાની કાયામાં
**નારય દેવા**–નારકી ને દેવો
**નો ચેવ**–નજ

### ૩ ઉત્કૃષ્ટ સ્વકાય સ્થિતિ પ્રમાણદ્વાર

**એગિંદિયા ય સવ્વે**—સર્વે એકેંદ્રિય જીવો.
**અસંખ-ઉસ્સપ્પિણી સકાયંમિ**—અસંખ્યાત ઉત્સર્પિણી× અવસર્પિણી કાલ સુધી પોતાની કાયને વિષે.
**ઉવવજ્જંતિ ચયંતિ ય**—ઉપજે છે અને મરે છે.
**અણંતકાયા અણંતાઓ ॥ ૪૦ ॥** વળી અનંતકાય જીવો અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી સુધી ઉપજે છે અને મરે છે.
**સંખિજ્જ સમા વિગલા**—સંખ્યાતા ( હજાર ) વર્ષ સુધી વિકલેંદ્રિય જીવો ( બેઈંદ્રિય. તેઈંદ્રિય અને ચઉરિંદ્રિય )
**સત ભવા પઠણિંદિ તિરિ મણુઆ**—તથા પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યો સાત કે આઠ ભવ સુધી.×
**ઉવવજ્જતિં સકાએ**—પોતાની કાયમાં ઉપજે છે.

---

+ મનુષ્યોનાં શરીર, આયુષ્ય, બુદ્ધિ, બળ વિગેરે વધે તે ઉત્સર્પિણી કાળ. અને ઓછી થાય તે અવસર્પિણી કાળ.

× પુર્વ ક્રોડ આયુષ્યના ૭ ભવ અને અને યુગલિયાનો ભવ ઉત્કૃષ્ટથી ૩ પલ્યોપમનો કરે તો ૮ ભવ સુધી પોતાની કાયામાં ઉપજે.

**નારય દેવા ય નો ચેવ ॥ ૪૧ ॥** નારકી અને દેવો પોતાની કાયમાં ઉપજતાજ નથી.

( એટલે નારકી મરીને નારકી કે દેવ ન થાય અને દેવ મરીને દેવ કે નારકી ન થાય. )

**દસહા**–દશ પ્રકારે
**જિયાણ**–જીવોના. **પાણા**–પ્રાણ
**ઇંદિય**–ઇંદ્રિયો (પાંચ)
**ઉસાસ**–શ્વાસોશ્વાસ
**આઉ**–આયુષ્ય
**બલરૂવા**–ત્રણ બલરૂપ જોગ
**એગિંદિએસુ**–એકેંદ્રિયનેવિષે
**ચઉરો**–ચાર
**વિગલેસુ**–વિકલેંદ્રિયને વિષે
**છ સત્તઅટ્ઠેવ**–છ સાત આઠજ
**અસન્નિ**–મન સંજ્ઞા રહિત
**સન્નિ**–મન સંજ્ઞા સહિત
**પંચિંદિએસુ**–પંચેંદ્રિયને વિષે
**નવ દસ**–નવદશ.**કમેણ**–અનુક્રમે
**બોધવ્વા**–જાણવા
**તેહિં**–તે પ્રાણો **સહ**–સાથે
**વિપ્પઓગો**–વિયોગ
**જીવાણં**–જીવોનું
**ભન્નએ**–કહેવાય છે
**મરણં**–મરણ. **એવં**–એ પ્રકારે

## ૪ પ્રાણદ્વાર

**દસહા જિયાણ પાણા**—જીવોને ૧૦ પ્રકારે પ્રાણ છે.

**ઇંદિય ઉસાસ આઉ બલરૂઆ**—( પાંચ ) ઇંદ્રિઓ, શ્વાસોશ્વાસ આયુષ્ય ને ૩ બળ. ( મનબળ, વચનબળ ને કાયબળ )

**એગિંદિએસુ ચઉરો**—એકેન્દ્રિયને વિષે ચાર પ્રાણ. સ્પર્શેન્દ્રિય, શ્વાસોશ્વાસ, આયુષ્ય ને કાયબળ. )

**વિગલેસુ છ સત્તઅટ્ઠેવ ॥ ૪૨ ॥** વિકલેંદ્રિયને વિષે ૬, ૭ ને ૮ પ્રાણ હોય છે,

( બે ઇંદ્રિયને એકેંદ્રિય કરતાં રસનેંદ્રિય ને વચનબલ સહિત ૬ તેઇંદ્રિયને બેઇંદ્રિય કરતાં ઘ્રાણેન્દ્રિય સહિત ૭ ચઉરિંદ્રિયને તેઇંદ્રિય કરતાં ચક્ષુ સાથે ૮ ]

**અસન્નિ સન્નિ પંચિંદિએસુ**—અસંજ્ઞી (તિર્યંચ) પંચેંદ્રિય અને સંજ્ઞી ( મનવાળા, નારકી આદિ ૪ ) પંચેદ્રિયને વિષે

**નવ દસ કમેણ બોધવ્વા**—અનુક્રમે ૯ પ્રાણ (મન બળ વિના) અને ૧૦ પ્રાણ હોય છે.

**તેહિં સહ વિપ્પઓગો**—તે પ્રાણો સાથે જે વિયોગ.

**જીવાણં ભન્નએ મરણં ॥ ૪૩ ॥** તે જીવોનું મરણ કહેવાય છે

**અણોરપારે**—અપાર
**સંસારે**—સંસાર
**સાયરંમિ**—સાગરને વિષે
**ભીમંમિ** —ભયંકર
**પત્તો**—પ્રાપ્ત કર્યો
**અણંત**—અનંત **ખુત્તો**—વાર
**જીવેહિં**—જીવોએ
**અપત્તધમ્મેહિં**—ધર્મને નહિ પામેલા

**એવં અણોરપારે**—એ પ્રકારે અપાર.

**સંસારે સાયરંમિ ભીમંમિ**—ભયંકર સંસાર સમુદ્રને વિષે

**પત્તો અણંતખુત્તો**—અનંતીવાર ( મરણ રૂપ વિયોગ ) પ્રાપ્ત કર્યો

**જીવેહિં અપત્ત-ધમ્મેહિં ॥ ૪૪ ॥** ધર્મ નહિ પામેલા જીવોએ.

**તહ**—તથા **ચઉરાસી**—ચોરાશી
**લક્ખા**—લાખ **સંખા**—સંખ્યા
**જોણીણ**-યોનિની.**હોઈ**-હોય છે
**જીવાણં**—જીવોની
**પુઢવાઇણ**—પૃથ્વી આદિના
**તરૂણં**—વનસ્પતિકાયની
**ચઉદસલક્ખા**—૧૪ લાખ
**હવંતિ**—હોય છે
**ઇયરેસુ**-ઇતર (સાધારણ)ને વિષે
**વિગલેંદિએસુ**-વિકલેંદ્રિયને વિષે
**દો દો**—બે બે ( લાખ )
**ચઉરો**—ચાર ( લાખ )
**પંચિંદિ**—પંચેંદ્રિય
**તિરિયાણં**—તિર્યંચોની
**ચઉરો ચઉરો**—૪-૪ (લાખ)
**ચઉણહં**—ચારની
**પત્તેયં**—દરેક [ની]
**સત્ત સત્તેવ**—સાતસાતજ[લાખ]
**દશ**—દશ લાખ
**પત્તેય**—પ્રત્યેક
**નારય**—નારકી
**સુરેસુ**—દેવોને વિષે
**મણુઆણ**—મનુષ્યોની
**ચઉદસ**—૧૪ ( લાખ )
**હવંતિ**—હોય છે.
**સંપિંડિયા**—એકઠી કરતાં
**સવ્વે**—સર્વે
**ચુલસી**—ચોરાશી
**લક્ખા**—લાખ
**જોણીણં**—યોનિઓ

## ૫ યોનિદ્વાર—

**તહ ચઉરાસી લક્ખા**—તથા ૮૪ લાખ.

**સંખા જોણીણ હોઇ જીવાણં**—યોનિની સંખ્યા જીવોની છે.

**પુઢવાઇણં ચઉણ્હં**—પૃથ્વીકાયાદિ ચારની
( પૃથ્વી, અપ્, તેઉ ને વાયુ. )

**પત્તેયં સત્ત સત્તેવ ॥ ૪૫ ॥** દરેકની ૭-૭ લાખજ યોનિ હોય છે.

**દસ પત્તેય તરૂણં**—૧૦ લાખ ( યોનિ ) પ્રત્યેક વનસ્પતિકાયની.

**ચઉદસ લક્ખા હવંતિ ઇયરેસુ**—ઇતર ( સાધારણ વનસ્પતિ ) ની ૧૪ લાખ ( યોનિ )

**વિગલેંદિએસુ દો દો**—વિકલેંદ્રિય ( ત્રણે ) ને વિષે ૨-૨ લાખ ( યોનિ )

**ચઉરો પંચિંદિતિરિયાણં ॥ ૪૬ ॥** પંચેન્દ્રિય તિર્યંચોની ૪ લાખ યોનિ.

**ચઉરો ચઉરોનારય**—૪ લાખ નારકીની અને ૪ લાખ

**સુરેસુ મણુઆણ ચઉદસ હવંતિ**—દેવતાની તથા ૧૪ લાખ યોનિ મનુષ્યની હોય છે.

**સંપિંડિયા ય સવ્વે**—અને તે સર્વે એકઠી કરતાં.

**ચુલસી લક્ખા ઉ જોણીણં ॥ ૪૭ ॥** ૮૪ લાખ યોનિ× થાય છે.

**સિદ્ધાણ**–સિદ્ધોને. **નત્થિ**–નથી
**દેહો**–શરીર. **ન**–નથી
**આઉ**–આયુષ્ય **કમ્મં**–કર્મ
**પાણ**–પ્રાણ. **જોણીઓ**–યોનિ
**સાઇ**–સાદિ. **અણંતા**–અનંત
**તેસિં**–તેઓની **ઠિઇ**–સ્થિતિ
**જિણિંદા**–જિનેંદ્રના
**આગમે**–આગમમાં
**ભણિયા**–કહી છે.
**કાલે**–કાલને વિષે
**અણાઇ**–અનાદિ
**નિહણે**–નાશ, અંત
**જોણિ**–યોનિ વડે
**ગહણંમિ**–દુઃખ દેનાર
**ભીસણે**–ભયંકર
**ઇત્થ**–આ સંસારમાં
**ભમિયા**–ભમ્યા
**ભમિહિંતિ**–ભમશે
**ચિરં**–ઘણા કાળ સુધી
**જીવા**–જીવો
**જિણવયણં**–જિન વચનને
**અલહંતા**–નહિ પામેલા

×( યોનિ=ઉત્પત્તિ સ્થાન. જેમાં વર્ણ, ગંધ, રસ ને સ્પર્શ એક સરખો હોય તો ૧ યોનિ, અને ભિન્ન હોય તો જુદી યોનિ. )

## સિદ્ધોને વિષે પાંચ દ્વારની ઘટના.

**સિદ્ધાણ નત્થિ દેહો**—સિદ્ધોને દેહ નથી. ( એથી કરીને )

**ન આઉ કમ્મં ન પાણ જોણીઓ**—આયુષ્ય અને કર્મ નથી. ( દ્રવ્ય ) પ્રાણ અને યોનિ નથી.

**સાઇ અણંતા તેસિં ઠિઈ**—તેમની સાદિ અનંત સ્થિતિ. [ એક સિદ્ધને આશ્રયી ]

**જિણિંદાગમે ભણિઆ ॥ ૪૮ ॥** જિનેશ્વરના આગમમાં કહી છે.

**કાલે અણાઈ-નિહણે**—અનાદિ નિધન ( આદિ અને નાશ એટલે અંત રહિત ) કાળને વિષે.

**જોણિ ગહણંમિ ભીસણે ઈત્થ**—યોનિવડે દુઃખકારક અને ભયંકર આ સંસારને વિષે.

**ભમિયા ભમિહિંતિ ચિરં**—ઘણા કાળ સુધી ભમ્યા અને ભમશે.

**જીવા જિણવયણ-મલહંતા ॥ ૪૯ ॥** જિન વચનને નહિ પામેલા જીવો.

**તા**–તે ( કારણ ) થી
**સંપઇ**–વર્તમાનકાળે
**સંપત્તે**–પામે છતે
**મણુઅત્તે**–મનુષ્યપણું
**દુલ્લહે**–દુર્લભ. **વિ**–પણ
**સમ્મત્તે**–સમ્યક્ત્વ
**સિરિ**–શ્રી. લક્ષ્મી
**સંતિસૂરિ**–શાંતસૂરિએ શાંતિ વડે પૂજ્ય
**સિટ્ઠે**–કહેલા, ઉપદેશેલા
**કરેહ**–કરો
**ભો**–હે ભવ્ય જનો !
**ઉજ્જમં**–ઉદ્યમ
**ધમ્મે**–ધર્મને વિષે

**તા સંપઈ સંપત્તે**—તે માટે હમણાં પામે છતે [ શું ]

**મણુઅત્તે દુલ્લહે વિ સમ્મત્તે**—દુર્લભ મનુષ્યપણું અને વિશેષ દુર્લભ સમ્યક્ત્વ પણ.

**સિરિ-સંતિ-સૂરિ-સિટ્ઠે**—શ્રી શાન્તિસૂરિએ કહેલા.

અથવા ( જ્ઞાનાદિ લક્ષ્મી અને શાન્તિએ કરી પૂજ્ય એવા તીર્થંકર તથા ગણધરોએ ઉપદેશ કરેલા. )

**કરેહ ભો ઉજ્જમં ધમ્મે ॥ ૫૦ ॥** ધર્મને વિષે હે ભવ્ય પ્રાણીઓ ! તમે ઉદ્યમ કરો.

**એસો**-આ-એ

**જીવ વિયારો**-જીવ વિચાર

**સંખેવ**-સંક્ષેપ

**રુઇણ**-રુચિવાળા જીવોને

**જાણણા હેઊ**-જાણવાના હેતુએ

**સંખિત્તો**-સંક્ષેપથી

**ઉદ્ધરિયો**-ઉદ્ધર્યો, રચ્યો

**રૂદ્દાઓ**-ઘણા વિસ્તારવાળા

**સુયસમુદ્દાઓ**-શ્રુતરૂપ સમુદ્રથી

**એસો જીવ વિયારો**—આ જીવ વિચાર.

**સંખેવ-રૂઇણ જાણણા હેઊ**—સંક્ષેપ રૂચિ ( થોડી બુદ્ધિ ) વાળા જીવોને જાણવાને અર્થે.

**સંખિત્તો ઉદ્ધરિઓ**—સંક્ષેપથી ઉદ્ધર્યો છે.

**રૂદ્દાઓ સુયસમુદ્દાઓ ॥ ૫૧ ॥** ઘણા વિસ્તારવાળા એવા શ્રુતરૂપ સમુદ્રમાંથી.

## તિર્યંચ ગતિના પાંચદ્વાર—

૧ ઉત્કૃષ્ટને જઘન્ય શરીર, ૨ આયુષ્ય, ૩ સ્વકાયસ્થિતિ ૪ પ્રાણ અને ૫ યોનિ.

**૧—પૃથ્વીકાયઃ—**

૧ શરીર-અંગુલનો અસંખ્યાતમો ભાગ.

૨ આયુષ્ય-૨૨૦૦૦ વર્ષ ...( જઘન્યથી અંતર્મુહૂર્ત )

૩ સ્વકાય સ્થિતિ-અસંખ્યાત ઉત્સર્પિણી જઘન્ય(બે અંતર્મુહૂર્ત)

૪ પ્રાણ ૪-શરીર-શ્વાસોશ્વાસ-આયુષ્ય ને કાયબળ

૫ યોનિ–સાત લાખ.

૨—અપ્કાયઃ—

શરીર–સ્વકાયસ્થિતિ–પ્રાણ–યોનિ ઉપર પ્રમાણે.

ઉ૦ આયુષ્ય–૭૦૦૦ વર્ષ. જઘન્ય અંતરમુહૂર્ત.

૩—તેઉકાયઃ—

શરીર–સ્વકાયસ્થિતિ–પ્રાણ–યોનિ ઉપર પ્રમાણે.

ઉ૦ આયુષ્યં–ત્રણ અહોરાત્રિ. જઘન્ય અંતરમુહૂર્ત.

૪—વાયુકાયઃ—

શરીર–સ્વકાયસ્થિતિ–પ્રાણ–યોનિ ઉપર પ્રમાણે.

ઉ૦ આયુષ્ય–૩૦૦૦ વર્ષ. જઘન્ય અંતરમુહૂર્ત.

૫—સાધારણ વનસ્પતિકાયઃ—

શરીર અને પ્રાણ ઉપર પ્રમાણે.

ઉ૦ જઘન્ય આયુષ્ય–અંતર્મુહૂર્ત.

સ્વકાયસ્થિતિ–અનંત ઉત્સર્પિણી ઉ૦ (જઘન્ય બે અંતર્મુહૂર્ત)

યોનિ–ચૌદલાખ.

૬—પ્રત્યેક વનસ્પતિકાયઃ—

૧ શરીર–૧૦૦૦ યોજનથી અધિક.

૨ ઉ૦ આયુષ્ય–દશ હજાર વર્ષ...(જઘન્યથી અંતર્મુહૂર્ત)

૩ ઉ૦ સ્વકાય૦-અસંખ્યાત ઉત્સર્પિણી...(જઘન્ય બે અંતર્મુહૂર્ત)

૪ પ્રાણ–પૃથ્વીકાય પ્રમાણે ચાર.

૫ યોનિ–૧૦ લાખ.

૭—બે ઇંદ્રિયઃ—

૧ શરીર–૧૨ યોજન. ૨ આયુષ્ય–ઉત્કૃષ્ટ ૧૨ વર્ષ (જ–અંતર્મુહૂર્ત).

૩ સ્વકાય.–ઉ૦ સંખ્યાતા હજાર વર્ષ સુધી. ( જઘન્યથી–એ અંતર્મુહૂર્ત).

૪ પ્રાણ ૧–સ્પર્શેન્દ્રિય ૨–શ્વાસોશ્વાસ ૩–આયુષ્ય ૪–કાયબળ ૫–રસનેંદ્રિય ૬–વચનબળ. } = ૬ કુલ.

૫–યોનિ–બે લાખ.

## ૮—તે ઇંદ્રિયઃ—

૧ શરીર-૩ ગાઉ. ૨ આયુષ્ય–ઉ૦ ૪૯ દિવસ (જ. અંતર્મુહૂર્ત).

૩–૫ સ્વકાયસ્થિતિ અને યોનિ–બેઇંદ્રિય પ્રમાણે.

૪ પ્રાણ–ઉપર પ્રમાણે–૬+૧ ઘ્રાણેંદ્રિય–કુલ=૭

## ૯—ચઉરિંદ્રિયઃ—

૧ શરીર–૧ યોજન. ૨ આયુષ્ય–ઉ૦ ૬ માસ ( જ. અંતર્મુહૂર્ત )

૩–૫ સ્વકાયસ્થિતિ અને યોનિ–બેઇંદ્રિય પ્રમાણે.

૪ પ્રાણ–ઉપર પ્રમાણે–૭+૧ ચક્ષુ સહિત–કુલ=૮

## ૧૦—ગર્ભજ જલચરઃ—

૧ શરીર–૧૦૦૦ યોજન. ૨ આયુષ્ય–પૂર્વક્રોડ વર્ષ. ઉત્કૃષ્ટથી ( જઘન્ય અંતર્મુહૂર્ત )

૩ સ્વકાય૦–૭ ભવ પૂર્વક્રોડ વર્ષના અને આઠમો ત્રણ પલ્યોપમનો યુગલિયાનો ભવ કરે તો આઠ. ( જઘન્યથી–બે અંતર્મુહૂર્ત. )

૪ પ્રાણ–દસ. ૫ યોનિ–૪લાખ.

## ૧૧—સમૂચ્છિંમ જલચરઃ—

શરીર–આયુષ્ય-સ્વકાય સ્થિતિ અને યોનિ ગર્ભજ જલચર પ્રમાણે.

પ્રાણ–૯ ( મનબળ વિના )

## ૧૨—ગર્ભજ સ્થલચર ચતુષ્પદઃ—

શરીર–૬ ગાઉ, આયુષ્ય–૩ પલ્યોપમ ઉ૦ ( જ. અંતર્મુહૂર્ત )

સ્વકાય સ્થિતિ–પ્રાણ અને યોનિ ગર્ભજ જળચર પ્રમાણે.

૧૩—**સમૂચ્છિંમ સ્થલચર ચતુષ્પદ :—**

શરીર–૨ થી ૯ ગાઉ૦આયુષ્ય–૮૪૦૦૦ વર્ષ ઉ૦(જ. અંતર્મુહૂર્ત)
સ્વકાય સ્થિતિ–પ્રાણ અને યોનિ સમુચ્છિમ જળચર પ્રમાણે.

૧૪—**ગર્ભજ ખેચર:—**

શરીર–૨ થી ૯ ધનુષ્ય.
આયુષ્ય–પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઉ૦ ( જ.અંતર્મુહૂર્ત )
સ્વકાયસ્થિતિ–પ્રાણ–યોનિ–ગર્ભજ જળચર પ્રમાણે.

૧૫—**સમૂચ્છિંમ ખેચર:—**

શરીર–સ્વકાય સ્થિતિ અને યોનિ ગર્ભજ ખેચર પ્રમાણે.
આયુષ્ય–૭૨૦૦૦ વર્ષ. ઉ૦ (જ. અંતર્મુહૂર્ત) પ્રાણ–૯ ( નવ )

૧૬—**ગર્ભજ ઉર:પરિસર્પ:—**

શરીર–આયુષ્ય–સ્વકાય સ્થિતિ--પ્રાણ અને યોનિ.
એ ગર્ભજ જળચર પ્રમાણે જાણવું.

૧૭—**સમૂચ્છિંમ ઉર:પરિસર્પ:—**

શરીર–૨ થી ૯ યોજન. આયુષ્ય–૫૩૦૦૦ વર્ષ ઉ૦ ( જ૦ અંતર્મુહૂર્ત ) સ્વકાય સ્થિતિ–૭ કે ૮ ભવ
પ્રાણ–૯ [ નવ ] યોનિ–૪ લાખ.

૧૮—**ગર્ભજ ભુજપરિસર્પ:—**

શરીર–૨ થી ૯ ગાઉ. આયુષ્ય–પૂર્વક્રોડ વર્ષ ઉ૦(જ. અંતર્મુહૂર્ત)
સ્વકાય સ્થિતિ–પ્રાણ–યોનિ ગર્ભજ જળચર પ્રમાણે.

૧૯—**સમૂચ્છિંમ ભુજપરિસર્પ:—**

શરીર–૨ થી ૯ ધનુષ્ય. આયુષ્ય ૪૨૦૦૦ વર્ષ ઉ૦ (જ. અંતર્મુહૂર્ત) સ્વકાય સ્થિતિ–પ્રાણ યોનિ સમૂચ્છિંમ જળચર પ્રમાણે.

**નારકગતિ વિષે પાંચદ્વાર.**

૨૦—**પહેલી નારકી:–**( ધમ્મા–રત્નપ્રભા ):—

૧–શરીર–૭॥ ધનુષ્ય—૬ આંગળ
૨–આયુષ્ય–૧ સાગરોપમ. ઉ૦ ( જઘન્ય–૧૦૦૦૦ વર્ષ )

૩–સ્વકાય સ્થિતિ–ન હોય. ૪–પ્રાણ–૧૦ [ દશ ]
૫–યોનિ–૪ લાખ ( સાતે નારકીની મળીને )

૨૧—**બીજી નારકી**:–( વંશા–શર્કરાપ્રભા ):–
શરીર ૧૫ાા ધનુષ્ય ૧૨ આંગળ
આયુષ્ય–૩ સાગરોપમ ઉ૦ ( જઘન્ય–૧ સાગરોપમ )
સ્વકાયસ્થિતિ–પ્રાણ–યોનિ પહેલી નારકી પ્રમાણે

૨૨—**ત્રીજી નારકી**:–( સેલા–વાલુકાપ્રભા )
શરીર–૩૧ા ધનુષ્ય.
આયુષ્ય–ઉ૦ ૭ સાગરોપમ ( જઘન્ય–૩ સાગરોપમ )
સ્વકાય સ્થિતિ–પ્રાણ–યોનિ પહેલી નારકી પ્રમાણે.

૨૩—**ચોથી નારકી**:–( અંજણા–પંકપ્રભા ):–
શરીર–૬૨ાા ધનુષ્ય. આયુષ્ય–ઉ૦ ૧૦ સાગરોપમ(જ. ૭ સાગરોપમ ) સ્વકાય સ્થિતિ–પ્રાણ–યોનિ પહેલી નારકી પ્રમાણે.

૨૪—**પાંચમી નારકી**:—( રિષ્ટા–ધૂમપ્રભા )
શરીર–૧૨૫ ધનુષ્ય. આયુષ્ય–ઉ૦ ૧૭ સાગરોપમ. ( જ. ૧૦ સાગ૦) સ્વકાય સ્થિતિ–પ્રાણ–યોનિ પહેલી નારકી પ્રમાણે.

૨૫—**છઠ્ઠી નારકી**:–( મઘા–તમઃપ્રભા ):—
શરીર–૨૫૦ ધનુષ્ય
આયુષ્ય ૨૨ સાગરોપમ ઉત્કૃષ્ટ ( જઘન્ય–૧૭ સાગરોપમ )
સ્વકાય સ્થિતિ–પ્રાણ–યોનિ પહેલી નારકી પ્રમાણે.

૨૬—**સાતમી નારકી**:–( માઘવતી–તમસ્તમઃપ્રભા )–
શરીર–૫૦૦ ધનુષ્ય આયુષ્ય–૩૩ સાગરોપમ ઉત્કૃષ્ટથી
( જઘન્ય–૨૨ સાગરોપમ )
સ્વકાય સ્થિતિ–પ્રાણ–યોનિ પહેલી નારકી પ્રમાણે.

**મનુષ્ય ગતિ વિષે પાંચ દ્વારઃ—**

**૨૭—ગર્ભજ મનુષ્યઃ-**

શરીર–ઉત્કૃષ્ટ–૩ ગાઉ. જ૦ અંગુળનો અસં૦ ભાગ. આયુષ્ય–૩ પલ્યોપમ ઉ૦ (જ. અંતર્મુહૂર્ત)

સ્વકાય સ્થિતિ–ઉ૦ ૭ કે ૮ ભવ સુધી. જઘન્યથી બે અંતર્મુહૂર્ત

પ્રાણ–૧૦ યોનિ–૧૪ લાખ

**૨૮—સમૂચ્છિમ મનુષ્યઃ-**

૧–શરીર–અંગુલનો અસંખ્યાતમો ભાગ. જ૦ ઉ૦

૨–આયુષ્ય–અંતર્મુહૂર્ત ઉ૦ (જઘન્ય–અંતર્મુહૂર્ત)

૩–સ્વકાય સ્થિતિ–ઉત્કૃષ્ટ ૭ કે ૮ ભવ સુધી (જ. બે અંતર્મુહૂર્ત)

૪–પ્રાણ–૭ કે ૮. ૫–યોનિ ગર્ભજ મનુષ્યમાં અંતર્ગત સમજવી.

**દેવગતિ વિષે પાંચ દ્વારઃ—**

**૨૯—ભવનપતિ (૧૦) અને પરમાધામી (૧૫):-**

૧–શરીર–૭ હાથ.

૨–આયુષ્ય–ઉ૦ પંદર પરધામી અને [ દશ ભુવનપતિમાંથી ] એક અસુર કુમાર નિકાયના દેવોનું એક સાગરોપમથી અધિક બાકીના નાગકુમારાદિ નવનું દેશે ઉણું બે પલ્યોપમ જાણવું. (જઘન્ય–૧૦૦૦૦ વર્ષ સર્વનું)

૩–સ્વકાય સ્થિતિ–ન હોય. પ્રાણ–૧૦

૫–યોનિ–બધા દેવોની મળી ૪ લાખ.

૩૦—**વ્યંતરઃ**-[ વ્યંતર–૮ વાણવ્યંતર–૮ અને તિર્યગ્ જૃંભક ૧૦ ]

૧ શરીર–૭ હાથ.૨ ઉ૦ આયુષ્ય–૧ પલ્યોપમ (જ.૧૦૦૦૦ વર્ષ.)

૩ સ્વકાય સ્થિતિ–પ્રાણ–યોનિ ભવનપતિ પ્રમાણે.

**૩૧—જયોતિષીઃ**—[ ચંદ્ર–સૂર્ય–ગ્રહ–નક્ષત્ર–તારા ] :—

આયુષ્ય–ચંદ્ર–એક પલ્યોપમને એક લાખ વર્ષ.

સૂર્ય–એક પલ્યોપમને એક હજાર વર્ષ.

ગ્રહ–એક પલ્યોપમ.

નક્ષત્ર–અર્ધ ( ૦ા ) પલ્યોપમ.
તારા–પા ( ૦। ) પલ્યોપમ.
[ આ પાંચેને જઘન્ય આયુષ્ય ન હોય ]
શરીર—સ્વકાય સ્થિતિ–પ્રાણુ અને યોનિ ભવનપતિ પ્રમાણે.

૩૨—**વૈમાનિક:**—( ૧૨ દેવલોક–૯ ગ્રૈવેયક–૫ અનુત્તર–૯ લોકાંતિક–૩ કિલ્બિષિયા )—

**બાર દેવલોક:-**

૧ સૌધર્મ–શરીર–૭ હાથ    ઉ૦ આયુષ્ય–બે સાગરોપમ
( જ. ૧ પલ્યોપમ )

૨ ઇશાન– ,, ૭ હાથ    ઉ૦ આયુષ્ય–બે સાગરોપમથી અધિક
( જ. ૧ પલ્યોપમથી અધિક )

૩ સનત્કુમાર ,, ૬ હાથ    ઉ૦ આયુષ્ય–સાત સાગરોપમ
( જ. બે સાગરોપમ )

૪ માહેંદ્ર– ,, ૬ હાથ    ઉ૦ આયુષ્ય–૭ સાગરોપમથી અધિક
( જ. બે. સાગરોપમથી અધિક )

૫ બ્રહ્મ–લોક ,, ૫ હાથ    ઉ૦ આયુષ્ય–૧૦ સાગરોપમ
( જ. ૭ સાગરોપમ )

૬ લાંતક– ,, ૫ હાથ    ,, ૧૪ સાગરોપમ
( જ. ૧૦ સાગરોપમ )

૭ મહાશુક્ર– ,, ૪ હાથ    ,, ૧૭ સાગરોપમ
( જ. ૧૪ સાગરોપમ )

૮ સહસ્રાર– ,, ૪ હાથ    ,, ૧૮ સાગરોપમ
જ. ૧૭ સાગરોપમ

૯ આનત– ,, ૩ હાથ    ,, ૧૯ સાગરોપમ
જ. ૧૮ સાગરોપમ

૧૦ પ્રાણત– ,, ૩ હાથ    ,, ૨૦ સાગરોપમ
જ. ૧૯ સાગરોપમ

૧૧ આરણ– ,, ૩ હાથ ઉ૦ આયુષ્ય ૨૧ સાગરોપમ
જ. ૨૦ સાગરોપમ
૧૨ અચ્યુત– ,, ૩ હાથ ,, ૨૨ સાગરોપમ
જ. ૨૧ સાગરોપમ

બાર દેવલોકની સ્વકાય સ્થિતિ–પ્રાણ અને યોનિ ભવનપતિ પ્રમાણે.

| નવ ગ્રૈવેયક– | શરીર | ઉ. આયુષ્ય | | જ. આયુષ્ય |
|---|---|---|---|---|
| ૧ સુદર્શન | ૨ હાથ | ......૨૩ | સાગરોપમ | ( જ. ૨૨ સાગ. ) |
| ૨ સુપ્રતિબદ્ધ | ,, | ......૨૪ | ,, | ( જ. ૨૩ સાગ. ) |
| ૩ મનોરમ | ,, | ......૨૫ | ,, | ( જ. ૨૪ સાગ. ) |
| ૪ સર્વતોભદ્ર | ,, | ......૨૬ | ,, | ( જ. ૨૫ સાગ. ) |
| ૫ સુવિશાલ | ,, | ......૨૭ | ,, | ( જ. ૨૬ સાગ. ) |
| ૬ સુમનસ | ,, | ......૨૮ | ,, | ( જ. ૨૭ સાગ. ) |
| ૭ સૌમનસ | ,, | ......૨૯ | ,, | ( જ. ૨૮ સાગ. ) |
| ૮ પ્રિયંકર | ,, | ......૩૦ | ,, | ( જ. ૨૯ સાગ. ) |
| ૯ નંદીકર | ,, | ......૩૧ | ,, | ( જ. ૩૦ સાગ. ) |

સ્વકાય સ્થિતિ–પ્રાણ અને યોનિ ભવનપતિ પ્રમાણે.

પાંચ અનુત્તર—

(૧) વિજય (૨) વિજયવંત (૩) જયંત (૪) અપરાજિત
એ ચારેનું શરીર-૧ હાથ. આયુષ્ય–૩૩ સાગરોપમ [જ.૩૧સા.]
(૫) સ્વાર્થ સિદ્ધ શરીર–૧ હાથ. આયુષ્ય ૩૩ સાગરોપમ.
[ જ.૩૩સા. ]

સ્વકાય સ્થિતિ–પ્રાણ અને યોનિ ભવનપતિ પ્રમાણે.

**સર્વ સિદ્ધોની**—અનાદિ અનંત સ્થિતિ હોવાથી તેઓને શરીર–આયુષ્ય–પ્રાણ–યોનિ કે કર્મ કાંઈ નથી.

# જીવ વિચારની સમજ

જીવોનો વિચાર તે **જીવવિચાર**. વસ્તુનું વર્ણન તેના સ્વરૂપ દ્વારા અને ભેદ દ્વારા એ બે રીતે થઇ શકે છે. આ જીવવિચારમાં જીવોનું ભેદ દ્વારા મુખ્યત્વે વર્ણન છે. જીવો માત્ર પોતાના જીવ સરખા છે એવી ભાવના હૃદયમાં ઉત્પન્ન કરી જીવમાત્રની દયા પ્રત્યે તૈયાર થવું તે જીવવિચારના અધ્યયનનું ફળ છે. આ જયણા માટે જીવો કોને કહેવાય? જીવોના પ્રકારો કેટલા? કયા કયા પ્રકારના જીવો કયા કયા ચૈતન્યના પ્રકારભૂત જુદી જુદી વસ્તુઓ ધારણ કરે છે તે જાણવું ખાસ આવશ્યક છે, ને તે આવશ્યક વસ્તુઓ આમાં જણાવી છે કે જેથી ભવ્ય પ્રાણી જીવ સમજી જીવની જયણામાં તત્પર બને.

આ જીવ વિચારમાં તિર્યંચ મનુષ્ય દેવ અને નારકીના જીવોના અવાન્તર ભેદો અને દરેક અવાન્તર ભેદો શરીર આયુષ્ય વિગેરે પાંચ વસ્તુઓમાં કેટલી કેટલી વસ્તુઓ ધારણ કરે છે તે વિસ્તૃત સમજાવવામાં આવ્યું છે.

અહિંસા સર્વ વ્રતોમાં પ્રધાન છે. તેના પૂર્ણ પાલનમાં સર્વ વ્રતનું પાલન અને તેના પૂર્ણ પાલન માટે સર્વવ્રતનું પાલન છે. તેથી અહિંસાના પાલકને જીવવિચારનું અધ્યયન ખાસ આવશ્યક છે. કારણકે રખે અજીવ માની જીવનો નાશ કરી પોતાના દ્વારા હિંસા ન થઈ જાય.

# શ્રી નવતત્ત્વ પ્રકરણ સાર્થ.

| | |
|---|---|
| **જીવા**–જીવતત્ત્વ | **નિજ્જરણા**–નિર્જરા |
| **અજીવા**–અજીવતત્ત્વ | **બંધો**–બંધતત્ત્વ |
| **પુણ્ણં**–પુણ્ય તત્ત્વ | **મુક્ખો**–મોક્ષતત્ત્વ |
| **પાવ**–પાપ તત્ત્વ | **તહા**–તેમજ **નવ**–નવ |
| **આસવ**–આશ્રવતત્ત્વ | **તત્તા**–તત્ત્વો **હુન્તિ**–છે |
| **સંવરો**–સંવર તત્ત્વ | **નાયવ્વા**–જાણવા યોગ્ય |

**નવતત્ત્વના નામઃ—**

**જીવા–જીવા પુણ્ણં**—જીવ તત્ત્વ–અજીવ તત્ત્વ–પુણ્ય તત્ત્વ.

**પાવા–સવ સંવરો ય નિજ્જરણા**—પાપ તત્ત્વ–આશ્રવ તત્ત્વ–સંવર તત્ત્વ–નિર્જરા તત્ત્વ.

**બંધો મુક્ખો ય તહા**—બંધ તત્ત્વ તેમજ મોક્ષ તત્ત્વ.

**નવ તત્તા હુંતિ નાયવ્વા ॥ ૧ ॥** એ નવ તત્ત્વો સારીરીતે જાણવા યોગ્ય છે.

| | |
|---|---|
| **ચઉદ્દસ**–ચૌદ | **બારસ**–બાર **ચઉ**–ચાર |
| **બાયાલીસા**–બેંતાલીશ | **નવ**–નવ **ભેયા**–ભેદો |
| **બાસીય**–બ્યાશી. **હુન્તિ**–છે | **કમેણ**–અનુક્રમે |
| **બાયાલા**–બેંતાલીશ | **એસિં**–એઓના |
| **સત્તાવન્નં**–સત્તાવન | |

**નવ તત્ત્વના ભેદો**

**ચઉદ્દસ ચઉદ્દસ બાયાલીસા**—(જીવના) ૧૪, (અજીવના) ૧૪, (પુણ્યના) ૪૨.

**બાસીય હુંતિ બાયલા**—(પાપના) ૮૨ અને (આશ્રવના) ૪૨.

**સત્તાવન્નં બારસ**—(સંવરના) ૫૭, (નિર્જરાના) ૧૨.

**ચઉ નવ ભેયા કમેણેસિં ॥૨॥** (બંધના) ૪, (મોક્ષ તત્ત્વના) ૯ એમ અનુક્રમે એ જીવાદિ ૯ તત્ત્વોના ૨૭૬ ભેદો છે.

**નવ તત્ત્વોઃ ।**

| | | |
|---|---|---|
| ૧ જીવતત્ત્વ | ૨ અજીવતત્ત્વ | ૩ પુણ્યતત્ત્વ |
| ૪ પાપતત્ત્વ | ૫ આશ્રવતત્ત્વ | ૬ સંવરતત્ત્વ |
| ૭ નિર્જરાતત્ત્વ | ૮ બંધતત્ત્વ | ૯ મોક્ષતત્ત્વ |

૧ ચેતના લક્ષણયુકત અથવા પ્રાણને ધારણ કરે તે-**જીવતત્ત્વ.**
૨ ચેતના લક્ષણ રહિત અથવા જડ સ્વભાવવાળો તે-**અજીવતત્ત્વ**
૩ કર્મની શુભ પ્રકૃતિ અથવા જેનાથી સુખ અનુભવાય તે-**પુણ્યતત્ત્વ**
૪ કર્મની અશુભ પ્રકૃતિ અથવા જેનાથી દુઃખ અનુભવાયતે-**પાપતત્ત્વ**
૫ જે મિથ્યાત્વાદિ ચાર હેતુ વડે નવા કર્મનું આવવું થાય તે **આશ્રવતત્ત્વ**
૬ જે વડે આવતા કર્મો રોકાય તે ........**સંવરતત્ત્વ**
૭ જે વડે ધીમે ધીમે કર્મનો ક્ષય થાય તે ...**નિર્જરાતત્ત્વ**
૮ નવા કર્મોનું આત્મપ્રદેશ સાથે મળી જવું તે ......**બંધતત્ત્વ**
૯ સર્વથા બધા કર્મોનો ક્ષય થવો તે... ... ...**મોક્ષતત્ત્વ**

**આ નવતત્ત્વોનો સાત પાંચ ને બેમાં સમાવેશઃ—**

**પુણ્ય** અને **પાપ** વડે નવા કર્મો આવતા હોવાથી તેનો **આશ્રવતત્ત્વમાં** સમાવેશ થઇ શકે છે એટલે ૯—૨=કુલ ૭ તત્ત્વો પણ કહેવાય.તત્ત્વાર્થમાં સાત તત્ત્વોનું પ્રતિપાદન કર્યું છે.

વળી એ નવા કર્મો આવે ત્યારે આત્માની સાથે બંધ પડે છે એટલે **બંધતત્ત્વમાં આશ્રવતત્ત્વનો** સમાવેશ થઇ જાય છે તેમજ કર્મની **નિર્જરા** કરનાર અવસ્ય **સંવર** કરેજ એટલે એ બે તત્ત્વો વિના (૭—૨=૫) કુલ પાંચ તત્ત્વો પણ કહેવાય.

કર્મથી બંધ થાય છે પણ એ કર્મ નિર્જીવ હોવાથી તેનો સમાવેશ **અજીવતત્ત્વમાં** થઇ શકે તેમજ આત્મિક ગુણોને પ્રગટાવનાર **નિર્જરા** અને **મોક્ષતત્ત્વ** હોવાથી તેનો સમાવેશ **જીવતત્ત્વમાં** થવાથી **જીવતત્ત્વ** અને **અજીવતત્ત્વ** એમ બે તત્ત્વો પણ કહી શકાય. આ નવ તત્ત્વો સિવાય લોકમાં બીજું કોઈ તત્ત્વ નથી

**નવતત્ત્વના ૨૭૬ ભેદોનું પૃથક્કરણ:—**

| નવતત્ત્વો | જીવ | અજીવ | રૂપી | અરૂપી | જ્ઞેય વિગેરે |
|---|---|---|---|---|---|
| ૧ જીવ તત્ત્વ | ૧૪ ... | ૦ ... | ૧૪ ... | ૦ | ... —૧૪ જ્ઞેય |
| ૨ અજીવતત્ત્વ | ૦ ... | ૧૪ ... | ૪ ... | ૧૦ | ... —૧૪ જ્ઞેય |
| ૩ પુણ્ય તત્ત્વ | ૦ ... | ૪૨ ... | ૪૨ ... | ૦ | ... —૪૨ ઉપાદેય |
| ૪ પાપતત્ત્વ | ૦ ... | ૮૨ ... | ૮૨ ... | ૦ | ... —૮૨ હેય |
| ૫ આશ્રવતત્ત્વ | ૦ ... | ૪૨ ... | ૪૨ ... | ૦ | ... —૪૨ હેય |
| ૬ સંવરતત્ત્વ | ૫૭ ... | ૦ ... | ૦ | ... ૫૭ | ... —૫૭ ઉપાદેય |
| ૭ નિર્જરાતત્ત્વ | ૧૨ ... | ૦ ... | ૦ | ... ૧૨ | ... —૧૨ ઉપાદેય |
| ૮ બંધતત્ત્વ | ૦ ... | ૪ ... | ૪ | ... ૦ | ... —૪ હેય |
| ૯ મોક્ષતત્ત્વ | ૯ ... | ૦ ... | ૦ | ... ૯ | ... —૯ ઉપાદેય |
| | ૯૨ | ૧૮૪ | ૧૮૮ | ૮૮ | કુલ—૨૭૬ |
| | ૨૭૬ | | ૨૭૬ | | |

**જ્ઞેય** એટલે જાણવા યોગ્ય તે... ... ... ... ૧૪+૧૪=૨૮

**ઉપાદેય** એટલે ગ્રહણ કરવા યોગ્ય તે—...૪૨+૫૭+૧૨+૯=૧૨૦

**હેય** એટલે તજવા યોગ્ય તે... ... ... ૮૨+૪૨+૪=૧૨૮

કુલ—૨૭૬

**પુણ્ય પાપના ચાર ભાંગા**

જે પુણ્ય ભોગવતાં બીજું નવું પુણ્ય બંધાય તે **પુણ્યાનુબંધીપુણ્ય**

જે પુણ્ય ભોગવતાં બીજું નવું પાપ બંધાય તે **પાપાનુબંધીપુણ્ય**

જે પાપ ભોગવતાં બીજું નવું પુણ્ય બંધાય તે **પુણ્યાનુબંધી પાપ**
જે પાપ ભોગવતાં બીજું નવું પાપ બંધાય તે **પાપાનુબંધી પાપ**

**એગવિહ**–એક પ્રકારે
**દુવિહ**–બે પ્રકારે
**તિવિહા**–ત્રણ પ્રકારે
**ચઉવ્વિહા**–ચાર પ્રકારે
**પંચ**–પાંચ પ્રકારે
**છવ્વિહા**–છ પ્રકારે

**જીવા**–જીવો **ચેયણ**–ચૈતન્ય
**તસ**–ત્રસ
**ઇયરેહિં**–ઇતર (સ્થાવર) વડે
**વેય**–વેદ **ગઈ**–ગતિ
**કરણ**–ઇંદ્રિયો
**કાએહિં**–કાયા વડે

## [ ભિન્ન ભિન્ન રીતે જીવોના પ્રકારો ]

**એગવિહ દુવિહ તિવિહા**—એક પ્રકારે–બે પ્રકારે–ત્રણ પ્રકારે.
**ચઉવ્વિહા પંચ છવ્વિહા જીવા**–ચાર પ્રકારે–પાંચ પ્રકારે ને છ પ્રકારે જીવો છે.

**ચેયણ તસ ઇયરેહિં**—સર્વ જીવો ચેતનવાળા હોવાથી એક પ્રકારે, ત્રસ અને સ્થાવરવડે બે પ્રકારે.

**વેય ગઇ કરણ કાએહિં ॥ ૩ ॥** ( સ્ત્રી–પુરૂષ ને નપુંસક ) વેદ વડે ૩ પ્રકારે, ( નરકાદિ ) ગતિ વડે ૪ પ્રકારે. ઇંદ્રિયવડે ૫ પ્રકારે અને ( પૃથ્વી–અપ્–તેઉ–વાયુ–વનસ્પતિ ને ત્રસ ) કાય વડે ૬ પ્રકારે છે.

**એગિંદિય**–એકેંદ્રિય
**સુહૂમ**–સૂક્ષ્મ
**ઇયરા**–ઇતર (બાદર)
**સન્નિ**–સંજ્ઞી
**ઇયર**–ઇતર (અસંજ્ઞી)
**પણિંદિયા**–પંચેંદ્રિય

**સ**–સહિત **બિ**–બેઇંદ્રિય
**તિ**–તેંઇંદ્રિય **ચઉ**–ચઉરિંદ્રિય
**અપજ્જત્તા**–અપર્યાપ્તા
**પજ્જત્તા**–પર્યાપ્તા
**કમેણ**–અનુક્રમે. **ચઉદસ**–ચૌદ
**જીઅટ્ઠાણા**–જીવના ભેદ

જીવના ૧૪ ભેદઃ—

**એગિંદિય સુહુમિયરા**—સૂક્ષ્મ એકેંદ્રિય-બાદર એકેંદ્રિય.

**સન્નીયર પણિંદિયા ય સબિ તિ ચઉ**—સંજ્ઞી પંચેદ્રિય અને અસંજ્ઞી પંચેંદ્રિય. બે ઇદ્રિય, તે ઇંદ્રિય અને ચઉરિંદ્રિય સહિત સાત ભેદ થયા.

**અપજ્જત્તા પજ્જત્તા**—એ સાત અપર્યાપ્તા ( પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂરી ન કરે તે ) અને સાત પર્યાપ્તા. ( પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂરી કરીને મરે તે. )

**કમેણ ચઉદ્દસ જિય-ઠાણા ॥ ૪ ॥** એમ અનુક્રમે ચૌદ જીવના ભેદ છે.

| | |
|---|---|
| ૧. સૂક્ષ્મ એકેંદ્રિય | ૫. ચઉરિંદ્રિય |
| ૨. બાદર એકેંદ્રિય | ૬. અસંજ્ઞી પંચેંદ્રિય |
| ૩. બે ઇંદ્રિય | ૭. સંજ્ઞી પંચેંદ્રિય |
| ૪. તે ઇંદ્રિય | |

એ ૭ પર્યાપ્તા ને ૭ અપર્યાપ્તા મળી કુલ=૧૪ ભેદ થયા.

| | |
|---|---|
| **નાણં**-જ્ઞાન. **દંસણં**-દર્શન | **ઉવઓગો**-ઉપયોગ |
| **ચેવ**-અને નિશ્ચે | **એઅં**-એ, આ |
| **ચરિત્તં**-ચારિત્ર. **તવો**-તપ | **જીવસ્સ**-જીવનું ( ને ) |
| **તહા**-તેમજ. **વિરિયં**-વીર્ય | **લક્ખણં**-લક્ષણ |

જીવનું લક્ષણઃ—

**નાણં ચ દંસણં ચેવ**—જ્ઞાન ( ૮ પ્રકારે ) અને દર્શન નિશ્ચયે ( ૪ પ્રકારે. )

**ચરિત્તં ચ તવો તહા**—ચારિત્ર ( ૭ પ્રકારે ) અને તેમજ તપ ( ૧૨ પ્રકારે. )

**વીરિયં ઉવઓગો ય**—વીર્ય ( ૨ પ્રકારે ) અને ઉપયોગ ( ૧૨ પ્રકારે ).

**એઅં જીવસ્સ લક્ખણં ॥ ૫ ॥** એ છ લક્ષણ દરેક જીવને હોય છે.

**જ્ઞાન**—[ ૮ પ્રકારે ] મતિ–શ્રુત–અવધિ–મનઃપર્યવ–કેવળજ્ઞાન તથા મતિ અજ્ઞાન શ્રુત અજ્ઞાન અને વિભંગ જ્ઞાન.

**દર્શન**—[ ૪ પ્રકારે ] ચક્ષુ–અચક્ષુ–અવધિ ને કેવળ દર્શન.

**ચારિત્ર**—[ ૭ પ્રકારે ] સામાયિક–છેદોપસ્થાપનીય–પરિહાર વિશુદ્ધિ સૂક્ષ્મ સંપરાય–યથાખ્યાત–દેશવિરતિ ને અવિરતિ.

**તપ**—[ ૧૨ પ્રકારે ] ૭ બાહ્ય અને ૭ અભ્યંતર કુલ=૧૨

**વીર્ય**—[ ૨ પ્રકારે ] લબ્ધિવીર્ય અને કરણ વીર્ય કુલ–૨ આત્માના બળને લબ્ધિવીર્ય કહે છે. અને ઇંદ્રિયના બળને કરણવીર્ય કહે છે.

**ઉપયોગ**—[ ૧૨ પ્રકારે ] ૫ જ્ઞાન ૩ અજ્ઞાન અને ૪ દર્શન કુલ–૧૨ ઉપરના જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યના ભેદમાંથી એક કે વધુ ભેદો તેમજ ઉપયોગના ત્રણ કે તેથી વધુ ભેદ હોય તેને જીવ કહે છે.

**આહાર**–આહાર
**સરીર**–શરીર **ઇંદિય**–ઇંદ્રિય
**પજ્જત્તી**–પર્યાપ્તિ
**આણપાણ**–શ્વાસોશ્વાસ
**ભાસ**–ભાષા **મણે**–મન

**ચઉ**–ચાર **પંચ**–પાંચ
**છપ્પિ**–છ **ઇગ**–એકેંદ્રિયને
**વિગલા**–વિકલેંદ્રિયને
**અસન્નિ**–અસંજ્ઞીને
**સન્નીણં**–સંજ્ઞીને

## એકેંદ્રિયાદિ જીવોની પર્યાપ્તિ.

**આહાર સરીરઇંદિય**–આહાર પર્યાપ્તિ–શરીર પર્યાપ્તિ–ઇંદ્રિય પર્યાપ્તિ **પજ્જત્તી આણપાણ ભાસ મણે**–શ્વાસોશ્વાસ પર્યાપ્તિ–ભાષા પર્યાપ્તિ અને મનઃ પર્યાપ્તિ એ ૬ પર્યાપ્તિ છે.

**ચઉ પંચ પંચ છપ્પિય**–( તેમાંથી પ્રથમની ) ૪–૫–૫ ને ૬ પર્યાપ્તિ અનુક્રમે.

**ઇગ વિગલાસન્નિ સન્નીણં ॥ ૬ ॥** એકેન્દ્રિયને (૪), વિકલેંદ્રિયને (૫), અસંજ્ઞીને (૫) અને સંજ્ઞીને (૬ પર્યાપ્તિ) હોય છે.

**पुद्गलोपचयजः परिणमनशक्तिविशेषपर्याप्तिः—**

ઉત્પન્ન થતાં પ્રથમ સમયે જીવે ગ્રહણ કરેલ પુદ્ગલો દ્વારા આત્મામાં પુદ્ગલોને ગ્રહણ કરવાની અને પરિણમવવાની શક્તિ ઉત્પન્ન થાય તે શક્તિને પર્યાપ્તિ કહે છે.

## તે પર્યાપ્તિ છ પ્રકારે છે

૧ **આહાર પર્યાપ્તિ**–ગ્રહણ કરેલા આહારને રસ અને ખલરૂપે પરિણમાવવાની શક્તિવિશેષ.

૨ **શરીર પર્યાપ્તિ**–રસ રૂપ આહારમાંથી રૂધિર માંસ મેદ વિગેરે સાત ધાતુરૂપે પરિણમાવવાની શક્તિવિશેષ.

૩ **ઈંદ્રિય પર્યાપ્તિ**–સાત ધાતુ રૂપે પરિણમેલ દ્રવ્યમાંથી ઈંદ્રિય યોગ્ય દ્રવ્યને ઇંદ્રિયપણે પરિણમાવવાની શક્તિવિશેષ.

૪ **શ્વાસોશ્વાસ પર્યાપ્તિ**–શ્વાસોશ્વાસ વર્ગણાના દલિકોને ગ્રહણ કરી શ્વાસોશ્વાસપણે પરિણમાવી અવલંબી ત્યાગ કરવાની શક્તિવિશેષ.

૫ **ભાષા પર્યાપ્તિ**–ભાષા વર્ગણાના દલિકોને ગ્રહણ કરી ભાષાપણે પરિણમાવી અવલંબી મુકવાની શક્તિવિશેષ.

૬ **મનઃ પર્યાપ્તિ**–મનોવર્ગણાના દલિક ગ્રહણ કરી મનપણે પરિણમાવી અવલંબી મુકવાની શક્તિવિશેષ.

## જીવોને કેટલી પર્યાપ્તિ હોય ?

**એકેંદ્રિય—૪** [ આહાર–શરીર–ઈંદ્રિય અને શ્વાસોશ્વાસ ]
**વિકલેંદ્રિય—૫** [ ઉપરની ૪+૧ ભાષા પર્યાપ્તિ ]
**અસંજ્ઞિ પંચેંદ્રિય—૫** [ ઉપરની ૪+૧ ભાષા પર્યાપ્તિ ]
**સંજ્ઞી પંચેંદ્રિય—૬** [ ઉપરની ૫+૧ મનઃ પર્યાપ્તિ. ]

**પણિંદિય**–૫ ઈંદ્રિયો
**તિ બલ**–ત્રણ બલ
**ઊસાસ**–શ્વાસોશ્વાસ
**આઉ**–આયુષ્ય. **દસ**–દશ
**પાણ**–પ્રાણ. **ચઉ છ**–ચાર, છ
**સગ અટ્ઠ**–સાત, આઠ

**ઇગ**–એકેંદ્રિયને **દુ**–બેઇંદ્રિય
**તિ**–તેઇંદ્રિય
**ચઉરિંદીણં**–ચઉરિંદ્રિયને
**અસન્નિ**–અસંજ્ઞીને
**સન્નીણ**–સંજ્ઞીને

**એકેંદ્રિયાદિ જીવોને દ્રવ્ય પ્રાણઃ—**

**પણિંદિઅ તિ બલુસા**—૫ ઇંદ્રિયો, ૩ બળ (યોગ) ૧ શ્વાસોશ્વાસ-

**સાઉ દસ પાણ ચઉ છ સગ અટ્ઠ**—૧ આયુષ્ય. એ ૧૦ પ્રાણો છે. તેમાંથી ૪-૬-૭ ને ૮ પ્રાણો અનુક્રમે.

**ઇગ દુ તિ ચઉરિંદીણં**—એકેંદ્રિયને (૪) બે ઇન્દ્રિયોને (૬), તેઇન્દ્રિયને (૭) અને ચઉરિંદ્રિયને (૮).

**અસન્નિ સન્નીણ નવ દસ ય ॥ ૭ ॥** અસંજ્ઞી તિર્યંચને ૯ અને સંજ્ઞીને ૧૦ પ્રાણ હોય છે.

## જીવોને કેટલા પ્રાણ હોય ?

**એકેંદ્રિય**—૪ [ સ્પર્શેન્દ્રિય કાયયોગ શ્વાસોશ્વાસ આયુષ્ય ]

**બેઇંદ્રિય**—૬ [ ઉપરના ચાર ઉપરાંત વચનબળ અને રસનેંદ્રિય ]

**તેઇંદ્રિય**—૭ [ ઉપના છ ઉપરાંત ઘ્રાણેંદ્રિય ]

**ચઉરિંદ્રિય**—[ ઉપરના સાત ઉપરાંત ચક્ષુરેન્દ્રિય ]

**અસંજ્ઞિપંચેન્દ્રિય**—[ મન બળ વિના નવ ] પ્રાણ

**સંજ્ઞિપંચેન્દ્રિય**—૧૦ પ્રાણ

## પ્રશ્નો

૧. નવતત્ત્વોના ૨૭૬ ભેદમાં રૂપી કેટલા? અને અરૂપી કેટલા? હેય, જ્ઞેય અને ઉપાદેય કેટલા? જીવને અજીવ કેટલા?

૨. જીવનું લક્ષણ શું? જીવતત્ત્વના ૧૪ ને બીજા ભેદ કયા કયા?

૩. પર્યાપ્તિ એટલે શું? તથા તે કોને ને કેટલી હોય?

૪. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના કેટલા ભેદ ને કયા? કયા?

૫. પ્રાણ કેટલા? તેનું શું સ્વરૂપ? અને તે કોને હોય?

## નવતત્ત્વ જાણવાનો ઉદ્દેશ

**જીવતત્ત્વ જાણવાનો ઉદ્દેશ:**—જીવતત્વનું સ્વરૂપ અને તેના ભેદો જાણવા માત્રથી અત્મકલ્યાણ નથી મનાયું. પરંતુ તેના જ્ઞાન સાથે હેયના ત્યાગની અને ઉપાદેયના ગ્રહણની પ્રવૃત્તિ આવશ્યક છે. જીવતત્ત્વ જાણી એ વિચાર ઉત્પન્ન થાય કે–' હું જીવ છું મારામાં જ્ઞાનાદિ લક્ષણો કેટલે અંશે છે ? તેનો પૂર્ણ વિકાસ કયા સાધનો દ્વારા પ્રગટે ? હિંસાદિક પ્રવૃત્તિ આત્મગુણને વિઘાતક છે તેનો ત્યાગ કઈ રીતે કરી શકાય ? સંસારવૃદ્ધિના હેતુઓના ત્યાગદ્વારા ઉત્તરોત્તર આત્મવિકાસ સાધતાં મોક્ષ એ જીવનનું સર્વસાધ્ય કઈ રીતે બને ? વિગેરે ચિંતવનદ્વારા મોક્ષરૂપ સાધ્ય માટે યત્કિંચિત્ પ્રવૃત્તિ તે જીવતત્ત્વ જાણવાનો ઉદ્દેશ છે.

**અજીવતત્ત્વના જ્ઞાનનો ઉદ્દેશ:**—અજીવના સ્વરૂપ અને વિધાનના જ્ઞાનદ્વારા જીવનમાં એ ભાવ પ્રગટે કે 'પુદ્ગલાદિ પદાર્થો જડ અને વિનાશી છે. મારૂં અને તેનું સ્વરૂપ ન્યારૂં છે. તેઓની સાથેનો મારો મમત્વભાવ કે દ્વેષ મને જીવનમાં નુકશાન કરનાર છે, મારૂં પૂર્ણ આત્મસ્વરૂપ પ્રગટે તેવી વિચારણા અને પ્રવૃત્તિ જ મારે માટે કલ્યાણકર છે. તે અજીવતત્ત્વ જાણવાનો ઉદ્દેશ છે.

**પૂણ્ય તત્ત્વ જાણવાનો ઉદ્દેશ:**—પૂણ્ય સોનાની બેડી સમ મોહક છે છતાં બંધનરૂપ તો જરૂર છે જ. પૂણ્યોપાર્જન પાછળ પૌદ્ગલિક સુખની ભાવના દેખીતા સુખરૂપ છતાં પરિણામે વધુ દુઃખ દાયક છે. પુણ્યતત્ત્વ જાણવાનું ખરૂં ફળ તો એ છે કે પુણ્યોપાર્જન માટે જિનપૂજા, સાધર્મિક વાત્સલ્ય, આત્મ રમણ, તીર્થભક્તિ, જ્ઞાનોપાર્જન બુદ્ધિ અને તીર્થ પ્રભાવનાદિકની પ્રવૃત્તિમાટે પ્રયત્ન કરવામાં દત્તચિત્ત થવાય.

**પાપતત્ત્વ જાણવાનો ઉદ્દેશ**—૧૮ મહાપાપસ્થાનોનો ત્યાગ કરવાની બુદ્ધિપ્રગટે તેમજ જેનાથી અનિષ્ટ થાય તેવી દરેક પ્રવૃત્તિ ત્યાગ કરવાની ભાવના જાગે. તે આ તત્ત્વના જ્ઞાનનો ઉદ્દેશ છે.

**આશ્રવતત્ત્વ જાણવાનો ઉદ્દેશ**—૪૨ પ્રકારની પ્રવૃત્તિઓ એ જીવનઘાતક પ્રવૃત્તિઓ છે. સમજુ આત્મા હંમેશાં ઘાતક પ્રવૃત્તિથી અલિપ્ત રહે અને પોષક પ્રવૃત્તિમાં જોડાય. આથી ઇંદ્રિયોના વિષયો, કષાય, અવિરતિ અને પ્રમાદાદિને દૂર કરવા માટે સાવધાન થવાય તે આ તત્ત્વ જાણવાનો ઉદ્દેશ છે.

**સંવરતત્ત્વ તથા નિર્જરાતત્ત્વ જાણવાનો ઉદ્દેશ**—કર્મબંધ એ જીવનને સંસાર ભ્રમણ કરાવનાર છે. અને તેનો રોધ કે નાશ કરવો એ આત્માને હંમેશાં આદરવા યોગ્ય છે. આથી કર્મબંધનોનો રોધ કરવા માટે પ્રતિક્રમણ, ભાવના, પૌષધાદિ વ્રત પાલન, યમ નિયમ, ચારિત્ર ભાવના તપશ્ચર્યા વિગેરે યોગ્ય માર્ગે પોતાનું જીવન વાળવું તે આ તત્ત્વ જાણવાનો ઉદ્દેશ છે.

**બંધતત્વ જાણવાનો ઉદ્દેશ**—જગતમાં દેખાતી વિલક્ષણતા-કોઈ સુખી, કોઈ દુઃખી, કોઈ જ્ઞાની, કોઈ અજ્ઞાની આ સર્વ કર્મ-બંધનું પ્રાબલ્ય છે. આથી ગમે તેવી વિકટ અવસ્થામાં કે ઉન્નત અવસ્થામાં જીવન સમતોલ રાખી આત્મરમણ કરે અને વિચારે કે 'ધન પુત્ર વિગેરે સુખ પરંપરા અને રોગ શોક મૃત્યુ ભય વિગેરે દુઃખ પરંપરા કર્મપરિણતિ રૂપ છે.' માટે મારામાં ચૌદમા ગુણ-ઠાણારૂપ અબન્ધક ભાવ ક્યારે પ્રગટે કે જેથી સર્વ વિભાવ દશા ચાલી જાય, તેવો વિચાર કરી તે અવસ્થા માટે પ્રયત્ન આદરે.

**મોક્ષ તત્ત્વ જાણવાનો ઉદ્દેશ**—વિભાવ દશા છોડી સ્વ સ્વ-ભાવમાં રમણ કરે. તથા વિચારે કે–સિદ્ધ પરમાત્મા અને હું જીવત્વની અપેક્ષાએ સરખા છતાં વિભાવદશાને લઈ હું મારા સ્વરૂપને વિસરૂં છું. તો મારે વિભાવદશાના ત્યાગની શ્રેણિરૂપ ગુણસ્થાનકોના ક્રમ વડે પૂર્ણ આત્મદશા પ્રગટાવવી હિતકર છે. અને મોક્ષ એ મારૂં સર્વ સાધ્ય થાઓ એવી નિરંતર ભાવના સાથે જીવન ઉન્નત કરવું આવશ્યક છે.

# ૨ અજીવતત્ત્વ

| | |
|---|---|
| ધમ્મા-ધર્માસ્તિકાય | અદ્ધા-કાળ ખંધા-સ્કંધ |
| અધમ્મા-અધર્માસ્તિકાય | દેસ દેશ, પએસા-પ્રદેશ |
| આગાસા-આકાશાસ્તિકાય | પરમાણુ-પરમાણુ |
| તિય તિય-ત્રણ ત્રણ | અજીવ-અજીવતત્વ |
| ભેયા-ભેદો તહેવ-તેમજ | ચઉદ્દસહા-૧૪ પ્રકારે |

**અજીવતત્ત્વના ૧૪ ભેદ:—**

**ધમ્માઽધમ્માગાસા** ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય.

**તિય તિય ભેયા તહેવ અદ્ધા ય**—તે સ્કંધ દેશ પ્રદેશ એ ત્રણ ત્રણ ભેદવાળા છે તેમજ કાળ તથા

**ખંધા દેસ પએસા**—( પુદ્‌ગલાસ્તિકાયના ) સ્કંધ-દેશ-પ્રદેશ અને

**પરમાણુ અજીવ ચઉદ્દસહા ॥ ૮ ॥** પરમાણું એ ચાર ભેદો છે સર્વ મળી અજીવ તત્ત્વ ૧૪ પ્રકારે છે.

**સ્કંધ**—આખો પદાર્થ

**દેશ**—આખા પદાર્થનો કલ્પેલો અમુક ભાગ.

**પ્રદેશ**—આખા પદાર્થ સાથે જોડાયેલો જેના કેવળીની બુદ્ધિએ બે ભાગ ન થઇ શકે તેવો સૂક્ષ્મ પરમાણુ જેવો ભાગ.

**પરમાણુ**—પદાર્થથી છૂટો પડેલ જેના કેવળીની બુદ્ધિથી બે ભાગ ન થઈ શકે તેવો સૂક્ષ્મ અંશ.

**અસ્તિ**—પ્રદેશોનો **કાય**—સમૂહ

**૫ અજીવ દ્રવ્યો તથા તેના ૧૪ ભેદો**

૧ ધર્માસ્તિકાયના સ્કંધ દેશ પ્રદેશ. ૩ ભેદ

૨ અધર્માસ્તિકાયના સ્કંધ દેશ પ્રદેશ ૩ ભેદ

૩ આકાશાસ્તિકાયના સ્કંધ દેશ પ્રદેશ ૩ ભેદ

પુદ્‌ગલાસ્તિકાયના સ્કંધ દેશ પ્રદેશ અને પરમાણુ ૪ ભેદ

૫ કાળે વર્તના પરિણામે છે. માટે ૧ ભેદ

૧ **ધર્માસ્તિકાય**—ગતિ પરિણત જીવ અને પુદ્‌ગલને ચાલવામાં સહાય આપવાના સ્વભાવવાળું જે દ્રવ્ય તે ધર્માસ્તિકાય.

૨ **અધર્માસ્તિકાય**—સ્થિર પરિણામને પામેલ જીવ અને પુદ્‌ગલને સ્થિર રહેવામાં સહાય આપવાના સ્વભાવવાળું જે દ્રવ્ય તે અધર્માસ્તિકાય.

આ બન્ને વર્ણ–ગંધ–રસ–સ્પર્શ–શબ્દ અને રૂપ રહિત છે, વળી ચૌદ રાજલોક વ્યાપી અને અસંખ્ય પ્રદેશી અખંડ દ્રવ્યરૂપ છે, તેમજ ભૂત–ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળમાં શાશ્વતપણે રહેનાર છે.

૩ **આકાશાસ્તિકાય**—જીવ અને પુદ્‌ગલને અવકાશ [ જગ્યા ] આપવામાં કારણભૂત જે દ્રવ્ય તે આકાશદ્રવ્ય છે અને તે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને રૂપ રહિત, લોકાલોક વ્યાપી, અનંતપ્રદેશી તથા ત્રણે કાળસ્થાયી છે.

૪ **પુદ્‌ગલાસ્તિકાય**—પ્રતિસમય પૂરણ–પરસ્પર મળવું અને ગલન–છૂટા થવાના સ્વભાવવાળું પુદ્‌ગલ દ્રવ્ય છે અને તે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ અને રૂપ સહિત ચૌદ રાજલોક વ્યાપી, સંખ્ય અસંખ્ય અને અનંત પ્રદેશી અને પૂરણગલન સ્વભાવવાળું છે.

૫ **કાળ**—નવીન વસ્તુને જીર્ણ કરે તે કાળ. ભૂતકાળનો નાશ થયેલો હોવાથી અને ભવિષ્યકાળની ઉત્પત્તિ નહિં થયેલી હોવાથી કાળદ્રવ્ય વર્તમાન એક સમયરૂપ છે અને તે કાળદ્રવ્ય વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ અને રૂપ રહિત, સ્કંધ દેશ પ્રદેશાદિ ભેદ રહિત અને વર્તના પરિણામ, ક્રિયા અને પરત્વાપરત્વમાં કારણભૂત છે.

**ધમ્મા**–ધર્માસ્તિકાય | **પુગ્ગલ**–પુદ્‌ગલાસ્તિકાય
**અધમ્મા**–અધર્માસ્તિકાય | **નહ**–આકાશાસ્તિકાય

| | |
|---|---|
| **કાલો**-કાલ **પંચ**-પાંચ | **આગાસ**-આકાશાસ્તિકાય |
| **હુન્તિ**-છે. | **પુગ્ગલ**-પુદ્ગલોને |
| **અજ્જીવા**-અજીવદ્રવ્ય | **જીવાણ**-જીવોને |
| **ચલણસહાવો**-ચલન કરવામાં સહાય આપવાના સ્વભાવવાળો | **પુગ્ગલા**-પુદ્ગલદ્રવ્ય |
| **ધમ્મો**-ધર્માસ્તિકાય | **ચઉહા**-૪ પ્રકારે |
| **થિરસંઠાણો**-સ્થિરતામાં સહાય આપવાના સ્વભાવવાળો | **ખંધા**-સ્કંધ. **દેશા**-દેશ |
| **અહમ્મો**-અધર્માસ્તિકાય | **પએસા**-પ્રદેશ |
| **અવગાહો**-અવકાશ | **પરમાણુ**-પરમાણુ |
| | **ચેવ**-અને નિશ્ચયે |
| | **નાયવ્વા**-જાણવા યોગ્ય |

## પાંચ અજીવ દ્રવ્ય અને તેનો સ્વભાવ.

**ધમ્મા-ધમ્મા પુગ્ગલ**-ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય.

**નહ કાલો પંચ હુંતિ અજ્જીવા**—આકાશાસ્તિકાય અને કાળ એ પાંચ અજીવદ્રવ્ય છે.

**ચલણસહાવો ધમ્મો**—(જીવ અને પુદ્ગલને) ચાલવામાં સહાય આપવાના સ્વભાવવાળો ધર્માસ્તિકાય છે.

**થિરસંઠાણો અહમ્મો ય ॥૯॥** અને જીવ તથા પુદ્ગલને સ્થિર રહેવામાં સહાય આપવાના સ્વભાવવાળો અધર્માસ્તિકાય છે.

**અવગાહો આગાસં પુગ્ગલ જીવાણ પુગ્ગલા ચઉહા**—જીવ તથા પુદ્ગલને અવકાશ ( જગ્યા ) આપવાના સ્વભાવવાળો આકાશાસ્તિકાય છે અને પુદ્ગલ દ્રવ્ય ચાર પ્રકારે છે.

**ખંધા દેસ પએસા**—સ્કંધ, દેશ, પ્રદેશ.

**પરમાણુ ચેવ નાયવ્વા ॥૧૦॥** અને પરમાણુ નિશ્ચયે જાણવા

| | |
|---|---|
| **સદ્દ**-શબ્દ | **આ**-અથવા **વન્ન**-વર્ણ |
| **ઉજ્જોઅ**-પ્રકાશ | **ફાસા**-સ્પર્શ |
| **પભા**-પ્રભા તેજ | **પુગ્ગલાણં**-પુદ્ગલોનું |
| **છાયા**-પ્રતિબિંબ | **તુ**-વળી **લક્ખણં**-લક્ષણ |
| **આતવેહિ**-તડકાવડે | |

**પુદ્ગલનું લક્ષણ:—**

**સદ્ધયાર ઉજ્જોઅ**—શબ્દ, [1]અંધકાર, ઉદ્યોત (ચંદ્રાદિકનો ઠંડો પ્રકાશ)।

**પભા છાયાતવેહિઆ**—દિવા વિગેરેની જ્યોતિ, છાયા (પ્રતિબિંબ) અને તડકા વડે પુદ્ગલો જણાય છે. અથવા

**વણ્ણ ગંધ રસા ફાસા**—વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ.

**પુગ્ગલાણં તુ લક્ખણં ॥ ૧૧ ॥** એ વળી પુદ્ગલોનું લક્ષણ છે.

**એગાકોડી**–૧ ક્રોડ
**સત્તસટ્ઠિ**-સડસઠ **લક્ખા**–લાખ
**સત્તહુત્તરી**-સીત્તોતેર
**સહસા**–હજાર
**દોય સયા**–બસો
**સોલહિયા**-૧૬ અધિક
**આવલિયા**-આવલિકા
**ઇગ**–એક
**મુહુત્તમ્મિ**-મુહૂર્તમાં
**સમય**–સમય
**આવલી**–આવલી
**મુહુત્તા**-મુહૂર્ત
**દીહા** દિવસ
**પક્ખા**-પખવાડીયું
**માસ**-મહિનો.
**વરિસા**–વર્ષ
**ભણિઓ**–કહ્યું છે
**પલિઆ**–પલ્યોપમ
**સાગર**–સાગરોપમ
**ઉસ્સપ્પિણી**–ઉત્સર્પિણી
**સપ્પિણી**–અવસર્પિણી
**કાલો**–કાલચક્ર

**એક મુહુર્ત્તમાં કેટલી આવલિકા:—**

**એગા કોડિ સત્તસટ્ઠિ**—૧ ક્રોડ ૬૭ લાખ.

**લક્ખા સત્તહુત્તરી સહસ્સા ય**—૭૭ હજાર.

**દો ય સયા સોલહિઆ**—બસો ને સોળ (અધિક)

**આવલિઆ ઇગ મુહૂત્તમ્મિ ॥ ૧૨ ॥** (૧૬૭૭૭૨૧૬) આવલિકાઓ એક મુહૂર્તમાં થાય છે.

**[1]વ્યવહાર કાળના ભેદો—**

**સમયાવલી મુહૂત્તા**—સમય, આવલી, મુહૂર્ત.

**દીહા પક્ખા ય માસ વરિસા ય**—દીવસ,પખવાડીયું,માસ અને વર્ષ.

---

[1] જૈન દૃષ્ટિએ અંધકાર ને તેજ વિગેરે પુદ્ગલ સ્વરૂપ છે. નૈયાયિકો અંધકારને પુદ્ગલ માનતા નથી.

**ભણિઓ પલિઆ સાગર, ઉસ્સપ્પિણીસપ્પિણી કાલો ॥ ૧૩ ॥**

પલ્યોપમ, સાગરોપમ ઉત્સર્પિણી અને અવસર્પિણી, વિગેરે વ્યવહાર કાળ કહ્યો છે.

## વ્યવહાર કાળ કોષ્ટક

| | |
|---|---|
| અવિભાજ્ય સૂક્ષ્મ કાળ= | ૧ સમય. |
| ૯ સમય= | ૧ જઘન્ય અન્તર્મુહૂર્ત્ત |
| અસંખ્ય સમયે= | ૧ આવલિકા. |
| ૨૫૬ આવલિકા= | ૧ ક્ષુલ્લકભવ. |
| સાધિક ૧૭॥ ક્ષુલ્લક ભવ= | ૧ શ્વાસોચ્છવાસ (પ્રાણ) |
| ૭ પ્રાણ ( શ્વાસો૦ )= | ૧ સ્તોક. |
| ૭ સ્તોક= | ૧ લવ |
| ૩૮॥ લવ= | ૧ ઘડી. |
| ૧૬૭૭૭૨૧૬ થી કાંઈક અધિક આવલિકા તથા બે ઘડી | } ૧ મુહૂર્ત્ત. |
| ૩૦ મુહૂર્ત્ત= | ૧ દિવસ [ અહોરાત્ર ] |
| ૧૫ દિવસ= | ૧ પક્ષ [ પખવાડીઉં ] |
| ૨ પક્ષ= | ૧ માસ. |
| ૬ માસ= | ૧ ઉત્તરાયણ અથવા ૧ દક્ષિણાયન. |
| ૨ અયન અથવા ૧૨ માસ= | ૧ વર્ષ. |
| ૫ વર્ષ= | ૧ યુગ. |
| ૮૪ લાખ વર્ષ+ | ૧ પૂર્વાંગ |
| ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦ વર્ષ= | ૧ પૂર્વ. |
| અસંખ્ય વર્ષ= | ૧ પલ્યોપમ. |
| ૧૦ કોડાકોડી પલ્યોપમ | ૧ સાગરોપમ |
| ૧૦ કોડાકોડી સાગરોપમ= | ૧ ઉત્સર્પિણી અથવા ૧ અવસર્પિણી |
| ૨૦ કોડાકોડી સાગરોપમ= | ૧ કાળચક્ર |

## ૬ દ્રવ્યોનું વિશેષ સ્વરૂપ

**પરિણામિ જીવ મુત્તં**—પરિણામીપણું, જીવપણું મૂર્ત્તપણું.
**સપએસા એગ ખિત્ત કિરિયા ય**—સપ્રદેશીપણું, એકપણું, ક્ષેત્ર-પણું, ક્રિયાપણું.
**ણિચ્ચં કારણ કત્તા**—નિત્યપણું, કારણપણું, કર્ત્તાપણું.
**સવ્વગય ઇયર અપ્પવેસે ॥ ૧૪ ॥** સર્વવ્યાપીપણું અને ઇતરમાં અપ્રવેશીપણું વિચારવું.

### સંકલિત અર્થ

**પરિણામિ-પરિણામી**—મૂળ સ્વભાવને છોડયા સિવાય દ્રવ્યોનું રૂપાન્તર થવું.
**જીવ-જીવ**—જેનામાં ચૈતન્ય હોય તે જીવ. જીવ જીવદ્રવ્ય છે.
**સપએસા-સપ્રદેશી**—જેના પ્રદેશો સૂક્ષ્મ અવયવો હોય તે સપ્રદેશી છે.
**એગા-એક**—જે અખંડ દ્રવ્ય તે એક. **ખિત્ત-ક્ષેત્ર**-આધારભૂત દ્રવ્ય.
**કિરિઆ-ક્રિયા**—ગત્યાદિ ક્રિયા પરિણત તે સક્રિય.
**નિચ્ચં-નિત્ય**-સર્વદા એકરૂપે રહે તે.
**કારણ-કારણ**—ગતિ, સ્થિતિ, અવકાશ, વર્તના અને શ્વાસોશ્વાસાદિમાં હેતુરૂપ.
**કત્તા-કર્ત્તા**—સ્વતંત્રપણે ક્રિયા કરનાર.
**સવ્વગય-સર્વગત**—લોકાલોક વ્યાપી તે સર્વગત.
**અપ્પવેસ-અપ્રવેશ**—પોતાના સ્વરૂપનો ત્યાગ ન કરવો તે અપ્રવેશી.

જીવ અને પુદ્ગલ એ બે પરિણામી. જીવદ્રવ્ય એ જીવ. પુદ્ગલ એ મૂર્તિમંત (રૂપી). કાળ સિવાય ૫ દ્રવ્ય સપ્રદેશી. 'ધર્મ', અધર્મ અને આકાશાસ્તિકાય એ ૩ એક. આકાશ એ ક્ષેત્ર. જીવ ને પુદ્ગલ એ બે સક્રિય. ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ ૪ નિત્ય. જીવ વિના ૫ દ્રવ્ય કારણ. જીવ એ કર્તા. આકાશ સર્વગત (લોક અને અલોકમાં છે.) બાકીનાં ૫ લોકમાં છે **અસર્વગત** છે ૬ એ દ્રવ્યો **પ્રવેશરહિત** છે. (એકે દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે થતું નથી)

## ૬ દ્રવ્યમાં પરિણામી આદિનો યન્ત્ર.

| ૬ દ્રવ્ય | પરિણામી | જીવ | મુત્ત-રૂપી | સપ્રદેશી | એગ-એક | ખિત્ત-ક્ષેત્ર | સક્રિય | નિત્ય | કારણ | કર્તા | સર્વગત દેશગત | અપ્રવેશી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધર્માસ્તિકાય | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ક્ષેત્રી | ૦ | ૧ | ૧ | ૦ | દે૦ | ૧ |
| અધર્માસ્તિકાય | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ,, | ૦ | ૧ | ૧ | ૦ | દે૦ | ૧ |
| આકાશાસ્તિકાય | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ક્ષેત્ર | ૦ | ૧ | ૧ | ૦ | સ૦ | ૧ |
| પુદ્‌ગલાસ્તિકાય | ૧ | ૦ | ૧ | ૧ | અનંત | ક્ષેત્રી | ૧ | ૦ | । | ૦ | દે૦ | ૧ |
| જીવાસ્તિકાય | ૧ | ૧ | ૦ | ૧ | ,, | ,, | ૧ | ૦ | ૦ | ૧ | દે૦ | ૧ |
| કાળ | ૦ | ૦ | ૦ | ૦ | ,, | ,, | ૦ | ૧ | ૧ | ૦ | દે૦ | ૧ |

## ત્રીજું પુણ્ય તત્ત્વ.

**સા**-સાતા વેદનીય
**ઉચ્ચગોઅ**-ઉચ્ચગોત્ર
**મણુદુગ**-મનુષ્યદ્વિક
**સુરદુગ**-દેવદ્વિક
**પંચિંદિજાઈ**-પંચેંદ્રિય જાતિ
**પણ દેહા**-પાંચ શરીર
**તિતણુ**-ત્રણ શરીરનાં
**ઉવંગા**-ઉપાંગ **આઇમ** પહેલું
**સંઘયણ**-સંઘયણ

**સંઠાણા**-સંસ્થાન
**વન્નચઉક્કા**-વર્ણચતુષ્ક
**અગુરૂલહુ**-અગુરૂલઘુ
**પરઘા**-પરાઘાત
**ઊસાસ**-શ્વાસોશ્વાસ
**આયવ**-આતપ
**ઉજ્જોઅ**-ઉદ્યોત
**સુભખગઇ**-શુભવિહાયોગતિ
**નિમિણ**-નિર્માણ નામકર્મ

| | |
|---|---|
| **તસ દસ**–ત્રસ દશક | **નર** મનુષ્યનું આયુષ્ય |
| **સુર**–દેવનું આયુષ્ય | **તિરિઆઉ**–તિર્યંચાયુષ્ય |

**[ પુણ્યતત્ત્વના ૪૨ ભેદ. ]**

**સા ઉચ્ચગોઅ મણુદુગ**—૧ સાતા વેદનીય, ૨ ઉચ્ચ ગોત્ર, ૩-૪ મનુષ્યદ્વિક, (મનુષ્યની ગતિ ને મનુષ્યની આનુપૂર્વી)

**સુરદુગ પંચિંદિજાઇ પણદેહા**-૫-૬ દેવદ્વિક (દેવગતિ-દેવાનુપૂર્વી), ૭ પંચેંદ્રિય જાતિ, ૮-૧૨ પાંચ શરીર ( ઔદારિક-વૈક્રિય આહારક—તૈજસ અને કાર્મણ )

**આઇતિતણૂણુ-વંગા**—૧૩-૧૫ પ્રથમના ત્રણ શરીરના ઉપાંગ (ઔદારિક અંગોપાંગ–વૈક્રિય અંગોપાંગ ને આહારક અંગોપાંગ.)

**આઇમસંઘયણસંઠાણા ॥૧૫॥** ૧૬ પહેલું સંઘયણ (વજ્રઋષભ નારાચ ને ૧૭ પહેલું સંસ્થાન (સમચતુરસ્ર)

**વન્ન ચઉક્કા-ગુરૂલહુ**—૧૮-૨૧ વર્ણચતુષ્ક ( શુભવર્ણ, શુભ-ગંધ, શુભરસ, શુભસ્પર્શ) ૨૨ અગુરૂલઘુનામકર્મ.

**પરઘાઉસાસ આય-વુજ્જોઅં**—૨૩ પરાઘાત, ૨૪ શ્વાસોશ્વાસ ૨૫ આતપ અને ૨૬ ઉદ્યોત નામકર્મ.

**સુભખગઇ નિમિણ તસદસ**—૨૭ શુભ વિહાયોગતિ, ૨૮ નિર્માણ અને ૨૯-૩૮ ત્રસ વિગેરે દસ પ્રકૃતિઓ

**સુર-નર-તિરિઆઉ તિત્થયરં ॥ ૧૬ ॥** ૩૯ દેવનું આયુષ્ય, ૪૦ મનુષ્યનું આયુષ્ય, ૪૧ તિર્યંચનું આયુષ્ય ને ૪૨ તીર્થંકર નામકર્મ. [ એ ૪૨ ભેદ પૂણ્યતત્ત્વના છે. ]

| | |
|---|---|
| **તસ**–ત્રસ **બાયર**–બાદર | **આઇજ્જ**–આદેય |
| **પજ્જત્તં**–પર્યાપ્ત | **જસં**–યશ, કીર્તિ |
| **પત્તેઅં**–પ્રત્યેક | **તસાઇ**–ત્રસ વિગેરે |
| **થિરં**-સ્થિર **સુભં**-શુભ | **દસગં**–દશ પ્રકૃતિઓ |
| **સુભગં**–સૌભાગ્ય | **ઈમં**–એ. આ **હોઈ**–છે |
| **સુસ્સર**–સુસ્વર | |

**તસ બાયર પજ્જત્તં**—૧ ત્રસ, ૨ બાદર, ૩ પર્યાપ્ત.
**પત્તેઅ થિરં સુભં ચ સુભગં ચ**—૪ પ્રત્યેક, ૫–સ્થિર, ૬–શુભ અને ૭ સૌભાગ્ય.
**સુસ્સર આઇજ્જજસં**—૮ સુસ્વર, ૯ આદેય અને ૧૦ યશ.
**તસાઇ દસગં ઇમં હોઇ ॥ ૧૭ ॥** એ ત્રસ વિગેરે દશ પ્રકૃતિઓ નામકર્મની છે.

## પુણ્યતત્ત્વ ૯ પ્રકારે બંધાય ને ૪૨ પ્રકારે ભોગવાય.

**પુણ્યબંધાવાના નવ પ્રકાર:--**

**પૂજ્ય સાધુ મુનિરાજાદિ સુપાત્રને**—૧ આહાર વિગેરે આપવાથી
૨ પાણી આપવાથી, ૩ રહેવા માટે સ્થાન આપવાથી,
૪ પાટ વિગેરે આપવાથી. ૫ વસ્ત્ર વિગેરે આપવાથી,
૬ તેમના વિષે મનમાં શુભ વિચારો કરવાથી,
૭ વચનથી તેમની સ્તુતિ વિગેરે કરવાથી,
૮ શરીર વડે તેમની સેવા વિગેરે કરવાથી,
૯ વંદન-નમસ્કાર વિગેરે કરવાથી.

# પુણ્ય ભોગવવાના ૪૨ પ્રકાર.

૧ **સાતા વેદનીય**—જેના ઉદયથી સારીરીતે શરીરનું સુખ ભોગવે તે.

૨ **ઉચ્ચગોત્ર**—જેના ઉદયથી ઉચ્ચ કુળમાં જન્મ થાય અને લોકોમાં સારી પ્રતિષ્ઠા પામે તે.

૩ **મનુષ્યગતિ**—જેના ઉદયથી મનુષ્યગતિ પામે તે.

૪ **મનુષ્યાનુપૂર્વી** (નામકર્મ)-આનુપૂર્વી એટલે. આકાશ પ્રદેશની શ્રેણીને અનુસારે ગમન કરવું. જે કર્મના ઉદયથી વક્ર ગતિદ્વારા મનુષ્ય ભવમાં જતાં આકાશ પ્રદેશની શ્રેણીને અનુસારે ગતિ થાય તે મનુષ્યાનુપૂર્વીનામ.

૫. **દેવગતિ** ( નામકર્મ ) જેના ઉદયથી દેવગતિ પામે.

૬ **દેવાનુપૂર્વી** (નામકર્મ)—વક્રગતિવડે દેવગતિમાં જતાં જીવની આકાશ પ્રદેશની શ્રેણીની અનુસારે ગતિ થાય તે

૭ **પંચેદ્રિય જાતિ** (નામકર્મ)—જેના ઉદયથી પંચેંદ્રિયપણું પામે તે.

૮ **ઔદારિકશરીર** ( નામકર્મ ) જેના ઉદયથી ઔદારિક શરીર યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરી, તેજ શરીરપણે પરિણમાવી, જીવ પોતાના આત્મપ્રદેશ સાથે તેને મેળવે તે.

૯ **વૈક્રિય શરીર** ( નામકર્મ )—જેના ઉદયથી વિવિધ ક્રિયા કરી શકે એવા શરીરની પ્રાપ્તિ થાય તે. તેના બે ભેદ છે.

૧. **ભવ પ્રત્યયિક**—નારકી તથા દેવને હોય છે.

૨. **લબ્ધિપ્રત્યયિક**—તે મનુષ્ય તથા તિર્યંચને હોય છે.

૧૦ **આહારક શરીર** ( નામકર્મ )—જે કર્મના ઉદયથી ચૌદ પૂર્વધર તીર્થંકરની ઋદ્ધિ વિગેરે જોવા કે શંકા વિગેરે પૂછવા માટે એક હાથ પ્રમાણનું વિશિષ્ટ રૂપવાળું શરીર ધારણ કરે તે.

૧૧ **તૈજસ શરીર** ( નામકર્મ )—જેના ઉદયથી આહાર પચાવનાર અને તેજોલેશ્યાના હેતુભૂત શરીરની પ્રાપ્તિ થાય છે તે

૧૨ **કાર્મણ શરીર** ( નામકર્મ )—જેના ઉદયથી સર્વ પ્રકારના શરીરના મૂલ કારણરૂપ અને આઠ કર્મના વિકારરૂપ એવા કાર્મણ શરીરની પ્રાપ્તિ થાય તે.

૧૩ **ઔદારિક અંગોપાંગ** ( નામકર્મ )—જેના ઉદયથી ઔદારિક શરીરના અંગ× તથા ઉપાંગની પ્રાપ્તિ થાય તે.

૧૪ **વૈક્રિય અંગોપાંગ** ( નામકર્મ )—જેના ઉદયથી વૈક્રિય શરીરના અંગ ઉપાંગની પ્રાપ્તિ થાય તે.

૧૫ **આહારક અંગોપાંગ** ( નામકર્મ )—જેના ઉદયથી આહારક શરીરના અંગ ઉપાંગની પ્રાપ્તિ થાય તે.

---

× મસ્તક, પીઠ, છાતી, પેટ, બે હાથ, અને બે સાથળ એ આઠ અંગ છે. આંગળી વિગેરે ઉપાંગ તથા રેખા વિગેરે અંગોપાંગ કહેવાય છે, વળી તૈજસ અને કાર્મણ શરીરને અંગોપાંગ હોતા નથી.

૧૬ **વજ્રઋષભ નારાચ સંઘયણ** ( નામકર્મ )—જેના ઉદયથી બે બાજુ મર્કટ બંધ ઉપર પાટો અને તેની ઉપર ખીલી જેવો મજબુત શરીરના હાડકાનો બાંધો થાય તે. ( વજ્ર=ખીલી ઋષભ=પાટો, નારાચ=બે બાજુ મર્કટબંધ, સંઘયણ=હાડકાનો સમૂહ. )

૧૭ **સમચતુરસ્ર સંસ્થાન** (નામકર્મ)—જેના ઉદયથી પર્યંકાસને પલાંઠી વાળીને બેસતાં જેની ચારે બાજુ સરખી હોય એવા સંસ્થાન (શરીરની આકૃતિ)ની પ્રાપ્તિ થાય તે.

૧૮ **શુભવર્ણ** (નામકર્મ)—જેના ઉદયથી શ્વેત, પીત અને રક્તરૂપ શુભ રંગની પ્રાપ્તિ થાય તે.

૧૯ **શુભગંધ** (નામકર્મ)—જેના ઉદયથી સુગંધની પ્રાપ્તિ થાય તે.

૨૦ **શુભરસ** (નામકર્મ)—જેના ઉદયથી કષાયેલા અને મીઠારસ રૂપ સારા રસની પ્રાપ્તિ થાય તે.

૨૧ **શુભસ્પર્શ** (નામકર્મ)—જેના ઉદયથી હળવો, સુંવાળો વિગેરે સારા સ્પર્શની પ્રાપ્તિ થાય તે.

૨૨ **અગુરૂલઘુ** (નામકર્મ)—જેના ઉદયથી બહુ ભારે નહિ, તેમજ બહુ હલકું પણ નહિ, એવા મધ્યમ વજનદાર શરીરની પ્રાપ્તિ થાય તે.

૨૩ **પરાઘાત** (નામકર્મ)—જેના ઉદયથી ગમે તેવા બળવાનને પણ જીતવા સમર્થ થાય તે.

૨૪ **શ્વાસોશ્વાસ** (નામકર્મ)—જેના ઉદયથી શ્વાસોશ્વાસ સુખરૂપ લઈ શકાય તેવી લબ્ધિ થાય તે.

૨૫ **આતપ** (નામકર્મ)—જેના ઉદયથી સૂર્યના બિંબમાં એકેંદ્રિય જીવોનું શરીર તાપ યુક્ત હોય તે

૨૬ **ઉદ્યોત** (નામકર્મ)—જેના ઉદયથી ચંદ્રના બિંબની પેઠે શીતળ છતાં અન્યને પ્રકાશ કરવાવાળા શરીરની પ્રાપ્તિ થાય તે.

૨૭ **શુભખગતિ** (નામકર્મ)—જેના ઉદયથી વૃષભ તથા હંસની પેઠે સારી ચાલવાની ગતિ પ્રાપ્ત થાય તે,

૨૮ **નિર્માણ** (નામકર્મ)—જેના ઉદયથી સુથારે ઘડેલ પુતળીની માફક અંગોપાંગ યોગ્ય સ્થળે ગોઠવાય તે.

**ત્રસ દશક**

૨૯ **ત્રસ** (નામકર્મ)—જેના ઉદયથી જીવને સ્વતંત્ર ગમન કરવાની શક્તિ પ્રાપ્ત થાય તે તેમજ બેઇંદ્રિયાદિ શરીરની ત્રસપણાની પ્રાપ્તિ થાય તે.

૩૦ **બાદર** (નામકર્મ)—જેના ઉદયથી દેખાય એવા મોટા શરીરની પ્રાપ્તિ થાય તે.

૩૧ **પર્યાપ્ત** (નામકર્મ)—જેના ઉદયથી પોતે પોતાની પર્યાપ્તિ પૂર્ણ કરે તે.

૩૨ **પ્રત્યેક** (નામકર્મ)–જેના ઉદયથી એક શરીરને વિષે એક જીવપણું પામે તે.

૩૩ **સ્થિર** (નામકર્મ)—જેના ઉદયથી હાડ, દાંત, વિગેરે અવયવો સ્થિર પામે તે.

૩૪ **શુભ** ( નામકર્મ )—જેના ઉદયથી નાભિના ઉપરનું શરીર પ્રમાણોપેત અથવા સારૂં ગણાય તેવી પ્રાપ્તિ થાય તે.

૩૫ **સૌભાગ્ય** (નામકર્મ)—જેના ઉદયથી સર્વ લોકોને પ્રિય થાય તે.

૩૬ **સુસ્વર** (નામકર્મ)—જેના ઉદયથી વાણીમાં કોયલના જેવી મધુરતા પામે તે. અથવા મધુર સ્વરની પ્રાપ્તિ થાય તે.

૩૭ **આદેય** ( નામકર્મ )—જેના ઉદયથી લોકમાં જેનું વચન માનનીય થાય તે.

૩૮ **યશ** (નામકર્મ)—દાનપૂણ્યથી જે ખ્યાતિ થાય તે કીર્તિ અને પરાક્રમથી જે ખ્યાતિ થાય તે યશ. જેના ઉદયથી લોકમાં યશકીર્તિ ફેલાય તે.

૩૯ **સુરાયુ**—જેના ઉદયથી દેવતાનું આયુષ્ય પામે તે.

૪૦ **મનુષ્યાયુ**—જેના ઉદયથી મનુષ્યનું આયુષ્ય પામે તે.

૪૧ **તિર્યંચાયુ** -જેના ઉદયથી તિર્યંચનું આયુષ્ય પામે તે.

૪૨ **તીર્થંકર** (નામકર્મ)—જેના ઉદયથી ત્રણે ભુવનના જીવોને પૂજવા યોગ્ય થાય તે [ તીર્થંકર નામકર્મ. ]

## ચોથું પાપતત્ત્વ.

**નાણ**—જ્ઞાનાવરણીય
**અંતરાય**—અંતરાય
**દસગં**—દશ **નવ**—નવ
**બીએ**—બીજા (કર્મ)ના
**નીઅ**—નીચ ગોત્ર
**અસાય**—આશાતા વેદનીય
**મિચ્છત્તં**—મિથ્યાત્વ
**થાવર દસ**—સ્થાવર દશક
**નરય તિગં**—નરક ત્રિક
**કસાય**—કષાય
**પણ વીસ**—પચીશ
**તિરિય દુગં** તિર્યંચ દ્વિક
**ઇગ**—એકેંદ્રિય **બિ** બેઇંદ્રિય
**તિ**—તેઈંદ્રિય **ચઉ**—ચઉરિંદ્રિય
**જાઇઓ**—જાતિઓ
**કુખગઇ**—અશુભ વિહાયોગતિ
**ઉવઘાય**—ઉપઘાત **હુન્તિ**—છે
**પાવસ્સ**—પાપના
**અપસત્થં**—અશુભ
**વન્નચઉ**-વર્ણાદિ ચાર
**અપઢમ**—પ્રથમ વિના
**સંઘયણ**—સંઘયણ
**સંઠાણા**—સંસ્થાન

### [ પાપતત્ત્વના ૮૨ ભેદ. ]

**નાણંતરાયદસગં**—પાંચ જ્ઞાનાવરણીય—મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવ ને કેવળ જ્ઞાનાવરણીય. અને પાંચ અંતરાય દાન-લાભ-ભોગ-ઉપભોગ ને વીર્યાંતરાય. મળીને ૧૦ ભેદ.

**નવ બીએ નીઅ સાય મિચ્છત્તં**—૧૧-૧૯ બીજા દર્શનાવરણીયના નવ ભેદ——ચક્ષુ-અચક્ષુ-અવધિ ને કેવલદર્શનાવરણીય તથા નિદ્રા-નિદ્રાનિદ્રા-પ્રચલા-પ્રચલાપ્રચલા ને થીણદ્ધી. ૨૦ નીચગોત્ર-૨૧ અશાતા વેદનીય-૨૨ મિથ્યાત્વ મોહનીય.

**થાવર દસ નરયતિગં**—૨૩-૩૨ સ્થાવર દસક ને ૩૩-૩૫ નરકત્રિક.

**કસાય પણવીસ તિરિયદુગં ॥ ૧૮ ॥** ૩૬-૬૦ પચીસ કષાય ને ૬૧-૬૨ તિર્યંચદ્વિક ( તિર્યંચગતિ અને તિર્યંચાનુપુર્વી )

**ઇગ બિ તિ ચઉ જાઇઓ**—૬૩ એકેંદ્રિય જાતિ–૬૪બેઇંદ્રિય જાતિ ૬૫ તેઇંદ્રિય જાતિ ને ૬૬ ચઉરિંદ્રિય જાતિ.

**કુખગઈ ઉવઘાય હુંતિ પાવસ્સ**—૬૭ અશુભ વિહાયોગતિ ને ૬૮ ઉપઘાત નામકર્મ એ પાપના ભેદો છે.

**અપસત્થં વન્નચઉ**—૬૯-૭૨ અશુભ વર્ણાદિ-ચાર
( અશુભવર્ણ-ગંધ-રસ ને સ્પર્શ. )

**અપઢમ સંઘયણ સંઠાણા ॥૧૯॥** ૭૩–૭૭ પહેલા વિના પાંચ સંઘયણ ને [ ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કાલિકા અને છેવટ્ઠું એ પાંચ સંઘયણ ) તથા ૭૮–૮૨ પહેલા વિના પાંચ સંસ્થાન [ન્યગ્રોધપરિમંડળ, સાદિ, વામન, કુબ્જ અને હુંડક એ પાંચ સંસ્થાન ]

**થાવર**-સ્થાવર **સુહુમ**-સૂક્ષ્મ
**અપજ્જં**—અપર્યાપ્ત
**સાહારણ**-સાધારણ
**અથિર**-અસ્થિર **અસુભ**-અશુભ
**દુભગાણિ**-દુર્ભાગ્ય
**દુસ્સર**-દુસ્વર
**અણાઇજ્જ**-અનાદેય
**અજસં**-અયશ **થાવર**-સ્થાવર
**દસગં**-દશક
**વિવજ્જત્થં**-વિપરીત અર્થવાળો

**થાવર સુહુમ અપજ્જં**—૧ સ્થાવર–૨ સૂક્ષ્મ–૩ અપર્યાપ્ત.

**સાહારણ-મથિર-મસુભ દુભગાણિ**—૪ સાધારણ-૫ અસ્થિર-૬ અશુભ-૭ દુર્ભાગ્ય.

**દુસ્સર-ણાઇજ્જ-જસં**—૮ દુઃસ્વર–૯ અનાદેય ને ૧૦ અપયશ નામ
**થાવર દસગં વિવજ્જત્થં ॥ ૨૦ ॥** એ સ્થાવર દશક
( ત્રસ દશકથી ) વિપરીત અર્થવાળો છે.

## પાપ બંધાવાના ૧૮ પ્રકાર.

| | | |
|---|---|---|
| ૧ પ્રાણાતિપાત, | ૨ મૃષાવાદ, | ૩ અદત્તાદાન. |
| ૪ મૈથુન, | ૫ પરિગ્રહ, | ૬ ક્રોધ. |
| ૭ માન, | ૮ માયા, | ૯ લોભ, |
| ૧૦ રાગ, | ૧૧ દ્વેષ, | ૧૨ કલહ, |
| ૧૩ અભ્યાખ્યાન, | ૧૪ પૈશુન્ય, | ૧૫ રતિઅરતિ, |
| ૧૬ પરપરિવાદ, | ૧૭ માયામૃષાવાદ, | ૧૮ મિથ્યાત્વશલ્ય. |

## પાપતત્ત્વના બ્યાસી ભેદો.

૧ **મતિજ્ઞાનાવરણીય**—જેના ઉદયથી પાંચ ઈંદ્રિય તથા મનવડે જે નિયત વસ્તુનું જ્ઞાન થાય એવા મતિજ્ઞાનને ઢાંકે તે.

૨ **શ્રુતજ્ઞાનાવરણીય**—જેના ઉદયથી શાસ્ત્રાનુસારે જે જ્ઞાન થાય એવા શ્રુતજ્ઞાનને ઢાંકે તે.

૩ **અવધિજ્ઞાનાવરણીય**—જેના ઉદયથી ઈંદ્રિયાદિકની અપેક્ષા વિના આત્માવડે, મર્યાદાપૂર્વક જે રૂપી દ્રવ્યનું જ્ઞાન થાય એવા અવધિજ્ઞાનને ઢાંકે તે.

૪ **મનઃપર્યવજ્ઞાનાવરણીય**—જેના ઉદયથી સંજ્ઞી પંચેન્દ્રિયના મનોગત ભાવ જાણી શકે એવા મનઃપર્યવજ્ઞાનને ઢાંકે તે.

૫ **કેવળજ્ઞાનાવરણીય**—જેના ઉદયથી દરેક રૂપી અરૂપી પદાર્થોનું સમસ્ત પર્યાયયુક્ત જ્ઞાન થાય એવા કેવળજ્ઞાનને ઢાંકે તે.

૬ **દાનાંતરાય**—જેના ઉદયથી પોતાને ત્યાં દેવા યોગ્ય વસ્તુ છતાં, તથા દાનનું ફળ જાણવા છતાં, યોગ્ય પાત્ર હોવા છતાં પણ દાન આપી શકાય નહિ તે.

૭ **લાભાંતરાય**—જેના ઉદયથી સામો દાતા છતાં તેમજ દાતારના ઘરમાં વસ્તુ છતાં, અને માગનાર પોતે પાત્ર છતાં પોતાને ઈચ્છિત વસ્તુ મળી શકે નહિ તે,

૮ **ભોગાંતરાય**—જેના ઉદયથી પોતે યુવાન છતાં, સુરૂપ છતાં અને ભોગ્ય વસ્તુની પ્રપ્તિ થયા છતાં, પણ ભોગવી ન શકાય તે

૯ **ઉપભોગાંતરાય**—જેના ઉદયથી પોતે યુવાન અને સુરૂપ છતાં, તથા ઉપભોગ યોગ્ય વસ્તુ પ્રાપ્ત થયા છતાં, તેનો ઉપભોગ ન કરી શકે તે.

૧૦ **વીર્યાંતરાય**—જેના ઉદયથી પોતે યુવાન નિરોગી અને બળવાન છતાં બળનો ઉપયોગ ન કરી શકે તે.

૧૧ **ચક્ષુદર્શનાવરણીય**—જેના ઉદયથી આંખે કરી રૂપનું સામાન્યપણે જ્ઞાન થાય એવા ચક્ષુદર્શનને ઢાંકે તે.

૧૨ **અચક્ષુદર્શનાવરણીય**—જેના ઉદયથી ચક્ષુ વિના ચાર ઇંદ્રિયે કરી જે પોતપોતાના વિષયનું સામાન્યપણે જ્ઞાન થાય એવા અચક્ષુદર્શનને ઢાંકે તે.

૧૩ **અવધિદર્શનાવરણીય**—જેના ઉદયથી મર્યાદા પૂર્વક રૂપી દ્રવ્યનું સામાન્યપણે જ્ઞાન થાય એવા અવધિદર્શનને ઢાંકે તે.

૧૪ **કેવળદર્શનાવરણીય**—જેના ઉદયથી સર્વ રૂપઅરૂપી પદાર્થનું સામાન્યપણે જ્ઞાન થાય એવા કેવળદર્શનનું આચ્છાદન થાય તે.

૧૫ **નિદ્રા**—જેના ઉદયથી નિંદ્રાવસ્થામાં સુખે કરીને જાગૃત થવાય તે.

૧૬ **નિદ્રાનિદ્રા**—જેના ઉદયથી નિંદ્રાવસ્થામાંથી દુ:ખે કરીને જાગ્રત થવાય તે.

૧૭ **પ્રચલા**—જેના ઉદયથી બેસતાં ઉઠતાં નિંદ્રા આવે તે.

૧૮ **પ્રચલાપ્રચલા**—જેના ઉદયથી ચાલતાં ચાલતાં પણ નિદ્રા આવે તે.

૧૯ **થિણદ્ધિ**×—જેના ઉદયથી દિવસે ચિંતવેલું કામ રાત્રીએ નિદ્રાવસ્થામાં જાગતાની જેમ કરે.

૨૦ **નીચગોત્ર**—જે કર્મના ઉદયથી નીચ કુળને વિષે જન્મ થાય તે.

૨૧ **અસાતા વેદનીય**—જેના ઉદયથી શરીરે બાહ્ય દુ:ખનો અનુભવ થાય તે.

૨૨ **મિથ્યાત્વ મોહનીય**—જેના ઉદયથી વીતરાગના વચનથી વિપરિત શ્રદ્ધા થાય તે.

## સ્થાવર દશક

૨૩ **સ્થાવર** (નામકર્મ)—જેના ઉદયથી સ્થાવરપણું પ્રાપ્ત થાય તે.

૨૪ **સૂક્ષ્મ** (નામકર્મ)—જેના ઉદયથી ચર્મચક્ષુને અદશ્ય એવા સૂક્ષ્મ જીવપણાની પ્રાપ્તિ થાય છે.

---

×પહેલા સંઘયણવાળાને થિણદ્ધી નિદ્રાના સમયે વાસુદેવથી અર્ધ બળ હોય છે. બીજા સંઘયણોવાળાને પોતાના બળથી બમણું બળ હોય છે થીણદ્ધી નિદ્રાના ઉદયે મરનાર જીવ નરકગામી જાણવો.

૨૫ **અપર્યાપ્ત** (નામકર્મ)—જેના ઉદયથી પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂરી ન કરે તે.

૨૬ **સાધારણ** (નામકર્મ)—જેના ઉદયથી અનંતા જીવ વચ્ચે એક શરીરની પ્રાપ્તિ થાય તે.

૨૭ **અસ્થિર** (નામકર્મ)—જેના ઉદયથી દાંત મસ્તક આદિ અવયવો અસ્થિર હોય તે.

૨૮ **અશુભ** (નામકર્મ)—જેના ઉદયથી નાભિની નીચેનું અંગ બીજાને અડવાથી અશુભ લાગે તે.

૨૯ **દૌર્ભાગ્ય** (નામકર્મ)—જેના ઉદયથી ઉપકાર કર્યા છતાં સર્વ લોકને અપ્રિય લાગે તે.

૩૦ **દુઃસ્વર** (નામકર્મ)—જેના ઉદયથી કાગડા અને ગધેડાની પેઠે કાનને અપ્રિય એવા ખરાબ સ્વરની પ્રાપ્તિ થાય તે.

૩૧ **અનાદેય** (નામકર્મ)—યુક્તિયુક્ત વચન હોવા છતાં જેના ઉદયથી લોકમાં વચન માન્ય ન થાય તે.

૩૨ **અયશ** (નામકર્મ)—જેના ઉદયથી લોકમાં અપકીર્તિ ફેલાય તે.

ત્રસ દશકથી વિપરીત અર્થવાળું સ્થાવર દશક છે.

૩૩ **નરકગતિ** (નામકર્મ)—જેના ઉદયથી નરકપણું પ્રાપ્ત થાય તે

૩૪ **નરકાનુપૂર્વી** (નામકર્મ)—નરક ગતિએ જતાં વક્રગતિમાં જેનો ઉદય થાય તે.

૩૫ **નરકાયુ**—જેના ઉદયથી નારકીમાં રહેવું પડે તે.

૩૬–૩૯ **અનંતાનુબંધી ચાર**—ક્રોધ, માન, માયા ને લોભ—

જેના ઉદયથી સમ્યકત્વ પ્રાપ્ત ન થાય, ઉત્કૃષ્ટપણે જીંદગી સુધી રહે ને મરીને નરકગતિ પમાડે તે. તેમાં:—

ક્રોધ પર્વતની રેખા જેવો છે.
માન પાષાણના થાંભલા જેવું છે,
માયા વંશના મૂલ જેવી છે.
લોભ કીરમજના રંગ જેવો છે.

૪૦–૪૩ **અપ્રત્યાખ્યાનીય ચાર**—ક્રોધ, માન, માયા ને લોભ—

જેના ઉદયથી દેશવિરતિપણું ન પામે એક વર્ષ સુધી કાયમ

રહે. અને અંતે તિર્યંચની ગતિ અપાવે તે. તેમાં:-
ક્રોધ સુકાયેલા તળાવની રેખા જેવો, માન હાડકાના થાંભલા જેવું. માયા મેંઢાના શિંગડા જેવી. લોભ ગાડાની મળી જેવો છે.

૪૪-૪૭ **પ્રત્યાખ્યાનીય ચાર**—ક્રોધ, માન, માયા ને લોભ-જેના ઉદયથી સર્વવિરતિપણું ન આવે વળી ચાર માસ સુધી રહે. મરીને મનુષ્યગતિમાં જાય તે. તેમાં:-
ક્રોધ રેતીની રેખા જેવો, માન કાષ્ટના થાંભલા જેવું.
માયા ગોમૂત્ર જેવી, અને લોભ કાજળના રંગ જેવો જાણવો.

૪૮-૫૧ **સંજવલન ચાર**--ક્રોધ, માન, માયા ને લોભ, જેના ઉદયથી યથાખ્યાત ચારિત્ર ન પમાય, ને પંદર દિવસ રહે અંતે દેવગતિ અપાવે તેમાં ક્રોધ પાણીની રેખા જેવો છે, માન નેતરના થાંભલા જેવું છે, માયા વાંસની છાલ જેવી છે, ને લોભ હલદરના રંગ જેવો છે.

[ એવી રીતે કષાયના સોળ ભેદ જાણવા. ]

૫૨-૫૭ **હાસ્યષટ્ક**—જેના ઉદયથી કોઇ પણ નિમિત્તે અથવા નિમિત્ત વિના હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય અને દુગંછા થાય તે.

૫૮ **પુરૂષવેદ**—વેદ એટલે અભિલાષા. જે કર્મના ઉદયથી સ્ત્રી ભોગવવાની ઇચ્છા થાય તે અને તેનો ઉદય તૃણના અગ્નિ સરખો જાણવો.

૫૯ **સ્ત્રીવેદ**—જેના ઉદયથી પુરૂષ ભોગવવાની ઇચ્છા થાય. અને આ વેદનો ઉદય બકરીની લીંડીઓના અગ્નિ જેવો જાણવો.

૬૦ **નપુંસકવેદ**—જેના ઉદયથી સ્ત્રી પુરૂષ બન્નેને ભોગવવાની ઇચ્છા થાય. આ વેદનો ઉદય નગરના દાહ જેવો જાણવો.
આ ત્રણ વેદ ઉત્તરોત્તર તીવ્ર હોય છે.

૬૧ **તિર્યંચગતિ** ( નામકર્મ )—જેના ઉદયથી તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થવાય તે.

૬૨ **તિર્યંચાનુપૂર્વી** (નામકર્મ)—જેના ઉદયથી તિર્યંચની આનુ-

પૂર્વી પ્રાપ્ત થાય તે. અથવા તિર્યંચ ગતિમાં વક્રપણે જતાં જે આવે તે.

૬૩ **એકેન્દ્રિયજાતિ** ( નામકર્મ )—જેના ઉદયથી એકેન્દ્રિયપણું પ્રાપ્ત થાય તે. [ પૃથ્વી–પાણી વિગેરે ]

૬૪ **બેઇંદ્રિયજાતિ** ( નામકર્મ )—જેના ઉદયથી બેઇંદ્રિયપણું પ્રાપ્ત થાય તે. [ શંખ-કોડા–ગંડોલા વિગેરે ]

૬૫ **તેઇંદ્રિયજાતિ** ( નામકર્મ )—જેના ઉદયથી તેઇંદ્રિયપણું પ્રાપ્ત થાય તે. [ માંકણ–જુ–કીડી વિગેરે ]

૬૬ **ચઉરિંદ્રિયજાતિ** (નામકર્મ)—જેના ઉદયથી ચઉરિંદ્રિયપણું પ્રાપ્ત થાય તે. [ વીંછી-ભમરા-ભમરી વિગેરે ]

૬૭ **અશુભ વિહાયોગતિ** (નામકર્મ)—જેના ઉદયથી ઉંટ તથા ગધેડાની પેઠે અશુભ ચાલવાની ગતિ પ્રાપ્ત થાય તે.

૬૮ **ઉપઘાત** (નામકર્મ)—જેના ઉદયથી રસોળી, પડજીભી વિગેરે પોતાના અવયવોવડે પોતેજ હણાય તે. અથવા ગળે ફાંસો ખાવો વિગેરેપણ આમાં સમાય છે.

૬૯ **અપ્રશસ્તવર્ણ** (નામકર્મ)—જેના ઉદયથી નીલ તથા કૃષ્ણ રૂપ અશુભ વર્ણ પ્રાપ્તિ થાય તે.

૭૦ **અપ્રશસ્તગંધ** (નામકર્મ)—જેના ઉદયથી અશુભ ગંધની પ્રાપ્તિ થાય તે.

૭૦ **અપ્રશસ્તરસ** (નામકર્મ)—જેના ઉદયથી તિક્ત તથા કટુક-રૂપ અશુભ રસની પ્રાપ્તિ થાય તે.

૭૨ **અપ્રશસ્ત સ્પર્શ** (નામકર્મ)--જેના ઉદયથી ભારે, લુખો, ખડબચડો વિગેરે અશુભ સ્પર્શ પ્રાપ્ત થાય તે.

૭૩ **ઋષભનારાચસંઘયણ** (નામકર્મ)--જેના ઉદયથી બે પાસે મર્કટબંધ અને તેની ઉપર પાટો હોય, એવો હાડકાનો બાંધો પ્રાપ્ત થાય તે. ઋષભ–પાટો, નારાચ–મર્કટબંધ.

૭૪ **નારાચ સંઘયણ** (નામકર્મ)—જેના ઉદયથી બન્ને પાસે મર્કટબંધ હોય, એવો હાડકાનો બાંધો પ્રાપ્ત થાય તે.

૭૫ **અર્ધનારાચ સંઘયણ** (નામકર્મ)--જેના ઉદયથી એક પાસે મર્કટબંધથી બંધાયેલ હાડ હોય અને બીજે પાસે ખીલી વડે સંધાયેલ હોય એવો હાડકાનો બાંધો પ્રાપ્ત થાય તે.

૭૬ **કીલિકા સંઘયણ** ( નામકર્મ )—જેના ઉદયથી માંહોમાંહે મળેલા હાડકાંઓ ફક્ત ખીલીવડે બંધાયેલ બંધવાળાં હોય તે.

૭૭ **છેવટ્ઠુ સંઘયણ** (નામકર્મ)--જેના ઉદયથી હાડકાં પરસ્પર અડીને રહેલાં હોય તે. અથવા તેલ ચોળવા વિગેરે સેવાની અપેક્ષા રાખે તે સેવાર્ત્ત. સંઘયણ–શરીર રચવાનું બંધારણ.

૭૮ **ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન** ( નામકર્મ )—જેના ઉદયથી વડની માફક નાભિની ઉપરનું અંગ લક્ષણોયુક્ત હોય તે.

૭૯ **સાદિસંસ્થાન** ( નામકર્મ )--જેના ઉદયથી નાભિની નીચેનું અંગ સારૂં હોય પણ ઉપરનું અંગ ખરાબ હોય તે.

૮૦ **વામન સંસ્થાન** ( નામકર્મ )--જેના ઉદયથી ઉદર, હૃદય, પ્રમુખ લક્ષણોપેત હોય અને હાથ, પગ, માથું ને ડોક પ્રમાણ રહિત હોય તે. અથવા મતાન્તરે હાથ–પગ પ્રમાણોપેત હોય અને હૃદય ઉદર પ્રમાણહીન હોય તે.

૮૧ **કુબ્જ સંસ્થાન** ( નામકર્મ )--જેના ઉદયથી હાથ, પગ, માથું ને ડોક પ્રમાણસર હોય અને ઉદર, હૃદય ને પીઠ પ્રમાણ રહિત હોય તે. અથવા તેથી ઉલટું પણ મતાન્તરે આ સંસ્થાન કહેવાય છે.

૮૨ **હુંડક સંસ્થાન** ( નામકર્મ )—જેના ઉદયથી સર્વ અવયવો સંસ્થાન–આકૃતિની ઘટના પ્રમાણ વિનાના હોય તે.

**પુણ્ય તત્ત્વમાં**—૩૭ નામકર્મની ૩ આયુષ્યની ૧ વેદનીયની અને ૧ ગોત્રની એમ કુલ=૪૨ પ્રકૃતિઓ છે.

**પાપ તત્ત્વમાં**—૩૪ નામકર્મની ૧ આયુષ્યની ૧ વેદનીયની ૧ ગોત્રની ૫ જ્ઞાનાવરણીયની ૯ દર્શનાવરણીયની ૨૬ મોહનીયની અને ૫ અંતરાયની એમ કુલ=૮૨ પ્રકૃતિઓ છે.

બંધમાં ૧૨૦ પ્રકૃતિઓ હોય છે, તે ૧૨૦ પ્રકૃતિઓને અહિં પૂણ્ય પાપ એ બે રીતે વહેંચીને દર્શાવી છે. તેમાં પૂણ્યમાં શુભવર્ણ અને પાપમાં અશુભવર્ણ લીધી છે. તેથી ૧૨૦ને બદલે બન્ને મળીને ૧૨૪ પ્રકૃતિઓ થાય છે.

## પાંચમું આશ્રવ તત્ત્વ.

ઇંદિય–ઈંદ્રિય
કસાય–કષાય
અવ્વય–અવ્રતં
જોગા–યોગ
પંચ–પાંચ ચઉ–ચાર
પંચ તિન્નિ–પાંચ ત્રણ
કમા–અનુક્રમે
કિરિઆઓ–ક્રિયાઓ
પણવીસં–પચીશ ઇમા–આ
તાઓ–તે
અણુક્કમસો–અનુક્રમે

આશ્રવના બેંતાલીશ ભેદ જણાવે છે.

ઇંદિય કસાય અવ્વય, જોગા પંચ ચઉ પંચ તિન્નિ કમા—
ક્રમે કરીને ઇન્દ્રિયો ૫, કષાયો ૪, અવ્રતો ૫, યોગો ૩, મળી કુલ ૧૭ ભેદ

કિરિયાઓ પણવીસં—તથા ક્રિયાઓ ૨૫ મળીને કુલ બેંતાલીસ ભેદો થયા.

ઇમા ઉ તાઓ અણુક્કમસો ॥ ૨૧ ॥ તે ૨૫ ક્રિયાઓ અનુક્રમે આ પ્રમાણે છે.

### આશ્રવના ૪૨ ભેદ.

કર્મબંધના હેતુ તે આશ્રવ અથવા મિથ્યાત્વાદિક હેતુએ કરી કર્મનું આવવું તે **આશ્રવ** તેમજ વિશેષ રીતે કર્મબંધના હેતુઓ ઇંદ્રિય, કષાય, અવ્રત, યોગ અને ક્રિયાઓ કહેવાય છે તેના ૪૨ ભેદ છે.

ઇંદ્રિય ૫ કષાય ૪ અવ્રત ૫ યોગ ૩ ક્રિયા ૨૫ કુલ ૪૨.

| | ઇંદ્રિય | કષાય | અવ્રત | યોગ |
|---|---|---|---|---|
| ૧ | સ્પર્શ ... | ક્રોધ ... | પ્રાણાતિપાત ... | મનયોગ |
| ૨ | રસ ... | માન ... | મૃષાવાદ ... | વચનયોગ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ઘ્રાણ ... | માયા ... | અદત્તાદાન ... | કાયયોગ |
| ૪ | ચક્ષુ ... | લોભ ... | મૈથુન ... | ... |
| ૫ | શ્રોત ... | ... ... | પરિગ્રહ ... | ... |
| કુલ= | ૫ ... | ૪ ... | ૫ ... | ૩ |

૧–૫ **ઇન્દ્રિય**—આત્માને ઓળખવાનું ચિન્હ તે ઇન્દ્રિય અને તે સ્પર્શ. રસ ઘ્રાણ ચક્ષુ અને શ્રોતના ભેદે પાંચ છે.

૬–૧૦ **કષાય**—જેનાથી સંસારને લાભ થાય તે કષાય અને તે ક્રોધ માન માયા લોભના ભેદે કરીને ચાર પ્રકારે છે.

૧૧–૧૫ **અવ્રત**—પ્રમાદવડે હિંસાદિક કરવાં તે અવ્રત. પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ,

૧૫–૧૭ **યોગ**—મન વચન કાયાની પ્રવૃત્તિ તે યોગ અને તેના ત્રણ પ્રકાર છે. મનોયોગ વચનયોગ અને કાયયોગ.

**કાઇઅ**–કાયિકી
**અહિગરણીઆ**–અધિકરણિકી
**પાઉસિયા**–પ્રાદ્વેષિકી
**પારિતાવણી**–પારિતાપનિકી
**કિરિયા**–ક્રિયા
**પાણાઇવાય**–પ્રાણાતિપાતિકી
**રંભિઅ**—આરંભિકી
**પરિગ્ગહિયા**–પરિગ્રહિકી
**માયવત્તીય**–માયા પ્રત્યયિકી
**મિચ્છાદંસણવત્તી**–મિથ્યા દર્શન પ્રત્યયિકી
**અપચ્ચક્ખાણાય**–અપ્રત્યાખ્યાનિકી
**દિઠ્ઠિ**–દષ્ટિકી
**પુઠ્ઠિઅ**–સ્પૃષ્ટિકી
**પાડુચ્ચિઅ**–પ્રાતીત્યકી
**સામંતોવણીઅ**–સામંતોપનિપાતિકી
**નેસત્થિ**–નૈશસ્ત્રિકી
**સાહત્થી**–સ્વહસ્તિકી
**આણવણિ**–આજ્ઞાપનિકી
**વિઆરણિઆ**–વિદારણિકી
**અણભોગા**–અનાભોગિકી
**અણવકંખપચ્ચઇઆ**–અનવકાંક્ષા પ્રત્યયિકી
**અન્ના**–બીજી
**પઓગ**–પ્રાયોગિકી
**સમુદાણ**–સમાદાનિકી
**પિજ્જ**–પ્રેમિકી
**દોસ**–દ્વેષિકી
**ઇરિયાવહિઆ**–ઈર્યાપથિકી

**કાઇઅ અહિગરણીઆ**—૧ કાયિકી ૨ આધિકરણિકી
**પાઉસિયા પારિતાવણી કિરિયા**—૩ પ્રાદ્વેષિકી ૪ પારિતાપનિકી ક્રિયા.
**પાણાઇવાય રંભિય**—૫ પ્રાણાતિપાતિકી ૬ આરંભિકી
**પરિગ્ગહિયા માયવત્તીય ॥૨૨॥** ૭ પરિગ્રહીકી ને ૮ માયાપ્રત્યયિકી.
**મિચ્છા-દંસણ-વત્તી**—૯ મિથ્યાદર્શન પ્રત્યયિકી.
**અપચ્ચક્ખાણાય દિટ્ઠિ-પુટ્ઠિઅ**—૧૦ અપ્રત્યાખ્યાનિકી ૧૧ દષ્ટિકી ૧૨ ને સ્પૃષ્ટિકી.
**પાડુચ્ચિઅ સામંતો-વણિઅ**–૧૩ પ્રાતીત્યકી ૧૪ સામંતોપનિપાતિકી
**નેસત્થિ-સાહત્થી ॥૨૩॥** ૧૫ નૈશસ્ત્રિકી અને ૧૬ સ્વાહસ્તિકી.
**આણવણિ વિઆરણિઆ**—૧૭ આજ્ઞાપનિકી ૧૮ વિદારણિકી
**અણભોગા અણવકંખ પચ્ચઇઆ**—૧૯ અનાભોગિકી ૨૦ અનવકાંક્ષા પ્રત્યયિકી.
**અન્નાપઓગ-સમુદાણ**—૨૧ બીજી પ્રાયોગિકી ૨૨ સમાદાનિકી.
**પિજ્જ દોસેરિયાવહિઆ ॥ ૨૪ ॥** ૨૩ પ્રેમિકી ૨૪ દ્વેષિકી ઇર્યાપથિકી.

## પચ્ચીસ ક્રિયાઓ.

૧૮ **કાયિકી ક્રિયા**—કાયાને જયણાવિના પ્રવર્ત્તાવતાં જે ક્રિયા લાગે તે.
૧૯ **અધિકરણિકી ક્રિયા**–હિંસાના ઘંટી આદિ અધિકરણે (સાધનવડે) કરી જીવોના નાશ રૂપ જે ક્રિયા લાગે તે.
૨૦ **પ્રાદ્વેષિકી ક્રિયા**—જીવ અને અજીવ ઉપર દ્વેષ કરવાથી થતી ક્રિયા.
૨૧ **પારિતાપનિકી ક્રિયા**—પોતાને અને બાજાને પરિતાપ ઉપજાવવા વડે લાગે તે ક્રિયા.
૨૨ **પ્રાણાતિપાતિકી ક્રિયા**—એકેંદ્રિયાદિક [ પૃથ્વી-પાણી વિગેરે ] જીવને કે પોતાને હણવો હણાવવો તે રૂપ ક્રિયા લાગે તે.
૨૩ **આરંભિકી ક્રિયા**—ખેતી વિગેરે પૃથ્વીકાયાદિનો આરંભ કરવો કરાવવો તે રૂપ ક્રિયા.
૨૪ **પરિગ્રહિકી ક્રિયા**—ધન ધાન્યાદિક મેળવતાં અને તેના ઉપર મોહ રાખતાં જે ક્રિયા લાગે તે.

૨૫ **માયાપ્રત્યયિકી ક્રિયા**—કપટ વડે બીજાને છેતરવાથી જે ક્રિયા લાગે તે.

૨૬ **મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા**—જિન વચનની અશ્રદ્ધા કરવાથી તથા વિપરીત પ્રરૂપણા કરવાથી જે ક્રિયા લાગે તે.

૨૭ **અપ્રત્યાખ્યાનિકી ક્રિયા**—પચ્ચક્ખાણ વિગેરે નહિ કરવાથી અથવા અવિરતિવડે જે વસ્તુની ક્રિયા લાગે તે.

૨૮ **દૃષ્ટિકી ક્રિયા**—કૌતુકે કરીને રાગ ભાવે અશ્વ હાથી વિગેરે જોવાથી જે ક્રિયા લાગે તે.

૨૯ **સ્પૃષ્ટિકી [ પૃચ્છિકી ] ક્રિયા**—મોહવશ થઈ સ્ત્રી પુરૂષ, કે સુકુમાળ વસ્તુ વિગેરેને સ્પર્શ કરવાથી જે ક્રિયા લાગે તે. અથવા રાગ-પ્રેમ વિગેરેથી પ્રશ્નો પૂછવા વડે જે ક્રિયા લાગે તે પૃચ્છિકી ક્રિયા.

૩૦ **પ્રાતીત્યકી ક્રિયા**—બીજાને ઘેર હાથી ઘોડા વિગેરે દેખી ઇર્ષા કરવાથી જે ક્રિયા લાગે તે.

૩૧ **સામંતોપનિપાતિકી ક્રિયા**—પોતાના પશુ પ્રાણી વિગેરેને જોવા આવેલા લોકોને પ્રશંસા કરતા સાંભળી હર્ષ થવાથી જે ક્રિયા લાગે તે, અથવા ઘી તેલ વિગેરેનાં વાસણ ઉઘાડાં મૂકવાથી જે ક્રિયા લાગે તે.

૩૨ **નૈસૃષ્ટિકી ક્રિયા**—શેઠ રાજા વિગેરેના આદેશથી શસ્ત્રાદિ ઘડાવવાથી જે ક્રિયા લાગે તે.

૩૩ **સ્વાહસ્તિકી ક્રિયા**—શ્વાનાદિ જીવ વડે અને શસ્ત્રાદિ અજીવ વડે જીવોને મારવારૂપ પોતાને હાથે કરવાથી જે ક્રિયા લાગે તે.

૩૪ **આનયનીકી કે આજ્ઞાપનિકી ક્રિયા**—જીવ પાસે કાંઈ મંગાવવાથી જે ક્રિયા લાગે તે અથવા જીવ અજીવને આજ્ઞા કરવાથી જે ક્રિયા લાગે તે આજ્ઞાપનિકી ક્રિયા.

૩૫ **વિદારણિકી ક્રિયા**—જીવ અજીવને વિદારણ કરવાથી જે ક્રિયા લાગે તે, અથવા તો કોઇના ખોટા દુર્ગુણોને કહી તેની આબરૂને ધક્કો લગાડવાથી ક્રિયા લાગે તે.

૩૬ **અનાભોગિકી ક્રિયા**—ઉપયોગ વિના ઉઠતાં, બેસતાં, કે ચાલતાં, જે ક્રિયા લાગે તે.

૩૭ **અનવકાંક્ષા પ્રત્યયિકી ક્રિયા**—વીતરાગે કહેલી વિધિમાં અનાદર કરવાથી જે ક્રિયા લાગે તે.

૩૮ **પ્રાયોગિકી ક્રિયા**—મન, વચન, અને કાયાના દોષિત આચરણથી જે ક્રિયા લાગે તે.

૩૯ **સમાદાનિકી ક્રિયા**—જેમાં આઠે કર્મનું સમુદાયપણે ગ્રહણ થાય તેવી કોઈ પણ પાપરૂપ ક્રિયા કરવી તે.

૪૦ **પ્રેમીકિ ક્રિયા**—માયા તથા લોભવડે તેમજ બીજાને પ્રેમ ઉપજાવવાથી જે ક્રિયા લાગે તે.

૪૧ **દ્વેષિકી ક્રિયા**—ક્રોધ અને માનથી ગર્વિત વચનવડે બીજાને દ્વેષ ઉત્પન્ન થાય તેવું કરવાથી જે ક્રિયા લાગે તે.

૪૨ **ઈર્યાપથિકી ક્રિયા**—ચાલતાં પાપ લાગે તે અથવા કેવળીને માત્ર કાય યોગવડે બે સમયનો બંધરૂપ જે ક્રિયા લાગે તે.

**પ્રશ્નો**—૧-આશ્રવ તત્ત્વ એટલે શું ? તથા તેના ભેદો કેટલા ?

૨-૨૫ ક્રિયાઓ સિવાયના ૧૭ ભેદો કયા કયા ?

૩-નીચેની ક્રિયાઓ સમજાવો.

દ્વેષિકી - અનવકાંક્ષાપ્રત્યયિકી - પ્રાયોગિકી - વિદારણિકી નૈસૃષ્ટિકી-અપ્રત્યાખ્યાનિકી-પરિગ્રહિકી-અધિકરણિકી

## છટ્ઠું સંવર તત્ત્વ.

| | |
|---|---|
| **સમિઈ**—સમિતિ **ગુત્તિ**—ગુપ્તિ | **દુવીસ**—બાવીસ |
| **પરિસહ**—પરિષહ | **દસ બારસ**—દશ, બાર |
| **જઇધમ્મો**—યતિધર્મ | **પંચ**—પાંચ |
| **ભાવણા**—ભાવના | **ભેએહિં**—ભેદો વડે |
| **ચરિત્તાણિ**—ચારિત્ર | **સગવન્ના**—સત્તાવન |
| **પણ તિ**—પાંચ, ત્રણ | |

## [ સંવર તત્ત્વના સત્તાવન ભેદ. ]

**સમિઇ ગુત્તી પરિસહ**—સમિતિ, ગુપ્તિ, પરિસહ.

**જઇધમ્મો ભાવણા ચરિત્તાણિ**—યતિધર્મ, ભાવના ને ચારિત્ર.

**પણ તિ દુવીસ દસ બાર**—તેના અનુક્રમે પાંચ, ત્રણ, બાવીસ, દસ, બાર અને

**પંચભેએહિં સગવન્ના ॥ ૨૫ ॥** પાંચ ભેદો વડે સંવરના કુલ સત્તાવન ભેદ થાય છે.

## [ સંવરના ભેદો ]

જેનાથી કર્મો રોકાય તેને **સંવર** કહે છે, તે સંવર તત્ત્વ ૫૭ ભેદે છે.

| | | |
|---|---|---|
| ૫ સમિતિ | ૩ ગુપ્તિ | ૨૨ પરિષહ |
| ૧૦ યતિધર્મ | ૧૨ ભાવના | ૫ ચારિત્ર = ૫૭ |

૧ **સમિતિ**—સારી રીતે ઉપયોગ પૂર્વક મન વચન અને કાયામાં પ્રવૃત્તિ કરવી અથવા કાળજી રાખવી તે.

૨ **ગુપ્તિ**—અશુભ મન–વચન–અને કાયાને અશુભ યોગ થકી રોકવાં અને શુભ યોગમાં લાવવાં તે.

૩ **પરિસહ**—મોક્ષમાર્ગમાં સ્થિર કરવા માટે કર્મની નિર્જરા માટે સારી રીતે દુઃખોને સહન કરવા તે.

૪ **યતિધર્મ**—વિભાવ દશામાં પડતા જીવને શુદ્ધ આત્મ દશામાં ધારણ કરવા તે અર્થાત્ જેના પાલનથી સાધુતા પ્રાપ્ત થાય તે.

૫ **ભાવના**—સંવેગ ( મોક્ષ મેળવવાની ઇચ્છા ) અને વૈરાગ્ય ( સંસાર ઉપરથી મોહ ઘટાડવો ) ને માટે શુભ ભાવના કરવી તે.

૬ **ચારિત્ર**—હિંસાદિ સાવદ્ય યોગ થકી અટકીને શુદ્ધ આત્મ-દશામાં સ્થિરતા મેળવવી તે અથવા ચય–કર્મસમૂહ તેને રિત્ત–ખાલી કરે તે ચારિત્ર.

**ઇરિયા**-ઈર્યા સમિતિ
**ભાસા**-ભાષા સમિતિ
**એસણા**-એષણા સમિતિ
**આદાણે**-આદાન નિક્ષેપણા સમિતિ
**ઉચ્ચારે**-પારિષ્ઠાપનિકા
**સમિઈ**-સમિતિ
**સુ**-સારી. (ભલી)
**મણગુત્તિ**-મનગુપ્તિ
**વયગુત્તિ**-વચન ગુપ્તિ
**કાયગુત્તિ**-કાય ગુપ્તિ
**તહેવ**-તેમજ

## — સમિતિ ગુપ્તિ જણાવે છે —

**ઇરિયા-ભાસે-સણા--દાણે**-૧ ઈર્યાસમિતિ-૨ ભાષાસમિતિ-૩ એષણા સમિતિ—૪ આદાનભંડમત્તનિક્ખેવણા સમિતિ.

**ઉચ્ચારે સમિઇસુ અ**—૫-પારિષ્ઠાપનિકા સમિતિ એ પાંચ સમિતિ સારી રીતે કહી છે.

**મણગુત્તિ—વયગુત્તિ**—મનગુપ્તિ—વચનગુપ્તિ

**કાયગુત્તિ તહેવ ય ॥ ૨૬ ॥** અને તેમજ કાયગુપ્તિ

[ આ પાંચ સમિતિને ત્રણ ગુપ્તિ મળી આઠ પ્રવચન માતા કહેવાય છે. કારણકે આ આઠ પ્રવચનની રક્ષામાં માતા સદૃશ છે. ]

**ખુહા**-ક્ષુધા, ભુખ
**પિવાસા**-તરસ
**સી**-શીત. (ટાઢ)
**ઉણ્હં**-ઉષ્ણ. (તાપ)
**દંસા**-દંશ
**અચેલ**-અચેલક
**અરઇ**-અરતિ **ઇત્થિઓ**-સ્ત્રી
**ચરિઆ**-ચર્યા
**નિસીહિયા**-નૈષેધિકી
**સિજ્જા**-શય્યા
**અક્કોસ**-આક્રોશ **વહ**-વધ
**જાયણા**-યાચના
**અલાભ**-અલાભ **રોગ**-રોગ
**તણફાસા**-તૃણસ્પર્શ
**મલ**-મલ
**સક્કાર**-સત્કાર
**પરિસહા**-પરિષહ **પન્ના**-પ્રજ્ઞા
**અન્નાણ**-અજ્ઞાન
**સમ્મત્તં**-સમ્યક્ત્વ
**ઇઅ**-એ પ્રમાણે
**બાવીસ**-બાવીશ
**પરિસહા**-પરિષહ

**હવે બાવીસ પરિસહ કહે છે—**

**ખુહા પિવાસા સીઉણ્હં**—૧ ક્ષુધાપરિષહ–૨ તૃષાપરિષહ–૩ શીતપરિષહ–૪ ઉષ્ણપરિષહ.

**દંસા—ચેલા—રઇ—ત્થિઓ**—૫ દંશપરિષહ–૬ અચેલકપરિષહ–૭ અરતિપરિષહ–૮ સ્ત્રીપરિષહ.

**ચરિઆ નિસીહિયા સિજ્જા**—૯ ચર્યાપરિષહ, ૧૦ નૈષેધિકીપરિષહ, ૧૧ શય્યાપરિષહ.

**અક્કોસ વહ જાયણા ॥૨૭॥**—૧૨ આક્રોશપરિષહ, ૧૩ વધપરિષહ, ૧૪ યાચનાપરિષહ.

**અલાભ રોગ તણફાસા**—૧૫ અલાભપરિષહ, ૧૬ રોગપરિષહ, ૧૭ તૃણસ્પર્શપરિષહ.

**મલ સક્કાર પરિસહા**—૧૮ મલપરિષહ, ૧૯ સત્કારપરિષહ.

**પન્ના અન્નાણ સમ્મત્તં**—૨૦ પ્રજ્ઞાપરિષહ, ૨૧ અજ્ઞાનપરિષહ, ૨૨ સમ્યક્ત્વ પરિષહ.

**ઇઅ બાવીસ પરિસહા ॥ ૨૮ ॥**—એ પ્રમાણે બાવીશ પરિષહ છે.

| | |
|---|---|
| **ખંતી**-ક્ષમા | **બોધવ્વે**-જાણવા |
| **મદ્દવ**-માર્દવ, નમ્રતા | **સચ્ચં**-સત્ય **સોઅં**-શૌચ |
| **અજ્જવ**-સરળતા | **આકિંચણં**-અકિંચનત્વ |
| **મુત્તી**-મુક્તિ, નિર્લોભતા | **બંભં**-બ્રહ્મચર્ય |
| **તવ**-તપ **સંજમે**-સંયમ | **જઇધમ્મો**-યતિધર્મ |

**ખંતી મદ્દવ અજ્જવ**—૧ ક્ષમા, ૨ માર્દવ, ૩ આર્જવ [સરળતા] **મુત્તી તવ સંજમે અ બોધવ્વે**—૪ મુક્તિ, [નિર્લોભતા] ૫ તપ અને ૬ સંયમ જાણવો.

**સચ્ચં સોઅં આકિંચણં ચ**—૭ સત્ય, ૮ શૌચ, ૯ અકિંચનત્વ અને **બંભં ચ જઇધમ્મો ॥ ૨૯ ॥** ૧૦ બ્રહ્મચર્ય એ દશ પ્રકારે સાધુ-ધર્મ છે.

| | |
|---|---|
| પઢમં-પ્રથમ | લોગસહાવો-લોકસ્વભાવ |
| અણિચ્ચં-અનિત્ય | બોહી-બોધિ |
| અસરણં-અશરણ | દુલ્લહા-દુર્લભ |
| સંસારો-સંસાર એગયા-એકત્વ | ધમ્મસ્સ-ધર્મના |
| અન્નત્તં-અન્યત્વ | સાહુગા-સાધક |
| અસુઇત્તં-અશુચિત્વ | અરિહા-અરિહંત |
| આસવ-આશ્રવ | એઆઓ-એ |
| સંવરો-સંવર તહ-તેમજ | ભાવણાઓ-ભાવનાઓ |
| નિજ્જરા-નિર્જરા | ભાવેયવ્વા-ભાવવી |
| નવમી-નવમી | પયત્તેણં-પ્રયત્ન વડે |

**પઢમ-મણિચ્ચ-મસરણં**—પહેલી અનિત્ય ભાવના, બીજી અશરણ ભાવના.

**સંસારો એગયા ય અન્નત્તં**—ત્રીજી સંસારભાવના, ચોથી એકત્વ ભાવના અને પાંચમી અન્યત્વ ભાવના.

**અસુઈત્તં આસવ**—છઠ્ઠી અશુચિત્વ ભાવના, સાતમી આશ્રવ ભાવના.

**સંવરો ય તહ નિજ્જરા નવમી ॥ ૩૦ ॥** આઠમી સંવર ભાવના અને તેમજ નવમી નિર્જરા ભાવના.

**લોગસહાવો બોહી**—દસમી લોક સ્વભાવ ભાવના, અગ્યારમી બોધિ દુર્લભ ( સમ્યક્ત્વ પ્રાપ્તિ ) ભાવના.

**દુલ્લહા ધમ્મસ્સ સાહુગા અરિહા**—બારમી ધર્મના સાધક-અરિહંત પામવા દુર્લભ તે ( ધર્મ ભાવના ).

**એઆઓ ભાવણાઓ**—એ બાર ભાવનાઓ.

**ભાવેઅવ્વા પયત્તેણં ॥ ૩૧ ॥** પ્રયત્ન વડે ભાવવા જેવી છે.

| | |
|---|---|
| સામાઈઅ-સામાયિક | ભવે-છે બીઅં-બીજું |
| અત્થ-અહીંયાં. પઢમં-પહેલું | પરિહાર વિસુદ્ધિઅં-પરિહાર વિશુદ્ધિ |
| છેઓવટ્ઠાવણં-છેદોપસ્થાપનીય | |

**સુહુમં**-સૂક્ષ્મ **તહ**-તેમજ
**સંપરાયં**-સંપરાય
**તત્તો**-તે પછી
**અહક્ખાયં**-યથાખ્યાત
**ખાયં**-પ્રસિદ્ધ
**સવ્વંમિ**-સર્વ
**જીવલોગંમિ**-જગતમાં
**જં**-જેને **ચરિઊણ**-આચરીને
**સુવિહિઆ**-સુવિહિત સાધુ
**વચ્ચંતિ**-પામે છે
**અયરામરં**-મોક્ષ
**ઠાણં**-સ્થાનકને

**સામાઈ અત્થ પઢમં**—અહીંયા પહેલું સામાયિક ચારિત્ર,
**છેઓવટ્ઠાવણં ભવે બીઅં**—બીજું છેદોપસ્થાપનીય ચારિત્ર છે.
**પરિહારવિસુદ્ધિઅં**—ત્રીજું પરિહાર વિશુદ્ધિ ચારિત્ર.
**સુહુમં તહ સંપરાયં ચ ॥ ૩૨ ॥** તેમજ ચોથું સૂક્ષ્મ સંપરાય ચારિત્ર
**તત્તો અ અહક્ખાયં**—તે પછી પાંચમું યથાખ્યાત ચારિત્ર.
**ખાયં સવ્વંમિ જીવલોગમ્મિ**—એ સર્વ જગતમાં પ્રસિદ્ધ છે.
**જં ચરિઊણ સુવિહિઆ**—જે ચારિત્ર આચરીને સુવિહિત સાધુઓ.
**વચ્ચંતિ અયરામરં ઠાણં ॥ ૩૩ ॥** અજરામર ( મોક્ષ ) સ્થાનને પામે છે.

---

## હવે સંવરના ૫૭ ભેદોનું વિવરણ બતાવવામાં આવે છે.

### પાંચ સમિતિ.

**અરિહંત ધર્મને અનુસરી સમ્યકપ્રવૃત્તિ કરવી તે સમિતિ.**

૧ **ઈર્યા સમિતિ**—જવા આવવામાં જયણા રાખવી તે.
૨ **ભાષા સમિતિ**-દોષ રહિત વચન બોલવું તે.
૩ **એષણા સમિતિ**—૪૨ દોષ રહિત આહારાદિક લેવો તે.
૪ **આદાન નિક્ષેપણા સમિતિ**—વસ્ત્ર પાત્ર વગેરે ઉપકરણો જોઈ પ્રમાર્જીને લેવાં તથા મૂકવાં તે.
૫ **પારિષ્ઠાપનિકા સમિતિ**—મળ મૂત્ર વિગેરે જીવાકુલ ભૂમિ જોઇને પરઠવવાં તે.

[ ત્રણ ગુપ્તિ ]

યોગનો નિગ્રહ કરવો તેમજ તેમાં સારી રીતે ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ કરવી તે ગુપ્તિ.

૬ **મનોગુપ્તિ**—શુભ કે અશુભ બન્ને પ્રકારના સંકલ્પનો ત્યાગ કરવો તે અથવા અશુભ સંકલ્પનો ત્યાગ કરવો ને શુભ સંકલ્પ કરવો. આ બન્ને રીતે મનોગુપ્તિ કહેવાય છે.

૭ **વચનગુપ્તિ**—ખપ પૂરતું પાપ રહિત વચન બોલવું તે અથવા તો સર્વથા મૌન ધારણ કરવું તે.

૮ **કાય ગુપ્તિ**—કાયાના વ્યાપારનો નિયમ કરવો અથવા સર્વથા કાયયોગનો રોધ કરવો તે.

સમિતિમાં ગુપ્તિ નિયમે હોય પણ ગુપ્તિમાં સમિતિ વિકલ્પે હોય.

**ઉપરના આ આઠ ચારિત્રનો નિર્વાહ કરવામાં માતા સમાન હોવાથી તેને અષ્ટ પ્રવચન માતા કહેવામાં આવે છે.**

**બાવીસ પરિસહ**

કર્મનીનિર્જરાને માટે જે સમભાવે સહન કરવું તેને **પરિસહ** કહે છે.

૯ **ક્ષુધા પરિસહ**—ભૂખથી ઉત્પન્ન થતી વેદનાને સમભાવે સહન કરવી પણ દોષિત આહારની ઈચ્છા ન કરવી.

૧૦ **પિપાસા પરિસહ**—તૃષાથી ઉત્પન્ન થતી વેદનાને સહન કરવી પણ દોષિત જળની ઈચ્છા ન કરવી.

૧૧ **શીત પરિસહ**—ટાઢથી થતી વેદનાને સહન કરવી તે.

૧૨ **ઉષ્ણ પરિસહ**—તાપથી થતી વેદનાને સહન કરવી તે.

૧૩ **દંશ પરિસહ**—જૂ માંકડ આદિના ડંખને સમભાવે સહન કરવા તે.

૧૪ **અચેલક પરિસહ**—નવા વસ્ત્રથી હર્ષ અને જુના વસ્ત્રથી ખેદ ન કરવો તે.

૧૫ **અરતિ પરિસહ**—રોગાદિકથી મનમાં અરતિ ધારણ ન કરતાં કર્મપરિણામ વિચારી સમ પરિણામમાં રહેવું તે.

૧૬ **સ્ત્રી પરિસહ**—સ્ત્રીના હાવભાવ જોઇને તેના ઉપર મોહ ન કરતાં મનને સ્થિર કરવું તે.

૧૭ **ચર્યા પરિસહ**–ગામોગામ આળસરહિત વિહાર કરવો તે.

૧૮ **નિષદ્યા પરિસહ**–શ્મશાન, નિર્જન ઘર, વિગેરેમાં કાઉસ્સગ્ગ ધ્યાને રહેતાં સિંહાદિકના ભયથી ડરવું નહિ તે.

૧૯ **શય્યા પરિસહ**–ઉંચી નીચી ભૂમિ ઉપર સંથારો કરવાથી ઉત્પન્ન થતા દુઃખને સારીરીતે સહન કરવું તે.

૨૦ **આક્રોશ પરિસહ**—કોઇનાં ક્રોધના વચનો સાંભળીને તેના ઉપર દ્વેષ ન કરતાં સમપરિણામમાં રહેવું તે.

૨૧ **વધ પરિસહ**—કોઇપણ વધ બંધ વિગેરે કરે તો કરનાર ઉપર દ્વેષ ન કરતાં સમપરિણામમાં રહેવું તે.

૨૨ **યાચના પરિસહ**—ચક્રવર્તી વિગેરે પણ સંયમ લઇને ભિક્ષા લેવા જતાં લજ્જા ન પામે તે.

૨૩ **અલાભ પરિસહ**—ગૃહસ્થને ત્યાં કાંઈ પણ ચીજ લેવા જતાં મળે નહિ તો તેથી ખેદ ન કરે તે.

૨૪ **રોગ પરિસહ**—રોગ થકી ઉત્પન્ન થયેલી વેદનાને સારી રીતે સહન કરે તે.

૨૫ **તૃણ સ્પર્શ પરિસહ**—ડાભની શય્યાએ સૂતાં, તેની અણીનો ભાગ લાગવાથી ખેદ ધારણ ન કરે તે.

૨૬ **મલ પરિસહ**—પરસેવો, મેલ વિગેરે શરીર ઉપર ચડવાથી ગંધાય, તેથી ખેદ ધારણ ન કરે તે.

૨૭ **સત્કાર પરિસહ**–માન સત્કાર મળવાથી મનમાં અભિમાન ન લાવે તે.

૨૮ **પ્રજ્ઞા પરિસહ**——શાસ્ત્રનો સારો જાણકાર હોય તેથી પૂછેલા પ્રશ્નનો જવાબ દેવાની શક્તિ હોવાથી, લોકો બહુ માન કરે, ને તે દેખી ગર્વ ધારણ ન કરે તે.

૨૯ **અજ્ઞાન પરિસહ**—પોતે ભણે પણ ન આવડે, તેથી મનમાં દીનતા ધારણ ન કરે, પણ એમ વિચારે કે મારે જ્ઞાનાવરણીય કર્મનો ઉદય છે, તે તપ વિગેરે કરવાથી દૂર થશે તેમ વિચારે

૩૦ સમ્યક્ત્વ પરિસહ—વીતરાગે કહેલ તે સાચું જ છે, એ પ્રકારે શ્રદ્ધા રાખે પણ શાસ્ત્રની સૂક્ષ્મ વાતની સમજણ ન પડવાથી એ સાચુ હશે ? કે જુઠું હશે ? એવી શંકા ન આણે તે.

[ દસ યતિધર્મ ]

આત્મભાવ છોડીને વિભાવ દશામાં પડતા જીવને શુદ્ધ આત્મદશામાં ધારણ કરે તે યતિધર્મ.

૩૧ ક્ષમા ધર્મ—ક્રોધનો અભાવ તે ( ક્ષમા )

૩૨ માર્દવ ધર્મ—માનનો અભાવ તે ( નમ્રતા )

૩૩ આર્જવ ધર્મ—કપટ રહિતપણું તે ( સરળતા )

૩૪ મુક્તિ ધર્મ—નિર્લોભતા-લોભ રહિતપણું તે.

૩૫ તપધર્મ—ઇચ્છાનો નિરોધ કરવો તે.

૩૬ સંયમ ધર્મ—પ્રાણાતિપાતાદિક પાંચનું વિરમણ, પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ, ચાર કષાયનો જય, ને ત્રણ દંડની નિવૃત્તિ.
[ એ સત્તર પ્રકારે સંયમધર્મ જાણવો. ]

૩૭ સત્યધર્મ—સાચું બોલવું તે.

૩૮ શૌચધર્મ—હાથ પગ વિગેરે અવયવ શુદ્ધ રાખવા તથા બેંતાલીશ દોષ રહિત આહાર પાણી લેવો તે દ્રવ્ય શૌચ, અને આત્માના શુદ્ધ પરિણામ રાખવા તે ભાવ શૌચ.

૩૯ અકિંચનત્વ ધર્મ—બધા પરિગ્રહ ઉપરથી મોહ રહિત થવું તે.

૪૦ બ્રહ્મચર્ય ધર્મ—નવ પ્રકારે ઔદારિક ને નવ પ્રકારે વૈક્રિય સંબંધી એમ અઢાર પ્રકારે મૈથુનનો ત્યાગ કરવો તે.

[ બાર ભાવના ]

વૈરાગ્ય તથા ધર્મમાં નિશ્ચલતા પ્રાપ્ત કરવા ભિન્ન ભિન્ન રીતની વિચારણા તેને ભાવના કહે છે.

૪૧ અનિત્ય ભાવના—આ સંસારમાં શરીર, ધન, ધાન્ય, કુટુંબ, સર્વ વસ્તુઓ અનિત્ય છે, એવું ચિન્તવવું તે.

૪૨ **અશરણ ભાવના**—જન્મ મરણના દુઃખોથી બચવા માટે જીવને આ સંસારમાં ધર્મ શિવાય કોઈનું શરણ નથી, એવું ચિન્તવવું તે.

૪૩ **સંસાર ભાવના**—આ અનાદિ અનંત સંસારમાં માતા મરીને સ્ત્રી થાય. સ્ત્રી મરીને માતા થાય; પિતા મરીને પુત્ર થાય; પુત્ર મરીને પિતા થાય. એ પ્રકારે અસાર સંસારની વિચિત્રતા ભાવવી તે.

૪૪ **એકત્વ ભાવના**—જીવ એકલો જ ઉત્પન્ન થાય છે, ને એકલો જ મૃત્યુ પામે છે; એકલો જ કર્મ બાંધે છે અને એકલો જ કર્મ ભોગવે છે. એ પ્રકારે ચિન્તવવું તે.

૪૫ **અન્યત્વ ભાવના**—આત્મા શરીર થકી જુદો છે, શરીર અનિત્ય છે, ને હું નિત્ય છું; શરીર જડ છે, ને હું ચેતન છું. એ પ્રકારે ચિન્તવવું તે.

૪૬ **અશુચિત્વ ભાવના**—આ શરીર રૂધિર, માંસ. પરૂ વિગેરેથી ઘણુંજ અપવિત્ર છે, કારણકે નગરની ખાળ પેઠે પુરૂષના નવ દ્વારમાંથી ને સ્ત્રીના બાર દ્વારમાંથી નિરંતર અશુચિ વહ્યા કરે છે, એવું ચિન્તવવું તે.

૪૭ **આશ્રવ ભાવના**—દયા દાનાદિકે શુભ કર્મ બંધાય છે, અને વિષય કષાયાદિકે અશુભ કર્મ બંધાય છે; તેથી આત્મા મલિન થાય છે એવું ચિન્તવવું તે.

૪૮ **સંવર ભાવના**—સમિતિ ગુપ્તિ આદિ પાળવાથી આશ્રવનો નિરોધ થાય છે, એમ ચિન્તવવું તે.

૪૯ **નિર્જરા ભાવના**—બાર પ્રકારના તપવડે કર્મનો ધીમે ધીમે ક્ષય થાય છે, એવું ચિન્તવવું તે.

૫૦ **લોક સ્વભાવ ભાવના**—કેડ ઉપર હાથ મૂકી, બે પગ પહોળા કરી, ઉભા રહેલ પુરૂષના આકારે ધર્માસ્તિકાયાદિ

છ દ્રવ્યોથી ભરેલા આ ચૌદ રાજલોકનું સ્વરૂપ ઉત્પત્તિ સ્થિતિ અને નાશના સ્વભાવવાળું છે તેમ વિચારવું તે.

૫૧ **બોધિ દુર્લભ ભાવના**—આ અનાદિ સંસારમે વિષે ચારે ગતિમાં ભ્રમણ કરતાં, પૂન્યના ઉદયથી મનુષ્ય જન્મ, આર્ય દેશ, ઉત્તમ કુળ, નિરોગી શરીર, અને ધર્મ સાંભળવાની સામગ્રી વિગેરે મળી શકે છે, પરંતુ જીવને સમ્યગ્દર્શન પામવું એ ઘણું દુર્લભ છે; એવું ચિન્તવવું તે.

૫૨ **ધર્મભાવના**—આ દુઃખે તરાય એવા સંસાર સમુદ્રમાંથી તારવાને વહાણ સમાન શ્રી વીતરાગે કહેલો શુદ્ધધર્મ પામવો તે દુર્લભ છે. તથા તેમના સાધક અરિહંતાદિ ભગવાનોનો યોગ પામવો તે અતિ દુર્લભ છે, એવું ચિંતવવું તે.

આ બાર ભાવના ઉપરાંત મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, અને માધ્યસ્થ એ ચાર ભાવનાઓ તથા દરેક મહાવ્રતની ૫-૫ ભાવનાઓ હોવાથી ૨૫ ભાવનાઓ છે.

૧ **મૈત્રી**—સર્વ જીવોની સાથે મિત્રતા રાખવી.

૨ **પ્રમોદ**—ગુણી મનુષ્યોના ગુણ દેખી હર્ષ પામવો.

૩ **કારુણ્ય**—દરેક દુઃખી જીવો ઉપર દયા રાખવી.

૪ **માધ્યસ્થ્ય**—અજ્ઞાની અથવા મૂઢ પ્રાણિઓ ઉપર મધ્યસ્થપણું રાખવું.

૫૩ **સામાયિક ચારિત્ર**—સમ=રાગદ્વેષ રહિતપણું. આય=લાભ જેમાં રાગદ્વેષના રહિતપણાનો લાભ થાય છે, તેને સામાયિક ચારિત્ર કહે છે. તે બે પ્રકારે છે.

૧–દેશવિરતિ–સાવદ્ય યોગની કેટલેક અંશે વિરતિ તે.

૨–સર્વવિરતિ–સર્વ પ્રકારે વિરતિ હોય તે.

૫૪ **છેદોપસ્થાપનીય**—પૂર્વના પર્યાયોને ( કાચી દીક્ષા ) છેદી પંચમહાવ્રતરૂપ ચારિત્ર ( વડીદીક્ષા ) લેવું તે. તેના બે ભેદ.

૧–સાતિચાર–મહાવ્રતનો ભંગ થવાથી ફરીથી દીક્ષા આપવી.

૨-નિરતિચાર-નવ દીક્ષિત શિષ્ય છ-જીવણીયા અધ્યયન ભણ્યા પછી વડી દીક્ષા લે તે, અથવા પાર્શ્વનાથના તીર્થના સાધુ. કેશી ગણધરાદિકની જેમ ચાર મહાવ્રતમાંથી મહાવીર સ્વામીના તીર્થે આવી પાંચ મહાવ્રત રૂપ ધર્મને અંગીકાર કરે તે નિરતિચાર.

૫૫ [1]**પરિહાર વિશુદ્ધિ**—વિશેષ તપ કરવાથી ચારિત્રની શુદ્ધિ કરવી તે.

૫૬ **સૂક્ષ્મ સંપરાય**—જ્યાં સૂક્ષ્મ કષાયનો ઉદય હોય છે તે ચારિત્રને તથા દસમા ગુણઠાણાને સૂક્ષ્મ સંપરાય કહે છે.

૫૭ **યથાખ્યાત**--જ્યાં સર્વથા કષાયના ઉદયનો અભાવ હોય તે. ઔપશમિકને અગ્યારમે ગુણઠાણે, ક્ષાયિક છદ્મસ્થને બારમે ગુણઠાણે ને કેવલીને તેરમે-ચૌદમે ગુણઠાણે યથાખ્યાત ચારિત્ર હોય છે.

અત્યારે ભરત અને ઐરવત ક્ષેત્રમાં પહેલાંના બે ચારિત્ર હોય છે, પછીનાં ત્રણ ચારિત્ર નથી. [ નાશ થયા છે. ]

---

૧-નવ સાધુનો ગચ્છ નિકળે, તેમાંથી ચાર સાધુ તપસ્યા કરે અને ચાર સાધુ વૈયાવચ્ચ કરે ને એકને આચાર્ય સ્થાપે, એ પ્રકારે છ માસ સુધી તપસ્યા કરે; પછીથી વૈયાવચ્ચ કરનાર ચાર સાધુ તપસ્યા કરે ને તપસ્યા કરનાર વૈયાવચ્ચ કરે, તે પણ ઉપર પ્રમાણે છ માસ સુધી. પછીથી આચાર્ય છ માસ સુધી તપસ્યા કરે સાત જણ વૈયાવચ્ચ કરે ને એકને આચાર્ય સ્થાપે. એ પ્રકારે અઢાર માસ સુધી તપસ્યા કરે તેવા ચારિત્રને **પરિહાર વિશુદ્ધિ** ચારિત્ર જાણવું.

આ તપ ઉનાળામાં જઘન્યથી ૧ ઉપવાસ મધ્યમથી ૨ અને ઉત્કૃષ્ટથી ૩, શિયાળામાં ૨-૩-૪ ઉપવાસ અને ચોમાસામાં ૩-૪-૫ ઉપવાસ કરે, પારણે આયંબીલ કરે, વૈયાવચ્ચ કરનાર હંમેશાં આયંબિલ કરે. આ તપનો આદરનાર તીર્થંકર ભગવાનનો શિષ્ય હોય અથવા તિર્થંકર ભગવાનના હસ્ત દીક્ષિતનો શિષ્ય હોય અને એ-ઓના આચાર વિગેરેની રિતિ મૂખ્યત્વે જિનકલ્પસદૃશ હોય છે.

# સાતમું નિર્જરા તત્ત્વ.

કર્મનો તપ ધ્યાન વિગેરે દ્વારા નાશ થાય તેને નિર્જરા કહે છે.

છ પ્રકારના બાહ્ય અને છ પ્રકારના અભ્યંતર તપવડે બાર પ્રકારની નિર્જરા થાય છે. અથવા

નિર્જરાના બે ભેદ–૧ સકામ અને અકામ.
૧ દ્રવ્ય અને ૨ ભાવ.

૧ **સકામ**—ઇચ્છાપૂર્વક કષ્ટ સહન કરવું તે.
૨ **અકામ**—ઇચ્છા વિના કષ્ટ સહન કરવું તે.
૩ **દ્રવ્ય નિર્જરા**—જેમાં કષ્ટ ઘણું અને લાભ થોડો.
૨ **ભાવ નિર્જરા**—જેમાં કષ્ટ થોડું અને લાભ ઘણો થાય તે.
[ શુદ્ધ ચારિત્ર ]

| | |
|---|---|
| **અણસણં**-અનશન | **કાયકિલેસો**-કાય કલેશ |
| **ઊણોઅરિયા**-ઉણોદરિકા | **સંલીણયા**-સંલીનતા |
| **વિત્તીસંખેવણં**-વૃત્તિ સંક્ષેપ | **બજ્ઝો**-બાહ્ય |
| **રસચ્ચાઓ**-રસત્યાગ | **તવો**-તપ **હોઇ**-છે |

**અણસણ-મૂણોઅરિયા**—૧ અનશન તપ, ૨ ઉનોદરિકા તપ,
**વિત્તીસંખેવણં રસચ્ચાઓ**—૩ વૃત્તિ સંક્ષેપ તપ, ૪ રસત્યાગ તપ.
**કાયકિલેસો સંલીણયા**—૫ કાયકલેશ તપ, ૬ સંલીનતા તપ.
**ય બજ્ઝો તવો હોઇ ॥ ૩૪ ॥** એ છ પ્રકારે બાહ્ય તપ છે.

| | |
|---|---|
| **પાયચ્છિત્તં**-પ્રાયશ્ચિત્ત | **ઝાણં**-ધ્યાન |
| **વિણઓ**-વિનય | **ઉસ્સગ્ગો**-કાયોત્સર્ગ **વિ**-પણ |
| **વેયાવચ્ચં**-વૈયાવૃત્ય | **અબ્ભિંતરઓ**-અભ્યંતર |
| **તહેવ**-તેમજ | **તવો**-તપ **હોઇ**-છે |
| **સજ્ઝાઓ**-સ્વાધ્યાય | |

**પાયચ્છિત્તં વિણઓ**—૧ પ્રાયશ્ચિત તપ ૨ વિનય તપ.
**વેયાવચ્ચં તહેવ સજ્ઝાઓ**—૩ વૈયાવૃત્ય તેમજ ૪ સ્વાધ્યાય તપ.
**ઝાણં ઉસ્સગ્ગો વિ અ**—૫ ધ્યાન અને વળી ૬ કાઉસ્સગ્ગ તપ.
**અબ્ભિંતરઓ તવો હોઇ ॥૩૫॥** એ ૭ પ્રકારે અભ્યંતર તપ છે.

---

## નિર્જરા તત્ત્વના ૧૨ ભેદ.

### ૭ બાહ્યતપ.

૧ **અનશન તપ**—ચારે પ્રકારના આહારનો થોડા અથવા ઘણા વખત સુધી ત્યાગ તે.

૨ **ઉણોદરિકા તપ**—પુરૂષોનો ૩૨ કોળીયા અને સ્ત્રીઓનો ૨૮ કોળીયા આહાર હોય તેમાંથી એક બે કોળીયા ઓછું ખાવું તે.

૩ **વૃત્તિ સંક્ષેપ**—ખાવા-પીવાની તથા બીજી વપરાતી ચીજોમાં ઘટાડો કરવો અથવા ૧૪ નિયમ ધારવા તે.

૪ **રસ ત્યાગ**—દૂધ, દહીં, ઘી વિગેરે ૭ વિગઇઓમાંથી એકેક કે અધિકનો ત્યાગ કરવો તે.

૫ **કાય કલેશ**—લોચ, કાઉસ્સગ્ગ વિગેરે વડે કાયાને દમવી તે.

૬ **સંલીનતા**—વિષયવાસના રોકવી અથવા અંગોપાંગ સંકોચી રાખવા તે.

### ૭ અભ્યંતર તપ

૭ **પ્રાયશ્ચિત્ત**—લાગેલા દોષની ગુરૂ પાસે આલોયણ લેવી તે. જેનાથી પાપ છેદાય તે પ્રાયશ્ચિત્ત.

૮ **વિનય તપ**—જ્ઞાની અને જ્ઞાનનો વિનય કરવો તે.

૯ **વૈયાવૃત્ય તપ**—આચાર્યાદિક દસની સેવા ભકિત કરવી તે.

૧૦ **સ્વાધ્યાય તપ**—વાચના[1] પૃચ્છના[2] પરાવર્તના[3] અનુપ્રેક્ષા અને ધર્મકથા[5] એ પાંચ પ્રકારે ધર્મનો અભ્યાસ કરવો.

૧૧ **ધ્યાન**—આર્ત અને રૌદ્ર ધ્યાન છોડીને ધર્મધ્યાન અને શુક્લ-ધ્યાન ધ્યાવવાં તે

૧૨ **કાયોત્સર્ગ**—કર્મના ક્ષય માટે કાઉસ્સગ્ગ કરવો તે.

## આઠમું બંધતત્ત્વ.

**બારસવિહં**-બાર પ્રકારે
**તવો**-તપ **નિજ્જરા**-નિર્જરા
**બંધો**-બંધતત્વ **ચઉ**-ચાર
**વિગપ્પો**-ભેદે, (પ્રકારે)
**પયઇ**-પ્રકૃતિ **ઠિઇ**-સ્થિતિ
**અણુભાગ**-રસ
**પએસ**-પ્રદેશના
**ભેએહિં**-ભેદ વડે
**નાયવ્વો**-જાણવો
**પયઇ**-પ્રકૃતિ **સહાવો**-સ્વભાવ
**વુત્તો**-જાણવો
**ઠિઈ**-સ્થિતિ **કાલ**-કાળનો
**અવહારણં**- નિશ્ચય
**અણુભાગો**-અનુભાગ
**રસો**-રસ **ણેઓ**-જાણવો
**પએસો**-પ્રદેશ
**દલ**-અણુઓનો
**સંચઓ**-સમૂહ

**બારસવિહં તવો નિજ્જરા ય**—બાર પ્રકારનો તપ એ નિર્જરા-તત્ત્વ છે. અને

**બંધો ચઉ વિગપ્પો અ**—બંધ તત્ત્વ ચારે પ્રકારે છે.

**પયઈ-ઠિઈ-અણુભાગ**—૧ પ્રકૃતિબંધ, ૨ સ્થિતિબંધ, ૩ અનુભાગ બંધ અને

**પએસ--ભેએહિં નાયવ્વો ॥ ૩૬ ॥** ૪ પ્રદેશબંધ એમ ચાર ભેદ વડે જાણવો.

**પયઇ સહાવો વુત્તો**—પ્રકૃતિબંધ એટલે કર્મનો સ્વભાવ જાણવો.

**ઠિઈ કાલાવહરણં**—સ્થિતિબંધ એટલે કર્મના કાળનો નિયમ.

**અણુભાગો રસો ણેઓ**—અનુભાગ એટલે કર્મનો રસ જાણવો.

**પએસો દલસંચઓ ॥૩૭॥** પ્રદેશ એટલે કર્મના અણુઓનો સમૂહ.

---

૧ ભણવું. ૨ શંકા દૂર કરવી. ૩ ભણેલું સંભાળવું. ૪. અર્થનું ચિંતવન કરવું. ૫ ધર્મનો ઉપદેશ કરવો.

## બંધતત્ત્વ અને તેના ચારપ્રકાર

આત્માનો કર્મની સાથે ક્ષીર નીરની પેઠે સંબંધ થવો તેને બંધ કહે છે. બંધ ચાર પ્રકારે છે. પ્રકૃતિબંધ સ્થિતિબંધ રસબંધ અને પ્રદેશબંધ તે ચારે પ્રકાર લાડુના દૃષ્ટાન્તથી સમજાવે છે.

જેમ સુંઠ વિગેરે વસ્તુથી બનેલો લાડુ સ્વભાવથી વાયુનું હરણ કરે છે. તેમ જ્ઞાનાવરણીય કર્મનો સ્વભાવ જ્ઞાનને આવરે છે. દર્શનાવરણીય કર્મનો સ્વભાવ દર્શનને આવરે છે. એ **પ્રકૃતિબંધ** જાણવો.

જેમ તે લાડુ ૫ દિવસ ૧૦ દિવસ કે માસ સુધી રહે અને પછી વર્ણ-ગંધ-રસ-સ્પર્શનો ફેરફાર થવાથી બગડી જાય, તેમ કોઈ કર્મ ઉત્કૃષ્ટથી ૨૦ ૩૦ કે ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ સુધી, જઘન્યથી મુહૂર્ત કે અંતમુહૂર્ત સુધી રહી પછી નાશ પામે તે **સ્થિતિબંધ** જાણવો.

કોઈ લાડુમાં ઘી ગોળ વિગેરે ઘણાં હોય અને કોઈમાં થોડાં હોય, તેવીજ રીતે કોઈ કર્મનો રસ તીવ્ર કે મંદ એમ ઓછા વધતા પ્રમાણમાં હોય તે **રસબંધ** જાણવો.

કોઈ લાડુ થોડાં પુદ્ગલ પરમાણુનો બનેલો હોય કે કોઈ વધુ પરમાણુનો બનેલો હોય તેવીજ રીતે કોઇ કર્મમાં થોડા પ્રદેશો હોય, અને કોઇમાં વધારે પ્રદેશ હોય તે **પ્રદેશબંધ** જાણવો.

| | |
|---|---|
| **પડ**-પાટો **પડિહાર**-પોળીઓ | **જહ**-જેમ |
| **અસિ**-તરવાર | **એએસિં**-એ (વસ્તુઓ)નાં |
| **મજ્જ**-મદિરા, દારૂ | **ભાવા**-સ્વભાવો |
| **હડ**-હેડ, બેડી **ચિત્ત**-ચિતારો | **કમ્માણવિ**-કર્મોના પણ |
| **કુલાલ**-કુંભાર | **જાણ**-સમજ **તહ**-તેમજ |
| **ભંડગારીણં**-ભંડારી | **ભાવા**-સ્વભાવોને |

**પડ-પડિહાર-સિ-મજ્જ**—આંખના પાટા સમાન જ્ઞાનાવરણીય કર્મ, પોળીઆ સમાન દર્શનાવરણીય, મધથી લેપાયેલી

તરવારની ધારને ચાટવા જેવું વેદનીય, મદિરા ( દારૂ ) જેવું મોહનીય.

**૯૬–ચિત્ત–કુલાલ–ભંડગારીણં**—બેડી સમાન આયુષ્ય કર્મ, ચિતારા સમાન નામકર્મ, કુંભારના બનાવેલ ઘડા સમાન ગોત્રકર્મ, ભંડારી સમાન અંતરાય કર્મ છે.

**જહ એએસિં ભાવા**—જેમ એઓના સ્વભાવો છે.

**કમ્માણ વિ જાણ તહ ભાવા ॥ ૩૮ ॥** તેમ આઠ કર્મોના પણ સ્વભાવોને સમજવા.

**ઇહ**–એ પ્રમાણે
**નાણ**–જ્ઞાનાવરણીય
**દંસણ**–દર્શન
**આવરણ**–આવરણીય
**વેય**–વેદનીય **મોહ**–મોહનીય
**આઉ**–આયુષ્ય
**નામ**–નામ ( કર્મ )
**ગોઆણિ**–ગોત્ર
**વિગ્ઘં**–અંતરાય
**પણ નવ**–પાંચ, નવ **દુ**–બે
**અટ્ઠવીસ**–અટ્ઠાવીશ
**ચઉ**–ચાર
**તિસય**–એકસો ત્રણ
**પણવિહં**–પાંચ પ્રકારે

**ઇહ નાણ-દંસણાવરણ**—એ પ્રમાણે જ્ઞાનાવરણીય–દર્શનાવરણીય.

**વેય–મોહાઉ–નામ–ગોઆણિ**—વેદનીય, મોહનીય, આયુષ્ય, નામકર્મ, ગોત્રકર્મ.

**વિગ્ઘં ચ નવ દુ**—અને અંતરાય એ આઠ કર્મની પ્રકૃતિ અનુક્રમે પાંચ–નવ–બે

**અટ્ઠવીસ ચઉ તિસય દુ પણવિહં ॥ ૩૯ ॥** અટ્ઠાવીસ–ચાર એકસોત્રણ–બે અને પાંચ પ્રકારે છે.

**નાણે**–જ્ઞાનાવરણીય
**દંસણાવરણે**–દર્શનાવરણીયને
**વેઅણિએ**–વેદનીય [ વિષે
**ચેવ**–નિશ્ચયે
**અંતરાએ**–અંતરાયને વિષે
**તીસં**–ત્રીશ
**કોડાકોડી**–કોડાકોડી
**અયરાણ**–સાગરોપમની

| | |
|---|---|
| **ઠિઈ**–સ્થિતિ | **ગોએસુ**–ગોત્રને વિષે |
| **ઉક્કોસા**–ઉત્કૃષ્ટથી | **તિત્તીસં**–તેત્રીસ |
| **સત્તરિ**–સિત્તેર | **અયરાઇં**–સાગરોપમ |
| **કોડાકોડી**–કોડાકોડી | **આઉ**–આયુષ્યની |
| **મોહણીએ**–મોહનીયને વિષે | **ઠિઇબંધ**–સ્થિતિબંધ |
| **વીસ**–વીશ **નામ**–નામ | **ઉક્કોસા**–ઉત્કૃષ્ટથી |

**નાણે અ દંસણાવરણે**—જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયને વિષે, **વેઅણીએ ચેવ અંતરાએ અ**—વેદનીય અને અંતરાય કર્મને વિષે નિશ્ચયે.

**તીસં કોડાકોડી**—ત્રીસ કોડાકોડી.

**અયરાણું ઠિઇ ઉક્કોસા ॥ ૪૦ ॥** સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

**સત્તરિ કોડાકોડી**—સીતેર કોડાકોડી સાગરોપમની સ્થિતિ

**મોહણીએ વીસ નામ ગોએસુ**—મોહનીય કર્મને વિષે છે. વળી નામ અને ગોત્રને વિષે વીસ કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે.

**તિત્તીસં અયરાઈં**—તેત્રીસ સાગરોપમ.

**આઉઠિઇ-બંધ ઉક્કોસા ॥ ૪૧ ॥** આયુષ્ય કર્મની સ્થિતિનો બંધ ઉત્કૃષ્ટથી છે.

| | |
|---|---|
| **બારસ**–બાર | **ગોએસુ**–ગોત્રને વિષે |
| **મુહૂત્ત**-મુહૂર્ત સુધી | **સેસાણ**–બાકીનાની |
| **જહન્ના**–જઘન્ય | **અંતમુહૂત્તં**–અંતર્મુહૂર્ત |
| **વેયણીએ**-વેદનીયની | **એયં**–એ **બંધ**–બંધની |
| **અટ્ઠ**–આઠ ( મુહૂર્ત ) | **ઠિઈ**–સ્થિતિનું |
| **નામ**–નામ | **માણં**–પ્રમાણ |

**બારસ મુહુત્ત જહન્ના**—બાર મુહૂર્તની જઘન્ય સ્થિતિ.

**વેયણિએ અટ્ઠ નામ-ગોએસુ**—વેદનીય કર્મની છે. નામ અને ગોત્ર કર્મની આઠ મુહૂર્તની જઘન્ય સ્થિતિ છે.

**સેસાણં-તમુહુત્તં**--બાકીનાંની (પાંચ કર્મની જઘન્ય સ્થિતિ) અંતર્મુહૂર્તની છે.

**એયં બંધ-ઠિઇ-માણં** ॥ ૪૨ ॥ એ બંધની સ્થિતિનું પ્રમાણ કહ્યું.

**પ્રશ્નો**-૧ આઠ કર્મોના શાસ્ત્રમાં કેવા કહ્યા છે ? શા માટે ?

૨ આઠ કર્મોને વધારેમાં વધારે અને ઓછામાં ઓછી બંધની કેટલી સ્થિતિ હોય ?

૩ બીજા-ચોથા-છઠ્ઠા ને આઠમા કર્મોના ભેદ કેટલા છે ?

**—: આઠ કર્મો : —**

| | આઠ કર્મ | ભેદ | ઉત્કૃષ્ટ સ્થિતિ | જઘન્ય સ્થિતિ |
|---|---|---|---|---|
| ૧ | જ્ઞાનાવરણીય | ૫ | ૩૦ કોડાકોડી સાગરોપમ | અંતર્મુહૂર્ત |
| ૨ | દર્શનાવરણીય | ૯ | ૩૦ ,, ... ,, | ... ,, |
| ૩ | વેદનીય | ૨ | ૩૦ ,, ... ,, | ૧૨ મુહૂર્ત |
| ૪ | મોહનીય | ૨૮ | ૭૦ ,, ... ,, | ... અંતર્મુહૂર્ત |
| ૫ | આયુષ્ય | ૪ | ૩૩ સાગરોપમ | ક્ષુલ્લકભવ |
| ૬ | નામકર્મ | ૧૦૩ | ૨૦ કોડાકોડી ,, | ૮ મુહૂર્ત |
| ૭ | ગોત્રકર્મ | ૨ | ૨૦ ,, ... ,, | ,, ,, |
| ૮ | અંતરાય | ૫ | ૩૦ કોડાકોડી ,, | અંતર્મુહૂર્ત |

કુલ = ૧૫૮ ભેદ છે.

**જ્ઞાનાવરણીય**--આ કર્મનો સ્વભાવ પાટા જેવો છે. જેમ ઘણા કે ઓછા પાટાથી આંખનું તેજ અનુક્રમે ઓછું કે વધતું થાય છે, તેમ જ્ઞાનના ઘણાં કે થોડાં આવરણોથી જીવને ઓછું વધતું જ્ઞાન થાય છે. તે જ્ઞાનાવરણીય

**દર્શનાવરણીય**—આ કર્મનો સ્વભાવ પોળીયા જેવો છે. જેમ પોળીયાથી રોકાયેલો માણસ રાજાને જોઇ શકે નહિ, તેમ દર્શનાવરણીય કર્મથી જીવ છતી વસ્તુઓને જોઈ શકે નહિ.

**વેદનીય**-કર્મનો સ્વભાવ મધથી લેપાયેલ તરવારની ધારને ચાટવા જેવો છે. જેમ તરવારની ધારને ચાટતાં સુખ થાય પણ જીભ કપાય ત્યારે દુઃખ થાય તેમ વેદનીય કર્મના ઉદયથી જીવને સુખ અને કર્મજનિત આસક્તિ તેમજ સંકલેશથી દુઃખ થાય છે.

**મોહનીય**-આ કર્મનો સ્વભાવ મદિરા જેવો છે. જેમ મદિરા પીનાર પોતાનું ભાન ભૂલે છે તેમ મોહનીય કર્મના ઉદયથી જીવને હિતાહિતનું ભાન રહેતું નથી.

**આયુષ્ય**-આ કર્મનો સ્વભાવ બેડીના જેવો છે. જેમ બેડીમાં પડેલો મનુષ્ય તેની મુદ્દત પૂરી થયા વિના છુટી શકતો નથી, તેમ આયુષ્ય કર્મની મુદત પૂરી થયા વિના જીવ નીકળી શકતો નથી.

**નામ**-આ કર્મનો સ્વભાવ ચિતારા જેવો છે. જેમ ચિતારો અનેક પ્રકારનાં ચિત્રો ચિતરે છે તેમ નામકર્મના ઉદયથી જીવ પણ અનેક ભવ રૂપી રૂપ (ચિત્ર) કરે છે.

**ગોત્ર**-આ કર્મનો સ્વભાવ કુંભાર જેવો છે. જેમ કુંભાર સારા કામ માટે અને મદિરા ભરવા માટે ઘડો બનાવે છે, તેમાં પહેલો પૂજનીય અને બીજો નિંદનીય થાય છે. તેમ ઉંચ ગોત્રમાં ઉત્પન્ન થવાથી જીવ પૂજાને પામે છે અને નીચ ગોત્ર કુલમાં ઉત્પન્ન થવાથી જીવ નિંદાને પામે છે.

**અંતરાય**-આ કર્મનો સ્વભાવ ભંડારી જેવો છે, જેમ ભંડારી વિપરીત થવાથી રાજા દાન વિગેરે આપી શકતો નથી, તેમ અંતરાય કર્મના ઉદયથી જીવ પણ દાનવિગેરે કરી શકતો નથી.

## નવમું મોક્ષ તત્ત્વ.

સકલ કર્મનો ક્ષય તે મોક્ષ, જગતના તમામ સુખોથી અનંત ગણું સુખ મોક્ષમાં હોય છે.

| | |
|---|---|
| **સંતપય**-છતા પદની | **કાલો**-કાલ **અંતરં**-અંતર |
| **પરૂવણયા**-પ્રરુપણા | **ભાગ**-ભાગ **ભાવે**-ભાવ |
| **દવ્વપમાણં**-દ્રવ્ય પ્રમાણ | **અપ્પાબહુ**-અલ્પબહુત્વ |
| **ખિત્ત**-ક્ષેત્ર **ફુસણા**-સ્પર્શના | **ચેવ**-અને નિશ્ચે |

**સંતપય-પરુવણયા**—૧ છતા પદની પ્રરુપણા દ્વાર.

**દવ્વ-પમાણં ચ ખિત્ત ફુસણા ય**—૨ દ્રવ્ય પ્રમાણ-૩ ક્ષેત્ર અને ૪ સ્પર્શના દ્વાર.

**કાલો અ અંતર ભાગ**—૫ કાલ-૬ અંતર અને ૭ ભાગ દ્વાર.

**ભાવે અપ્પાબહુ ચેવ ॥ ૪૩ ॥**—૮ ભાવ અને નિશ્ચે ૯ અલ્પ બહુત્વ દ્વાર [ એમ નવ દ્વારદ્વારા નવ ભેદ મોક્ષતત્ત્વના છે. ]

## મોક્ષતત્ત્વના નવ ભેદ.

૧ **સત્પદ પ્રરુપણા દ્વાર**—મોક્ષપદ વિદ્યમાન છે; એવી પ્રરુપણા કરવી તે.

૨ **દ્રવ્ય પ્રમાણ દ્વાર**—સિદ્ધનાં જીવ દ્રવ્યથી કેટલા છે, એમ વિચારવું તે.

૩ **ક્ષેત્રદ્વાર**—સિદ્ધના જીવ કેટલા ક્ષેત્રમાં રહેલ છે, એમ વિચારવું તે.

૪ **સ્પર્શના દ્વાર**—સિદ્ધના જીવો કેટલા આકાશ પ્રદેશને સ્પર્શીને રહેલા છે, એવું વિચારવું તે.

૫ **કાલ દ્વાર**—સિદ્ધના જીવોની સ્થિતિ આદિ અનંત છે એમ વિચારવું તે.

૬ **અંતર દ્વાર**—સિદ્ધના જીવોને પરસ્પર કેટલું અંતર છે એમ વિચારવું તે.

૭ **ભાગ દ્વાર**—સિદ્ધના જીવો સંસારી જીવોના કેટલામે ભાગે છે, એમ વિચારવું તે.

૮ **ભાવ દ્વાર**—સિદ્ધના જીવો પાંચ ભાવમાંથી કયે ભાવે રહેલા છે, એમ વિચારવું તે.

૯ **અલ્પબહુત્વ દ્વાર**—પંદર ભેદે થયેલ સિદ્ધમાંથી કોણ વધારે અને કોણ ઓછા છે, એમ વિચારવું તે.

| | |
|---|---|
| **સંતં**-છતું | **અસંતં**-અછતું |
| **સુદ્ધપયત્તા**-શુદ્ધપદ પણાથી | **મુક્ખત્તિ**-મોક્ષ એ **પયં**-પદ |
| **વિજ્જંતં**- વિદ્યમાન | **તસ્સ** ઉ-તેની વળી |
| **ખકુસુમ**-આકાશના ફુલની | **પરુવણા**-પ્રરુપણા |
| **વ્વ**-પેઠે, જેમ **ન**-નથી | **મગ્ગણાઇહિં**-માર્ગણાઓ વડે |

**સંતં સુદ્ધપયત્તા**—શુદ્ધપદપણું હોવાથી મોક્ષ છતું એટલે.

**વિજ્જંતં ખ કુસુમવ્વ ન અસંતં**—વિદ્યમાન છે, પરંતુ આકાશના ફુલની પેઠે અછતું નથી. ( કારણ કે )

**મુક્ખત્તિ પયં તસ્સ** ઉ—મોક્ષ એ એક પદ છે. તેની ( મોક્ષની ) વળી.

**પરુવણા મગ્ગણાઇહિં ॥ ૪૪ ॥** પ્રરુપણા માર્ગણાઓ વડે થાય છે.

ગતિ વિગેરે ૬૪ ભેદો દ્વારા વિચાર કરવો તે **માર્ગણા.**

તેમાં માર્ગણા દ્વારની મૂળ માર્ગણા ચૌદ અને ઉત્તર માર્ગણા બાસઠ છે

| | |
|---|---|
| **ગઈ**-ગતિ **ઇંદિય**-ઇંદ્રિય | **સન્નિ**-સંજ્ઞી |
| **કાએ**-કાય **જોએ**-યોગ | **અહક્ખાય**-યથાખ્યાત |
| **વેએ**-વેદ **કસાય**-કષાય | **ખઇઅ**-ક્ષાયિક |
| **નાણે**-જ્ઞાન **સંજમ**-સંયમ | **સમત્તે**-સમ્યક્ત્વ |
| **દંસણ**-દર્શન **લેસા**-લેશ્યા | **મુક્ખો**-મોક્ષ |
| **ભવ**-ભવ્ય **સમ્મે**-સમકિત | **અણાહાર**-અણહારી |
| **સન્નિ**-સંજ્ઞી **આહારે**-આહાર | **કેવલ**-કેવળ |
| **નરગઈ**-મનુષ્ય ગતિ | **દંસણ**-દર્શન |
| **પણિંદિ**-પંચેંદ્રિય જાતિ | **નાણે**-કેવળજ્ઞાન **ન**-નથી |
| **તસ**-ત્રસકાય **ભવ**-ભવ્ય | **સેસેસુ**-બાકીનીને વિષે |

**ગઈ ઇંદિયકાએ**—૧ ગતિમાર્ગણા [ દેવ, મનુષ્ય, નારકી, તિર્યંચ ] ૨ ઈંદ્રિય માર્ગણા [ તે એકંદ્રિય બેઈંદ્રિય તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, પંચેંદ્રિય ] ૩ કાય માર્ગણા [ તે પૃથ્વિકાય અપ્કાય તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય ]

**જોએ વેએ કસાય નાણે ય**—૪ યોગ માર્ગણા [ તે મન-વચન-કાયા ] ૫ વેદ માર્ગણા [ પુરૂષવેદ સ્ત્રીવેદ ને નપુંસકવેદ એમ ત્રણ ] ૬ કષાય માર્ગણા [ક્રોધ માન, માયા, લોભ એ રીતે ચાર પ્રકાર છે] ૭ જ્ઞાન માર્ગણા [ મતિ શ્રુત અવધિ મનઃપર્યવ અને કેવળ તથા મત્યાદિ ત્રણ અજ્ઞાન એમ આઠ પ્રકાર છે. ]

**સંજમ દંસણ લેસા**—૮ સંયમ માર્ગણા [ તે સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત, દેશવિરતિ ને અવિરતિ] ૯ દર્શન-માર્ગણા [તે ચક્ષુ-અચક્ષુ અવધિ અને કેવળ એમ ચાર ] ૧૦ લેશ્યા માર્ગણા [તે કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, ને શુકલ એ ૭ ]

**ભવ સમ્મે સન્નિ આહારે ॥૪૫॥** ૧૧ ભવ્ય માર્ગણા [તે ભવ્ય ને અભવ્ય] ૧૨ સમ્યક્ત્વ માર્ગણા [ તે ઔપશમિક-ક્ષાયોપશમિક-ક્ષાયિક-સાસ્વાદન, મિશ્ર અને મિથ્યાત્વ. ] ૧૩ સંજ્ઞી માર્ગણા તે [સંજ્ઞી અને અસંજ્ઞી] અને ૧૪ આહાર માર્ગણા [તે આહારી અને અણાહારી. ]

## માર્ગણામાં મોક્ષની પ્રરૂપણા-પહેલું દ્વાર

**નરગઈ પણિંદિ તસ ભવ**—મનુષ્યગતિ, પંચેંદ્રિય જાતિ, ત્રસકાય, અને ભવ્ય માર્ગણા.

**સન્નિ અહક્ખાય ખઈઅ સમ્મત્તે**—સંજ્ઞી, યથાખ્યાત ચારિત્ર, અને ક્ષાયિક સમ્યક્ત્વ.

**મુક્ખોડણાહાર કેવલ દંસણ નાણે, ન સેસેસુ ॥૪૬॥**—અણાહારી કેવળ જ્ઞાન તથા કેવળ-દર્શન માર્ગણાને વિષે મોક્ષ થાય છે. એટલે એટલી માર્ગણામાં રહેલા જીવો મોક્ષે જાય પણ બાકીની માર્ગણામાંથી કોઈ જીવો મોક્ષે ગયા નથી. અથવા જાય નહિં.

**દવ્વંપમાણે**-દ્રવ્ય પ્રમાણ દ્વારમાં
**જીવદવ્વાણિ**-જીવદ્રવ્યો

**અસંખિજ્જે**-અસંખ્યાતમા
**ભાગે**-ભાગમાં **ઇક્કેય**-એક

[ બીજું દ્રવ્ય પ્રમાણદ્વાર ]

**દવ્વપમાણે સિદ્ધાણં**—દ્રવ્ય પ્રમાણદ્વારને વિષે વિચાર કરતાં સિદ્ધના.
**જીવદવ્વાણિ હુંતિઽણંતાણિ**—જીવદ્રવ્યો અનંતાં છે.

[ ત્રીજું ક્ષેત્રદ્વાર ]

**લોગસ્સ અસંખિજ્જે,**—ચૌદ રાજલોકના અસંખ્યાતમા ભાગમાં.
**ભાગે ઇક્કો ય સવ્વે વિ ॥ ૪૬ ॥** એક સિદ્ધ અને સર્વ સિદ્ધના જીવો પણ ત્યાં રહેલ છે.

**પડુચ્ચ**–આશ્રયિને
**સાઇઓણંતો**–સાદિ અનંત
**પડિવાયા**–પડવાનો
**અંતરં**–અંતર **નત્થિ**–નથી

[ ચોથું સ્પર્શનાદ્વાર ]

**ફુસણા અહિયા કાલો**—સિદ્ધના જીવોની સ્પર્શના [ પોતાના શરીર કરતાં ] અધિક છે.

[ પાંચમું કાળદ્વાર ]

**ઇગસિદ્ધ પડુચ્ચ સાઈઓણંતો**—એક સિદ્ધ આશ્રયીને સાદિ અનંત કાળ હોય છે. [ એટલે જીવ મોક્ષે ગયો તે આદિ ને ત્યાંથી પડવાનો અભાવ હોવાથી અનંત છે ].

[ છઠ્ઠું અંતરદ્વાર ]

**પડિવાયાઽભાવાઓ**—ફરી ત્યાંથી પડવાનો અભાવ હોવાથી.
**સિદ્ધાણં અંતરં-નત્થિ ॥ ૪૮ ॥** સિદ્ધના જીવોને અંતર નથી. અર્થાત્ ત્યાં ગયેલા સિદ્ધના જીવોને પડી આવવા રૂપ અંતર નથી.

**અણંતે**–અનંતમો
**તે**–તે **તેસિં**–તેના
**દંસણં**–કેવળ દર્શન
**ખઇએ ભાવે**–ક્ષાયિક ભાવે
**પરિણામિએ**–પારણામિક ભાવે
**જીવત્તં**–જીવિતપણું

[ **સાતમું ભાગદ્વાર.** ]

**સવ્વ જિયાણ-મણંતે, ભાગે તે**—સર્વ સંસારી જીવોના અનંતમે

ભાગે સિદ્ધના જીવો છે. આથી સર્વજીવની અપેક્ષાએ સિદ્ધના જીવો અનંતમા ભાગ જેટલા છે.

## [ આઠમું ભાવદ્વાર. ]

**તેસિં દંસણ નાણં**—તે સિદ્ધના જીવોનું કેવળ દર્શન અને કેવળજ્ઞાન.

**ખઈએ ભાવે પરિણામિએ અ**—ક્ષાયિક ભાવે વર્તે છે, અને પારિણામિક ભાવે.

**પુણ હોઈ જીવત્તં ॥ ૪૯ ॥**—સિદ્ધના જીવોને જીવપણું હોય છે. અથવા સિદ્ધના જીવોને ક્ષાયિક અને પારિણામિક એ બે ભાવો હોય છે.

**થોવા**–થોડા
**નપુંસ**–નપુંસકલિંગે
**થી**–સ્ત્રી **નર**–પુરૂષ
**સંખગુણા**–સંખ્યાત ગુણા
**મુક્ખતત્તં**–મોક્ષતત્ત્વ
**એઅં**–એ
**નવતત્તા**–નવતત્ત્વો
**લેસઓ**–સંક્ષેપથી

**થોવા નપુંસ સિદ્ધા**—નપુંસકલિંગે સિદ્ધ થયેલા જીવો સર્વથી થોડા છે.

**થી નર સિદ્ધા કમેણ સંખગુણા**—સ્ત્રીલિંગે અને પુરૂષ લિંગે સિદ્ધ થયેલા અનુક્રમે સંખ્યાતગુણા છે

**ઇઅ મુક્ખ તત્ત-મેઅં**—એ પ્રમાણે નવમું મોક્ષ તત્ત્વ કહ્યું અને તેથી.

**નવ તત્તા લેસઓ ભણિઆ ॥ ૫૦ ॥**—આ નવતત્ત્વોનું સ્વરૂપ સંક્ષેપથી કહ્યું.

**નવ પયત્થે**–નવ પદાર્થોને
**જો**–જે **જાણઇ**–જાણે
**ભાવેણ**–ભાવે કરીને
**સદ્દહંતો**–શ્રદ્ધા રાખનાર
**અયાણમાણે વિ**–જ્ઞાનથી અજાણને વિષે પણ
**સવ્વાઈં**–સર્વે
**ભાસિઆઈં**–કહેલાં
**વયણાઈં**–વચનો **ન**–નહિ
**અન્નહા**–અન્યથા **હુંતિ**–હોય
**જસ્સ મણે**–જેના મનમાં
**નિચ્ચલં**–નિશ્ચલ

## નવતત્ત્વ જાણવાનું ફળ.

**જીવાઇ નવપયત્થે**—એ જીવાદિ નવ પદાર્થોને.

**જો જાણઇ તસ્સ હોઇ સમ્મત્તં**—જે પ્રાણી જાણે છે તેને સમ્યક્ત્વ હોય.

**ભાવેણ સદ્દહંતો**—વળી ભાવે કરીને શ્રદ્ધા રાખનાર એવા તથા

**અયાણમાણેઽવિ સમ્મત્તં ॥ ૫૧ ॥**—નવતત્ત્વોના જ્ઞાનથી અજાણને વિષે પણ સમ્યક્ત્વ હોય છે.

## સમ્યક્ત્વ એટલે ?

**સવ્વાઇં જિણેસર-ભાસિઆઈ**—સર્વે જીનેશ્વરદેવે કહેલાં.

**વયણાઈં નન્નહા હુંતિ**—વચનો અન્યથા ન હોય.

**ઇઅ બુદ્ધિ જસ્સ મણે**—એવી બુદ્ધિ જેના મનમાં હોય.

**સમ્મત્તં નિચ્ચલં તસ્સ ॥૫૨॥**—તેને સમ્યક્ત્વ નિશ્ચલ છે એમ જાણવું

**મિત્તંપિ**–માત્ર પણ
**ફાસિઅં**–સ્પર્શ્યું **હુજ્જ**–હોય
**જેહિં**–જેઓએ
**તેસિં**–તેઓને **અવડ્ઢ**–અપાર્ધ
**પુગ્ગલ**–પુદ્‌ગલ
**પરિઅટ્ટો**–પરાવર્ત

## સમ્યક્ત્વની પ્રાપ્તિનો લાભ.

**અંતોમુહુત્ત-મિત્તંપિ**—એક અંતર્મુહૂર્ત માત્ર પણ.

**ફાસિઅં હુજ્જ જેહિં સમ્મત્તં**—જેને સમ્યક્ત્વ સ્પર્શ્યું હોય.

**તેસિં અવડ્ઢપુગ્ગલ, પરિઅટ્ટો ચેવ સંસારો ॥૫૩॥** તે જીવોનો સંસાર માત્ર ઉત્કૃષ્ટથી અર્ધ પુદ્‌ગલ પરાવર્ત્ત બાકી રહે છે.

**ઉસ્સપ્પિણી**- ઉત્સર્પિણી
**મુણેયવ્વો**–જાણવો **તે**–તે
**અતિઅ અદ્ધા**–ભૂતકાળ
**અણાગયદ્ધા**–ભવિષ્યકાળ

**ઉસ્સપ્પિણી અણંતા**—અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાલે.

**પુગ્ગલ-પરિયટ્ટઓ મુણેઅવ્વો**–એક પુદ્‌ગલ પરાવર્તકાળ જાણવો.

**તેઽણંતાઽ-તીઅદ્ધા**—તેવા અનંત પુદ્‌ગલ પરાવર્ત પ્રમાણ ભૂતકાળ છે.

**અણાગયદ્ધા અણંતગુણા ॥ ૫૪ ॥** તેથી અનંતગુણા પુદ્ગલ પરાવર્ત પ્રમાણ જેટલો ભવિષ્યકાળ છે.

**અજિણ**–અજિન સિદ્ધ
**અતિત્થા**–અતીર્થ સિદ્ધ
**ગિહિ**–ગૃહસ્થલિંગે સિદ્ધ
**અન્ન**–અન્યલિંગે સિદ્ધ
**સલિંગ**–સ્વલિંગે સિદ્ધ
**થી**–સ્ત્રીલિંગે સિદ્ધ
**પત્તેય**–પ્રત્યેકબુદ્ધ સિદ્ધ
**સયંબુદ્ધા**–સ્વયંબુદ્ધ સિદ્ધ
**બુધ્ધબોહિય**–બુદ્ધબોધિત સિદ્ધ
**અણિક્કા**–અનેક સિદ્ધ

**જિણ અજિણ તત્થઽતિત્થા**–૧. જિનસિદ્ધ, ૨ અજિનસિદ્ધ, ૩ તીર્થસિદ્ધ ૪ અતીર્થસિદ્ધ.

**ગિહિ અન્ન સલિંગ થી નર નપુંસા**—૫ ગૃહસ્થલિંગે સિદ્ધ ૬ અન્યલિંગે સિદ્ધ, ૭ સ્વલિંગે સિદ્ધ, ૮ સ્ત્રીલિંગે સિદ્ધ, ૯ પુરૂષલિંગે સિદ્ધ, ૧૦ નપુંસકલિંગે સિદ્ધ.

**પત્તેય સયંબુધ્ધા**—૧૧ પ્રત્યેકબુદ્ધ સિદ્ધ, ૧૨ સ્વયંબુદ્ધ સિદ્ધ.

**બુધ્ધબોહિય ઇક્ક-ણિક્કા ય ॥ ૫૫ ॥** ૧૩ બુદ્ધબોધિત સિદ્ધ, ૧૪ એક સિદ્ધ અને ૧૫ અનેક સિદ્ધ.

[ એમ સિદ્ધના પંદર ભેદ જાણવા. ]

**જિણસિધ્ધા**–જિનસિદ્ધ
**પુંડરિઆ**–પુંડરીક
**પમુહા**–વિગેરે
**ગણહારિ**–ગણધરો
**તિત્થસિધ્ધા**–તીર્થ સિદ્ધ
**મરુદેવા**–મરુદેવી માતા
**ગિહિલિંગ**-ગૃહસ્થલિંગે
**ભરહો**–ભરત ચક્રવર્તી
**વક્કલચીરી**–વલ્કલચીરી
**અન્નલિંગમ્મિ**–અન્યલિંગે
**સલિંગસિધ્ધા**–સ્વલિંગે સિદ્ધ
**થી સિધ્ધા**–સ્ત્રી લિંગે સિદ્ધ
**પત્તેઅ**–પ્રત્યેકબુદ્ધ
**સયંબુદ્ધા**–સ્વયંબુદ્ધ સિદ્ધ
**ભણિયા**–કહ્યા છે
**બુદ્ધબોહિય**–બુદ્ધબોધિત
**બોહિયા**–બોધ પામેલા
**અણેગા**–અનેક
**સિદ્ધા**–સિદ્ધ થયા
**અણેગસિદ્ધા**–અનેકસિદ્ધ

**જિણસિદ્ધા અરિહંતા**—૧ જિન સિદ્ધ તે અરિહંત વિગેરે.

**અજિણસિદ્ધા ય પુંડરિઆ પમુહા**—૨ અજિનસિદ્ધ તે પુંડરિક ગણધર વિગેરે.

**ગણહારિ તિત્થ સિદ્ધા**—૩ સામાન્ય કેવળી એવા ગણધરો તે તીર્થસિદ્ધ.

**અતિત્થ સિદ્ધા ય મરુદેવા ॥ ૫૬ ॥** અતીર્થ સિદ્ધ તે મરુદેવી માતા વિગેરે.

**ગિહિલિંગ સિદ્ધ ભરહો**—ગૃહસ્થલિંગે સિદ્ધ તે ભરત ચક્રવર્ત્તિ વિગેરે.

**વક્કલચીરી ય અન્નલિંગમ્મિ**—વલ્કલચીરી વિગેરે સિદ્ધ તે અન્ય લિંગે સિદ્ધ.

**સાહૂ સલિંગ સિદ્ધા**—સાધુ વેશે સિદ્ધ તે સ્વલિંગે સિદ્ધ.

**થીસિદ્ધા ચંદણા પમુહા ॥ ૫૭ ॥** સ્ત્રીલિંગસિદ્ધ તે ચંદનબાલા વિગેરે.

**પુંસિદ્ધા ગોયમાઈ**—પુરૂષલિંગેસિદ્ધ તે ગૌતમ વિગેરે.

**ગાંગેયાઇ નપુંસયા સિદ્ધા**—નપુંસકલિંગેસિદ્ધ તે ગાંગેય વિગેરે.

**પત્તેય સંયંબુદ્ધા**—પ્રત્યેકબુદ્ધ સિદ્ધ અને સ્વયંબુદ્ધ સિદ્ધ તે અનુક્રમે.

**ભણિયા કરકંડુ કવિલાઈ ॥ ૫૮ ॥** કરકંડુ અને કપિલ કેવળી વિગેરે કહ્યા છે.

**તહ બુદ્ધબોહિ ગુરૂબોહિયાય**—તેમજ ગુરૂનો ઉપદેશ પામીને સિદ્ધ થયા તે બુદ્ધબોધિત સિદ્ધ.

**ઇગસમયે ઇગ સિદ્ધા ય**—વીરપ્રભુની જેમ એક સમયમાં એક મોક્ષે જાય તે એક સિદ્ધ.

**ઇગ સમયેડ વિ અણેગા**—એક સમયમાં રૂષભદેવ સ્વામીની સાથે ૧૦૮ સિદ્ધ થયા. તેમ અનેક સિદ્ધ થાય તે અનેક સિદ્ધ.

**સિદ્ધા તેડ ણેગ-સિદ્ધા ય ॥ ૫૯ ॥** સિદ્ધ થયા તે અનેક સિદ્ધ.

**જઈઆઈ હોઇ પુચ્છા, જિણાણ મગ્ગંમિ ઉત્તરં તઇયા ।**
**ઇક્કસ નિગોયસ્સ, અણંતભાગો ય સિદ્ધિગઓ ॥ ૬૦ ॥**

**ભાવાર્થઃ**—જ્યારે જ્યારે જિનેશ્વર ભગવંતને પૂછવામાં આવે છે ત્યારે એજ ઉત્તર હોય છે કે અત્યાર સુધી એક નિગોદનો અનંતમો ભાગજ મોક્ષે ગયો છે.

## નવતત્વ સંપૂર્ણ.

# શ્રી દંડક પ્રકરણ

| | |
|---|---|
| **નમિઉં**-નમસ્કાર કરીને | **દંડગ**-દંડકના |
| **ચઉવીસ**-ચોવીશ | **પએહિં**-પદો વડે |
| **જિણે**-જિનોને | **તેચ્ચિય**-તેને નિશ્ચે |
| **તસ્સુત્ત**-તેના સૂત્રના | **થોસામિ**-સ્તવીશ. |
| **લેસ**-લેશ માત્ર | **સુણેહ**-સાંભળો |
| **દેસણઓ**-કહેવાથી | **ભો ભવ્વા**-હે ભવ્યજનો ! |

**નમિઉં ચઉવીસ જિણે**—ચોવીશ જિનેશ્વરોને નમસ્કાર નરીને.

**તસ્સુત્ત વિયાર લેસ દેસણઓ**—તેમના સિદ્ધાન્ત વિચારને લેશ માત્ર કહેવાથી.

**દંડગપએહિં તે ચ્ચિય**—દંડકના પદો વડે કરીને તે જિનેશ્વરોને નિશ્ચયે.

**થોસામિ સુણેહ ભો ભવ્વા ॥ ૧ ॥** હું સ્તવીશ હે ભવ્યજનો ! તે તમે સાંભળો.

**दंड्यते जीवा यस्मिन् स दंडक :** જીવો જેને વિષે દંડાય તે દંડક

| | |
|---|---|
| **નેરઇઆ**-નારકી | **તિરિય**-તિર્યંચ |
| **અસુરાઇ**-અસુર કુમારાદિ | **વંતર**-વ્યંતર |
| **પુઢવાઈ**-પૃથ્વીકાયાદિ | **જોઈસિય**-જ્યોતિષો |
| **બેઈંદિયાદઓ**-બે ઇંદ્રિયાદિ | **વેમાણી**-વૈમાનિક |
| **ગબ્ભય**-ગર્ભજ | |

**૨૪ દંડક જણાવે છે—**

**નેરઇઆ અસુરાઇ**—સાત નારકીનો એક, અસુરકુમારાદિ દશ ભવનપતિના દસ મળી ૧૧ દંડક.

**પુઢવાઈ બેઇંદિયાદઓ ચેવ**—પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવરના પાંચ અને બેઈંદ્રિય આદિ ( વિકલેંદ્રિયના ) ત્રણ મળી ૧૯ દંડક.

**ગબ્ભય તિરિય મણુસ્સા**—ગર્ભજ તિર્યંચનો એક તથા મનુષ્યનો એક

**વંતર જોઇસિય વેમાણી ॥ ૨ ॥** વ્યંતરનો એક, જ્યોતિષીનો-એક અને વૈમાનિકનો-એક.

૨૪ દંડક=નારકીનો-૧ તિર્યંચના ૯ ( ૫+૩+૧ )=૧૦ } કુલ=૨૪
મનુષ્યનો-૧ દેવતાના ૧૩ ( ૧૦+૧+૧+૧)=૧૪

| | |
|---|---|
| **સંખિત્તયરી**-ઘણીજ સંક્ષેપ | **ઉવઓગ**-ઉપયોગ |
| **ઉ**-વળી **ઇમા**-આ | **ઉવવાય**-ઉપપાત |
| **ઓગાહણા**-અવગાહના | **ચવણ**-ચ્યવન |
| **સંઘયણા**-સંઘયણ | **ઠિઈ**-સ્થિતિ |
| **સન્ના**-સંજ્ઞા **સંઠાણ**-સંસ્થાન | **પજ્જત્તિ**-પર્યાપ્ત |
| **લેસ**-લેશ્યા | |
| **દુસમુગ્ઘાયા**-બે સમુદ્‌ઘાત | **કિમાહારે**-કિમાહાર |
| **દિટ્ઠી**-દૃષ્ટિ **દંસણ**-દર્શન | **સન્ની**-સંજ્ઞા **ગઈ**-ગતિ |
| **નાણે**-જ્ઞાન **જોગ**-જોગ | **આગઇ**-આગતિ **વેએ**-વેદ |

**ચોવીસ દ્વારના નામ—**

**સંખિત્તયરી ઉ ઇમા**—૨૪ દ્વાર રૂપ અતિ સંક્ષિપ્ત સંગ્રહણી આ પ્રમાણે છે.

**સરીર-મોગાહણા ય સંઘયણા**—(૧) શરીરદ્વાર (૨) અવગાહના-દ્વાર (૩) સંઘયણ દ્વાર.

**સન્ના સંઠાણ કસાય**—(૪) સંજ્ઞાદ્વાર (૫) સંસ્થાનદ્વાર (૬) કષાયદ્વાર.

**લેસ ઈંદિય દુ સમુગ્ઘાયા ॥ ૩ ॥** (૭) લેશ્યાદ્વાર (૮) ઇંદ્રિયદ્વાર. (૯) બે ભેદે સમુદ્‌ઘાતદ્વાર.

**દિટ્ઠી દંસણ નાણે**—(૧૦) દૃષ્ટિદ્વાર (૧૧) દર્શનદ્વાર (૧૨) જ્ઞાન-દ્વાર (૧૩) અજ્ઞાનદ્વાર.

**જોગુ-વઓગો-વવાય ચવણ-ઠિઇ**—(૧૪) યોગદ્વાર (૧૫) ઉપ-યોગદ્વાર (૧૬) ઉપપાતદ્વાર (૧૭)ચ્યવનદ્વાર (૧૮) સ્થિતિદ્વાર

**પજ્જત્તિ કિમાહારે**—(૧૯) પર્યાપ્તિદ્વાર (૨૦) કિમાહારદ્વાર.

**સન્ની ગઈ આગઈ વેએ ॥ ૪ ॥** (૨૧) સંજ્ઞાદ્વાર (૨૨) ગતિદ્વાર (૨૩) આગતિદ્વાર (૨૪) વેદદ્વાર.

**ગબ્ભતિરિ**-ગર્ભજ તિર્યંચ
**વાઉસુ**-વાયુકાયને વિષે
**મણુઆણં**-મનુષ્યોને
**સેસ**-બાકીનાને
**તિસરીરા**-ત્રણ શરીર
**થાવર ચઉગે**-ચાર સ્થાવરને
**દુહઓ**-બન્ને પ્રકારે
**ભાગ**-ભાગનું **તણુ**-શરીર
**સવ્વેસિંપિ**-સર્વ દંડકે પણ
**જહન્ના**-જઘન્યથી
**સાહુવિઅ**-સ્વાભાવિક
**અંગુલસ્સ**-આંગળાનો
**અસંખ**--અસંખ્યાતમો
**અંસો**-ભાગ
**પણ સય**-પાંચસો
**ધણુ**-ધનુષ્યવાળા
**સત્તહત્થ**-સાત હાથના

## ( પહેલું શરીરદ્વાર )

**ચઉ ગબ્ભ તિરિય વાઉસુ**—ગર્ભજ તિર્યંચ અને વાઉકાયને વિષે ( **ઔદારિક-વૈક્રિય-તૈજસ અને** કાર્મણ એ ) **ચાર** શરીર હોય છે.

**મણુઆણં પંચ સેસ તિસરીરા**—( તેમાં આહારક શરીર વધારતાં ) મનુષ્યને પાંચ શરીર હોય છે. અને બાકીના ૨૧ દંડકે ત્રણ શરીર હોય છે.

( નારકીનો-૧ અને દેવતાના ૧૩ દંડક મળી ૧૪ દંડકે વૈક્રિય-તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીર અને વાયુકાય વિના ૪ સ્થાવર તથા વિકલેંદ્રિય મળી ૭ દંડકે ઔદારિક-તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીર હોય છે. એમ ૨૧ દંડકે ત્રણ શરીર હોય છે. બે દંડકે ચાર અને એક દંડકે એક શરીર હોય છે. ) આ **પ્રમાણે** શરીર દ્વાર છે.

## [ બીજું અવગાહના દ્વાર. ]

**થાવર ચઉગે દુહઓ**—વનસ્પતિકાય વિના ચાર સ્થાવરને ( જઘન્ય અને ઉત્કૃષ્ટથી એમ ) બન્ને પ્રકારે.

**અંગુલ અસંખભાગ તણુ ॥ ૫ ॥** આગળના અસંખ્યાતમા ભાગનું શરીર હોય છે.

**સવ્વેસિંપિ જહન્ના**—( ચાર સ્થાવર વિના બાકીના ) સર્વ ૨૦ દંડકે પણ જઘન્યથી.

**સાહવિય અંગુલસ્સ અસંખંસા**—સ્વાભાવિક શરીર આંગળના અસંખ્યાતમા ભાગ જેટલું હોય છે.

**ઉક્કોસ પણસય ધણૂ**—ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષ્ય શરીરવાળા

**નેરઇયા સત્ત હત્થ સુરા ॥ ૬ ॥** નારકીઓ હોય છે, અને દેવતાનું ઉત્કૃષ્ટથી સાત હાથ શરીર હોય છે.

**ગબ્ભતિરિ**—ગર્ભજ તિર્યંચનું
**સહસ્સ**—હજાર
**વણસ્સઇ**—વનસ્પતિનું
**અહિય**—અધિક
**સહસ્સં**—હજાર
**તેઇંદ્િ**—તે ઈંદ્રિયનું
**તિ ગાઉ**—ત્રણ ગાઉ
**જોયણે બાર**—બાર જોજન
**જોયણં**—જોજન **એગં**—એક
**ચઉરિંદિ**—ચઉરિંદ્રિયના
**દેહં**—શરીરની
**ઉચ્ચત્તણં**—ઉંચાઇ
**સુએ**—સૂત્રમાં
**ભણિયં**—કહી છે.
**વેઉવ્વિય**—વૈક્રિય
**પુણ**—વળી
**અંગુલ**—આંગળનો
**સંખ**—સંખ્યાતમો
**અંસં**—ભાગ
**આરંભે**—આરંભતી વખતે

**ગબ્ભ તિરિ સહસ્સ જોયણ**—ગર્ભજ તિર્યંચનું શરીર એક હજાર જોજન હોય છે.

**વણસ્સઈ અહિય જોયણસહસ્સં**—પ્રત્યેક વનસ્પતિકાયનું શરીર એક હજાર જોજનથી કાંઈક અધિક હોય છે.

**નર તેઇંદિ તિ ગાઉ**—મનુષ્ય અને તેઇંદ્રિયનું શરીર ત્રણ ગાઉનું હોય છે.

**બેઇંદિય જોયણે બાર ॥ ૭** બેઇંદ્રિયનું શરીર બાર જોજન હોય છે.

**જોયણ-મેગં ચઉરિંદિ**—એક જોજન ચઉરિંદ્રિયના.

**દેહમુચ્ચત્તણં સુએ ભણિઅં**—શરીરની ઉંચાઈ સૂત્રને વિષે કહી છે.

**વેઉવ્વિય દેહં પુણ**—વળી ઉત્તર વૈક્રિય શરીર

**અંગુલસંખંસ—મારંભે ॥ ૮ ॥** આરંભતી વખતે આંગળનો સંખ્યાતમો ભાગ હોય છે.

**દેવ**–દેવતાનું
**અહિય**–અધિક
**લક્ખં**-લાખ જોજન
**તિરિયાણં**-તિર્યંચોનું
**નવ**–નવ **જોયણ**–જોજન
**સયાઇ**–સો
**દુગુણં**-બમણું **તુ**–વળી
**નારયાણં**-નારકીઓનું
**ભણિયં**-કહ્યું છે.
**વેઉવ્વિય**–ઉત્તર વૈક્રિય
**સરીરં**–શરીર

**ઉત્તર વૈક્રિય શરીરની અવગાહના કહે છે**

**દેવ નર અહિય લક્ખં**—દેવતાનું વૈક્રિય શરીર લાખ જોજન અને મનુષ્યનું લાખ જોજનથી ચાર આંગળ અધિક હોય છે. *

**તિરિયાણં નવ ય જોયણસયાઈ**—તિર્યંચનું વૈક્રિય શરીર નવસો જોજન.

**દુગુણં તુ નારાયણં**—નારકીઓનું વળી પોતાના શરીરથી બમણું **ભણિયં વેઉવ્વિયસરીરં ॥ ૯ ॥** વૈક્રિય શરીર કહ્યું છે.

**અંતમુહુત્તં**-અંતર્મુહૂર્ત
**નિરએ**–નારકીમાં
**મુહુત્તચત્તારિ**-ચાર મુહૂર્ત
**તિરિય**–તિર્યંચ
**દેવેસુ**–દેવોમાં
**અદ્ધમાસો**–અડધોમાસ
**ઉક્કોસ**–ઉત્કૃષ્ટથી
**વિઉવ્વણા**–વિકુર્વણાનો

**[ ઉત્તર વૈક્રિય શરીરનો કાળ. ]**

**અંતમુહુત્તં નિરએ**—નારકીમાં વિકુર્વણા અંતર્મુહૂર્ત

**મુહુત્ત ચત્તારિ તિરિય મણુએસુ**—તિર્યંચ અને મનુષ્યમાં ચાર મુહૂર્ત

---

* દેવતાઓ જમીનથી ચાર આંગળ અદ્ધર ચાલે છે તેથી મનુષ્ય વૈક્રિય શરીર ચાર આંગળ જેટલું દેવતા કરતાં વધારે હોય છે.

**દેવેસુ અદ્ધમાસો**—દેવતામાં અડધો માસ

**ઉક્કોસ વિઉવ્વણાકાલો ॥ ૧૦ ॥** આ પ્રમાણે ઉત્કૃષ્ટથી ઉત્તર વૈક્રિય શરીરનો કાળ જાણવો.

**થાવર**—સ્થાવર **સુર**—દેવતા
**અસંઘયણા**—સંઘયણ રહિત
**વિયલ**—વિકલેંદ્રિયને
**છેવટ્ઠા**—છેવટ્ઠું સંઘયણવાળા
**સંઘયણ**—સંઘયણ **છગ્ગં**—છ
**ગબ્ભય**—ગર્ભજ
**તિરિયેસુ**—તિર્યંચને વિષે
**વિ**—પણ **મુણેયવ્વં**—જાણવાં

## [ ત્રીજું સંઘયણ દ્વાર. ]

**થાવર સુર નેરઇઆ**—પાંચ સ્થાવર ૧૩ પ્રકારનાં દેવતા અને નારકી એ સર્વે ( ૫ + ૧૩ + ૧ = ૧૯ દંડક )

**અસંઘયણા ય વિગલ છેવટ્ઠા**—સંઘયણ રહિત છે અને વિકલેંદ્રિય છેવટ્ઠું ( સેવાર્ત ) સંઘયણવાળા હોય છે.

**સંઘયણછગ્ગં ગબ્ભય**—વજ્રઋષભનારાચ રૂષભનારાચ નારાચ અર્ધનારાચ-કીલિકા અને છેવટ્ઠું એ છ સંઘયણ

**નર તિરિસુ વિ મુણેયવ્વં ॥ ૧૧ ॥** ગર્ભજ મનુષ્ય અને તિર્યંચને વિષે પણ જાણવાં

**ચઉ દહ વા**—ચાર કે દસ
**ચઉરંસા**—સમચતુરસ્ર
**છસંઠાણા**—છ સંસ્થાન
**હુંડા**—હુંડક
**વિગલિંદિ**—વિકલેંદ્રિય
**નાણાવિહ**—જુદા પ્રકારના
**ધય**—ધ્વજા **સૂઈ**—સોયના
**બુબ્બુય**—પરપોટાના
**મસુર**—મસુરની દાળ
**ચંદ**—ચંદ્રમાના
**સંઠાણઓ**—સંસ્થાનથી

## [ ચોથું સંજ્ઞા દ્વાર ]

**સવ્વેસિં ચઉ દહ વા સન્ના**—સર્વે ( ૨૪ દંડકો )ને વિષે ચાર-દસ કે સોળ સંજ્ઞા હોય છે*

## [ પાંચમું સંસ્થાન દ્વાર. )

**સવ્વે સુરા ય ચઉરંસા**—સર્વ દેવતાઓ સમચતુરસ્ર સંસ્થાનવાળા હોય છે.

**નર તિરિય છ સંઠાણા**—ગર્ભજ મનુષ્ય અને તિર્યંચને છ સંસ્થાન હોય છે (સમચતુસ્ર-ન્યગ્રોધ-સાદિ-વામન-કુબ્જ અને હુંડક એ છ)

**હુંડા વિગલિંદિ નેરઇયા ॥ ૧૨ ॥** વિકલેંદ્રિય અને નારકીને હુંડક સંસ્થાન હોય છે.

**નાણાવિહ ધય સૂઇ**—જુદા જુદા પ્રકારના સંસ્થાનવાળા, ધજાના, સોયના તથા

**બુબ્બુય વણ વાઉ તેઉ અપકાયા**—પરપોટાના સંસ્થાનવાળા અનુક્રમે વનસ્પતિકાય, વાયુકાય, તેંઉકાય, અને અપ્કાય હોય છે.

**પુઢવી મસૂર ચંદા**—પૃથ્વીકાય, મસૂરની દાળ સરખા અથવા અર્ધચંદ્ર

**કારા સંઠાણઓ ભણિયા ॥ ૧૩ ॥** આકારના સંસ્થાનવાળા હોય છે.

**સવ્વેવિ**-સર્વ જીવો પણ
**લેસ છગ્ગં**-છ લેશ્યા
**ગબ્ભ**-ગર્ભજ
**તિરિય**-તિર્યંચ
**વિગલા**-વિકલેંદ્રિય
**વેમાણિય**-વૈમાનિક
**તિ લેસા**-ત્રણ લેશ્યાવાળા
**જોઇસિય**-જ્યોતિષી
**તેઉ લેસા**-તેજોલેશ્યા
**સેસા**-બાકીના

---

*આહાર-ભય-મૈથુન અને પરિગ્રહ એ ચાર
ક્રોધ-માન-માયા-લોભ-ઓઘ અને લોક તેને ચાર સાથે ભેળવીએ દસ.
સુખ-દુઃખ-મોહ-વિતિગિચ્છા-ધર્મ અને શોક દશ સાથે તેને ભેળવતાં સોળ.

**સવ્વેવિ**–સર્વે પણ
**હુન્તિ**–હોય છે.
**ચઉ લેસા**–ચાર લેશ્યા
**ઇંદિય દારં**–ઇંદ્રિયદ્વાર
**સુગમં**–સુગમ
**સત્ત**–સાત
**સમુગ્ઘાયા**–સમુદ્‌ઘાત

## ( છટ્ઠું કષાય દ્વાર. )

**સવ્વે વિ ચઉ કસાયા**—ચોવીસે દંડકના સર્વે જીવો પણ ( ક્રોધ–માન–માયા અને લોભ એમ ) ચાર કષાયવાળા હોય છે.

## ( સાતમું લેશ્યા દ્વાર. )

**લેસ છગ્ગં ગબ્ભ તિરિય મણુએસુ**—ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય અને ગર્ભજ મનુષ્યને વિષે છ લેશ્યા હોય છે.

**નારય તેઉ વાઉ**—નારકી, તેઉકાય અને વાયુકાય

**વિગલા વેમાણિય તિ લેસા ॥ ૧૪ ॥** વિકલેંદ્રિય અને વૈમાનિક ત્રણ લેશ્યાવાળા હોય છે.

( નારકી-તેઉકાય વાયુકાય અને વિકલેંદ્રિયને કૃષ્ણ–નીલ અને કાપોત. વૈમાનિકને તેજો–પદ્મ અને શુક્લ લેશ્યા હોય છે. )

**જોઇસિય તેઉ લેસા**—જ્યોતિષીને તેજોલેશ્યા હોય છે અને

**સેસા સવ્વેવિ હુંતિ ચઉ લેસા**–બાકીના ( ભવનપતિ ૧૦ વ્યંતર ૧ પૃથ્વી ૧ અપ ૧ અને વનસ્પતિએ ૧૪ દંડક ) સર્વે દંડકે પણ જીવો કૃષ્ણ નીલ-કાપોત-તેજો-પદ્મ અને શુક્લ એ છ લેશ્યામાંથી પ્રથમની ચાર લેશ્યાવાળા હોય છે.

## ( આઠમું ઇંદ્રિય દ્વાર. )

**ઇંદિય દરં સુગમં**—ઇંદ્રિયદ્વાર સહેલું છે.

## ( નવમું સમુદ્‌ઘાત દ્વાર. )

**મણુઆણં સત્ત સમુગ્ઘાયા ॥ ૧૫ ॥** મનુષ્યોને સાત સમુદ્‌ઘાત હોય છે.

વેયણ-વેદના
મરણે-મરણ
વેઉવ્વિય-વૈક્રિય
તેયએ-તૈજસ
આહારે-આહારક
સમુગ્ઘાયા-સમુદ્‌ઘાત
સત્ત-સાત ઇમે-એ આ
સન્નીણં-સંજ્ઞી મનુષ્યોને
આહારગ-આહારક
વિણાઉ-વિના વળી
ચત્તારિ-ચાર
તે-તે ત્રણ
વેઉવ્વિય-વૈક્રિય
વજ્જા-વર્જીને
વિગલા-વિકલેંદ્રિય
અસન્નીણ-અસંજ્ઞીને
તે ચેવ-તે ત્રણ નિશ્ચે
પણ-પાંચ
ગબ્ભતિરિ-ગર્ભજ તિર્યંચ
સેસે-બાકીના
વિગલ-વિકલેંદ્રિયને
દુ દિટ્ઠી-બે દૃષ્ટિ
મિચ્છત્તિ-મિથ્યાદૃષ્ટિ
સેસ-બાકીનાને
તિય દિટ્ઠી-ત્રણ દૃષ્ટિ

**વેયણ કસાય મરણે**—૧ વેદના, ૨ કષાય અને ૩ મરણ.
**વેઉવ્વિય તેયએ ય આહારે**—૪ વૈક્રિય ૫ તૈજસ ૬ આહારક અને
**કેવલીય ય સમુગ્ઘાયા**—૭ કેવલી સમુદ્‌ઘાત.

**સત્ત ઇમે હુંતિ સન્નીણં ॥ ૧૬ ॥** એ સાત સમુદ્‌ઘાત સંજ્ઞી મનુષ્યોને હોય છે.

**એગિંદિયાણ કેવલ**—એકેંદ્રિય (વાયુકાયને આશ્રયિને) ને કેવળ,
**તેઉઅહારગ વિણા ઉ ચત્તારિ**—તૈજસ અને આહારક એ ત્રણ સમુદ્‌ઘાત વિના ચાર સમુદ્‌ઘાત હોય છે.

**તે વેઉવ્વિય વજ્જા**—તે ત્રણ તથા વૈક્રિય એમ ચાર વર્જીને
**વિગલા-સન્નીણ તે ચેવ ॥ ૧૭ ॥** ત્રણ સમુદ્‌ઘાત વિકલેંદ્રિય અને અસંજ્ઞીને નિશ્ચે હોય છે.

**પણ ગબ્ભ તિરિ સુરેસુ**—ગર્ભજ તિર્યંચ અને દેવતાને પ્રથમની પાંચ સમુદ્‌ઘાત હોય છે.

**નારય વાઉસુ ચઉર તિય સેસે**—નારકી અને વાયુકાયને વિષે વેદના, કષાય, મરણ અને વૈક્રિય આ ચાર સમુદ્‌ઘાત ઘટે છે ( બાકી રહેલ પૃથ્વી અપ્ તેઉ અને વનસ્પતિ એ ચાર દંડકે તો વૈક્રિય સમુદ્‌ઘાત વિના ત્રણ સમુદ્‌ઘાતજ સંભવે છે.

**( દશમું દૃષ્ટિદ્વાર. )**

**વિગલ દુ દિટ્ઠી થાવર**—વિકલેંદ્રિયને વિષે ( પર્યાપ્તાવસ્થામાં મિથ્યાદૃષ્ટિ અને અપર્યાપ્તાવસ્થામાં કોઈ જીવને આશ્રયી વિગલેંદ્રિયને સાસ્વાદન હોવાથી સમ્યગ્દૃષ્ટિ એમ ) બે દૃષ્ટિ હોય છે. અને સ્થાવરને વિષે.

**મિચ્છત્તિ સેસ તિય દિટ્ઠી ॥ ૧૮ ॥** એક મિથ્યાદૃષ્ટિજ હોય છે. બાકીના (ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય ૧ ગ.મનુષ્ય૧ નારકી૧ અન દેવતા ૧૩) કુલ ૧૬ દંડકે જીવો સમકિત, મિશ્ર, અને મિથ્યા એ ત્રણ દૃષ્ટિયુક્ત હોય છે.

**થાવર**–સ્થાવર **બિ**–બેઇંદ્રિય
**તિસુ**–તેઇંદ્રિયને વિષે
**અચક્ખુ**–અચક્ષુ દર્શન
**ચઉરિંદિસુ**–ચઉરિંદ્રિયને વિષે
**તદ્દુગં**–તે બે (દર્શન)
**સુએ**–સૂત્રમાં
**ભણિયં**–કહ્યાં છે.
**દંસણિણો**–દર્શનવાળા
**સેસેસુ**–બાકીના
**તિગં તિગં**–ત્રણ ત્રણ

**( અગ્યારમું દર્શન દ્વાર. )**

**થાવર બિ તિસુ અચક્ખુ**—પાંચ સ્થાવર, બેઇંદ્રિય અને તેઇંદ્રિયને વિષે અચક્ષુદર્શન હોય છે.

**ચઉરિંદિસુ તદ્દુગં સુએ ભણિઅં**—ચઉરિંદ્રિયને વિષે તો બે ( ચક્ષુ અને અચક્ષુ ) દર્શન સૂત્રમાં કહ્યાં છે.

**મણુઆ ચઉ દંસણિણો**—ગ. મનુષ્યો (ચક્ષુ અચક્ષુ અવધિ અને કેવલ એ ) ચારે દર્શનવાળા હોય છે.

**સેસેસુ તિગં તિગં ભણિયં ॥ ૧૯ ॥** બાકીનાને વિષે [ગર્ભજ તિર્યંચ ૧ નારકી ૧ દેવતા ૧૩ કુલ પંદર દંડકે ચક્ષુ અચક્ષુ અને અવધિ એ ત્રણ ત્રણ દર્શન કહ્યાં છે.

| | |
|---|---|
| **અન્નાણે**–અજ્ઞાન **નાણ**–જ્ઞાન | **અન્નાણદુ**–બે અજ્ઞાન |
| **તિય તિય**–ત્રણ ત્રણ | **વિગલે**–વિકલેંદ્રિયને |
| **થિરે**–સ્થાવરને વિષે | **પણ નાણ**–પાંચ જ્ઞાન |
| **અન્નાણદુગં**–બે અજ્ઞાન | **તિ**–ત્રણ અજ્ઞાન |

**( બારમું જ્ઞાન અને તેરમું અજ્ઞાનદ્વાર. )**

**અન્નાણ નાણ તિય તિય**—ત્રણઅજ્ઞાન* અને ત્રણજ્ઞાન

**સુર તિરિ નિરએ થિરે અન્નાણ દુગં**—દેવતા, તિર્યંચ અને નારકીનેવિષે હોય છે. સ્થાવરને વિષે ( મતિ તથા શ્રુત ) બે અજ્ઞાન હોય છે.

**નાણાન્નાણ દુ વિગલે**—બે જ્ઞાન અને બે અજ્ઞાન વિકલેંદ્રિયને વિષે હોય છે.

**મણુએ પણ નાણ તિ અન્નણા ॥ ૨૦ ॥** મનુષ્યને પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન હોય છે.

| | |
|---|---|
| **ઈક્કારસ**–અગ્યાર **સુર**–દેવતા | **પણ**–પાંચ |
| **નિરએ**–નારકીને વિષે | **વાએ**–વાયુકાયને વિષે |
| **તિરિએસુ**–તિર્યંચને વિષે | **જોગતિયં**–ત્રણ જોગ |
| **તેર**–તેર **પન્નર**–પંદર | **થાવરે**–સ્થાવરમાં |
| **વિગલે**–વિકલેંદ્રિયને **ચઉ**–ચાર | **હોઇ**–હોય છે. |

*ત્રણ **અજ્ઞાન**–મતિઅજ્ઞાન–શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન
ત્રણ **જ્ઞાન**–મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન.

## (ચૌદમું યોગ દ્વાર.)

**ઇક્કારસ સુર નિરએ**—દેવતા અને નારકીને વિષે (ઔદારિક દ્વિક અને આહારક દ્વિક વિના) અગ્યાર યોગ હોય છે.

**તિરિએસુ તેર પન્નર મણુએસુ**—ગ૦ તિર્યંચને વિષે (આહારક દ્વિક વિના) તેર અને મનુષ્યને વિષે પંદર યોગ છે.

**વિગલે ચઉ પણ વાએ**—વિકલેંદ્રિયને વિષે (ઔદારિકદ્વિક તૈજસ કાર્મણ અને વ્યવહારભાષા) એ ચાર યોગ અને વાયુકાયને વિષે. (ઔદારિક દ્વિક અને કાર્મણ અને વૈક્રિયદ્વિક) એ પાંચ યોગ હોય.

**જોગતિગં થાવરે હોઇ ॥ ૨૧ ॥** સ્થાવરને વિષે ઔદારિકદ્વિક અને કાર્મણ એ ત્રણ યોગ હોય છે.

**ઉવઓગા**—ઉપયોગ
**મણુએસુ**—મનુષ્યને વિષે
**બારસ**—બાર　**નવ**—નવ
**નિરય**—નારકી
**તિરિય**—તિર્યંચ
**દેવેસુ**—દેવોને વિષે
**વિગલ દુગે**—એ વિકલેંદ્રિયને વિષે
**પણ**—પાંચ　**છક્કં**—છ
**તિયગં**—ત્રણ

## (પંદરમું ઉપયોગ દ્વાર.)

**ઉવઓગા મણુએસુ**—મનુષ્યને વિષે ઉપયોગ બાર હોય છે,

**બારસ નવ નિરય તિરિય દેવેસુ**—નારકી, તિર્યંચ અને દેવતાને વિષે નવ ઉપયોગ હોય છે.

**વિગલદુગે પણ છક્કં**—બે ઇંદ્રિય અને તેઇંદ્રિયરૂપ વિકલેંદ્રિયના બે દંડકને વિષે પાંચ ઉપયોગ અને ચઉરિંદ્રિયને વિષે ૭ ઉપયોગ હોય છે તથા

**ચઉરિંદિસુ થાવરે તિયગં ॥ ૨૨ ॥** સ્થાવરને વિષે ત્રણ ઉપયોગ હોય છે.

**સંખં**–સંખ્યાાતા
**અસંખા**–અસંખ્યાતા
**સમએ**-એક સમયમાં
**ગબ્ભતિરિ**–ગર્ભજ તિર્યંચ
**વિગલ**–વિકલેંદ્રિય
**નિયમા**–નિશ્ચયે
**વણ**–વનસ્પતિ
**અણંતા**–અનંતા
**થાવર**–સ્થાવર
**અસંખા**–અસંખ્યાતા
**અસન્ની નર**–અસંજ્ઞી મનુષ્ય
**જહ**–જેમ
**ઉવવાએ**–ઉપજવામાં
**તહેવ**–તેમજ
**ચવણે વિ**–ચ્યવવામાં
**બાવીસ**–બાવીશ
**સગ**–સાત **તિ**–ત્રણ **દસ**–દશ
**વાસ**–વર્ષનું **સહસ્સ**–હજાર
**ઉક્કિટ્ઠ**–ઉત્કૃષ્ટ
**પુઢવાઇ**–પૃથ્વી આદિનું

## [ સોળમું અને સત્તરમું ચ્યવન દ્વાર. ]

**સંખ-મસંખા સમયે**–એક સમયને વિષે સંખ્યતા અને અસંખ્યાતા.

**ગબ્ભતિરિ વિગલ નારય સુરા ય**–ગર્ભજ તિર્યંચ વિકલેંદ્રિય નારકી અને દેવતા ઉત્પન્ન થાય છે.

**મણુઆ નિયમા સંખા**—મનુષ્યો નિશ્ચે સંખ્યાતા ઉત્પન્ન થાય છે.

**વણ-ણંતા થાવર અસંખા ॥ ૨૩ ॥** વનસ્પતિકાય અનંતા અને સ્થાવર અસંખ્યાતા ઉત્પન્ન થાય છે.

| નામ | શરીર દ્વાર<br>૧ | | | | | અવગાહના દ્વાર<br>૨ | |
|---|---|---|---|---|---|---|---|
| ૨૪ દંડક | ઔદારિક | વૈક્રિય | આહારક | તૈજસ | કાર્મણ | ઉત્કૃષ્ટ | જઘન્ય |
| ૧ પૃથ્વીકાય | ૧ | — | — | ૧ | ૧ | આંગળનો અસંખ્યાતમો ભાગ | સર્વ દંડકે જઘન્ય શરીર અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય. અને ઉત્તરવૈક્રિય કરતાં જઘન્ય શરીર અંગુલનો સંખ્યાતમો ભાગ હોય |
| ૧ અપ્કાય | ૧ | — | — | ૧ | ૧ | ,, | |
| ૧ તેઉકાય | ૧ | — | — | ૧ | ૧ | ,, | |
| ૧ વાઉકાય | ૧ | ૧ | — | ૧ | ૧ | ,, | |
| ૧ વનસ્પતિકાય | ૧ | — | — | ૧ | ૧ | ૧૦૦૦ જોજનથી અધિક | |
| ૧ બેઇંદ્રિય | ૧ | — | — | ૧ | ૧ | બાર જોજન | |
| ૧ તેઇંદ્રિય | ૧ | — | — | ૧ | ૧ | ત્રણ ગાઉ | |
| ૧ ચૌરિંદ્રિય | ૧ | — | — | ૧ | ૧ | એક જોજન | |
| ૧ ગર્ભજતિર્યંચ | ૧ | ૧ | — | ૧ | ૧ | ૧૦૦૦ જોજન | |
| ૧ ગર્ભજમનુષ્ય | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ત્રણ ગાઉ | |
| ૧૦ ભવનપતિ | — | ૧ | — | ૧ | ૧ | સાત હાથ | |
| ૧ વ્યંતર | — | ૧ | — | ૧ | ૧ | ,, | |
| ૧ જ્યોતિષી | — | ૧ | — | ૧ | ૧ | ,, | |
| ૧ વૈમાનિક | — | ૧ | — | ૧ | ૧ | ૧ હાથથી ૭ હાથ | |
| ૧ નારકી | — | ૧ | — | ૧ | ૧ | ૫૦૦ ધનુષ્ય | |

| સંઘયણ દ્વાર ૩ | | | | | | સં. ૪ | સંસ્થાન દ્વાર ૫ | | | | | | કષાય ૬ | લેશ્યા દ્વાર ૭ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વજ્રઋષભ નારાચ | ઋષભ નારાચ | નારાચ | અર્ધ નારાચ | કીલિકા | સેવાર્ત (છેવટ્ઠું) | સંજ્ઞા | સમચતુરસ્ર | ન્યગ્રોધ | સાદિ | વામન | કુબ્જ | હુંડક | ક્રોધ માન માયા લોભ | કૃષ્ણ | નીલ | કાપોત | તેજો | પદ્મ | શુક્લ |
| | | | | | | બધાને ૪ કે ૧૦-૧૬ સંજ્ઞા | મસુરની દાળ જેવું | | | | | | બધાને ચાર અથવા [૧૬] કે ૪ ભેદો | ૧ | ૧ | ૧ | ૧ | — | — |
| | | | | | | | પાણીના પરપોટા જેવું | | | | | | | ૧ | ૧ | ૧ | ૧ | — | — |
| | | | | | | | સોયના આકાર જેવું | | | | | | | ૧ | ૧ | ૧ | — | — | — |
| | | | | | | | ધજાના આકાર જેવું | | | | | | | ૧ | ૧ | ૧ | — | — | — |
| | | | | | | | જુદા જુદા પ્રકારનું | | | | | | | ૧ | ૧ | ૧ | ૧ | — | — |
| — | — | — | — | — | ૧ | | — | — | — | — | — | ૧ | | ૧ | ૧ | ૧ | — | — | — |
| — | — | — | — | — | ૧ | | — | — | — | — | — | ૧ | | ૧ | ૧ | ૧ | — | — | — |
| — | — | — | — | — | ૧ | | — | — | — | — | — | ૧ | | ૧ | ૧ | ૧ | — | — | — |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| | | | | | | | ૧ | — | — | — | — | — | | ૧ | ૧ | ૧ | ૧ | — | — |
| | | | | | | | ૧ | — | — | — | — | — | | ૧ | ૧ | ૧ | ૧ | — | — |
| | | | | | | | ૧ | — | — | — | — | — | | — | — | — | ૧ | — | — |
| | | | | | | | ૧ | — | — | — | — | — | | — | — | — | ૧ | ૧ | ૧ |
| | | | | | | | — | — | — | — | — | ૧ | | ૧ | ૧ | ૧ | — | — | — |

| નામ | ઇંદ્રિય દ્વાર ૮ | | | | | સમુદ્ઘાત દ્વાર ૯ | | | | | | | દૃષ્ટિદ્વાર ૧૦ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૪ દંડક | સ્પર્શ | રસ | ઘ્રાણ | ચક્ષુ | શ્રોત્ર | વેદના | કષાય | મરણ | વૈક્રિય | તૈજસ | આહારક | કેવલ | સમ્યક્ | મિશ્ર | મિથ્યા |
| ૧ પૃથ્વીકાય | ૧ | – | – | – | – | ૧ | ૧ | ૧ | – | – | – | – | – | – | ૧ |
| ૧ અપ્કાય | ૧ | – | – | – | – | ૧ | ૧ | ૧ | – | – | – | – | – | – | ૧ |
| ૧ તેઉકાય | ૧ | – | – | – | – | ૧ | ૧ | ૧ | – | – | – | – | – | – | ૧ |
| ૧ વાઉકાય | ૧ | – | – | – | – | ૧ | ૧ | ૧ | ૧ | – | – | – | – | – | ૧ |
| ૧ વનસ્પતિકાય | ૧ | – | – | – | – | ૧ | ૧ | ૧ | – | – | – | – | – | – | ૧ |
| ૧ બેઇંદ્રિય | ૧ | ૧ | – | – | – | ૧ | ૧ | ૧ | – | – | – | – | ૧ | – | ૧ |
| ૧ તેઇંદ્રિય | ૧ | ૧ | ૧ | – | – | ૧ | ૧ | ૧ | – | – | – | – | ૧ | – | ૧ |
| ૧ ચૌરિંદ્રિય | ૧ | ૧ | ૧ | ૧ | – | ૧ | ૧ | ૧ | – | – | – | – | ૧ | – | ૧ |
| ૧ ગર્ભજતિર્યંચ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | – | – | ૧ | ૧ | ૧ |
| ૧ ગર્ભજમનુષ્ય | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧૦ ભવનપતિ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | – | – | ૧ | ૧ | ૧ |
| ૧ વ્યંતર | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | – | – | ૧ | ૧ | ૧ |
| ૧ જ્યોતિષી | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | – | – | ૧ | ૧ | ૧ |
| ૧ વૈમાનિક | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | – | – | ૧ | ૧ | ૧ |
| ૧ નારકી | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | – | – | – | ૧ | ૧ | ૧ |

| દર્શન દ્વાર ૧૧ | | | | જ્ઞાન દ્વાર ૧૨ | | | | | અજ્ઞાન દ્વાર ૧૩ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ચક્ષુ | અચક્ષુ | અવધિ | કેવલ | મતિ | શ્રુત | અવધિ | મનઃપર્યવ | કેવલ | મતિ અજ્ઞાન | શ્રુત અજ્ઞાન | વિભંગ જ્ઞાન |
| – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૧ | – |
| – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૧ | – |
| – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૧ | – |
| – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૧ | – |
| – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૧ | – |
| – | ૧ | – | – | ૧ | ૧ | – | – | – | ૧ | ૧ | – |
| – | ૧ | – | – | ૧ | ૧ | – | – | – | ૧ | ૧ | – |
| ૧ | ૧ | – | – | ૧ | ૧ | – | – | – | ૧ | ૧ | – |
| ૧ | ૧ | ૧ | – | ૧ | ૧ | ૧ | – | – | ૧ | ૧ | ૧ |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧ | ૧ | ૧ | – | ૧ | ૧ | ૧ | – | – | ૧ | ૧ | ૧ |
| ૧ | ૧ | ૧ | – | ૧ | ૧ | ૧ | – | – | ૧ | ૧ | ૧ |
| ૧ | ૧ | ૧ | – | ૧ | ૧ | ૧ | – | – | ૧ | ૧ | ૧ |
| ૧ | ૧ | ૧ | – | ૧ | ૧ | ૧ | – | – | ૧ | ૧ | ૧ |
| ૧ | ૧ | ૧ | – | ૧ | ૧ | ૧ | – | – | ૧ | ૧ | ૧ |

**અસન્ની નર અસંખા**—અસંજ્ઞી મનુષ્યો અસંખ્યાતા ઉત્પન્ન થાય છે.

**જહ ઉવવાએ તહેવ ચવણે વિ**—જેમ ઉત્પન્ન થવામાં (ઉપપાત) દ્વારમાં તેમજ ચ્યવવામાં [ચ્યવન] પણ સંખ્યા સંબંધી જાણવું.

### [ અઢારમું આયુષ્ય દ્વાર. ]

**બાવીસ સગ તિ દસ વાસ**—બાવીસ હજાર, સાત હજાર, ત્રણ હજાર અને દસ હજાર વર્ષનું.

**સહસ્સ ઉક્કિટ્ઠ પુઢવાઇ ॥ ૨૪ ॥** ઉત્કૃષ્ટ આયુષ્ય અનુક્રમે પૃથ્વીકાયાદિનું [પૃથ્વી–અપ્–વાયુ ને વનસ્પતિનું] હોય છે.

**તિ દિણ**–ત્રણ દિવસનું
**અગ્ગિ**–અગ્નિકાયનું
**આઉ**–આયુષ્યવાળા
**સુર**–દેવ **નિરય**–નારકીનું
**સાગર**–સાગરોપમ
**તિત્તીસા**–તેત્રીસ
**પલ્લં**–પલ્યોપમ
**જોઇસ**–જ્યોતિષીનું
**વરિસ**–વર્ષ
**લક્ખાહિઅં**–લાખ અધિક
**પલિયં**–પલ્યોપમ
**અસુરાણ**–અસુર કુમારોનું
**અહિયં**–અધિક
**અયરં**–સાગરોપમ
**દેસુણ**–કાંઇક ઓછું
**દુપલ્લયં**–બે પલ્યોપમ
**નવ નિકાયે**–નવ નિકાયમાં
**બારસવાસ**–બાર વર્ષ
**ઉણાપણ**–ઓગણપચાસ
**દિણ**–દિવસ **છમ્માસ**–છમાસ
**ઉક્કિઠ**–ઉત્કૃષ્ટ
**વિગલ**–વિકલેંદ્રિયનું
**આઉ**–આયુષ્ય

**તિ દિણગ્ગિ તિ પલ્લાઊ**—ત્રણ દિવસનું અગ્નિકાયનું આયુષ્ય હોય છે. અને ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા.

**નર તિરિ સુર નિરય સાગર તિત્તીસા**—ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય હોય છે. વૈમાનિક દેવતા અને નારકીનું ઉત્કૃષ્ટ આયુષ્ય તેત્રીસ સાગરોપમ હોય છે.

**વંતર પલ્લં જોઇસ**—વ્યંતરદેવોનું એક પલ્યોપમ અને જ્યોતિષીનું

**વરિસ લક્ખાહિયં પલિયં ॥ ૨૫ ॥** એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમનું આયુષ્ય હોય છે.

**અસુરાણ અહિય અયરં**—અસુર કુમારોનું આયુષ્ય એક સાગરોપમથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક હોય છે.

**દેસૂણ દુ પલ્લયં નવ નિકાયે**—બાકીના નવ નિકાયનું કાંઈક ઊણું [ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઊણું ] બે પલ્યોપમ આયુષ્ય હોય છે.

**બારસવાસુણ પણદિણ**—બાર વર્ષ, ઓગણપચાસ દિવસ

**છમ્માસ ઉક્કિટ્ઠ વિગલાઉ ॥ ૨૬ ॥** તથા છ માસ અનુક્રમે વિકલેંદ્રિયનું ઉત્કૃષ્ટ આયુષ્ય હોય છે.

**પુઢવાઈ**—પૃથ્વીકાયાદિ
**દસ પયાણં**—દસ પદોની
**જહન્ન**—જઘન્યથી
**આઉ**—આયુષ્યની **ઠિઈ**—સ્થિતિ
**દસ સહસ**—દશ હજાર
**વરિસ**—વર્ષની
**ભવણાહિવ**—ભવનપતિ
**નિરય**—નારકી
**વંતરિયા**—વ્યંતર
**વેમાણિય**—વૈમાનિક
**જોઇસિયા**—જ્યોતિષી
**પલ્લ**—પલ્યોપમ
**તયટ્ઠંસ**—તેનો આઠમો
**અંસ**—ભાગ
**આઉઆ**—આયુષ્યવાળા
**છ પજ્જત્તી**—છ પર્યાપ્તિ
**થાવરે**—સ્થાવરને વિષે
**ચઉગં**—ચાર (પર્યાપ્તિ)
**વિગલે**—વિકલેંદ્રિયને વિષે
**પંચ પજ્જત્તી**—પાંચ પર્યાપ્તિ
**છદ્દિસિ**—છ દિશાનો
**પણગાઈ**—પાંચ આદિ
**પયે**—પદને વિષે
**ભયણા**—વિકલ્પ **અહ**—હવે
**સન્નિતિયં**—ત્રણ સંજ્ઞા
**ભણિસ્સામિ**—કહીશ

[ જઘન્ય સ્થિતિ ]

**પુઢવાઈ દસ પયાણં**—પૃથ્વી કાયાદિ દસ પદોની
[ પાંચ સ્થાવર-ત્રણ વિકલેંદ્રિય-ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યની ]
**અંતમુહુત્તં જહન્ન આઉ ઠિઈ**—જઘન્યથી આયુષ્યની સ્થિતિ અંત-મુહૂર્ત હોય છે.
**દસસહસવરિસ ઠિઈઆ**—દસ હજાર વર્ષની આયુષ્યની સ્થિતિ વાળા.
**ભવણાહિવ નિરયવંતરિઆ ॥ ૨૭ ॥** ભવનપતિ, નારકી અને વ્યંતર દેવો હોય છે.
**વેમાણિય જોઈસિયા**—વૈમાનિક અને જ્યોતિષી દેવો.
**પલ્લ તયટ્ઠંસ આઉઆ હુંતિ**—અનુક્રમે એક પલ્યોપમ તથા એક પલ્યોપમનો આઠમો ભાગ જઘન્યથી આયુષ્યવાળા હોય છે.

[ ઓગણીસમું પર્યાપ્તિ દ્વાર. ]

**સુર નર તિરિ નિરએસુ**—દેવતા, ગર્ભજ મનુષ્ય, ગર્ભજ તિર્યંચ અને નારકીને વિષે.
**છ પજ્જત્તી થાવરે ચઉગં ॥ ૨ ॥** છ પર્યાપ્તિ હોય છે અને સ્થાવરને વિષે [ ભાષા અને મનરહિત ] ચાર પર્યાપ્તિ હોય છે.
**વિગલે પંચ પજ્જત્તિ**—વિકલેંદ્રિયને વિષે [ મનપર્યાપ્તિ સિવાય ] પાંચ પર્યાપ્તિ હોય છે.

[ વીસમું કિમાહાર દ્વાર. ]

**છદ્દિસિ આહાર હોઈ સવ્વેસિં**—સર્વ જીવોને છ *દિશાનો આહાર હોય છે. પરંતુ
**પણગાઈ પયે ભયણા**—વનસ્પતિકાયાદિ પાંચ સ્થાવરના પદને વિષે ભજના હોય છે.
[ એટલે સૂક્ષ્મ પાંચ સ્થાવર અને બાદરવાયુ એમ છ પ્રકારના જીવોને વિષે કોઇને છ અથવા તેથી ઓછી દિશાનો આહારપણ હોય છે ]

---

* છ દિશાઓ-પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉર્ધ્વ ને અધો.

## [ એકવીસમું સંજ્ઞાદ્વાર. ]

**અહ સન્નિતિયં ભણિસ્સામિ ॥ ૨૯ ॥** હવે ત્રણ સંજ્ઞા કહીશ.

**ચઉવિહ**–ચાર પ્રકારના
**સુર**–દેવ
**તિરિએસુ**–તિર્યંચને વિષે
**નિરએસુ**–નારકીને વિષે
**દિહકાલિગી**–દીર્ઘકાલિકી
**સન્ના**–સંજ્ઞા
**વિગલે**–વિકલેંદ્રિયને વિષે
**હેઉવએસા**–હેતુપદેશિકી
**રહિયા**–રહિત **થિરા**–સ્થાવરો

**ચઉવિહ સુર તિરિએસુ**—ચાર પ્રકારના દેવતા અને તિર્યંચને વિષે.
**નિરએસુ અ દીહકાલિગી સન્ના**—અને નારકીને વિષે દીર્ઘ કાલિકી સંજ્ઞા હોય છે.

[ દેવના. ૧૩. ગ. તિર્યંચ. ગ. મનુષ્ય એમ ૧૫ દંડકમાં ]

**વિગલે હેઉવએસા**—વિકલેંદ્રિયને વિષે હેતુપદેશિકી સંજ્ઞા હોય છે.
**સન્ના રહિયા થિરા સવ્વે ॥ ૩૦ ॥** સર્વે સ્થાવરો સંજ્ઞા રહિત હોય છે.

**મણુઆણ**–મનુષ્યોને
**દીહકાલિય**–દીર્ઘકાલિકી
**દિટ્ઠીવાઓવએસિયા**–દષ્ટિવાદોપદેશિકી
**કેવિ**–કેટલાકને
**પજ્જ**–પર્યાપ્તા
**પણ**–પંચેંદ્રિય
**તિરિ**–તિર્યંચ
**ચ્ચિય**–નિશ્ચે
**ચઉવિહ**–ચાર પ્રકારના
**દેવેસુ**–દેવોમાં
**ગચ્છન્તિ**–જાય છે
**સંખાઉ**–સંખ્યાતા આયુષ્યવાળા
**પણિંદિ**–પંચેન્દ્રિય
**તિરિય**–તિર્યંચ
**નરેસુ**–મનુષ્યોને વિષે
**તહેવ**–તેમજ
**પજ્જત્તે**–પર્યાપ્તા
**ભૂ**–પૃથ્વીકાય
**દગ**–અપકાય
**પત્તેય**–પ્રત્યેક
**વણે**–વનસ્પતિકાય
**એએસુ**–એ પાંચને વિષે
**આગમણં**–આગમન

**મણુઆણ દીહકાલિય**—મનુષ્યોને દીર્ઘકાલિકી સંજ્ઞા હોય છે.

**દિટ્ઠિવાઓ-વએસિયા કે વિ**—અને કેટલાક સમકિતી મનુષ્યોને દષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા પણ હોય છે.

## [ બાવીસમું ગતિ અને તેવીસમું આગતિદ્વાર. ]

**પજ્જ પણ તિરિ મણુઅ ચ્ચિય**—પર્યાપ્તા પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્યો નિશ્ચયે.

**ચઉવિહ દેવેસુ ગચ્છંતિ ॥ ૩૧ ॥** ચાર પ્રકારના દેવતાઓને વિષે જાય છે. [ તે દેવની આગતિ કહેવાય. ]

**સંખાઉ પજ્જ પણિંદિ**—સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પર્યાપ્તા પંચેંદ્રિય.

**તિરિય નરેસુ તહેવ પજ્જત્તે**—તિર્યંચ અને મનુષ્યોને વિષે તેમજ પર્યાપ્તા બાદર.

**ભૂ દગપત્તેયવણે**—પૃથ્વીકાય, અપકાય અને પ્રત્યેક વનસ્પતિકાય.

**એએસુ ચ્ચિય સુરાગમણં ॥ ૩૨ ॥** એ પાંચને વિષે નિશ્ચયે દેવતાનું આવવું (ઉપજવું) થાય છે. [ આ દેવની ગતિ કહેવાય ]

**પજ્જત્ત**—પર્યાપ્તા
**સંખ**—સંખ્યાતા આયુષ્યવાળા
**ગબ્ભય**—ગર્ભજ
**તિરિય**—તિર્યંચ
**નરા**—મનુષ્યો **નિરય**—નરકમાં
**સત્તગે**—સાતે
**જંતિ**—ઉપજે છે.
**નિરય**—નરકમાંથી
**ઉવટ્ટા**—નિકળેલા
**એએસુ**—એ (બે) તે વિષે
**ઉવવજ્જંતિ**—ઉપજે છે
**ન**—નથી
**સેસેસુ**—બાકીનામાં

**પજ્જત્ત સંખ ગબ્ભય**—પર્યાપ્તા સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા ગર્ભજ.

**તિરિય નરા નિરય સત્તગે જંતિ**—તિર્યંચ અને મનુષ્યો સાતે નરકને વિષે ઉપજે છે. [ નારકની આગતિ કહી ]

**નિરય ઉવટ્ટા એએસુ**—નરકમાંથી નીકળેલા જીવો ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્ય એ બેને વિષે.

**ઉવવજ્જંતિ ન સેસેસુ ॥ ૩૩ ॥** ઉપજે છે પણ એ બે વિના બાકીના દંડકમાં ઉપજતા નથી. [ આ નારકીની ગતિ કહી ]

**પુઢવી**—પૃથ્વીકાય
**આઉ**—અપ્કાય
**વણસ્સઈ**—વનસ્પતિ
**મજ્ઝે**—તેમાં **નારય**—નારકી
**વિવજ્જિઆ**—વર્જીને
**જીવા**—જીવો **સવ્વે**—સર્વે
**ઉવવજ્જંતિ**—ઉપજે છે
**નિય નિય**—પોતપોતાના
**કમ્મ**—કર્મના
**અણુમાણેણં**—અનુસારે

**પુઢવી આઉ વણસ્સઈ**—પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય.

**મજ્ઝે નારય વિવજ્જિયા જીવા**—તેમાં નારકી વર્જીને (બાકીના ત્રેવીસ દંડકના)

**સવ્વે ઉવવજ્જંતિ**—બધા જીવો ઉપજે છે. [ પૃથ્વી અપ અને વનસ્પતિની આગતી કહી ]

**નિયનિયકમ્માણુમાણેણં ॥ ૩૪ ॥** પોત પોતાના કર્મના અનુસારે કરીને.

**પુઢવાઈ**—પૃથ્વી આદિ
**દસ પએસુ**—દસ પદોમાં
**આઉ**—અપ્કાય
**વણસ્સઈ**—વનસ્પતિ
**પુઢવાઈ**—પૃથ્વી આદિ
**દસ પએહિં**—દસ પદો વડે
**તેઉ**—તેઉકાય
**વાઊસુ**—વાયુકાયમાં
**ઉવવાઓ**—ઉપજે છે
**ગમણં**—ગતિ
**પુઢવી**—પૃથ્વીકાય
**પમુહંમિ**—પ્રમુખ વિગેરે
**હોઈ**—હોય છે
**પય નવગે**—નવ પદમાં
**ઠાણ**—સ્થાનકમાં જીવો
**દસગા**—દશ
**વિગલાઇ**—વિકલેંદ્રિય
**તિયં**—ત્રણે **તહિં**—તેમાં
**જંતિ**—જાય છે

**પુઢવાઇ દસપએસુ**—પૃથ્વીકાયાદિ દસ પદોને વિષે.

**પુઢવી આઉ વણસ્સઇ જંતિ**—પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિ-કાય ઉપજે છે. ( એ પૃથ્વીકાયાદિ ત્રણની ગતિ કહી. )

**પુઢવાઇ દસ પએહિં ય**—અને પૃથ્વીકાયાદિ દસ પદમાંથી નીકળેલા જીવો.

**તેઉ વાઉસુ ઉવવાઓ ॥ ૩૫ ॥** તેઉકાય અને વાયુકાયને વિષે ઉપજે છે [ એ તેઉવાઉની આગતિ કહી. ]

**તેઊ વાઊ ગમણં**—તેઉકાય અને વાયુકાયનું ગમન (ગતિ)

**પુઢવી પમુહંમિ હોઈ પય નવગે**—પૃથ્વીકાય વિગેરે નવ પદને વિષે હોય છે. [ આ તેઉ વાઉની ગતિ કહી ]

**પુઢવાઈ ઠાણ દસગા**—પૃથ્વીકાયાદિ દસ સ્થાનકમાંથી નીકળેલા જીવો.

**વિગલાઇ તિયં તહિં જંતિ ॥૩૬॥** વિકલેંદ્રિયના ત્રણ દંડકમાં ઉપજે. [ તે વિકલેંદ્રિયની આગતિ ] અને ત્રણે વિકલેંદ્રિયના જીવો પૃથ્વીકાયાદિ દસ પદમાં જાય છે. [ તે વિકલેન્દ્રિયની ગતિ ]

**ગમણ**—ગતિ
**આગમણં**—આગતિ
**ગબ્ભય**—ગર્ભજ
**તિરિયાણં**—તિર્યંચોની
**સયલજીવ**—સર્વ જીવ
**ઠાણેસુ**—સ્થાનકોમાં
**સવ્વત્થ**—સર્વ દંડકોમાં
**જંતિ**—જાય છે
**તેઉ**—તેઉકાય
**વાઉહિં**—વાયુકાયમાંથી
**નો જંતિ**—ન જાય

**ગમણા-ગમણં ગબ્ભય**—ગતિ અને આગતિ ગર્ભજ

**તિરિયાણં સયલ જીવ ઠાણેસુ**—તિર્યંચોની સર્વ દંડકોને વિષે થાય છે. [ આ ગં૦ તિર્યંચની ગતિ આગતિ ]

**સવ્વત્થ જંતિ મણુઆ**—તથા ગ૦ મનુષ્યો સર્વ દંડકોને ઉત્પન્ન થાય છે. [ આ ગ૦ મનુષ્યની ગતિ ]

**તેઊ વાઊહિં નો જંતિ ॥ ૩૭ ॥** પણ તેઉ અને વાયુકાયના જીવો મનુષ્યોમાં ન જાય. ( મનુષ્યોની આગતિ ૨૨ દંડકોમાંથી. )

**વેય તિય**–ત્રણ વેદ
**તિરિ**–તિર્યંચ **નરેસુ**–મનુષ્યોમાં
**ઇત્થી**–સ્ત્રીવેદ
**પુરિસો**–પુરૂષવેદ
**સુરેસુ**–દેવોને વિષે
**થિર**–પાંચ સ્થાવર
**વિગલ**–વિકલેંદ્રિય
**નારએસુ**–નારકીને વિષે
**નપુંસવેઓ**–નપુંસક વેદ
**હુવઈ**–હોય છે
**એગો**–એક

[ ચોવીસમું વેદ દ્વાર. ]

**વેય તિય તિરિ નરેસુ**—ત્રણ વેદ તિર્યંચ અને મનુષ્યોને વિષે હોય છે.

**ઈત્થી પુરિસો ય ચઉવિહ સુરેસુ**—ચારે પ્રકારના દેવતાને વિષે સ્ત્રીવેદ અને પુરૂષવેદ હોય છે.

**થિર વિગલ નારએસુ**—પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય અને નારકીને વિષે.

**નપુંસ વેઓ હુવઈ એગો ॥ ૩૮ ॥** એક નપુંસક વેદ હોય છે.

**પજ્જ**–પર્યાપ્તા **મણુ**–મનુષ્ય
**બાયરગ્ગિ**–બાદરઅગ્નિ
**ભવણ**–ભવનપતિ
**વંતરિયા**–વ્યંતર
**જોઇસ**–જ્યોતિષી
**પણ**–પંચેંદ્રિય
**તિરિયા**–તિર્યંચ
**ભૂ**–પૃથ્વીકાય
**આઉ**–અપ્કાય
**વણસ્સઇ**–વનસ્પતિ
**ચિય**–નિશ્ચે
**અહિયા અહિયા**–અધિક અધિક

| નામ | ૧૫ યોગ ... ... દ્વાર ૧૪ | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૪ દંડક | સત્ય મન | સત્ય વચન | અસત્ય મન | અસત્ય વચન | સત્યાસત્ય મન | સત્યાસત્ય વચન | અસત્યા મૃષામન | અસત્યા મૃષાવચન | ઔદારિક કાય | ઔદારિક મિશ્ર | વૈક્રિય કાય | વૈક્રિય મિશ્ર | આહારકકાય | આહારક મિશ્ર | તૈજસ કાર્મણકાય |
| ૧ પૃથ્વીકાય | — | — | — | — | — | — | — | — | ૧ | ૧ | — | — | — | — | ૧ |
| ૧ અપ્કાય | — | — | — | — | — | — | — | — | ૧ | ૧ | — | — | — | — | ૧ |
| ૧ તેઉકાય | — | — | — | — | — | — | — | — | ૧ | ૧ | — | — | — | — | ૧ |
| ૧ વાઉકાય | — | — | — | — | — | — | — | — | ૧ | ૧ | — | — | — | — | ૧ |
| ૧ વનસ્પતિકાય | — | — | — | — | — | — | — | — | ૧ | ૧ | — | — | — | — | ૧ |
| ૧ બેઇંદ્રિય | — | — | — | — | — | — | — | ૧ | ૧ | ૧ | — | — | — | — | ૧ |
| ૧ તેઇંદ્રિય | — | — | — | — | — | — | — | ૧ | ૧ | ૧ | — | — | — | — | ૧ |
| ૧ ચૌરિંદ્રિય | — | — | — | — | — | — | — | ૧ | ૧ | ૧ | — | — | — | — | ૧ |
| ૧ ગર્ભજતિર્યંચ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — | — | ૧ |
| ૧ ગર્ભજમનુષ્ય | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧૦ ભવનપતિ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | — | — | ૧ |
| ૧ વ્યંતર | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | — | — | ૧ |
| ૧ જ્યોતિષી | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | — | — | ૧ |
| ૧ વૈમાનિક | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | — | — | ૧ |
| ૧ નારકી | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — | — | ૧ | ૧ | — | — | ૧ |

| ૧૨ ઉપયોગ દ્વાર ૧૫ | | | | | | | | | | | | ઉપપાત દ્વાર ૧૬ | ચ્યવન દ્વાર ૧૭ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મતિજ્ઞાન | શ્રુતજ્ઞાન | અવધિજ્ઞાન | મનઃ પર્યવજ્ઞાન | કેવળજ્ઞાન | મતિ અજ્ઞાન | શ્રુતઅજ્ઞાન | વિભંગજ્ઞાન | ચક્ષુદર્શન | અચક્ષુદર્શન | અવધિ દર્શન | કેવળદર્શન | એક સમયમાં કેટલા ઉપજે | એક સમયમાં કેટલા ચ્યવે |
| – | – | – | – | – | ૧ | ૧ | – | – | ૧ | – | – | અસંખ્યાતા | ચોવીશે દંડકે ઉપપાત દ્વાર પ્રમાણે ચ્યવનદ્વાર જાણવું. |
| – | – | – | – | – | ૧ | ૧ | – | – | ૧ | – | – | ,, | |
| – | – | – | – | – | ૧ | ૧ | – | – | ૧ | – | – | ,, | |
| – | – | – | – | – | ૧ | ૧ | – | – | ૧ | – | – | ,, | |
| – | – | – | – | – | ૧ | ૧ | – | – | ૧ | – | – | અનંતા | |
| ૧ | ૧ | – | – | – | ૧ | ૧ | – | – | ૧ | – | – | સંખ્યાતા કે અસંખ્યાતા | |
| ૧ | ૧ | – | – | – | ૧ | ૧ | – | – | ૧ | – | – | ,, | |
| ૧ | ૧ | – | – | – | ૧ | ૧ | – | ૧ | ૧ | – | – | ,, | |
| ૧ | ૧ | ૧ | – | – | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | – | ,, | |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ,, | |
| ૧ | ૧ | ૧ | – | – | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | – | ,, | |
| ૧ | ૧ | ૧ | – | – | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | – | ,, | |
| ૧ | ૧ | ૧ | – | – | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | – | ,, | |
| ૧ | ૧ | ૧ | – | – | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | – | ,, | |
| ૧ | ૧ | ૧ | – | – | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | – | ,, | |

| નામ | સ્થિતિ દ્વાર ૧૮ | | પર્યાપ્તિ દ્વાર ૧૯ | | | | | | કિમાહાર દ્વાર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૪ દંડક | જઘન્ય | ઉત્કૃષ્ટ | આહાર | શરીર | ઇંદ્રિય | શ્વાસોશ્વાસ | ભાષા | મન | કેટલી દિશાનો આહાર હોય |
| ૧ પૃથ્વીકાય | અંતર્મુહૂર્ત | ૨૨ હ. વર્ષ | ૧ | ૧ | ૧ | ૧ | — | — | ૩-૪-૫-૬ દિશાનો |
| ૧ અપ્કાય | | ૭ હજાર વર્ષ | ૧ | ૧ | ૧ | ૧ | — | — | |
| ૧ તેઉકાય | | ૩ અહો રાત્ર | ૧ | ૧ | ૧ | ૧ | — | — | |
| ૧ વાઉકાય | | ૩ હજાર વર્ષ | ૧ | ૧ | ૧ | ૧ | — | — | |
| ૧ વનસ્પતિકાય | | ૧૦ હ. વર્ષ | ૧ | ૧ | ૧ | ૧ | — | — | |
| ૧ બેઇંદ્રિય | | ૧૨ વર્ષ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — | છ દિશાનો આહાર હોય છે. |
| ૧ તેઇંદ્રિય | | ૪૯ દિવસ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — | |
| ૧ ચૌરિંદ્રિય | | ૬ માસ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | — | |
| ૧ ગર્ભજતિર્યંચ | | ૩ પલ્યોપમ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | |
| ૧ ગર્ભજમનુષ્ય | | ,, | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | |
| ૧૦ ભવનપતિ | દસ હ. વ. | દેશેઊ.બે. પ. | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | |
| ૧ વ્યંતર | ,, | ૧ પલ્યોપમ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | |
| ૧ જ્યોતિષી | ૧/૮ પલ્યોપમ | એક પ. પ. | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | |
| ૧ વૈમાનિક | પલ્યોપમ | એક લા. વ. ૩૩ સાગર | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | |
| ૧ નારકી | દસ હ. વ. | ૩૩ સા. પમ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | |

| સંજ્ઞા દ્વાર ૨૧ | | | ગતિ દ્વાર ૨૨ | આગતિ દ્વાર ૨૩ | વેદ દ્વાર ૨૪ | | |
|---|---|---|---|---|---|---|---|
| દીર્ઘકાલિકી | હેતુવાદોપદેશિકી | દૃષ્ટિવાદોપદેશિકી | | | પુરુષ | સ્ત્રી | નપુંસક |
| – | । | । | પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય તિર્યંચ અને મનુષ્ય | નારકી વિના ૨૩ દંડકમાંથી | - | । | ૧ |
| | । | । | ,, | ,, | – | । | ૧ |
| – | । | । | પાંચ સ્થાવર ત્રણ વિકલેંદ્રિય અને તિર્યંચમાં | પાંચ સ્થાવર ત્રણ વિકલેંદ્રિય તિર્યંચ અને મનુષ્યમાંથી | – | । | ૧ |
| – | । | । | ,, | ,, | – | । | ૧ |
| – | । | । | પાંચ સ્થાવર ત્રણ વિકલેંદ્રિય તિર્યંચ અને મનુષ્યમાં | નારકી વિના ૨૩ દંડકમાંથી | - | । | ૧ |
| । | ૧ | । | ,, | પાંચ સ્થાવર ત્રણ વિકલેંદ્રિય તિર્યંચ અને મનુષ્યમાંથી | – | – | ૧ |
| । | ૧ | । | ,, | ,, | – | – | ૧ |
| । | ૧ | । | ,, | ,, | – | – | ૧ |
| ૧ | – | – | ચોવીશે દંડકમાં | ચોવીશે દંડકમાંથી | ૧ | ૧ | ૧ |
| ૧ | – | ૧ | ,, | ૨૨ દંડકમાંથી (તેઉ. વાયુ વિના) | ૧ | ૧ | ૧ |
| ૧ | | | પંચેંદ્રિય તિર્યંચ મનુષ્ય પૃથ્વીઅપ ને વનસ્પતિકાયમાં | ગર્ભજ પર્યાપ્ત તિર્યંચ અને મનુષ્યમાંથી | ૧ | ૧ | – |
| | | | | | ૧ | ૧ | – |
| ૧ | | | ,, | ,, | ૧ | ૧ | – |
| ૧ | | | ,, | ,, | | | |
| ૧ | | | ,, | ,, | ૧ | ૧ | – |
| ૧ | | | સં. ગર્ભજ પર્યાપ્તા તિર્યંચ ને મનુષ્યમાં | ,, | – | – | ૧ |

| | |
|---|---|
| કમેણ-અનુક્રમે | જિણા-હે જિનેશ્વરો ! |
| ઇમે-એ, આ | મએ-મેં |
| હુંતિ-હોય છે | અણંતસો-અનંતીવાર |
| સવ્વેવિ-સર્વે પણ | પત્તા-પ્રાપ્ત કર્યા |
| ભાવા-ભાવો | |

## [ અલ્પબહુ દ્વાર. ]

**પજ્જ મણ બાયરગ્ગી**—( સૌથી થોડા ) પર્યાપ્તા મનુષ્ય (તેથી વધારે ) બાદર અગ્નિકાય.

**વેમાણિય ભવણ નિરય વંતરિયા**—વૈમાનિક, ભવનપતિ, નારકી, વ્યંતર.

**જોઇસ ચઉ પણ તિરિયા**—જ્યોતિષી, ચઉરિંદ્રિય, પંચેંદ્રિય તિર્યંચ.

**બેઇંદિય તેઇંદિય ભૂ આઊ ॥ ૩૯ ॥** બેઇંદ્રિય, તેઇંદ્રિય, પૃથ્વીકાય, અપ્કાય.

**વાઉ વણસ્સઇ ચ્ચિય**—વાઉકાય અને નિશ્ચે વનસ્પતિકાય.

**અહિયા અહિયા કમેણિમે હુંતિ**—એ બધા અનુક્રમે એક એકથી અધિક હોય છે.

**સવ્વે વિ ઇમે ભાવા**—આ સર્વે પણ ભાવો.

**જિણા મએ ણંતસો પત્તા ॥ ૪૦ ॥** હે જિનેશ્વરો ! મેં અનંતીવાર પ્રાપ્ત કર્યા છે.

| | |
|---|---|
| સંપઇ-હમણાં તુમ્હ-તમારા | દંડતિય-ત્રણ દંડના |
| ભત્તસ્સ-ભક્ત (એવા) | વિરય-વિરતિથી |
| પય-સ્થાનને વિષે | સુલહં-સુલભ |
| ભમણ-ભમવાથી | લહુ-જલ્દી |
| ભગ્ગ-નિવૃત્ત | મુક્ખપયં-મોક્ષપદ |
| હિયયસ્સ-હૃદયવાળા | |

**સંપઇ તુમ્હ ભત્તસ્સ, દંડગ પય ભમણ ભગ્ગ હિયયસ્સ**—હમણાં ચોવીસ દંડકના સ્થાનને વિષે ભમવાથી ખેદયુક્ત મનવાળા અને તમારા ભક્ત એવા મને.

**દંડતિય વિરય સુલહં**—મન વચનને કાયા એ ત્રણ દંડના વિરામથી સુલભ એવું.

**લહુ મમ દિંતુ મુક્ખપયં ॥ ૪૧ ॥** મોક્ષપદ જલ્દી આપો.

| | |
|---|---|
| **સિરિ**—શ્રી **જિણહંસ**—જિનહંસ | **ગજસારેણ**—ગજસાર મુનિએ |
| **મુણીસર**—મુનીશ્વરના | **લિહિયા**—લખી **એસા**—આ |
| **રજ્જે**—રાજ્યને વિષે | **વિન્નત્તી**—વિજ્ઞપ્તિ |
| **સીસેણ**-શિષ્ય | **અપ્પહિયા**—પોતાના હિતને માટે |

**સિરિ જિણહંસ મુણીસર**—શ્રી જિનહંસ મુનીશ્વરના.

**રજ્જે સિરિ ધવલચંદ સીસેણ**—રાજ્યને વિષે શ્રી ધવલચંદ્ર મુનિના શિષ્ય.

**ગજસારેણ લિહિયા, એસા વિન્નત્તિ અપ્પહિયા ॥ ૪૨ ॥** ગજસાર મુનિએ આ વિજ્ઞપ્તિ પોતાના આત્માના હિતને અર્થે લખી છે.

**ભાવાર્થ**—આ દંડક પ્રકરણના રચયિતા ગજસાર મુનિ છે. તેમણે તે ગ્રંથ સ્વોપજ્ઞ ટીકા સાથે સં. ૧૫૭૯ માં પાટણમાં બનાવ્યો છે. આ ચોવીશ જીવભેદને ૨૪ દંડક તરીકે ઓળખાવીને તે પ્રત્યેક જીવભેદ ઉપર શરીર અવગાહના વિગેરે ૨૪ દ્વારોની ઘટના કરવામાં આવી છે. આ ગ્રંથનું નામ ખરી રીતે **વિચાર ષટ્ત્રિંશિકા** છે. આ ગ્રંથના વિષયનો બોધ આગમના બીજા ગ્રંથ સમજવામાં ખુબ મદદરૂપ નીવડે છે. પ્રસિદ્ધ ચાર પ્રકરણમાં આ ત્રીજું પ્રકરણ છે.

# શ્રી લઘુ સંગ્રહણી પ્રકરણ.

## અર્થ સહિત

જિણં-રાગદ્વેષને જીતનારને | વુચ્છં-કહીશ
સવ્વન્નું-સર્વજ્ઞ | સુત્તા-સૂત્રથી
જગપુજ્જં-જગતને પૂજ્ય | સ પર-પોતાના અને પરના
પયત્થે-પદાર્થોને | હેઉ-માટે

**નમિય જિણં સવ્વન્નું, જગપુજ્જં જગગુરૂં મહાવીરં**—
રાગદ્વેષને જીતનાર, સર્વજ્ઞ, ત્રણ જગતને પૂજ્ય, ત્રણ જગતના ગુરૂ એવા શ્રી મહાવીર સ્વામીને નમસ્કાર કરીને.

**જંબુદ્દીવ પયત્થે**—જંબૂદ્વીપના શાશ્વતા પદાર્થોને.

**વુચ્છં સુત્તા સપરહેઊ ॥ ૧ ॥** સૂત્રના અનુસારે પોતાના અને પરના માટે કહીશ.

ખંડા-ખાંડવા જોયણ-જોજનના | સલિલાઓ-નદીઓ
વાસા-ક્ષેત્રો પવ્વય-પર્વતો | પિંડસિં-તેઓનો સમૂહ
કુડા-શિખરો તિત્થ-તીર્થો | હોઇ-છે
સેઢીઓ-શ્રેણિઓ |
વિજય-વિજયો દહ-દ્રહો | સંઘયણી-સંગ્રહણી

**ખંડા જોયણ વાસા**—(૧) ખાંડવા (૨) યોજન (૩) ક્ષેત્ર.

**પવ્વય કુડા ય તિત્થ સેઢીઓ**—(૪) પર્વત (૫) શિખરો (૬) તીર્થો અને (૭) શ્રેણિઓ.

**વિજય દહ સલિલાઓ**—(૮) વિજય (૯) દ્રહો અને (૧૦) નદીઓ.

**પિંડસિં હોઈ સંઘયણી ॥૨॥** તે દસ પદાર્થોનો સંગ્રહ તે સંગ્રહણી છે.

નઉઅ સયં-એકસો નેવું | લક્ખે-લાખને
ખંડાણં-ખાંડવા | અહવા-અથવા
ભરહ-ભરતક્ષેત્રના | ગુણં-ગુણતાં
પમાણેણ-પ્રમાણવડે | ભરહ પમાણં-ભરતના
ભાઇએ-ભાગતાં | હવઈ-થાય છે [પ્રમાણને

[ પ્રથમ ખંડ દ્વાર. ]

[ એક ખાંડવો=પર૬ જોજન ૬ કલા પ્રમાણવાળોછે ]

**ણઉઅ સયં ખંડાણં ભરહપમાણેણ ભાઇએ લકખે**—ભરતક્ષેત્રના પ્રમાણથી [ પર૬ યોજન ૬ કળાવડે ] જંબૂદ્વીપના એક લાખ જોજનને ભાંગતાં એકસો નેવુ ખાંડવા થાય.

**અહવા નઉઅસય-ગુણં, ભરહ-પમાણં હવઈ લકૂખં ॥૩॥** અથવા ભરતક્ષેત્રના પ્રમાણને એકસો નેવું વડે ગુણતાં એક લાખ જોજન થાય. [પર૬ જોજન ૬ કલાનેx૧૯૦=૧ લાખ]

## એક લાખ યોજનના જંબૂદ્વીપમાં એકસો નેવું ખાંડવા શી રીતે? તેમજ એકસો નેવું ખાંડવે લાખ જોજન શી રીતે?

### પહેલી રીતિ

કોષ્ટક:—૧ યોજન = ૧૯ કલા એ પ્રમાણે કોષ્ટક સમજવું.

૧—**ભરતક્ષેત્રનું પ્રમાણ**—પર૬ યોજન ૬ કલા.

પર૬x૧૯=૯૯૯૪+૬=૧૦૦૦૦ **ભરતક્ષેત્રનું કલા પ્રમાણ.**

૨—**જંબુદ્વીપનું પ્રમાણ**-૧૦૦૦૦૦ યોજન

૧૦૦૦૦૦ x ૧૯=૧૯૦૦૦૦૦ **જંબુદ્વીપનું કલા પ્રમાણ.**

જંબુદ્વીપના કલા પ્રમાણને ભરતક્ષેત્રના કલા પ્રમાણે ભાગીએ તો ૧૯૦૦૦૦૦ ÷ ૧૦૦૦૦ = ૧૯૦ ખાંડવા થાય.

### બીજી રીતિ

એજ પ્રમાણે જો પર૬ યોજન ને ૬ કલાને એકસો નેવુંએ ગુણીએ તો ઉપર પ્રમાણે જંબુદ્વીપનું એક લાખ યોજન પ્રમાણ બરાબર મળી રહે. તે આ રીતે.

**ભરતક્ષેત્ર-પર૬ યોજન ૬ કલા પ્રમાણે છે માટે.**

યોજન પર૬ x ૧૯૦ = ૯૯૯૪૦ યોજન થાય.

કલા ૬ × ૧૯૦ = ૧૧૪૦ કલા. તેને ઓગણીસે ભાગીયે તો
૧૧૪૦ ÷ ૧૯ = ૬૦ યોજન આવે. અને
તેને પૂર્વમાં ઉમેરીએ એટલે

૯૯૯૪૦ + ૬૦ = ૧૦૦૦૦૦ યોજન જંબૂદ્વીપ.

પ્રશ્ન—૧૧૪૦ કલાને ૧૯ સે શા માટે ભાગવા?

જવાબ—કારણકે ૧૯ કલા બરાબર એક યોજન થાય છે માટે
+ સરવાળાનું ચિન્હ. × ગુણાકારનું ચિન્હ ÷ ભાગાકારનું
ચિન્હ – બાદ બાકીનું ચિન્હ = જવાબનું ચિન્હ સમજવું.

---

અહુવા—અથવા
ઇગ ખંડ—એક ખાંડવો
ભરહે—ભરતક્ષેત્રનો દો—બે
હિમવંતે—હિમવંત પર્વતના
હેમવઇ—હિમવંત ક્ષેત્રના
મહા હિમવંતે—મહા હિમવંત
સોલસ—સોળ [ પર્વતમાં
ખંડાઈ—ખંડ
હરિવાસે—હરિવર્ષ ક્ષેત્રમાં
બત્તીસં—બત્રીશ પુણ—વળી
નિસહદ્દે—નિષધ પર્વતના
મિલિયા—મળીને
તેસટ્ઠી—ત્રેશઠ
બીય પાસે વિ—બીજી બાજુને
ચઉસટ્ઠી—ચોસઠ [ વિષે પણ
વિદેહે—મહા વિદેહક્ષેત્રને વિષે
તિરાસિ—ત્રણે સમૂહને
પિંડે—એકઠા કરીએ તો

## એકસો નેવું ખંડની ત્રીજી રીતિ

અહવેગ ખંડ ભરહે—અથવા એક ખાંડવાનું ભરતક્ષેત્ર,

દો હિમવંતે અ હેમવઈ ચઉરો—બે ખાંડવાનો હિમવંત પર્વત
અને ચાર ખાંડવાનું હિમવંત ક્ષેત્ર.

અટ્ઠ મહા હિમવંતે—આઠ ખાંડવાનો મહાહિમવંત પર્વત.

સોલસ ખંડાઈં હરિવાસે ॥ ૪ ॥ સોળ ખાંડવાનું હરિવર્ષક્ષેત્ર છે.

**બત્તીસં પુણ નિસઢે**—વળી બત્રીસ ખાંડવાનો નિષધ પર્વત.

**મિલિઆ તેસટ્ઠિ બીયપાસે વિ**—એ સર્વ મળી ત્રેસઠ ખાંડવા થાય. એમ બીજી બાજુને વિષે પણ ત્રેસઠ ખાંડવા થાય.*

**ચઉસટ્ઠી ઉ વિદેહે**—વળી મહાવિદેહ ક્ષેત્રને વિષે ચોસઠ ખાંડવા છે.

**તિરાસિપિંડે ઉ નઉઅસયં ॥ ૫ ॥** એ ત્રણને એકઠા કરીએ તો એકસો નેવું ખાંડવા થાય.

૬૩ ભરત તરફનાં + ૬૩ ઐરવત તરફનાં + ૬૪ મહાવિદેહનાં એમ ૧૯૦ ખંડ એક લાખ યોજનમાં થાય.

**પરિમાણાઇં**-પ્રમાણવાળા
**સમચઉરંસાઇં**–સમચતુરસ્ર. સમચોરસ
**ઇત્થ**–અહીં **ખંડાઇં**–ખાંડવા
**પરિહીએ**–પરિધિને
**તપ્પાય**–તેના ચોથા ભાગે
**ગુણે**–ગુણવાથી
**હુંતેવ**-નિશ્ચે થાય

## [ બીજું યોજન દ્વાર. ]

**જોયણપરિમાણાઇં**—આ જંબુદ્વીપના એક ખંડ જોજનના પ્રમાણવાળા.

**સમચઉરંસાઇં ઇત્થ ખંડાઇં**—સમચતુરસ્ર ખંડ અહીંયાં કેવી રીતે? અને કેટલા થાય તે જાણવું તેને **યોજનદ્વાર** કહેવાય

**લક્ખસ્સ ય પરિહીએ**-એક લાખ જોજનના પરિધિને.

**તપ્પાય ગુણે ય હુંતેવ ॥ ૬ ॥** તેના ચોથા ભાગ વડે ગુણવાથી નિશ્ચે [ ગણિતપદ ] થાય છે.

---

* ઐરવત ક્ષેત્રનું –૧
શિખરી પર્વતના–૨
હિરણ્યવત ક્ષેત્રના–૪
રૂકમી પર્વતના – ૮
રમ્યક્ ક્ષેત્રના – ૧૬
નીલવંત પર્વતના–૩૨
૧ + ૨ + ૪ + ૮ + ૧૬ + ૩૨ = ૬૩ ત્રેસઠ ખાંડવા.

## એક લાખ યોજનના જંબૂદ્વીપમાં આવેલ ક્ષેત્રો અને પર્વતોનો વિસ્તાર.

| ખંડ ક્ષેત્ર કે પર્વતનું નામ | ખંડ યોજન કળા | | ખાંડવા | | ક્ષેત્ર કે પર્વ. યો૦ કલા |
|---|---|---|---|---|---|
| ૧ – ભરત ક્ષેત્ર | ૫૨૬ – ૬ | × | ૧ | = | ૫૨૬ – ૬ |
| ૨ – ઐરવત ક્ષેત્ર | ,, | × | ૧ | = | ૫૨૬ – ૬ |
| ૧ – હિમવંત પર્વત | ,, | × | ૨ | = | ૧૦૫૨ – ૧૨ |
| ૨ – શિખરી પર્વત | ,, | × | ૨ | = | ૧૦૫૨ – ૧૨ |
| ૩ – હિમવંત ક્ષેત્ર | ,, | × | ૪ | = | ૨૧૦૫ – ૫ |
| ૪ – ઐરણ્યવ્રત ક્ષેત્ર | ,, | × | ૪ | = | ૨૧૦૫ – ૫ |
| ૩ – મહાહિમવંત પર્વત | ,, | × | ૮ | = | ૪૨૧૦ – ૧૦ |
| ૪ – રૂકિમ પર્વત | ,, | × | ૮ | = | ૪૨૧૦ – ૧૦ |
| ૫ – હરિવર્ષ ક્ષેત્ર | ,, | × | ૧૬ | = | ૮૪૨૧ – ૧ |
| ૬ – રમ્યક્ ક્ષેત્ર | ,, | × | ૧૬ | = | ૮૪૨૧ – ૧ |
| ૫ – નિષધ પર્વત | ,, | × | ૩૨ | = | ૧૬૮૪૨ – ૨ |
| ૬ – નીલવંત પર્વત | ,, | × | ૩૨ | = | ૧૬૮૪૨ – ૨ |
| ૭ – મહાવિદેહ ક્ષેત્ર | ,, | × | ૬૪ | = | ૩૩૬૮૪ – ૪ |

ખાંડવા કુલ = ૧૯૦ જો.૯૯૯૯૬ કલા ૭૬

ઓગણીસ કલા બરાબર એક યોજન થાય એટલે ૭૬ કલાના ૪ યોજન.]

૯૯૯૯૬ + ૪ = ૧૦૦૦૦૦ યોજનનો જંબૂદ્વીપ છે.

કુલ= ભરત ઐરવત વિગેરે સાત ક્ષેત્રો અને હિમવંત શિખરી વિગેરે ૭ પર્વતો મળી એક લાખ યોજનનો જંબૂદ્વીપ છે તેમાં મહાવિદેહ ક્ષેત્ર એ બધાની મધ્યમાં છે અને એક તરફ ભરતક્ષેત્ર છે તેવીજ રીતે સામી બાજુએ ઐરવતક્ષેત્ર એમ અનુક્રમે ઉપરના આંકડા પ્રમાણે ક્ષેત્રો સામસામે આવેલા છે એમ સમજવું. એટલે **ભરત** તરફ ૬૩ ખંડ. **ઐરવત** તરફ ૬૩ ખંડ. અને **મહાવિદેહ**ના ૬૪ ખંડ કુલ ૧૯૦ ખંડ પ્રમાણ જંબૂદ્વીપ છે.

| | |
|---|---|
| **વિક્ખંભ**-પહોળાઈના | **વિક્ખંભ**-વિસ્તારના |
| **વગ્ગ**-વર્ગને | **પાય**-ચોથા ભાગે |
| **દહગુણ**-દશ ગુણા કરી | **ગુણિઓ**-ગુણવાથી |
| **કરણી**-વર્ગમૂળ કાઢતાં | **તસ્સ**-તેનું |
| **વટ્ટસ્સ**-વાટલાનો | **ગણિય પયં**-ગણિતપદ ક્ષેત્રફળ |
| **પરિરઓ**-પરિધિ | |

## જંબૂદ્વીપની પરિધિ તથા ગણિત પદ કાઢવાની રીતિ

**વિક્ખંભ વગ્ગ દહ ગુણ**—પહોળાઈના–વ્યાસના [1]વર્ગને દશ ગુણા કરીને.

**કરણી વટ્ટસ્સ પરિરઓ હોઇ**—વર્ગમૂળ કાઢવાથી એ ક્ષેત્રની ગોળ પરિધિ થાય.

**વિક્ખંભ પાય ગુણિઓ**—તે પરિધિને વિસ્તારના ચોથા ભાગ વડે ગુણતાં.

**પરિરઓ તસ્સ ગણિય-પયં ॥૭॥** તે વૃત્તપદાર્થનું ક્ષેત્રફળ થાય.

| | |
|---|---|
| **પરિહી**–પરિધિ | **અહિયા**–અધિક |
| **તિ લક્ખ**-ત્રણ લાખ | **કોસ તિગ**-ત્રણ ગાઉ |
| **સોલસ સહસ્સ**-સોળ હજાર | **અટ્ઠાવીસં**-અઠ્યાવીશ |
| **દોય સય**–બસેને | **ધણુ**-ધનુષ્ય **સય**-સો |
| **સત્તવીસ**-સત્યાવીશ | **તેરંગુલદ્ધ**-સાડાતેર આંગળ |

## જંબૂદ્વીપની પરિધિના યોજન

**પરિહી તિલક્ખ સોલસ,**—જંબુદ્વીપનો પરિધિ ત્રણ લાખ

**સહસ્સ દોય સયસત્તવીસ-હિયા**—સોળ હજાર બસેંને સત્તાવીશ જોજન.

**કોસ તિગ અટ્ઠાવીસં**—ત્રણ ગાઉ એકસો અઠ્ઠાવીસ ધનુષ અને

**ધણુસય તેરંગુલદ્ધહિઅં ॥ ૮ ॥** સાડાતેર આંગલથી અધિક

---

૧. કોઈ પણ સંખ્યાને તેની તે સંખ્યાએ ગુણવી તેને વર્ગ કહે છે ૫×૫=૨૫

થાય છે. [ =૩૧૬૨૨૭ યોજન. ૩ ગાઉ. ૧૨૮ ધનુષ્ય. ૧૩।। અંગુળ. ]

**વિશેષાર્થ**—**પરિધિ કાઢવા માટે સમજણઃ**—

જંબૂદ્વીપ વિસ્તાર વર્ગ-**વિક્ખંભવગ્ગ**=

જંબુદ્વીપ—૧૦૦૦૦૦×૧૦૦૦૦૦=૧૦૦,૦૦,૦૦,૦૦

**દહગુણ** × ૧૦

સો અબજ--૧૦૦૦૦૦૦૦૦૦૦૦ આ રકમનું વર્ગમૂળ કાઢવું

યોજન ગાઉ ધનુષ્ય અંગુલ

૩૧૬૨૨૭ - ૩ - ૧૨૮ - ૧૩।।—પરિધિ આવશે.

તેમાં કોષ્ટક આ પ્રમાણે જાણવું:—

| | |
|---|---|
| ૯૬ અંગુલનો = ૧ ધનુષ્ય | ૨૪ અંગુલનો = ૧ હાથ |
| ૨૦૦૦ ધનુષ્યનો = ૧ ગાઉ | ૪ હાથનો = ૧ ધનુષ્ય |
| ૪ ગાઉનો = ૧ જોજન | ૮૦૦૦ હાથનો = ૧ ગાઉ |

પણ જો વર્ગમૂળ કાઢતાં ન આવડે તો જંબૂદ્વીપનો વિસ્તારને ૧૦૦૦૦૦×૨૨ ગુણી અને તેને સાતે ભાગવાથી લગભગ પરિધિ આવશે.

| | |
|---|---|
| **સત્તેવ**–નિશ્ચે સાત | **ગાઉઅં**–ગાઉ **એગં**–એક |
| **કોડી**–કોડ **સયા**–સો | **પનરસ**–પંદર |
| **નઉઆ**–નેવું **છપ્પન્ન**–છપ્પન | **ધણુસયા**–સો ધનુષ્ય |
| **સય સહસ્સાઈ**–લાખ | **ધણૂણિ**–ધનુષ્ય **સટ્ઠિં**–સાઈઠ |
| **ચઉનઉયં**–ચોરાણું. | **અંગુલાઈ**–આંગળ |
| **સયં દિવડ્ઢં**–દોઢસો | **ગણિય પયં**–ગણિત પદ |
| **સાહીયં**–અધિક | ( ક્ષેત્રફળ ) |

**જંબૂદ્વીપના ગણિત પદના યોજન**

**સત્તેવ ય કોડિસયા, નઉઆ**—નિશ્ચે સાતસોને નેવું કોડ.

**છપ્પન્ન સય-સહસ્સાઈ**-[ ૫૬ સો હજાર ] છપ્પન લાખ.

**ચઉણુઉયં ચ સહસ્સા**—ચોરાણું હજાર.

**સયં દિવડ્ઢં ચ સાહીયં ॥ ૯ ॥** એકસો પચાસ જોજનથી અધિક.

**ગાઉય-મેગં પનરસ, ધણુસયા તહ ધણૂણિ પન્નરસ**—એક ગાઉ તથા પંદરસો પંદર ધનુષ્ય

**સટ્ઠિં ચ અંગુલાઇં**—અને સાઠ આંગળ.

**જંબૂદ્રીવસ્સ ગણિયપયં ॥૧૦॥** એટલું જંબૂદ્રીપનું ક્ષેત્રફળ જાણવું

## જંબૂદ્રીપનું ક્ષેત્રફળ : ૧ રીતિ

**જંબૂદ્રીપની પરિધિ**-૩૧૬૨૨૭-૩-૧૨૮-૧૩॥ તેને એકલાખનો ચોથો ભાગ એટલે ૨૫૦૦૦ ગુણવાથી

×૨૫૦૦૦

**ક્ષેત્રફળ** = ૭૯૦,૫૬,૯૪,૧૫૦-૧-૧૫૧૫-૬૦ ક્ષેત્રફળ થાય.

યોજન - ગાઉ-ધનુષ્ય-અંગુલ

**તેની સહેલી રીતઃ—** *ધનુષ્ય અંગુલ

અંગુલ - ૧૩॥ × ૨૫૦૦૦ = ૩૩૭૫૦૦ ÷ ૯૬ = ૩૫૧૫ - ૬૦

ધનુષ્ય - ૧૨૮ × ૨૫૦૦૦=૩૨૦૦૦૦૦ ÷ ૨૦૦૦ =૧૬૦૦ ગાઉ

ગાઉ - ૩ × ૨૫૦૦૦= ૭૫૦૦૦ ÷ ૪ = ૧૮૭૫૦ જોજન.

જોજન-૩૧૬૨૨૭×૨૫૦૦૦=૭૯૦૫૬૭૫૦૦૦= ૭૯૦૫૬૭૫૦૦૦જો.

જોજન ૭૯૦૫૬૭૫૦૦૦ + ૧૮૭૫૦ = ૭૯૦૫૬૯૩૭૫૦ જોજન

ગાઉ ૧૬૦૦ ÷ ૪ = ૪૦૦ = ............૪૦૦ જોજન

ગાઉ ધનુષ્ય ગા. ધ.

ધનુષ્ય ૩૫૧૫ ÷ ૨૦૦૦ = ૧-૧૫૧૫ = .........૦૦૦-૧-૧૫૧૫

અંગુલ ૬૦ = ૬૦ અંગુલ =..........૦૦૦ - ૬૦ અં.

કુલ = ૭૯૦૫૬૯૪૧૫૦-૧-૧૫૧૫ - ૬૦

**જવાબ**-૭૯૦૫૬૯૪૧૫૦-૧-૧૫૧૫ - **૬૦ જંબુદ્રીપનું ક્ષેત્રફળ.**

## ક્ષેત્રફળની બીજી રીતિ.

એતો જાણો છો ને કે પરિધને ૨૫ હજારે ગુણવાથી **ક્ષેત્રફળ** થાય તેની રીતઃ--

યોજન

૩૦૦૦૦૦×૨૫૦૦૦ = ૭૫૦ ક્રોડ ]
૧૬૦૦૦×૨૫૦૦૦ = ૪૦ ક્રોડ ] ૭૯૦ ક્રોડ
૨૦૦×૨૫૦૦૦ = ૫૦ લાખ
૨૭×૨૫૦૦૦ = ૬ લાખ ૭૫ હજાર

૩,૧૬,૨૨૭ **યોજન** = ૭૯૦ ક્રોડ ૫૬ લાખ ૭૫ હજાર

**ગાઉ**—૩×૨૫૦૦૦=૭૫૦૦૦ ગાઉ **થાય** પણ ચાર ગાઉનો એક યોજન એટલે ચારે ભાગતાં—**૧૮૭૫૦ જોજન**

**ધનુષ્ય**—૧૨૮×૨૫૦૦૦=૩૨ લાખ ધનુષ્ય થાય પણ ૮ હજાર ધનુષ્યનો એક યોજન એટલે ૮ હજારે ભાગતાં **૪૦૦ જોજન થયા.**

**પ્રથમના**--૭૫૦૦૦+૧૮૭૫૦+૪૦૦=કુલ ૯૪૧૫૦

૭૯૦ ક્રોડ+૫૬ લાખ+૯૪૧૫૦ મેળવતા=૭૯૦,૫૬,૯૪૧૫૦

**અંગુલ**--૧૩॥×૨૫૦૦૦=૩ લાખ ૩૭ હજાર ને ૫૦૦ અંગુલ થાય પણ ૯૬ અંગુલનો ધનુષ્ય એટલે ૯૬ વડે ભાગતા ૩૫૧૫ ધનુષ્યને ૬૦ આંગળ થાય પણ બે હજાર ધનુષ્યનો ગાઉ એટલે બે હજારે ભાગતાં

| ગાઉ | ધનુષ્ય | આંગળ આવે |
|---|---|---|
| ૧ – | ૧૫૧૫ ને | ૬૦ |

| | જોજન | ગાઉ | ધનુષ્ય | અંગુલ |
|---|---|---|---|---|
| એટલે કુલ **ક્ષેત્રફળ** | ૭૯૦૫૬૯૪૧૫૦– | ૧ – | ૧૫૧૫ – | ૬૦ |

**ભરહાઈ**–ભરત આદિ.
**સત્ત વાસા**-સાત ક્ષેત્રો.
**વિયડ્ઢ ચઉ**–ચાર વૈતાઢ્ય.
**ચઉરતિંસિ**–ચોત્રીશ.
**વટ્ટ**–વર્તુલ **ઈયરે**–બીજા
**વક્ખાર ગિરિ**–વક્ષસ્કાર પર્વત.
**ચિત્ત વિચિત્ત**–ચિત્ર અને વિચિત્ર
**દો**–બે.
**જમગા**–જમક ને સમક.
**દો સય**–બસેં.
**કણય ગિરીણં**–કંચનગિરિ.
**ચઉ ગયદંતા**–ચાર ગજદંતા.
**તહ**–તેમજ.
**સુમેરુ**–મેરૂ પર્વત.
**છ વાસહરા**–છ વર્ષ ધર.
**પિંડે**–એકઠા કરતાં.
**એગુણ સત્તરિ**–અગણોતેર.
**સયાદુન્ની**–બસેં.

## [ ત્રીજું ક્ષેત્રદ્વાર. ]

**ભરહાઇ સત્ત વાસા**—જંબુદ્વીપમાં ભરતાદિ સાત ક્ષેત્રો છે. [તે ક્ષેત્રદ્વાર] [ ભરત, ઐરવત, મહાવિદેહ, હિમવંત, ઐરણ્યવંત હરિવર્ષ, રમ્યક્ ]

## [ ચોથું પર્વતદ્વાર ]

**વિયડ્ઢ ચઉ ચઉરતિંસ વટ્ટિયરે**—ચાર વૈતાઢ્ય વાટલા ( ગોળ ) અને ચોત્રીસ વૈતાઢ્ય લાંબા પર્વતો છે.

**સોલસ વક્ખારગિરી**—સોળ વક્ષસ્કાર પર્વત છે.

**દો ચિત્ત વિચિત્ત દો જમગા ॥ ૧૧ ॥** ચિત્ર અને વિચિત્ર એ નામના બે, તથા જમક અને સમક એ નામના બે પર્વત છે.

**દોસય કણય ગિરીણં**—બસેં કંચનગિરિ છે.

**ચઉ ગયદંતા ય તહ સુમેરૂ ય**—ચાર ગજદંતા પર્વત તેમજ એક મેરૂ પર્વત.

**છ વાસહરા પિંડે**—છ વર્ષધર પર્વત છે. એ સર્વ એકઠા કરતાં

**એગુણસત્તરિ સયા દુન્ની ॥૧૨॥** બસો અગણોત્તેર પર્વતો થાય છે.

કુલ=૪+૩૪+૧૬+૨+૨૦૦+૪૧+૬=૨૬૯

**સોલસ**–સોળ
**વક્ખારેસુ**–વક્ષસ્કાર ઉપર
**કૂડા**–શિખરો
**પત્તેયં**–દરેકને
**સોમણસ**–સોમનસ
**ગંધમાયણ**–ગંધમાદન ઉપર
**રુપ્પિ**–રુકિમ
**મહાહિમવે**–મહાહિમવંત પર્વત ઉપર
**ચઉતીસ**–ચોત્રીશ
**વિયડ્ઢેસુ**–વૈતાઢ્ય ઉપર
**વિજ્જુપ્પહુ**–વિદ્યુત્પ્રભ
**નિસઢ**–નિષધ
**નીલવંતેસુ**–નીલવંત ઉપર
**માલવંત**–માલ્યવંત ઉપર
**સુરગિરિ**–મેરૂ પર્વત ઉપર
**કૂડાઈ**–શિખરો
**પત્તેયં**–દરેક ઉપર
**હિમ**–હિમવંત ગિરિ ઉપર
**સિહરિસુ**–શિખરી ઉપર
**ઇક્કારસ**–અગીયાર
**ઈય**–એ પ્રમાણે
**ઈગસટ્ઠી**–એકસઠ
**ગિરીસુ**–પર્વતો ઉપર
**કૂડાણં**–શિખરોની
**એગત્તે**–એકઠી કર્યે છતે
**સવ્વ ધણં**–સર્વ સંખ્યા
**સય ચઉરો**–ચાર સો
**સત્તસટ્ઠી**–સડસઠ

## [ પાંચમું કુટ દ્વાર ]

**સોલસ વક્ખારેસુ**—સોળ વક્ષસ્કાર પર્વત ઉપર

**ચઉ ચઉ કૂડા ય હુન્તિ પત્તેયં**—દરેક ઉપર ચાર ચાર શિખરો છે

**સોમણસ ગંધમાયણ**—સોમનસ અને ગંધમાદન એ બે ગજદંત ઉપર સાત–સાત શિખરો છે [ એ પ્રમાણે ૧૮ પર્વતો ઉપર ૫૮ શિખર છે ]

**સત્તટ્ઠ ય રૂપ્પિ મહહિમવે ॥ ૧૩ ॥** રૂકિમ અને મહાહિમવંત ઉપર આઠ–આઠ શિખરો છે [ એ બે વર્ષધર છે ]

**ચઉંતીસ વિયડ્ઢેસુ**—ચોત્રીસ વૈતાઢ્ય પર્વત ઉપર

**વિજ્જુપ્પહ નિસઢ નીલવંતેસુ**—વિદ્યુત્પ્રભ [ ગજદંત ] ઉપર નિષધ અને નીલવંત [ એ બે વર્ષધર ] ઉપર

**તહ માલવંત સુરગિરિ**—તથા માલ્યવંત [ગજદંત] ઉપર અને મેરૂપર્વત ઉપર [નંદનવનમાં]

**નવ નવ કૂડાઇં પત્તેયં ॥ ૧૪ ॥** એ દરેક [૩૯ પર્વતો] ઉપર નવ નવ શિખરો છે

**હિમસિહરીસુ ઇક્કારસ**—લઘુ હિમવંત અને શિખરી ઉપર અગ્યાર અગ્યાર શિખરો છે.

**ઇય ઇગસટ્ઠી ગિરીસુ કૂડાણું**—એ પ્રમાણે એકસઠ પર્વતો ઉપર શિખરોની

**એગત્તે સવ્વધણું**—બધી સંખ્યા [૬૪+૩૦×૩૫૧+૨૨]એકઠી કરતાં

**સય ચઉરો સત્તસટ્ઠી ય ॥૧૫॥** ચારસો સડસઠ શિખરો થાય છે.

| | | |
|---|---|---|
| **ચઉ**–ચાર | **સત્ત**–સાત | **સોલસ**–સોળ |
| **અટ્ઠ**–આઠ | **નવગ**–નવ | **દુ દુ**–બે બે |
| **એગારસ**–અગિયાર | | **ગુણયાલં**–ઓગણ ચાલીશ |
| **કૂડેહિં**–શિખરો વડે | | **દુવે**–બે પર્વતને |
| **ગુણહ**–ગુણો | | **સગસટ્ઠ**–સડસઠ |
| **જહ સંખં**–અનુક્રમે | | **સય ચઉરો**–ચારસો |

**ચઉ સત્ત અટ્ઠ નવગે**—ચાર–સાત–આઠ–નવ અને

**ગારસકૂડેહિં ગુણહ જહસંખં**—અગ્યાર શિખરોની સંખ્યા સાથે

**સોલસ દુ દુ ગુણયાલં**—સોળ–બે-બે અને ઓગણ ચાલીસ

**દુવે ય સગસટ્ઠી સય ચઉરો ॥૧૬॥** અને બે પર્વતોને ગુણીએ તો સર્વ મળીને ૪૬૭ શિખરો થાય છે. [ ૬૦ + ૧૪ + ૧૬ + ૩૫૧ + ૨૨ = ૪૬૭ ]

## પર્વતો અને શિખરોની સંખ્યાનો કોઠો.

| નામ | પર્વત—શિખરની સંખ્યા |
|---|---|
| સોળ = વક્ષસ્કાર પર્વત ... ... | ... ૧૬ × ૪ = ૬૪ |
| બે ગજદંત ૧–સોમનસ ૨-ગંધમાદન | ... ૨ × ૭ = ૧૪ |
| બે વર્ષધર = ૧–રૂકિમ ૨–મહાહિમવંત | ... ૨ × ૮ = ૧૬ |
| ચોત્રીસ – વૈતાઢ્ય પર્વત ... ... | ... ૩૪ × ૯ =૩૦૬ |
| બેગજદંત = (૧) વિદ્યુત્પ્રભ (૨) માલ્યવંત | ... ૨ × ૯ = ૧૮ |
| બે વર્ષધર = (૧) નિષધ (૨) નીલવંત | ... ૨ × ૯ = ૧૮ |
| એક = મેરૂ પર્વત ... ... | ... ૧ × ૯ = ૯ |
| બે વર્ષધર =(૧) લઘુહિમવંત (૨) શિખરી | ... ૨ ×૧૧ = ૨૨ |
| | કુલ = પર્વતો—૬૧ તેના શિ. ૪૬૭ |

વક્ષસ્કાર = ૧૬, ગજદંત = ૪, વર્ષધર = ૮ વૈતાઢ્ય = ૩૪ અને મેરૂપર્વત – ૧ એ પ્રમાણે કુલ = ૬૧ પર્વતો જાણવા.

**ચઉતીસ**–ચોત્રીશ
**વિજએસુ**–વિજયોને વિષે
**ઉસહ કૂડા**–રૂષભ કૂટ
**જંબૂમ્મિ**–જંબૂવૃક્ષના વનમાં
**અટ્ઠ**–આઠ

**દેવકુરાએ**–દેવકુરૂમાં
**હરિકૂડ**–હરિકુટ
**હરિસ્સહે**–હરિસહ કુટ
**સટ્ઠા**–સાઠ ( ભૂમિકૂટ )

**[ હવે કૂટની સરખી આકૃતિવાળાં સાઠ ભૂમિકૂટ જણાવે છે. ]**

**ચઉતીસ વિજએસુ**—ચોત્રીસ વિજયોમાં

**ઉસુહ કૂડા અટ્ઠ મેરૂ જંબુમ્મિ**—રૂષભકૂટ ચોત્રીસ છે. તથા મેરૂ પાસે ( ભદ્રશાલ વનમાં ) જંબૂવૃક્ષના વનમાં ( ઉત્તર કુરૂક્ષેત્રમાં ) આઠ–આઠ ભૂમિકૂટ છે.

**અટ્ઠ ય દેવકુરાએ**—અને દેવકુરૂને વિષે (શાલ્મલી વૃક્ષના વનમાં) આઠ ભૂમિકૂટ છે. (કુલ ૫૮ કૂટ)

**હરિકૂડ હરિસ્સહે સટ્ઠી ॥ ૧૭ ॥** હરિકૂટ અને હરિસહ કૂટ મળી સાઠ ભૂમિકૂટ છે.

૩૪+૮+૮+૮+૨ = ૬૦ ભૂમકુટ ( ભૂમિશિખર )

| | |
|---|---|
| **માગહ**–માગધ | **ચઉતીસા**–ચોત્રીશને |
| **વરદામ**–વરદામ | **તીહિં**–ત્રણ વડે |
| **પભાસ**–પ્રભાસ | **ગુણિયા**–ગુણતાં ગુણવા |
| **તિત્થ**–તીર્થો | **દુરૂત્તરસયં**–એકસો બે |
| **વિજએસુ**–૩૨ વિજયોમાં | **તિત્થાણં**–તીર્થો |

[ છઠ્ઠું તીર્થ દ્વાર ]

**માગહ વરદામ પભાસ**—માગધ, વરદામ અને પ્રભાસ.

**તિત્થ વિજએસુ એરવય ભરહે**—એ પ્રમાણે ત્રણ ત્રણ તીર્થો (મહાવિદેહની) બત્રીસ વિજયોમાં અને ઐરવતમાં અને ભરતમાં છે.

**ચઉતીસા તીહિં ગુણિયા**—એ ચોત્રીસને ત્રણે ગુણતાં.

**દુરૂત્તરસયં તુ તિત્થાણં ॥ ૧૮ ॥** (સર્વ મળી) એકસો બે તીર્થો થાય છે. ૩૨+૧+૧=૩૪×૩=૧૦૨ કુલ તીર્થો. થાય છે

| | |
|---|---|
| **વિજ્જાહર**–વિદ્યાધર | **ચઉગુણ**–ચાર વડે ગુણતાં |
| **અભિઓગિય**–આભિયોગિકની | **ચઉતીસા**–ચોત્રીશને |
| **દુન્નિ દુન્નિ**–બે બે | **છતીસ સયં**–એકસો છત્રીશ |
| **વેઅડ્ઢે**-વૈતાઢ્ય ઉપર | **તુ**–વળી **સેઢીણં**.–શ્રેણિઓ |

[ સાતમું શ્રેણિ દ્વાર ]

**વિજ્જાહર અભિઓગિય**—વિદ્યાધર મનુષ્યોની અને આભિયોગિક દેવોની.

**સેઢીઓ દુન્નિ દુન્નિ વેઅડ્ઢે**—બે-બે શ્રેણિઓ ( નગરોની હાર ) વૈતાઢ્ય પર્વત ઉપર છે.

**ઇય ચઉગુણ ચઉતીસા**—એ પ્રમાણે ચોત્રીસ વૈતાઢ્યને ચાર વડે ગુણતાં.

**છત્તીસ-સયં તુ સેઢીણં ॥ ૧૯ ॥** એકસો છત્રીસ શ્રેણિઓ થાય છે.

**ચક્કી**–ચક્રવર્તીને
**જેઅવ્વાઈ**–જીતવા યોગ્ય
**વિજયાઈ** વિજયો
**મહદ્દહ**–મોટાં (દ્રહ) સરોવરો

**છ-છ–પઉમાઈ**–પદ્મ આદિ
**કુરૂસુ**–કુરૂક્ષેત્રમાં
**દસગં**–દશ
**સોલસગં**–સોળ

[ આઠમું વિજય દ્વાર. ]

**ચક્કીજેઅવ્વાઈ**—ચક્રવર્તીને જીતવા યોગ્ય.

**વિજયાઈ ઇત્થ હુંતિ ચઉતીસા**—અહીં ચોત્રીસ વિજયો [ જંબૂ-દ્વીપમાં ] છે.

[ નવમું દ્રહ દ્વાર ]

**મહદ્દહ છ પઉમાઈ**—પદ્મ* આદિ છ મોટાં સરોવરો છે.

**કુરૂસુ દસગં તિ સોલસગં ॥ ૨૦ ॥** કુરૂક્ષેત્રમાં દસ નાનાં સરોવર છે. એમ સર્વ મળી સોળ સરોવરો છે.

**ગંગા**-ગંગા **સિંધૂ**-સિંધુ
**રત્તા**–રક્તા **રત્તવઇ**–રક્તવતી
**નઇઓ**–નદીઓ **પત્તેયં**–દરેક
**ચૌદસહિં**–ચૌદ
**સહસ્સેહિં**–હજાર [નદીઓ]
**સમગં**–સાથે
**વચ્ચંતિ**–જાય છે.
**જલહિમ્મિ**–સમુદ્રમાં
**એવં**–એ પ્રમાણે
**અબ્ભિતરિયા**–અંદરના ક્ષેત્રની
**પુણ**–વળી
**પુણ રવિ**–વળી પણ
**છપ્પન્નેહિં**–છપ્પન
**જંતિ**-જાય છે
**ચઉ સલિલા**–ચાર નદીઓ

**કુરૂ મજ્ઝે**–કુરૂક્ષેત્રમાં
**ચઉરાસી**-ચોરાશી
**સહસ્સાઈ**-હજાર (નદીઓ)
**વિજય સોલસસુ**-સોળ વિજયોમાં
**નઇણં**–નદીઓમાંની
**ચઉદસ સહસ્સાઇં**–ચૌદ હજાર
**સહસ્સ**–હજાર
**ગુણિયા**–ગુણાએલી.
**અડતીસ**–આડત્રીસ
**વિજય મજ્ઝિલ્લા**-વિજયોમાંની
**સીઓયાએ**–શીતોદામાં
**નિવડંતિ**–મળે છે
**સીયાઇ**–સીતામાં
**એમેવ**–એમજ **સીયા**–સીતા

---

* ૧–પદ્મ ૨–મહાપદ્મ ૩–પુંડરિક ૪–મહાપુંડરિક ૫-તિગિચ્છી ૬–કેસરી આ છ મોટા (દ્રહો) સરોવર છે.

## ૧૦ મું નદી દ્વાર

**ગંગા સિંધૂ રત્તા**—ગંગા, સિંધુ, અને રક્તા

**રત્તવઇ ચઉ નઇઓ પત્તેયં**—તથા રક્તવતી એ ચાર મહા નદીઓ છે. અને તે દરેક મહા નદીને.

**ચઉદસહિં સહસ્સેહિં**—ચૌદ હજાર નદીઓનો પરિવાર હોવાથી.

**સમગં વચ્ચંતિ જલહિંમિ ॥ ૨૧ ॥** કુલ છપ્પન હજાર નદીઓ સાથે સમુદ્રમાં જાય છે.

[ ૪+૧૪૦૦૦=૫૬૦૦૦ ]

**એવં અબ્ભિંતરિયા**—એવી રીતે અંદરના બે ક્ષેત્રોની [ હિમવંત અને હિરણ્યવંત ]

**ચઉરો પુણ અટ્ઠવીસસહસ્સેહિં**—( રોહિતા-રોહિતાંશા-રૂપ્યકુલા અને સુવર્ણકુલા એ ) ચાર નદીઓ વળી દરેક અટ્ઠાવીસ હજાર નદીઓના પરિવાર સાથે સમુદ્રમાં જાય છે.

**પુણરવિ છપ્પન્નેહિં, સહસ્સેહિં જંતિ ચઉ સલિલા ॥ ૨૨ ॥** વળી પણ ( હરિવર્ષ અને રમ્યક્ ક્ષેત્રની હરિકાંતા-હરિસલિલા-નરકાંતા અને નારીકાંતા એ ) ચાર નદીઓ દરેક છપ્પન હજારના પરિવાર સાથે સમુદ્રમાં જાય છે.

**કુરૂમજ્ઝે ચઉરાસી, સહસ્સાઈ**—દેવકુરૂ અને ઉત્તરકુરૂમાં કુલ ચોરાસી હજાર નદીઓ છે.

**તહ ય વિજય સોલસસુ**—તેમજ ( પશ્ચિમ મહાવિદેહના ) સોળ વિજયોમાં ( દરેકમાં બે બે નદીઓ હોવાથી )

**બત્તીસાણ નઈણં**—બત્રીસ નદીઓ છે તે

**ચઉદસ સહસ્સાઇં પત્તેયં ॥ ૨૩ ॥** દરેકને ચૌદ હજાર નદીઓનો પરિવાર છે. આથી

**ચઉદ્દસ સહસ્સ ગુણિયા**—ચૌદ હજાર નદીઓ વડે ગુણતાં.

**અડતીસ નઇઓ વિજય મજ્ઝિલ્લા**—સોળ વિજયમાંહેની તે ક્ષેત્રને

ભેદનારી ૩૨ અને વિજયોના આંતરામાં રહેલી ૬ મળી અડત્રીસ નદીઓનો

કુલ પરિવાર ૩૮×૧૪૦૦૦=૫૩૨૦૦૦ થાય.

**સીઓયાએ નિવડં-તિ**—એટલી નદીઓ શીતોદામાં મળે છે.

**તહ ય સીયાઇ એમેવ ॥૨૪॥** તેમજ એ પ્રમાણે જ ૫૩૨૦૦૦ નદીઓ સીતામાં મળે છે,

**સીઓયા**-સીતોદા
**વિય**-પણ અને
**પંચલક્ખેહિં**-પાંચ લાખ
**ચઉદ્દસ લક્ખા**-ચૌદ લાખ
**છપ્પન્ન સહસ્સ**-છપ્પન્ન હજાર
**મેલવિયા**-મેળવતાં

**સીયા સીઓયા વિય**—સીતા અને સીતોદા એ દરેક નદી.

**બત્તીસ સહસ્સ પંચ લક્ખેહિં**—પાંચ લાખ બત્રીસ હજારના પરિવાર વાળી છે.

**સવ્વે ચઉદ્દસ લક્ખા, છપ્પન્ન સહસ્સ મેલવિયા ॥૨૫॥** તે સર્વે એકઠી કરતાં ચાદ લાખને છપ્પન્ન હજાર નદીઓ થાય છે.

**છ જોયણ**-છ જોજન
**સકોસે**-કોસ સહિત
**ગંગાસિંધૂણ**-ગંગા અને સિંધુના
**વિત્થરો**-વિસ્તાર
**મૂલે**-મૂલમાં
**દસ ગુણિઓ**-દસ ગુણો
**પજ્જંતે**-છેડે
**દુદુ**-બમણા બમણાએ
**ગુણેણ**-ગુણવાથી
**સેસાણં**-બાકીની

**છ જોયણ સકોસે**—છ જોજન અને એક કોસ સહિત [ એટલે સવા છ જોજન ]

**ગંગા સિંધૂણ વિત્થરો મૂલે**—ગંગા અને સિંધુનો મૂળમાં વિસ્તાર છે.

**દસ ગુણિઓ પજ્જંતે**—તેનાથી દસ ગુણો વિસ્તાર છેડે છે. [ ૧૦×૬।=૬૨॥ જોજન ]

**ઇય દુદુ ગુણેણ સેસાણં ॥ ૨૬ ॥** એ પ્રમાણે બીજી ૪+૪+૨ નદીઓનો. વિસ્તાર તેનાથો બમણે બમણે ગુણવાથી જાણવો.

# નાની મોટી નદીઓ અને તેનો પરિવાર

| મોટી નદીઓ | પરિવાર નાની નદીઓ યો૦ | છેડે |
|---|---|---|
| | મૂળ | યો૦ |
| ૧—ગંગા-સિંધુ રક્તા-રક્તવતી | ૪ × ૧૪૦૦૦= ૫૬૦૦૦... | ૬।×૧૦=૬૨॥ |
| ૨-રોહિતા-રોહિતાંશા રૂપ્યકુલા-સુવર્ણકુલા | ૪×૨૮૦૦૦=૧૧૨૦૦૦... | ૧૨॥×૧૦=૧૨૫ |
| ૩-હરિકાંતા-હરિસલિલા નરકાંતા-નારીકાંતા | ૪×૫૬૦૦૦= ૨૨૪૦૦૦ | ૨૫×૧૦=૨૫૦ |
| ૪-શીતોદા—સીતામાં અંતર્નદીઓ ૧૨ તથા મહાવિદેહ ક્ષે. ૬૪ | ૨×૫૩૨૦૦૦=૧૦૬૪૦૦૦ ૭૬* | ૫૦×૧૦=૫૦૦ |
| નદીઓ ૯૦ | ૧૪૫૬૦૦૦ પરિવાર જાણવો | |

એટલે કુલ મોટી નદીઓ ૧૪+૭૬=૯૦ અને તેનો પરિવાર કુલ = ૧૪ લાખ ને ૫૬ હજાર

**જોયણ સયં**-સો જોજન
**ઉચ્ચિટ્ઠા**-ઉંચા
**કણયમયા**-સોનાના
**સિહિરિ**-શિખરી
**ચુલ્લ હિમવંતા**-લઘુ હિમવંત
**રૂપ્પિ**-રૂક્મિ
**મહા હિમવંતા**-મહાહિમવંત
**દુસય**-બસો **ઉચ્ચા**-ઉંચા
**રૂપ્પ**-રૂપાનો
**કણયમયા**-સોનાનો
**ચત્તારિ જોયણસએ**-ચારસેં જોજન
**ઉચ્ચિટ્ઠો**-ઉંચા
**નિસઢો**-નિષધ
**નીલવંતો**-નીલવંત
**તવણિજ્જમઓ**-તપાવેલા સોના જેવો.
**વેરૂલિઓ**-વૈડુર્ય રત્નનો
**સવ્વેવિ**-સર્વે પણ
**પવ્વયવરા**-પર્વતો
**સમયખિત્તમ્મિ**-અઢીદ્વીપમાં
**મંદર**-પાંચ મેરૂ **વિહૂણા**-વિના
**ધરણિ તલે**-ભૂમિમાં
**ઉવગાઢા**-દટાયેલ
**ઉસ્સેહ**-ઉંચાઈના
**ચઉત્થ ભાયંમિ**-ચોથા ભાગે

* આનો પરિવાર શીતોદાને સીતામાં ગણાવેલ છે. તે આ રીતે.

**જોયણ સયમુચ્ચિટ્ઠા**—૧૦૦ (સો) જોજન ઉંચા.

**કણયમયા સિહિરિ ચુલ્લા હિમવંતા**—સોનાના શિખરી અને લઘુ-હિમવંત એ બે પર્વતો છે.

**રૂપ્પિ મહાહિમવંતા**—રૂકિમ અને મહા હિમવંત પર્વત.

**દુસ ઉચ્ચા રૂપ્પ કણયમયા ॥ ૨૭ ॥** બસો જોજન ઉંચા છે. તેમાં રૂકિમ રૂપાનો અને મહાહિમવંત સોનાનો છે.

**ચત્તારિ જોયણ સએ**—ચારસો જોજન.

**ઉચ્ચિટ્ઠો નિસઢ નીલવંતો ય**—નિષધ અને નીલવંત પર્વત ઉંચા છે.

**નિસઢો તવણિજ્જમઓ**—તેમાં કિષધ તપાવેલા સોના જેવો લાલ છે.

**વેરૂલિઓ નિલવંતો ય ॥૨૮॥** અને નીલવંત વૈડુય રત્નના જેવો લીલો છે.

**સવ્વેવિ પવ્વયવરા**—સર્વે શાશ્વતા પર્વતો.

**સમય ખિત્તંમિ મંદર વિહૂણા**—અઢીદ્વીપના પાંચ મેરૂ સિવાયના જેટલા છે.

**ધરણિતલે ઉવગાઢા**—તે પર્વતો (ભૂમિમાં) દટાયેલા છે.

**ઉસ્સેહ ચઉત્થ ભાયંમિ ॥૨૯॥** પોતાની ઉંચાઈના ચોથા ભાગના.

( ૫ મેરૂમાંથી જંબુદ્વીપનો મધ્ય મેરૂ એકહજાર જોજન જમીનમાં અને ૯૯ હજાર જોજન ઉપર મળી એક લાખ જોજન છે અને બીજા ૪ મેરૂ ૧૦૦૦ જોજન ભૂમિમાં અને ત્યાસી હજાર જોજન બહાર ઉંચા છે.)

**ખંડાઇ**–ખાંડવાદિકની
**ગાહાહિં**–ગાથાએ કરીને
**દસહિં દારેહિં**–દસ દ્વારોથી
**જંબૂદ્દીવસ્સ**–જંબુદ્વીપની
**સંઘયણી**–સંગ્રહણી
**સમ્મત્તા**-સમાપ્તથઇ **રઈયા**-રચી
**હરિભદ્દ**–હરિભદ્ર
**સૂરીહિં**–સૂરિએ

**ખંડાઇ ગાહાહિં**—ખાંડવાદિકની ગાથાએ કરીને

**દસહિંદારેહિં જંબૂદ્દીવસ્સ**—દસ દ્વારોથી જંબુદ્વીપની.

**સંઘયણી સમત્તા**—સંગ્રહણી સમાપ્ત થઇ.

**રઈયા હરિભદ્દસૂરીહિં ॥૩૦॥** શ્રી હરિભદ્ર સૂરિએ તેની રચના કરી.

## અમારા તરફથી બહાર પડેલ શાળોપયોગી

### —: પુસ્તકો :—

| | |
|---|---|
| પંચપ્રતિક્રમણ [ સૂત્ર-શબ્દાર્થ-ગાથાર્થ વિવેચન ટિપ્પણો પ્રશ્નો સહિત ] | ૧-૦-૦ |
| દેવસિરાઈ પ્રતિક્રમણ-સૂત્ર [શબ્દાર્થ ગાથાર્થ વિવેચન ટિપ્પણો પ્રશ્નો સહિત.] | ૦-૭-૦ |
| ચાર પ્રકરણ [ સૂત્ર-શબ્દાર્થ-ગાથાર્થ વિવેચન-ટિપ્પણો-યન્ત્રો સહિત ] | ૦-૧૦-૦ |
| દેવવંદનમાળા [ વિધિ સહિત ] | ૦-૧૪-૦ |
| સજ્ઝાયમાળા | ૦-૮-૦ |
| સામાયિક સૂત્ર [ મૂલ ] | ૦-૧-૦ |
| દેવસિરાઈ પ્રતિક્રમણ [ મૂલ ] | ૦-૩-૦ |
| વાર્ષિક પર્વ | ૧-૪-૦ |

—: પુસ્તકો મળવાનું ઠેકાણું :—

**પંડીત મફતલાલ ઝવેરચંદ ગાંધી.**

ખેતરપાળની પોળ-અમદાવાદ

**માસ્તર રતીલાલ બી. શાહ**

ભઠીની બારી, વીરના ઉપાશ્રય સામે, અમદાવાદ.